## પ્ર ક ર ણ - ( ૪ )

### ચેષ્ટાકૃત અભિનય

નાટ્યશાસ્ત્રના આઠમાં અધ્યાયમાં 'મુખજ અભિનય 'અથવા' ઉપાંગ અભિનય' નવમાં તથા દસમાં અધ્યાયમાં અનુક્રમે હસ્તથી તથા શરીરના અન્ય મુખ્ય અંગોના ભાવાભિવ્યક્તિ તથા અભિનયની દૃષ્ટિએ વિવિધ ભેદ, લક્ષણ તથા વિનિયોગ 'શારીરાભિનય' અથવા 'અંગાભિનય' અંતર્ગત નિરુપી, ભરતમુનિ તે પછીના ત્રણ પ્રકરણોમાં, શરીરના વિવિધ અંગ ઉપાંગોની સમન્વિત ચેષ્ટા અથવા અભિનયવ્યાપાર નિરુપે છે. જો કે તેમણે આ ત્રણે અધ્યાયોને 'ચેષ્ટાકૃત અભિનય' એવું નામાભિધાન આપ્યું નથી. પરંતુ તેમાં નિરુપાયેલા અભિનયના પ્રકારને જોતાં તેને 'ચેષ્ટાકૃત અભિનય' અંતર્ગત આવરી લેવા વધુ યોગ્ય જણાય છે. મુખજ અભિનય તથા આંગિક અભિનયમાં ઉપાંગો અને અંગોના પૃથક ( individual ) કર્મો તથા વિનિયોગ નિરુપ્યા પછી આ અંગ-ઉપાંગોની સમન્વિત્ ચેષ્ટાઓ અનુક્રમે ચારીવિધાન (અધ્યાય-૧૧) મણ્ડલવિધાન (અધ્યાય-૧૨) તથા ગતિપ્રચાર (અધ્યાય-૧૩) રુપે નિરુપે છે.

ચારીવિધાન અંતર્ગત ૩૨ પ્રકારના ચારી ભેદ, તેની સાથે સંકળાયેલ સ્થાન, ન્યાય, સૌષ્ઠવ, ધનુષ્યકાર્યો તથા વ્યાયામવિધિ નિરુપે છે. મણ્ડલ વિધાન અંતર્ગત ૨૦ પ્રકારના મણ્ડલભેદ તથા ગતિપ્રચાર અંતર્ગત વિવિધ પાત્રોના પ્રવેશથી નિષ્ક્રમણ સુધીની વિવિધ ગતિ, સ્ત્રીઓને લગતા સ્થાન, સ્ત્રીપુરુષના આસન તથા શયનવિધિ નિરુપે છે. આ અગાઉ અધ્યાય ૪ માં તાંડવલક્ષણ અંતર્ગત તેઓ નૃત્તનું સ્વરુપ, બત્રીસ અંગહારભેદ, ૧૦૮ પ્રકારના કરણ, રેચક, પિણ્ડીબન્ધ, નૃત્તભેદ તથા નૃત્તના સ્વરુપ અને ઉપયોગિતા વિશે ચર્ચા કરે છે. કરણનો સંબંધ ચારી સાથે હોવાથી તેમજ તેમાં વિવિધ અંગોની

સમન્વિત ચેષ્ટા નિરુપાયેલી હોવાથી તેનો ચર્ચા પ્રસ્તુત પ્રકરણમાંજ 'ગતિપ્રચાર' પહેલાં સમાવી લેવામાં આવી છે. આમ 'ચેષ્ટાકૃત અભિનય' પ્રકરણ અંતર્ગત ચારી, સ્થાન, ન્યાય, સૌષ્ઠવ, વ્યાયામ, મણ્ડલ, કરણ, રેચક, પિણ્ડીબન્ધ તથા ગતિપ્રચાર સંબંધી ચર્ચા કરવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે.

## ચારીવિધાન

શરીરના મુખ્ય અંગો - શિર, હસ્ત, પાર્શ્વ, વક્ષ, કટિ તથા પાદમાં ચારીનો સંબંધ પાદ સાથે છે. સ્થિતિમાંથી ગતિમાં આવવું અથવા પાદ સંચાલન એટલેજ ચારી. અભિનવગુપ્તના મત પ્રમાણે 'ચર' મૂળ ધાતુ (પ્રવૃત્ત થવુ અથવા ચાલવું ) માં ડીષ પ્રત્યય લગાડવાથી ચારી શબ્દ બને છે. સંગીતરત્નાકરમાં પણ ચારીની વ્યુત્પત્તિ આ પ્રમાણે આપવામાં આવી છે. 'ચારી સ્યાત્કરણે ડી.ષિ ચરેરિન્ પ્રત્યયાન્તત્ : ।'

( ૧ )

## 'ચારી' - પરિભાષા

પાદસંચાલનમાં જંઘા, ઉરુ, કટિ તથા ચરણના સંચાલનોનો સમાવેશ થાય છે કારણકે જેમ પાદ પ્રવૃત્ત થાય છે - ચાલે છે તે પ્રમાણે ઉરુ પ્રવૃત્ત થાય છે અને જંઘા પણ એજ પ્રમાણે પ્રવૃત્ત થાય છે એટલે પાદ તથા ઉરુનો એક સાથે સમાન ચેષ્ટાથી પાદચારીનો પ્રયોગ થાય છે.

યથા પાદ: પ્રવર્ત્તેત તથૈવોરુ: પ્રવર્તેત ।
તથા સમાન કરણાત્પાદચારી પ્રયોજયેત ॥

અધ્યાય ૧૦ શ્લોક ૫૬

અગિયારમાં અધ્યાયમાં ચારીની પરિભાષા નિરુપતા ભરતમુનિ કહે છે કે :

એવં પાદસ્ય જંઘાયા ઉરો કટયાસ્તથૈવ ચ ।
સમાનકરણે ચેષ્ટા ચારીતિ પરિકીર્તિતા ॥ ૧॥

અધ્યાય -૧૧ શ્લોક ૧

પાદ, જંઘા, ઉરુ તથા કટિની સમન્વિત્ ચેષ્ટા અથવા તેના દ્વારા દેહનો વિશિષ્ટ સંરચના એટલે ચારી. ચારી 'સ્થિતિ' તથા સંચાલનોની શ્રૃંખલા 'કરણ' ની વચ્ચેની કડી છે. સ્થાનથી ચારી ની તરફ તથા ચારીથી કરણની તરફ પ્રવૃત્ત થવામાં આવે છે.

ચારીનો નજીકનો શબ્દ ગતિ છે. પણ બંને સમાનાર્થી નથી. ચાલવાની વિભિન્ન રીત એટલે ચારી અથવા તો ચારી એટલે ચાલ step (કથકલિમાં 'સારી', મણિપુરી નૃત્યમાં 'ચાલો') એમ કહેવું યોગ્ય નથી. કારણ કે ચારીમાં પાદ આદિની ક્રિયા તો છે પણ આ ક્રિયા કેટલાક ચારી ભેદમાં એક સ્થાન પરજ કરવામાં આવે છે. એ વાત સાચી કે અધિકાંશ ચારીભેદમાં ચાલવાની ક્રિયા રહેલી હોય છે પણ ત્યાં પાદ વિગેરેની ક્રિયા વિશેષજ ભેદકતત્વ હોય છે જયારે ગતિમાં ચાલવાની લય મુખ્ય ભેદકતત્વ છે. દરેક ચારીમાં 'સ્થળાંતર'નો ભાવ રહેલો નથી જયારે ચાલવાના ભાવમાં સ્થળાંતરનો ભાવ રહેલોજ છે. આજ કારણે ભરતમુનિ ગતિ અને ચારીને ભિન્ન ગણી એક સ્વતંત્ર પ્રકરણમાં ગતિપ્રચાર નિરુપે છે.

'ચારી'નુ એક અન્ય નામ પણ નાટ્યશાસ્ત્રમાં આપવામાં આવ્યું છે. તે છે 'વ્યાયામ'.

વિધાનોપગતાશ્ચાર્યો વ્યાયચ્છન્તે પરસ્પરમ ।
યસ્માદ અંગ સમાયુકતા સ્તસ્માદ, વ્યાયામ ઉચ્યતે ॥ ૨ ॥

વ્યાયામ શબ્દમાં એકથી વધારે ચારીઓનો પ્રયોગ અન્વિત છે. એકથી વધારે ચારીઓના પ્રયોગમાં કોઇ એક ચારી મુખ્ય હોય અને તે પહેલી દર્શાવાય અને તેના પછી આવતી ચારીઓનો શ્રૃંખલા પરસ્પર જોડાય. અને તેમનું નિયમન કરે ઔચિત્ય. ઔચિત્ય એટલે એક પછી બીજી ચારી એવોજ આવે જે પહેલી સાથે મેળ ખાય. પ્રથમ ચારી કઇ રજુ થાય તેનો નિર્ણય એ અંગથી થાય જે મુખ્ય હોય, પ્રધાન હોય. અભિનવગુપ્ત સ્પષ્ટતા કરતાં જણાવે છે કે અભિનયમાં, પ્રયોગ પ્રમાણે, હસ્ત અથવા પાદમાંથી કોઇ એક અંગસંચાલન પ્રધાન હોય છે તથા અન્ય અપ્રધાન. એટલે ચારી પણ પ્રધાન અંગવિશેષને

અનુરુપ હોય છે જે પ્રધાન અથવા પૂર્વાચારી કહેવાય છે. આ પ્રધાન ચારી પોતાની અંગભૂત ચારીઓનું નિયમન કરે છે તથા ગૌણ ચારીઓ તેને અનુસરે છે. આ પ્રમાણે અનેક ચારીઓનો સંયોગ વ્યાયામ કહેવાય છે.

વ્યાયામરુપ ચારીના ચાર ભેદ ભરતમુનિ નિરુપે છે (૧) ચારી (૨) કરણ (૩) ખણ્ડ (૪) મણ્ડલ. આમ્ ચારી એ સામાન્ય સંજ્ઞા પણ છે અને વિશેષ સંજ્ઞા પ્રણ. સામાન્ય 'ચારી'નો પ્રર્યાય છે વ્યાયામ અને વિશેષ સંજ્ઞા 'ચારી'નો પ્રયોગ ત્યાં થાય છે જયાં એક પગ વડે 'પ્રચાર' થાય છે એટલે કે જે ક્રિયા એક પગ વડે નિષ્પન્ન થતી હોય તે વિશેષ સંજ્ઞારુપ ચારી- ''એક પાદ પ્રચારો યઃ સા ચારીત્યભિસંજ્ઞિતા ।'' અભિનવગુપ્ત શ્રોણીપ્રદેશ, કટિના સ્પંદન તથા જંઘાના ચલનનો પણ તેમાં સમાવેશ સૂચવે છે. બે પગ વડે નિષ્પન્ન થનારી ક્રિયાનું નામ છે કરણ. આ કરણ નૃત્તકરણથી ભિન્ન છે. ત્રણ કરણના સંયોગથી ખંડ અને ત્રણ ખંડોના સંયોગથી મણ્ડલ બને છે. ત્ર્યસ્ત્ર તાલમાં ત્રણ ખંડોથી તથા ચતુરસ્ તાલમાં ચાર ખંડોથી મણ્ડલ બનશે એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે. ભરતમુનિએ કેવળ ત્રણ અને ચાર ખંડોનો વિકલ્પજ કહયો છે.

> દ્વિપાદક્રમણં યત્ત કરણં નામ તદ્ભવેત ॥ ૩ ॥
> કરણાનાં સમાયોગઃ ખણ્ડ ઇત્યભિધીયતે ।
> ખણ્ડેસ્ત્રિભિશ્ચતુર્ભિર્વા સંયુક્તૈર્મણ્ડલં ભવેત ॥ ૮ ॥

અભિનવગુપ્ત વ્યાયામના ત્રણ ભેદ પાડી કરણને સંક્ષિપ્ત વ્યાયામ, ખણ્ડને મધ્યમ વ્યાયામ, તથા મણ્ડલને વિસ્તીર્ણ વ્યાયામ કહે છે.

ભરતમુનિએ 'ચારી' શબ્દનો બે અર્થમાં પ્રયોગ કર્યો છે. પ્રથમ ઉપર્યુકત વર્ણિત અર્થમાં તથા દ્વિતીય અર્થ નૃત્તના કોમળ અને રૌદ્ર પ્રકારથી સંબંધિત છે જેની અનુરુપ બે પ્રકારની ચારી છે. શૃંગારથી સંબંધિત અભિનયમાં પ્રયુકત ચારી, 'ચારી' તથા રૌદ્ર કથાનકથી સંબંધિત અભિનયમાં પ્રયુકત ચારી, 'મહાચારી' કહેવાય છે.

શૃંગારસ્ય પ્રયસ્ણાચ્ચારી સમ્પરિકીર્તિતા ।
રૌદ્ર પ્રયસ્ણાચ્ચાપિ મહાચારીતિ કીર્તિતા ॥

અધ્યાય ૫ શ્લોક-૨૭

વિષ્ણુધર્મોત્તર પુરાણમાં પણ 'ચારી' તેમજ 'મહાચારી' શબ્દ આજ અર્થમાં પ્રયોજાયેલા છે. જેમાં અનુરુપ, હાવ ભાવ, સહિત કોમળ અંગસંચાલન તથા વાકય અભિનયને 'ચારી' તથા 'ઉગ્ર, રૌદ્ર તથા તેજ સંચાલનોને મહાચારી કહેવામાં આવી છે.

(વિષ્ણુ.ધ.પુ.૩ -૨૦ થી ૨૩)

આ ભેદ નૃત્તના સુકુમાર તથા ઉધ્ધત પ્રયોગભેદને મળતો આવે છે અથવા પ્રકારાન્તરથી લાસ્ય તેમજ તાંડવના ભેદને મળતો આવે છે. નાટ્યશાસ્ત્રમાં વિધાન છે કે ઉમા 'ચારી'ના પ્રયોગથી તથા ભૂતગણ 'મહાચારી'ના પ્રયોગથી પ્રસન્ન થાય છે.

તથા ચાર્યા પ્રયુક્તાયામુમા તૃષ્ટા ભરેદિહ ।
મહાચાર્યા પ્રયુક્તાયાં તુષ્ટો ભૂતગણો ભવેત્ ॥

અધ્યાય ૫ શ્લોક ૫૨

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે નાટ્યશાસ્ત્રમાં એક તરફ 'ચારી' શબ્દ 'પાદ, જંઘા, ઉરુ તથા કટિનો સમન્વિત ચેષ્ટા' ના અર્થમાં પ્રયોજાયો છે તો બીજી બાજુ સંચાલનનો ગુણ, તેની વિશેષતા (કોમળ અથવા રૌદ્ર ) દર્શાવવાના સંદર્ભમાં પણ પ્રયોજાયો છે. પણ વિવેચ્યના સંદર્ભમાં 'ચારી' શબ્દ નિમ્ન અંગોની સમન્વિત ચેષ્ટાના અર્થમાંજ માન્ય રાખવામાં આવ્યો છે.

( ૨ )

ચારી - ઉપયોગિતા

ચારીનું નાટ્ય તથા 'નૃત્ત'માં મહત્વ છે. ચારીજ નૃત્ત તેમજ ગતિનું નિયામક તત્વ છે. તેના દ્વારાજ રંગમંચ ઉપર શસ્ત્ર-મોક્ષણ તથા યુધ્ધ દર્શાવવામાં આવે છે. ચારી

દ્વારા કરણ તથા અંગહાર તેમજ મણ્ડલની રચના થાય છે. સંપૂર્ણ નાટ્ય ચારીઓ ઉપરજ આધારિત છે. ચારી વિના મસ્તક, હસ્ત વિગેરે શરીરના અંગોનું સંચાલન અથવા ક્રિયા થઇ શકતાં નથી. આંગિક અભિનયના આધારભૂત તત્વરુપે ચારીનું અભિનયક્ષેત્રમાં અસાધારણ મહત્વ છે.

ચારીની ઉપયોગિતા દર્શાવતા ભરતમુનિ જણાવે છે કે,

સારીભિ: પ્રસૃતં નૃત્તં ચારીભિશ્ચેષ્ટિતં તથા ।
ચારીભિ: શસ્ત્રમોક્ષશ્ચ ચાર્યો યુદ્ધે ચ કીર્તિતા: ॥ ૫ ॥

ચારીથી નૃત્ત વ્યાપ્ત છે. ચારીથીજ ગતિ ઇત્યાદિ કરવામાં આવે છે. શસ્ત્રો ફેંકવાં તથા યુધ્ધ કરવું તે પણ ચારી દ્વારાજ પ્રસ્તુત કરવામાં આવે છે. અભિનવગુપ્ત આ શ્લોકના સંદર્ભમાં જણાવે છે કે ચારી વડે અનેક કાર્યો સાધી શકાય છે જેમ કે શસ્ત્ર ફેંકવા., સુદર્શન ચક્રનો પ્રક્ષેપ, કુન્ત (ભાલો) ફેંકવો, યુધ્ધમાં હનન તથા પ્રતિહનનના અભિનય વિગેરે જેમાં ચારીનોજ ઉપયોગ થાય છે.

યદેતત્ પ્રસ્તુતં નાટ્યં તચ્ચારીષ્વેવ સંસ્થિતમ્ ।
ન હિ ચાર્યા વિના કિંચિન્નાટયે અંગં સમ્પ્રવર્તતે ॥ ૬ ॥

'નાટ્ય' રુપે જે પણ (વર્ણિત) છે તે સૌનો ચારીમાં સમાવેશ થાય છે. કોઇપણ નાટ્ય-અંગ ચારી વિનાનું હોતું નથી. અભિનવગુપ્ત સ્પષ્ટતા કરતાં જણાવે છે કે જે અભિનય મસ્તક તથા હસ્ત જેવા અંગો દ્વારા સ્વતંત્રરુપે પ્રસ્તુત કરવામાં આવે છે તે સર્વે અંગો, પૂર્વાપર ભાવ સાથે અને ચારી સાથે યુક્ત પણ કરવામાં આવે છે. આ કારણે ચારી પૂર્વાપર ભાવની ઉપયુક્તતા ધ્યાનમાં રાખી પ્રયોજવામાં આવે છે.

ચારીની ઉપયોગિતા વિશે સંક્ષિપ્તમાં કથન કરતાં ભરતમુનિ જણાવે છે કે ચારીની યોજના નૃત્ત, યુધ્ધ તથા ગતિમાં કરવામાં આવે છે. (યોજયા નૃત્તે, યુધ્ધે, ગતૌ તથા) અભિનવગુપ્તના મત પ્રમાણે અહીં ચારીના યોજના-પ્રદેશ દર્શાવવામાં આવ્યા છે. નૃત્તમાં કરણ તથા અંગહારોના અભિનયપ્રદર્શન વિગેરેમાં તેનો યોગ રહે છે. યુધ્ધના વિષયમાં તેની યોજના ન્યાય દ્વારા પ્રસ્તુત કરવામાં આવી છે. ગતિનું વિવરણ 'ગતિપ્રચાર'

શિર્ષક હેઠળ કરવામાં આવ્યું છે. આમ નૃત્ત, યુધ્ધ તથા ગતિ આ ત્રણ શબ્દો ચારી ની ઉપયોગિતા સૂચવે છે.

( ૩ )

ચારી ભેદ

ભરતમુનિ ચારીના મુખ્ય બે ભેદ નિરુપે છે. (૧) ભૌમી ચારી તથા (૨) આકાશિકી ચારી . ભૌમી ચારીમાં પગ મોટે ભાગે પૃથ્વીથી સંલગ્ન રહી ક્રિયા કરે છે. જો કે કેટલીક ભૌમી ચારીમાં ઉત્ક્ષેપ (કુદકો) અપેક્ષિત હોય છે. આકાશિકી ચારીમાં પગ પૃથ્વીથી અલગ થઇ ક્રિયા કરે છે. ક્રિયાની સમાપ્તિ પછી પગ પાછા પૃથ્વી ઉપર રાખવામાં આવે છે. આકાશિકી ચારીમાં, ભૌમી ચારી ની સરખામણીમાં વધારે ગતિ તથા લયાત્મકતા હોયછે. તેમાં અનિવાર્યપણે એક અથવા બંને પગના સંચાલનની કોઇને કોઇ અવસ્થામાં ઉત્ક્ષેપ-કુદકો નિહિત હોય છે. 'કરણ' તથા 'અંગહાર' મા આકાશિકી ચારીઓનો પ્રયોગ વધારે પ્રમાણમાં થાય છે તથા નૃત્તમાં તેનોજ વિશેષ પ્રયોગ થાય છે. જો કે ભૌમી ચારીનું મહત્વ પણ ઓછું નથી. નાટ્યમાં આકાશિકી ચારીના પ્રમાણમાં ભૌમી ચારીનુ મહત્વ વધારે છે. વસ્તુતઃ અનેક સંચાલનોની પ્રારંભિક સ્થિતિમાં ભૌમી ચારીઓનોજ પ્રયોગ થાય છે. ભૌમી ચારીનો વિનિયોગ બાહુ યુધ્ધ, નિયુધ્ધ અથવા મલ્લ યુધ્ધમાં તથા વિશેષપણે કરણ, અંગહાર તથા નાટ્યપ્રયોગમાં કરવામાં આવે છે એવુ ભરતમુનિ ભૌમીચારીનાં લક્ષણો નિરુપ્યા પછી જણાવે છે. (શ્લોક ૨૯ નો પૂર્વાર્ધ - નિયુધ્ધકરણાશ્રયા:) આકાશિકી ચારીનો વિનિયોગ ધનુષ્ય, વજ્ર, અસિ તથા અન્ય શસ્ત્રો ફેંકવામાં કરવો જોઇએ એવો મત ભરતમુનિ આકાશિકી ચારીના લક્ષણો નિરુપ્યા પછી વ્યકત કરે છે. આમ ભૌમી તથા આકાશિકી ચારી વચ્ચે વિનિયોગ સંબંધી ભેદ રહેલો છે.


( અ )

ભૌમી ચારી

ભૌમી ચારીના ૧૬ પ્રભેદ ભરતમુનિ નિરુપે છે. (૧) સમપાદા (૨) સ્થિતાવર્તા


# ભૌમી ચારી

1




સમપાદા

2



સ્થિતાવર્તા

3



શકટાસ્યા

(૩) શકટાસ્યા (૪) અધ્યર્ધિકા (૫) ચાષગતિ (૬) વિચ્યવા (વિચ્યુતા) (૭) એલકાક્રિડીતા (૮) બધ્ધા (૯) ઉરુદવૃત્તા (૧૦) અડ્ડિતા (૧૧) ઉત્સ્પન્દિતા (ઉત્સ્યન્દિતા) (૧૨)જનિતા (૧૩) સ્પન્દિતા (૧૪) અપસ્પન્દિતા (૧૫) સમોત્સારિત - મત્તલ્લી તથા (૧૬)મત્તલ્લી.

( અધ્યાય ૧૧ શ્લોક ૮-૯ )

## ભૌમી ચારી

### ભેદ તથા લક્ષણ

( ૧ )

**સમપાદા**

''બંને પગ, વચ્ચે અંતર ના રહે તે રીતે જોડાજોડ રાખી, નખ સમાન કરી, સ્થાનમાં સ્થિત (અથવા ઊભા) રહેવામાં આવે તો તેને સમપાદા ચારી કહે છે''

( અધ્યાય ૧૧ શ્લોક ૧૪ )

સમપાદા ચારીમાં બંને પગ સમપાદ સ્થિતિમાં રહે છે. શરીરના નિમ્ન અંગો પાસે પાસે રહે છે. અંગુઠા, સામે રહે facing front તે રીતે રાખવામાં આવે છે. તે સ્થિતિ-પ્રધાન ચારી છે. પ્રત્યેક સંચાલન પછી પુનઃ સમપાદ સ્થાન ગ્રહણ કરવામાં આવે છે. અભિનવગુપ્તની ટીકા પ્રમાણે સમપાદ સ્થાનમાં રહેલા પગ ઉપર, નીચે, આગળ, પછળ, અથવા પડખે સમાનરુપે સંચાલિત કરવામાં આવે છે. તેને 'ચારી' કહેવાનો એકજ આધાર એ છે કે તેમાં 'ચરણ'ની યોગ્યતા છે અર્થાત ચારી કરતાં પૂર્વની આ સ્થિતિ છે. તે અભિનયદર્પણ નિરુપિત સમપાદા સ્થાનને મળતી આવતી ચારી છે.

( ૨ )

**સ્થિતાવર્તા**

'' ભુમિઘૃષ્ટ પગ વડે અભ્યન્તર મંડળ બનાવી, અન્ય પગનું ઉત્સારણ કરી આ ક્રિયા પુનઃ કરવામાં આવે તો સ્થિતાવર્તા ચારી બને છે.'' (અધ્યાય-૧૧ શ્લોક ૧૫)

આ ચારીમાં એક પગ ભૂમિધૃષ્ટ રાખવામાં આવે છે અર્થાત પગ 'અગ્રતલસંચર' સ્થિતિમાં રહે છે. પગના ફણાને જમીન પર ટેકવી જમીન ઘસડતા સંચરણ કરવામાં આવે છે. ચારીનું અન્ય લક્ષણ તે અભ્યન્તર મંડળની રચના. જંઘા તથા જાનુના સ્વસ્તિક દ્વારા તે સંભવિત બને છે. ત્રીજું લક્ષણ તે અન્ય પગનું ઉત્સરણ. ઉત્સરણ એટલે પગને પોતાની તરફ ઉપર ખેંચવો તે. એટલે કે સ્વપાર્શ્વમાં બીજા પગને પોતાની તરફ ઉપર ખેંચી ઉપરોક્ત ક્રિયા પુનઃ કરવામાં આવે છે. અભિનયદર્પણમાં નિરુપવામાં આવેલું 'સ્વસ્તિક મંડળ ' તેને મળતું આવે છે.

આ ચારી પણ સ્થિતિ-પ્રધાન ચારી છે.

( ૩ )

શકટાસ્યા

''શરીર સીધું રાખી, એક ચરણને 'અગ્રતલસંચર' સ્થિતિમાં આગળ મૂકી, છાતી ઉદ્વાહિત સ્થિતિમાં રાખવામાં આવે તો શકટાસ્યા ચારી બને છે.''

(અધ્યાય ૧૧ શ્લોક ૧૬)

પ્રસ્તુત ચારીમાં અગ્રતલસંચર પાદને ૨ તાલના અંતરથી આગળ રાખવામાં આવે છે તથા વક્ષઃ ઉદ્વાહિત દશામાં રહે છે. આ પણ સ્થિતિ-પ્રધાન ચારી છે. આ ચારી સાથે શકટાસ્ય કરણ અને મંડળ સંકળાયેલાં છે.


અભિનવગુપ્તની ટીકા પ્રમાણે પ્રસ્તુત ચારીમાં શરીરના ઉપલા ભાગને પ્રયત્નપૂર્વક ધારણ કરવામાં આવે છે. 'શકટસ્ય અસનં ક્ષેપઃ' અર્થાત શકટનું સ્થાપન તે 'શકટાસ્ય' એવી વ્યુત્પત્તિ પ્રમાણે અહીં જમીન ઉપર સ્થિત અથવા સંચરણ કરતાં ગાડા જેવો શરીરનો આકાર થતો હોવાથી શકટાસ્યા નામ સાર્થક હોવાનું અભિનવગુપ્ત જણાવે છે.

( ૪ )

અધ્યર્ધિકા


''વામપાદને દક્ષિણ ચરણના પૃષ્ઠમાં રાખી દક્ષિણ પાદનું દોઢ તાલના અંતરથી

4




અદયઘિકા

5



ચાષગતિ

6




વિચ્યવા

ત્રાંસું અપસર્પણ અધ્યર્ધિકા (ચારી) કહેવાય છે.''

(અધ્યાય ૧૧ શ્લોક ૧૭)

પ્રસ્તુત ચારીમાં એક પાદ સમપાદ સ્થિતિમાં તથા બીજો પાદ અચિત સ્થિતિમાં રહે છે. જમણા પગની એડી ઉપર ડાબો પગ રાખી તેને દોઢ તાલના અંતરથી અપસર્પણ અર્થાત્ હટાવવામાં આવે છે. આ અપસર્પણ ત્રાંસુ રહે છે અર્થાત પગ પડખે હટાવવામાં આવે છે. ( sideways direction ) અહીં સંચાલન અને સ્થિતિમાં પરિણમે છે. અધ્યર્ધિકા ચારી સાથે અધ્યર્ધા મંડળ સંકળાયેલું છે.

( ૫ )

ચાષગતિ


'' પહેલાં જમણા પગને આગળ લઈ જઈ પછી પાછળ લઈ જવો - પહેલાં પ્રસારિત પછી અપસર્પિત અને તેજ સમયે ડાબો પગ પહેલા પાછળ લઈ જઈ પછી આગળ લઈ જવો તેને ચાષગતિ કહે છે.''

(અધ્યાય-૧૧ શ્લોક ૧૮)

પ્રસ્તુત ચારીમાં એક તાલના પરિમાણથી જમણા પગને આગળ લંબાવો, તેને બે તાલની માત્રામાં પાછળ રાખવામાં આવે છે. અહીં ડાબા પગનું જમણા પગની સાથે અપસર્પણ થાય છે. કુદાવવાથી જમણો પગ ડાબા પગથી દૂર હટી ફરી પાછો મળે છે. આ પ્રમાણે ભયયુકત અપસર્પણ તેમજ શ્લિષ્ટતાયુકત ગતિને કારણે તેનું નામ ચાષ (નીલકંઠ પક્ષી) ગતિ સાર્થક છે. એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.


ચાષગતિ ભૌમી ચારી હોવાં છતાં અર્થાત્ પગ પૃથ્વી સાથે સંલગ્ન હોવા છતાં ઉત્ક્ષેપ-હળવો કુદકો અપેક્ષિત છે. પહેલાં જમણો પગ (ચરણ) આગળ લઈ જઈ પાછળ હટાવવામાં આવે છે અને પછી ડાબો પગ (ચરણ) પાછળ હટાવી આગળ લઈ જવામાં આવે છે. એટલે આ સંચાલન-પ્રધાન ચારી છે. તેની સાથે ચાષગતિ મંડળ સંકળાયેલું છે.

7




એલકાક્રીડિતા

8



બદધા

9



ઉરવદ્વૃત્તા

( ૬ )

વિચ્યવા

''સમપાદ સ્થિતિમાં રહેલાં બંને પગ છૂટા કરીને પગના અગ્ર ભાગ વડે - ફણા વડે જમીન પછાડવો તેને વિચ્યવા ચારી કહે છે.''

(અધ્યાય ૧૧ શ્લોક ૧૯)

પ્રસ્તુત ચારીનું લક્ષણ સંચાલન movement નો નિર્દેશ કરે છે. સમપાદ સ્થિતિમાં રહેલા પગ વડે કૂદકો મારવાનો ભાવ પણ રહેલો છે. ચારી ની છેલ્લી સ્થિતિમાં પગ 'અંચિત' સ્થિતિમાં જમીનને સ્પર્શે છે. આ સંચાલન-પ્રધાન ચારી છે.

( ૭ )

એલકાક્રીડિતા

'' બંને પગ તલસંચર કરી તે વડે કુદકો મારી બંને પગ વારાફરતી જમીન પર મુકવા તેને એલકાક્રીડિતા ચારી કહે છે.''

(અધ્યાય-૧૧ શ્લોક ૨૦)

આમાં એક વાર કૂદકો મારી ફરી એકવાર કૂદકો મારવો પડે છે. જેમાં પગ, જાંઘ, ઘૂંટણનો ઉપરનો ભાગ તથા ઘૂંટણ એકી સાથે ગતિશીલ બનાવવા પડે છે. વારાફરતી ઉત્પ્લવન થાય છે. આમાં એલકા (બકરી)ની ગતિની જેમ કુદકા મારવાને લીધે તેનું નામ એલકાક્રીડિતા સાર્થક છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે. અગ્રતલસંચર પાદ વડે કૂદકો મારવો એ આ ચારીનું પ્રધાન લક્ષણ છે અને તે સંચાલન-પ્રધાન ચારી છે. એલકાક્રીડિતા કરણ તથા મંડળ તેની સાથે સંકળાયેલા છે.

( ૮ )

બધ્ધા

'' બંને જંઘાઓને સ્વસ્તિક મુદ્રામાં રાખી બંને સાથળોને હલાવવા તેને બધ્ધા ચારી કહે છે. ''

(અધ્યાય ૧૧ શ્લોક ૨૧)

અહીં 'જંઘાઓના સ્વસ્તિક' પદનો અર્થ 'સાથળનું વલન' છે. જંઘના સમ્યક બંધનને કારણે તેને બધ્ધા નામ આપવામાં આવ્યું છે. એમ અભિનવગુપ્ત જણાવે છે. પ્રસ્તુત ચારીમાં જંઘા તથા ઉરુની સાથે સાથે જાનુ (ઘૂંટણ) પણ સ્વસ્તિક મુદ્રામાં રહે છે. બધ્ધા ચારી નો અનેક કરણમાં વિનિયોગ થાય છે.

( ૯ )

ઉરુદવૃત્તા

'' તલસંચરપાદ મુદ્રામાં રહેલા પગની એડી બહારની તરફ રાખો - બાહય ઉન્મુખો - જંઘા અંચિત અર્થાત્ થોડી નમેલી અને ઉરુ અર્થાત સાથળ થોડી ઉદ્‌વૃત્ત એટલે કે ગોળાકાર રુપે ઉપર ઉઠાવેલી હોય તો તેને ઉરુદવૃત્તા ચારી કહે છે.

( અધ્યાય ૧૧ શ્લોક ૨૨ )

પ્રસ્તુત ચારીમાં અગ્રતલસંચર સ્થિતિમાં રહેલા પગની એડી બીજા પગના પૃષ્ઠભાગ તરફ ઉન્મુખ થાય છે અને ઘૂંટણો નમવાથી જંઘા આકુંચિત થઇ બીજી જંઘાની સન્મુખ વળી ઉદ્‌વૃત્તા અર્થાત ગોળાકારે ઉપર ઉઠેલી સ્થિતિ ધારણ કરે છે. ઉરુઓના વિવર્તન અથવા વલનક્રિયાને કારણે તે ઉરુદવૃત્તા કહેવાય છે, એવો અભિનવગુપ્તનો મત છે. લજ્જા અથવા ઇર્ષ્યાનો ભાવ પ્રગટ કરવામાં 'ઉરુદવૃત્તા' ચારી પ્રયોજવી જોઇએ એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે. અન્ય આચાર્યોના મત પ્રમાણે એડીને દ્વિતીય અગ્રતલસંચર પાદની બહાર રાખી આ ચારી રજૂ કરવામા આવે છે એમ અભિનવગુપ્ત જણાવે છે.

પ્રસ્તુત ચારીમાં અગ્રતલસંચર પાદ પાર્શ્વ તરફ બીજા પાદથી થોડા અંતરે રહે છે. ઘૂંટણ અંચિત અથવા નત રહે છે. કટિનો ઉપરનો ભાગ 'ઉદવર્તન' દશામાં રહે છે.

આ ચારી સાથે ઉદવૃત્તા કરણ સંકળાયેલું છે.


( ૧૦ )

અડ્ડિતા

'' એક અગ્રતલસંચર પગ બીજા સમસ્થિત પગના ફણાને અથવા એડીને ઘસવો તે અડ્ડિતા ચારી.''


(અધ્યાય ૧૧ શ્લોક ૨૩)

10




અડ્ડિતા

11



ઉત્સ્પન્દિતા

12



જનિતા.

'' અટ્ટધાતું અતિક્રમણ તથા હિંસાના અર્થમાં લઇ તેમાં ઇનચ પ્રત્યય લગાડવાથી અટ્ટિતા શબ્દ નિષ્પન્ન થયો છે. આ પ્રકારની ભૌમી ચારીમાં એક પગ સમસ્થિત તથા બીજો પગ તલસંચર સ્થિતિમાં આગળ અને પાછળ વારાફરતી શ્લિષ્ટ થાય છે. આ ચારીમાં પગ પોતાના સ્થાનથી અતિક્રમણ કરે છે માટે તેને અટ્ટિતા કહે છે. એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત ચારીમાં અગ્રતલસંચર પાદ, સમપાદ પાદને ઘસે તે રીતે રાખવામાં આવે છે. અટ્ટિતા મંડળ આ ચારી સાથે સંકળાયેલુ છે.

( ૧૧ )

ઉત્સ્પન્દિતા

'' રેચક'' પ્રમાણે ધીરે ધીરે પગ બહારથી તેમજ અંદરથી નિવર્તિત થાય તેને ઉત્સ્પન્દિતા કહે છે.'' (અધ્યાય ૧૧ શ્લોક ૨૪)

અભિનવગુપ્તની ટીકા અનુસાર આ પ્રકારની ચારીમાં પગની કનિષ્ઠિકા અર્થાત્ ટચલી આંગળીનો બહારનો ભાગ તથા બીજા પગનો અંદરનો ભાગ નિવર્તિત થાય છે. તે પગનું અપસારણ રેચક પાદ પ્રમાણે થાય છે. ચારીમાં શોભાવૃદ્ધિ માટે આ અપસારણ રાખવામાં આવે છે. આ ક્રિયા નદીના પ્રત્યાવર્તન રુપ સ્પન્દિતની જેમ થતી હોવાથી ઉત્સ્પન્દિતા નામ અપાયું છે. તેમાં રેચક નૃત્ત હસ્ત પ્રયોજાય છે એવો અન્ય આચાર્યોનો મત છે.


પ્રસ્તુત ચારીમાં શરીરના નિમ્ન અંગો આડબે આડબે side ways રેચક સમાન સંચાલિત થતા હોવાથી તે સંચાલન પ્રધાન ચારી છે.

( ૧૨ )

જનિતા


'' જ્યારે એક હાથ છાતી ઉપર મુષ્ટિ મુદ્રામાં હોય તથા બીજો હાથ તલસંચર સ્થિતિમાં રહેલા પગની સાથે પ્રવર્તિત અર્થાત્ ગોળ ગોળ ફરતો હોય તો તેને જનિતા ચારી જાણવી.'' (અધ્યાય ૧૧ શ્લોક ૨૫ )

13




સ્પન્દિતા

14



અસ્પન્દિતા

15



સમોત્સારિત મત્તલ્લી

પ્રસ્તુત ચારીમાં તલસંચર પગ વડે ગમન અર્થાત પાછા જવાની ક્રિયા-ગતિ કરવામાં આવે છે. તે સમસ્ત ગતિઓની જનની હોવાથી તેમજ તેનાથી ગતિનો આરંભ કરવામાં આવતો હોવાથી જનિતા નામ યથાયોગ્ય છે. આમાં મુષ્ટિ આકારના હસ્તનો વક્ષ:સ્થલ પર વિન્યાસ તથા અન્ય હસ્તનું પ્રસારણ કેવળ ઇતિકર્તવ્યતા બતાવવા માટે બતાવવામાં આવ્યો છે એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત ચારીમાં બંને પગ અગ્રતલસંચર સ્થિતિમાં બે તાલના કાલપ્રમાણથી એક બીજાથી દૂર રહે છે. જનિતા કરણ તેની સાથે સંકળાયેલું છે.

( ૧૩ )

સ્યન્દિતા

'' એક પગ બીજા પગથી પાંચ તાલના અંતરે આગળ રાખવો તેને સ્યન્દિતા ચારી કહે છે.'' (અધ્યાય ૧૧ શ્લોક ૨૬)

પ્રસ્તુત ચારીમાં સમસ્થિત તેમજ સ્થિર સાથળવાળા જમણા પગને પાંચ તાલના અંતરથી ફેલાવવામાં અર્થાત લાંબો કરવામાં આવે છે. આ ફેલાવવાના ધર્મને કારણે તેનું નામ સ્યન્દિતા છે એમ અભિનવગુપ્ત જણાવે છે.

પ્રસ્તુત ચારીમાં બંને સમપાદ પાદ પાંચ તાલના અંતરે રહે છે તથા કટિ, ઉરુ, જાનુ તથા જંઘા તણાવયુકત tense રહે છે. આલિઢ, પ્રત્યાલિઢ જેવા સ્થાનોમાં તેનો વિનિયોગ થતો હોવાથી તે સ્થિતિપ્રધાન ચારી છે.

( ૧૪ )

અવસ્યન્દિતા

સ્યન્દિતા ચારીથી વિપરીત અર્થાત્ બીજા પગને પહેલા પગની જેમ પાંચ તાલના અંતરથી લાંબો કરવામાં આવે તો તેને અસ્યન્દિતા ચારી કહે છે.

(અધ્યાય ૧૧ શ્લોક ૨૬)

અભિનવગુપ્તની ટીકા અનુસાર સ્યન્દિતા ચારીના વિપર્યયથી અવસ્યન્દિતા ચારી બને છે. અહીં પ્રશ્ન એ થાય કે સ્યન્દિતાનોજ વિપર્યય અવસ્યન્દિતા તો પછી અવસ્યન્દિતા વિપર્યય સ્યન્દિતા કેમ નહીં ? એના જવાબમાં એમ કહી શકાય કે અવસ્યન્દિતા શબ્દમાં રહેલો 'અપ' ઉપસર્ગજ વિપર્યયનું સૂચન કરે છે. એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત ચારી સ્યન્દિતા ચારીનુંજ વિપરીત સ્વરુપ હોવાથી સ્થિતિપ્રધાન ચારી છે અને અસ્કન્દિતા મંડળ તેની સાથે સંકળાયેલુ છે.

( ૧૫ )

સમોત્સારિતમત્તલી

'' જ્યારે બે તલસંચર પાદ વડે ગોળ ફરતા ઉપસર્પણ કરવામાં આવે તો સમોત્સારિત મત્તલી ચારી કહેવાય છે અને તેનો પ્રયોગ વ્યાયામમાં કરવામાં આવે છે.''

(અધ્યાય ૧૧ શ્લોક ૨૭)

અભિનવગુપ્તના મત પ્રમાણે પરસ્પર જંઘાઓના વેધથી જ્યારે સ્વસ્તિક સ્થાનું હોય ત્યારે અથવા જ્યારે એક પાદ તલસંચરપાદ સ્થિતિમાં હોય ત્યારે બીજો પગ પણ તલસંચર સ્થિતિ ધારણ કરે છે અને પછી ગોળ ફરતાં ફરતા ઉપસર્પણ અર્થાત્ પાછળ ગતિ કરે છે. આમ પ્રસ્તુત ચારીમાં બંને પાદ 'અગ્રતલસંચર' રહે છે. ઉંચા થયેલા પાદનો ચક્રાકાર ગતિ તથા ઉપસર્પણ આ ચારી સંચાલન-પ્રધાન ચારી હોવાનો નિર્દેશ કરે છે. કટિ, ઉરુ, જાનુ તથા જંઘા નત રહે છે. સમોત્સારિત મંડળ તેની સાથે સંકળાયેલુ છે.


અભિનવગુપ્ત, પ્રસ્તુત ચારીમાં બે પ્રકારની ગતિ રહેતી હોવાનું જણાવે છે. એક સમઉત્સારિત અને બીજો મત્તલી અર્થાત મદથી વિહ્વળ ન થવું અથવા સ્વાર્થ અન્યત્ર પલાયન થવું. અભિનવગુપ્તના મત પ્રમાણે મધ્યમ પ્રકારના મદમાં તેનો વિનિયોગ કરવો જોઈએ.

( ૧૬ )

મત્તલી

'' જ્યારે બંને પાદ વડે ગોળ ફરીને ઉપસર્પણ કરવામાં આવે અને બંને હાથ

16



મત્તલ્લી

ઉદ્વેષ્ટિત અને અપવિધ્ધ હોય ત્યારે મત્તલી ચારી બને છે.''

(અધ્યાય ૧૧ શ્લોક ૨૮)

અભિનવગુપ્તની ટીકા અનુસાર આ ચારીમાં અગ્રતલ પગ જમીનને અડકે છે અથવા ઘસડાય છે. (શ્લિષ્ટ) અહીં પગ જંઘા સ્વસ્તિકના યોગથી અડધો ત્રાંસો થવાથી તથા પગના ઘૂર્ણન અને ઉપસર્પણને લીધે તેને મત્તલી ચારી કહે છે. તેનો પ્રગાઢ મદના અભિનયમાં પ્રયોગ કરવામાં આવે છે.

પ્રસ્તુત ચારીમાં બંને પાદ અગ્રતલસંચર સ્થિતિમાં રહે છે. જંઘા સ્વસ્તિક રહે છે અને પાદ ઉંચો કર્યા વિના ગોળાકારે પાછળ ગતિ કરવામાં આવે છે. હાથ ઉદ્વેષ્ટિત રહે છે. મત્તલીકરણ તેની સાથે સંકળાયેલું છે.

( બ )

## આકાશિકી ચારી

ભૌમી ચારીના નિરુપણ પછી ભરતમુનિ ૧૬ પ્રકારની આકાશિકી ચારીના લક્ષણો વર્ણવે છે. આ ૧૬ પ્રકારની આકાશિકી ચારી તે (૧) અતિક્રાન્તા (૨) અપક્રાન્તા (૩) પાર્શ્વક્રાન્તા (૪) ઉર્ધ્વજાનું (૫) સૂચી (૬) નૂપુરપાદિકા (૭) દોલાપાદ (ડોલાપાદ) (૮) આક્ષિપ્તા (૯) આવિધ્ધા (૧૦) ઉદ્વૃત્તા (૧૧) વિદ્યુદ્ભ્રાન્તા (વિદ્યુદક્રાન્તા) (૧૨) અલાતા (૧૩) ભુજંગત્રાસિતા (૧૪) હરિણપ્લુતા (મૃગપ્લુતા) (૧૫) દણ્ડા (દણ્ડપાદા) તથા (૧૬) ભ્રમરી.

( અધ્યાય ૧૧ શ્લોક ૧૧ થી ૧૩)

## આકાશિકી ચારી

### ભેદ તથા લક્ષણ


(૧)

#### અતિક્રાન્તા

'' એક પગ કુંચિત કરી, ઉંચો લઇ (ઉત્ક્ષિપ્ય) આગળ લાંબો કરવો. પછીથી તેને ઉંચો કરી નીચે પાડવો તે અતિક્રાન્તા કહેવાય.'' (અધ્યાય ૧૧ શ્લોક ૩૦)


# આકાશિકી ચારી

1




અતિક્રાન્તા

2



અપક્રાન્તા

3



પાર્શ્વક્રાન્તા

પ્રસ્તુત ચારીમાં કુંચિત પગને બીજા પગના ઘૂંટણના ક્ષેત્રમાં રાખી આગળ લાંબો કરવામાં આવે છે તથા ચાર તાલના અંતરથી પગને ઉપર લઇ જઇ જમીન પર પછાડવામાં આવે છે. (ગન્તવ્યના) અતિક્રમણને લીધે તેનું નામ 'અતિક્રાન્તા' કહ્યું છે. એવો અભિનવગુપ્તના અભિપ્રાય છે.

પ્રસ્તુત ચારીમાં એક પાદ 'સમપાદા' સ્થિતિમાં તથા અન્ય પાદ 'કુંચિત' સ્થિતિમાં રહે છે. કુંચિત પાદને લગભગ ઘૂંટણ સુધી ઉંચો લઇ જઇ ચાર તાલના અંતરથી આગળ લઇ જઇ જમીન પર પછાડવામાં આવે છે એવું અર્થઘટન પણ કરવામાં આવ્યું છે. (કપિલા વાત્સ્યાયન). પ્રસ્તુત ચારીમાં ઘૂંટણ નમેલા રહે છે. સંચાલન-પ્રધાન એવી આ ચારી સાથે અતિક્રાન્તા કરણ અને મંડળ સંકળાયેલા છે તથા કેટલાય કરણમાં તેનો વિનિયોગ થાય છે.

( ૨ )

અપક્રાન્તા
-------

'' જયારે ઉરુઓ અર્થાત બંને સાથળો વલન અર્થાત ગોળ ઘુમાવી કુંચિત પગને ઉંચો કરી પોતાના પડખે વિનિક્ષિપ્ત અર્થાત નીચે પાડવામાં આવે તો તેને અપક્રાન્તા ચારી કહે છે.

(અધ્યાય ૧૧ શ્લોક ૩૧)

અભિનવગુપ્તા મતે પ્રસ્તુત ચારીમાં બદ્ધા ચારી પહેલાં સંપાદિત કરી પગને ઉઠાવી પડખે ક્ષિપ્ત અથવા અપક્રમણ દશામાં રાખવામાં આવે છે. અપક્રમણને લીધે તેને અપક્રાન્તા કહી છે. એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત ચારીમાં એક પાદ સમપાદ તથા અન્ય પાદ કુંચિત રહે છે. ઉરુના વલનથી કુંચિત પાદ પાર્શ્વમાં લઇ જવામાં આવે છે. બદ્ધા ચારીથી નિષ્પન્ન આ ચારી સંચાલન-પ્રધાન ચારી છે.

( ૩ )

પાર્શ્વક્રાન્તા

'' કુંચિત પગને ઉંચો કરી (ઉત્ક્ષિપ્ય) અથવા ઉછાળી, ઘુંટણને ઉર્ધ્વ કરી, સામે લાંબો કરી એવા પગને એક પડખે લઇ જવામાં આવે તો પાર્શ્વક્રાન્તા ચારી બને છે / ઉદ્‌ઘટ્ટિત પગથી પાર્શ્વક્રાન્તા ચારી બને છે).''

( અધ્યાય ૧૧ શ્લોક ૩૨)

અભિનવગુપ્તની ટીકા અનુસાર પ્રસ્તુત ચારીમાં કુંચિત પગને ઉપર લઇ જઇ જમીન પર એડી ફેંકવામાં આવે છે એટલે કુંચિત પગ વડે એડીનું ઉદ્‌ઘટ્ટિત થવું સુચિત થાય છે. અન્ય આચાર્યો જણાવે છે કે બીજા પગને તેના ક્ષેત્ર સુધી ઉત્ક્ષિપ્ત રાખી ઉદ્‌ઘટ્ટિત કરી જમીન પર પછાડવામાં આવે તે પાર્શ્વક્રાન્તા છે.

પ્રસ્તુત ચારીમાં એક પાદ સમપાદ તથા અન્ય કુંચિત રહે છે. કુંચિત પાદ, ઘૂંટણ પડખા તરફ રહે તે રીતે, ઉંચો કરવામાં આવે છે. પાદને સાથળ સુધી લઇ જઇ, એડી જમીનને સ્પર્શે તે રીતે નીચે ફેંકવામાં આવે છે. ઉંચી કરેલી ઘૂંટણ ક્ષિપ્ત અર્થાત વળેલી રહે છે. આ સંચાલન-પ્રધાન ચારી છે અને તે પાર્શ્વનું કરણ/મંડળ સાથે સંકળાયેલ છે.

( ૪ )


ઉર્ધ્વજાનુ

''કુંચિત પગને ઉંચો કરી તેના ઘૂંટણ છાતી સુધી લઇ જઇ બીજા પગની ઘૂંટણને સ્તબ્ધ અર્થાત સ્થિર-ગતિહીન રાખો, આજ ક્રમથી બીજા પગને કુંચિત દશામાં ઉંચો કરી પહેલા પગની ઘૂંટણ રાખવામાં આવે તો તેને ઉર્ધ્વજાનુ ચારી કહે છે.''

(અધ્યાય ૧૧ શ્લોક ૩૩)


પ્રસ્તુત ચારીમાં એક પાદ 'સમપાદ' તથા અન્ય કુંચિત રહે છે. પાર્શ્વક્રાન્તા ચારી ની જેમજ કુંચિત પાદ ઉંચો કરવામાં આવે છે પણ અહીં પણ વધારે ઉંચો કરવામાં આવે છે તથા આ સંચાલનની બંને પગ વડે પુનરાવૃત્તિ કરવામાં આવે છે. બંને ઘૂંટણ ક્ષિપ્ત અર્થાત વળેલા રહે છે. આ સંચાલન પ્રધાન ચારી સાથે ઉર્ધ્વજાનુ કરણ સંકળાયેલ છે.

4




ઊર્ધ્વજાનુ

5



સૂચી

6



નૂપુરપાદિકા

( ૫ )

સૂચી

'' કુંચિત પગને ઘૂંટણથી ઉપર સુધી લઇ જઇ લાંબો કરવો અને પછી તેના પંજાના આગળના ભાગને જમીન પર પછાડવો/એક પગ કુંચિત કરી તેનો ઘૂંટણ ઉંચો લઇ તેને ફણાથી જમીન પર પછાડવો તે, સૂચી ચારી કહેવાય.'' (અધ્યાય ૧૧ શ્લોક ૩૪)

અભિનવગુપ્તના મતે ઘૂંટણથી ઉપર ઉરુ અર્થાત સાથળ સુધી જંઘાને પુરેપુરી લંબાવી અગ્રભાગથી જમીન પર ફેંકવી જોઇએ. આ પ્રમાણે તે 'સુચી'નો આકાર ધારણ કરતી હોવાથી 'સૂચી' કહેવાય છે.

પ્રસ્તુત ચારીમાં એક પાદ સમપાદ તથા અન્ય પાદ કુંચિત રહે છે. કુંચિત પાદને આગળના ભાગમાં ઉંચો કરી ઘૂંટણ સુધી લઇ ત્યાં લાંબો કરવામાં આવે છે અને પછી પગ નીચે લઇ જઇ પગનો ફણો પુન: જમીનને અડકાડવામાં આવે છે એવું અર્થઘટન પણ મળે છે. (કપિલા વાત્સ્યાયન) અહીં જંઘા ઉધ્વાહિત રહે છે. સૂચી, અર્ધસૂચી અને સૂચીવિધ્ધ કરણ તથા સૂચીવિધ્ધ મંડળમાં તેનો વિનિયોગ થાય છે.

( ૬ )


નૂપુરપાદિકા

'' એક અંચિત પગને ઉપર ઉઠાવો/ઉંચો કરી બીજા પગની પાછળ રાખવો તથા અગ્રતલસંચર સ્થિતિમાં રહેલા પગને દ્રુત ગતિથી જમીન પર પછાડવો તે નૂપુરપાદિકા ચારી''.

(અધ્યાય ૧૧ શ્લોક ૩૫ )


અભિનવગુપ્તના મત પ્રમાણે, પ્રસ્તુત ચારીમાં અંચિત પાદને પાછળની બાજુ એડીને સ્પર્શે તે રીતે છેક સાથળના મૂળ સુધી લઇ જવામાં આવે છે. તે સમયે બીજો અગ્રતલસંચર પાદ પડખે પછાડવામાં આવે છે. આમ કરવાથી નૂપુરોનો -ઝાંઝરનો રુમઝુમ અવાજ નીકળે છે જેનાથી શીઘ્રતા પ્રગટે છે અને તેથીજ તે નૂપુરપાદિકા કહેવાઇ છે.

7




દોલપાદા

8



આક્ષિપ્તા

9



આવિદ્ધા

પ્રસ્તુત ચારીમાં એક પાદ 'સમપાદ' તથા અન્ય પાદ 'અંચિત' રહે છે. અંચિત પાદને ઉંચો કરી તેની સામેની દિશામાં રહેલા સાથળના પાછળના ભાગમાં અને છેલ્લે પગનો ફણો જમીનને અડકે તે રીતે નીચે લઇ જવામાં આવે છે. આ સમયે કટિ, ઉરુ, જાનું, જંઘા, ઉધ્વાહિત અથવા પરિવર્તિત રહે છે, આવું અર્થઘટન પણ મળે છે. (કપિલા વાત્સ્યાયન)

(૭)

દોલપાદા

કુંચિત પગને ઉંચો કરી એક પડખેથી બીજા પડખે ઝૂલાવતા ઝૂલાવતા લઇ જવો પછી તેને અંચિત કરી જમીન પર પછાડવો તે દોલપાદા ચારી કહેવાય છે.''

(અધ્યાય ૧૧ શ્લોક ૩૬)

અભિનવગુપ્તના કથન અનુસાર પ્રસ્તુત ચારીમાં કુંચિત પગને દક્ષિણ પાદ અર્થાત જમણા પગના ક્ષેત્ર સુધી લઇ જઇ ત્યાં દોલાના આકારમાં સ્પન્દિત કરી પછી તેને એડી તરફના પડખે જમીન પર પછાડવો જોઇએ. આ 'દોલપાદા'નું સ્વરુપ અનુસારી નામ છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત ચારીમાં એક પાદ 'સમપાદ' તથા અન્ય પાદ 'કુંચિત' રહે છે. કુંચિત પાદને સ્વપાર્શ્વમાંજ ઉંચો કરવામાં આવે છે. ડોલાવવામાં આવે છે અને પછી 'અંચિત' સ્થિતિમાં નીચે લઇ જઇ જમીનને અડકાડવામાં આવે છે. બે પાદ વચ્ચે લગભગ ૨ તાલનું અંતર રહે છે. કટિ, ઉરુ, જાનુ, જંઘ ઉધ્વાહિત અથવા ક્ષિપ્ત રહે છે.

(૮)


આક્ષિપ્તા

''કુંચિત પગને ઉંચો કરી આક્ષિપ્ત કરી ઉરુ સ્વસ્તિક દશામાં રાખો, અંચિત સ્થિતિમાં પગ નીચે ફેંકવો તે આક્ષિપ્તા ચારી''.

(અધ્યાય ૧૧ શ્લોક ૩૭)


અભિનવગુપ્તના મતે અહીં 'આક્ષિપ્ત' પદનો આશય છે, કુંચિત પગને આગળ ત્રણ તાલના અંતરેથી ઉપર ઉછાળી અંચિતના અર્ધમંડળ આકારમાં બીજા પડખે લઇ જઇ

10





ઉદ્વૃત્તા

11



વિદ્યુદ્ભ્રાન્તા

12



અલાતા

સ્વસ્તિક કરી જમીન પર પછાડવો.''

પ્રસ્તુત ચારીમાં એક પાદ કુંચિત તથા અન્ય પાદ 'અંચિત' રહે છે. કુંચિત પાદ ઉંચો કરી તે બીજા પાદથી સ્વસ્તિક કરે તે રીતે રાખી અને અંચિત પાદ કરી તેને જમીન ઉપર ત્રણ તાલના અંતરે રાખવામાં આવે છે. જાનુ ક્ષિપ્ત રહે છે તથા ઉરુ સ્વસ્તિક રહે છે. આક્ષિપ્ત તથા આક્ષિપ્ત રેચિત કરણ તથા આક્ષિપ્તા અંગહાર તેના વડે રચાય છે.

( ૯ )

આવિદ્ધા

'' સ્વસ્તિક દશામાં રહેલા પગમાંના એક પગને આગળ લાંબો કરતી વખતે કુંચિત રાખવો અને તેને અંચિત પગ બનાવી જમીન પર જલ્દીથી પછાડવો તે આવિદ્ધ ચારી કહેવાય.'' (અધ્યાય ૧૧ શ્લોક ૩૮)

અભિનવગુપ્તની ટીકા અનુસાર વિશ્લિષ્ટ જાંઘવાળા સ્વસ્તિક બનેલા કુંચિત પગને લંબાવવામાં આવે અને તેજ આવિદ્ધ અર્થાત્ સંશ્લિષ્ટ એજ પાદના પડખે દ્વિતીય એડીના ક્ષેત્રમાં તે પ્રમાણે પછાડવામાં આવે.

પ્રસ્તુત ચારીમાં એક પાદ કુંચિત તથા અન્ય અંચિત રહે છે. આરંભમાં સ્વસ્તિક સ્થિતિ ધારણ કરવામાં આવે છે. પછી એ સ્થિતિમાં રહેલા કુંચિત પાદને ઉંચો કરી લંબાવવામાં આવે છે અને અંતે અંચિત દશામાં સ્વપાર્શ્વમાં જમીનને અડકે તે રીતે રાખવામાં આવે છે. કટિ, ઉરુ, જાનું, જંઘા ઉદ્વાહિત અથવા પરિવૃત્ત રહે છે.

( ૧૦ )

ઉદ્વૃત્તા

'' જયારે આવિદ્ધ પગને આવિષ્ટ અને સમુત્પ્લુત કરી નીચે ફેંકવામાં આવે અને બીજા પગને પરિવૃત્ત કરવામાં આવે તો તેને ઉદ્વૃત્તા ચારી કહે છે./ આવિદ્ધ ચારીમાંના કુંચિત પગને બીજા પગના સાથળની ગોળ ફરતે લઇ જઇ ઉંચો કરી જમીન પર પછાડવો તે ઉદ્વૃત્તા ચારી.'' (અધ્યાય ૧૧ શ્લોક ૩૯)

અભિનવગુપ્ત કહે છે તેમ આ ચારી આવિધ્ધાની શેષભૂતા માનવામાં આવે છે. આમાં આવેષ્ટન અર્થાત્ બીજા સાથળના ક્ષેત્રનો, એડીસુધી ઉછાળો લઇ ભ્રમરકની જેમ એક પગને જમીન પર પછાડવામાં આવે છે અને પછી બીજા પગનું આ પ્રમાણે ઉપર ઉદ્ધર્તન થાય છે તેથી તેને ઉદ્‌વૃત્તા કહે છે.'' એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત ચારીમાં એક પાદ સમપાદ તથા અન્ય કુંચિત રહે છે. આવિધ્ધા ચારીમાંથીજ નિષ્પન્ન પ્રસ્તુત ચારીમાં કુંચિત પાદને લંબાવવામાં આવે છે અને પછી જમીન પર અડકાડવામાં આવે છે. ઢળવા કૂદકા તથા ગોળ ફરવાની ક્રિયા પણ સૂચવાઇ છે. ઉરુ અદ્‌વૃત્ત તથા જંઘા ઉધ્ધાહિતા રહે છે અને તેના વડે ઉદ્‌વૃત્તા કરણ સ્થાય છે.

( ૧૧ )

વિદ્યુદ્‌ભ્રાન્તા


'' પગને પાછળ તરફ-વાંસાની બાજુએ ગોળ ફેરવી, માથાને ઘસડીને જાય તે રીતે લાંબો કરી ગોળ કુંડાળાની જેમ ફેરવવો તેને વિદ્યુદ્‌ભ્રાન્તા ચારી કહે છે.

(અધ્યાય ૧૧ શ્લોક ૪૦)

અભિનવગુપ્તના મત પ્રમાણે પગને પાછળ લઇ જવાનો અર્થ છે, પગને પાછળની બાજુએ સાથળના મૂળમાંથી ગોળ ફેરવવો. તેનો સાચો આશય એ છે કે પગને પડખાની પાછળ વાળી મસ્તકને સ્પર્શે તે રીતે લઇ જવો. તે પ્રમાણે પગને આગળ પાછળ બધી બાજુ ગોળ ફેરવી લાંબો કરવો જોઇએ.


પ્રસ્તુત ચારીમાં એક પાદ સમપાદ તથા અન્ય કુંચિત રાખવામાં આવે છે. ઉંચા કરેલા પાદને તે પહેલા શ્રોણિ પ્રદેશને સ્પર્શે અને પછી મસ્તકને સ્પર્શે તે રીતે પાછળ લઇ જવામાં આવે છે. ઉરુ સમ રહે છે. તેના વડે વિદ્યુદભ્રાન્તા કરણ તથા વિદ્યુદ્‌ભ્રાન્તા અંગહાર સ્થાય છે.

13




ભુજંગત્રાસિતા

14



હરિણપ્લુતા

15



દંડપાદા

( ૧૨ )

અલાતા

'' પગને પાછળની તરફ વાંસાની બાજુએ લાંબો કરવામાં આવે તથા તેને ગોળ ફેરવી અંદર લાવી (બીજા) પગની એડી પાસે ફંકવામાં આવે તો તેને અલાતા ચારી કહે છે.''

(અધ્યાય ૧૧ શ્લોક ૪૧)

અભિનવગુપ્તના મત પ્રમાણે પ્રસ્તુત ચારીમાં પહેલા પગને પાછળ લઇ જઇ લાંબો કરવામાં આવે છે. અર્થાત તેને પાછળની બાજુએ લાંબો કરવામાં આવે છે પછી ગોળ ફેરવી અંદર લાવવામાં આવે છે તે બાદ બીજા પગના સાથળ ઉપર અભિમુખ તલ કરી રાખવામાં આવે છે અને આમ કરતાં પાસેની એડીની બાજુમાં તેને પછાડવામાં આવે છે. અલાત ચક્રની આકૃતિમાં આવવાથી 'અલાતા' કહેવાય છે એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત ચારીમાં એક પાદ સમપાદા અને અન્ય અંચિત રહે છે. અંચિત પગને પાછળની બાજુએ લાંબો કરી તેને સ્વપાર્શ્વમાં પગની એડી પહેલાં જમીનને અડકે તે રીતે નીચે લઇ જવામાં આવે છે અને તે સમયે જંઘા પરિવૃત્તા રહે છે એવું અર્થઘટન પણ મળે છે. (કપિલા વાત્સ્યાયન) આ ચારી સાથે અલાતા કરણ, મંડળ તથા અંગહાર સંકળાયેલાં છે.

( ૧૩ )

ભુજંગત્રાસિતા

'' કુંચિત પગ ઊંચો કરી / સાથળ વિવર્ત કરવી અર્થાત ગોળ ફેરવવી તેમજ કટિ તથા ઘૂંટણ પણ ગોળ ફેરવવા તેને ભુજંગત્રાસિતા ચારી જાણવી.''

(અધ્યાય ૧૧ શ્લોક ૪૨)

અભિનવગુપ્તના મતે પ્રસ્તુત ચારીમાં કુંચિત પગને બીજા સાથળના ક્ષેત્ર સુધી ઉપર ઉઠાવી કટિની સમકક્ષ લઇ જઇ ઘૂંટણની તરફ પાછો લાવવામાં આવે છે તથા નિતમ્બની સન્મુખ ત્રિકોણી અથવા ત્રાંસો એડીને તેના પર વિવર્તિત કરવામાં આવે છે તે પછી પાસેની ઘૂટણ ઉપર એક પગને ઉત્તાનતલમાં સ્થાપિત કરવામાં આવે છે. પગની પાસે સાપના આવવાથી ભયથી અહીં તહીં ભાગનારની તુલનાથી નિર્મિત આ 'ચારી' નામાનુરૂપ પોતાની

ક્રિયાના પ્રદર્શનને લીધે સાર્થકનામા છે એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત ચારીમાં એક પાદ સમપાદ તથા અન્ય કુંચિત રહે છે. કટિ સહિત શરીરનાં નિમ્ન અંગો પડખે લઇ જવામાં આવે છે. કુંચિત પાદ ઊંચો કરી તેની ઘૂંટણ બીજા પગની ઘૂંટણને અડકાડવામાં આવે છે. કટિ, ઉરુ, જાનુ તથા જંઘા વિવૃતિત થાય છે. આ ચારીનો વિનિયોગ ભુજંગત્રસ્તા, ભુજંગત્રાસિતા, ભુજંગત્રાસિત રેચિતા કરણમાં કરવામાં આવે છે.

( ૧૪ )

હરિણપ્લુતા

'' અતિક્રાન્તા ચારીમાં કુદકો મારી પગ જમીન પર ઠેકવો તથા જાંઘ અંચિતપાદયુક્ત કરી પગ આક્ષિપ્ત દશામાં જમીન પર પછાડવો તેને હરિણપ્લુતા ચારી જાણવો.''

( અધ્યાય ૧૧ શ્લોક ૪૩)

અભિનવગુપ્તના મત પ્રમાણે અતિક્રાન્તા ચારીના પ્રકરણમાં કથિત કુંચિત પાદને ઉત્ક્ષિપ્ત કરી અર્થાત ઉછાળી તેને જમીન પર પછાડવો જોઇએ પછી બીજી જાંઘના પૃષ્ઠ ભાગની ઉપર અંચિત પગ રાખવો જોઇએ. આ પ્રમાણે મૃગની-હરણની પ્લુતિ (ઉડ્ડયન) તુલ્ય આ ચારી બને છે. તેની વિદૂષકની ગતિમાં યોજના કરવામાં આવે છે. એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.


પ્રસ્તુત ચારીમાં એક પાદ સમપાદ તથા અન્ય અંચિત રાખવામાં આવે છે. અતિક્રાન્તા ચારીની શરુઆતની સ્થિતિ ધારણ કરી કુદકો મારવામાં આવે છે તથા પડખે સંચાલન કરવામાં આવે છે. ઘૂંટણ ક્ષિપ્ત અર્થાત વળેલા રહે છે એવું પણ અર્થઘટન છે. (કપિલા વાત્સ્યાયન)

હરિણપ્લુતા કરણમાં તેનો વિનિયોગ થાય છે. સંગીતરત્નાકરમાં તે 'માર્ગપ્લુત'ના નામથી મળે છે.

( ૧૫ )

દણ્ડપાદા

'' નૂપુર (પાદિકા) ચારી બતાવી એક પગને લાંબો કરી શીઘ્ર પાછો લઇ જવામાં



ભ્રમરી

આવે / નુપૂરપાદિકા કરી પગ આગળ લાંબો કરી તત્કાળ વેગથી આવિદ્ધ કરણ કરવામાં આવે તેને દણ્ડપાદા ચારી કહે છે.'' (અધ્યાય ૧૧ શ્લોક ૪૪)

અભિનવગુપ્તના અભિપ્રાય પ્રમાણે પ્રસ્તુત ચારીમાં નુપૂર પાદમાં કથિક અંચિત પાદને બીજા પગની એડી ઉપર લઇ જઇ શીઘ્રતાથી લાંબો કરવો જોઇએ. સાથળ, જંઘા તેમજ ઘુંટણની સ્થિરતાથી પગ દંડાકાર સ્થિતિમાં રહેવાને કારણે દણ્ડપાદા ચારી કહેવાઇ છે એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત ચારીમાં એક પાદ સમપાદ તથા અન્ય અંચિત રહે છે. નુપુર પાદિકા ચારીની શરુઆતની સ્થિતિ ધારણ કરી પગ લાંબો કરવામાં આવે છે અને ચરણ નીચે લાવવામાં આવે છે. કટિ, ઉરુ, જાનુ તથા જંઘા ક્ષિપ્ત અને ઉત્સાહિત રહે છે. દંડપાદા, દંડપાશ, દંડકારેચિકા કરણ તથા દંડપાદા મંડળમાં તેનો વિનિયોગ થાય છે.

(૧૬)

ભ્રમરી

'' અતિક્રાન્તા ચારી રજૂ કરતાં એક પગને ઉપર ઉઠાવી ત્રિકને પરિવર્તિત અર્થાત કેડ સાથળ અને ઘુંટણને/પીઠને/સમગ્ર શરીરને/કેડના સાંધાને (ત્રિકના વિવિધ અર્થ પ્રમાણે) ગોળ ફેરવવામાં આવે અને પછી બીજા પગના તળિયાથી ગોળ ફરવામાં આવે / તળિયાને ગોળ ફેરવવામાં આવે તો ભ્રમરી ચારી જાણવી.''

(અધ્યાય ૧૧ શ્લોક ૪૫)

અભિનવગુપ્તના મત પ્રમાણે પ્રસ્તુત ચારીમાં અતિક્રાન્તા ચારીમાં કથિત કુંચિત પાદને ઉપર કરી, સામેથી કર્યાં હોઇએ તેમ ત્રાંસો સાથળને વિવર્તિત કરવી જોઇએ અને પછી બીજા પગના તળિયાને ગોળ ફેરવવામાં ત્રિકને પણ ગોળ ફેરવવું જોઇએ. આ પ્રમાણે સમગ્ર શરીરના ગોળ ફરવાથી નેમિ અર્થાત પૈડાની જેમ સ્થિતિ થતી હોવાથી ભ્રમરી નામ અપાયું છે એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત ચારીમાં એક પાદ સમપાદ તથા અન્ય કુંચિત રહે છે. અતિક્રાન્તા ચારીનો

શરુઆતની સ્થિતિ ધારણ કરી પગ ઊંચો કરવામાં આવે છે અને સમગ્ર શરીર ગોળ ફેરવવામાં આવે છે. જંઘા ઉદ્વાહિતા સ્થિતિમાં રહે છે.

ભ્રમર કરણ, મંડળ તથા અંગહારમાં તેનો વિનિયોગ થાય છે.

ભરતમુનિએ ભૌમીચારી તથા આકાશિકીના જે ભેદ તથા લક્ષણો નિરુપ્યાં છે તેના આધારે કેટલાક સામાન્ય સિદ્ધાંત બાંધી શકાય.

(૧)

ભૌમીચારીઓમાં સમપાદા, શકટાસ્યા, બદ્ધા, જનિતા, સ્યન્દિતા તથા અપસ્યન્દિતામાં સંચાલન movement થતું હોવા છતાં મૂળે તે સ્થિતિ પ્રધાન ચારી છે. આકાશિકી ચારીઓમાં કેવળ ઊર્ધ્વજાનુ, ભુજંગત્રાસિતા તથા દણ્ડપાદા સ્થિતિપ્રધાન છે. જ્યારે બાકીની સંચાલન-પ્રધાન છે. સંચાલન-પ્રધાન ચારીઓમાં સંચાલનની એકથી વધારે ક્રમિક અવસ્થાઓ રહેલી હોય છે. તેનાથી વિપરીત સ્થિતિ-પ્રધાન ચારીઓમાં સંચાલન દ્વારા એક વિશેષ સ્થિતિ પ્રાપ્ત કરવામાં આવે છે - ગ્રહણ કરવામાં આવે છે. દા.ત. સમપાદા ચારીમાં પ્રત્યેક સંચાલન પછી પુનઃ સમપાદ સ્થાન ગ્રહણ કરવામાં આવે છે. બદ્ધા ચારીમાં ઉરુઓના વલન અથવા જંઘાના સ્વસ્તિક દ્વારા સ્વસ્તિક સ્થિતિ પ્રાપ્ત કરવામાં આવે છે. તેજ પ્રમાણે ઊર્ધ્વજાનુમાં જાનુને વક્ષની સમકક્ષ ઊંચો લઈ જઈ સ્થિર કરી દેવામાં આવે છે. તો ભુજંગત્રાસિતામાં ઉત્ક્ષિપ્ત પાદને દ્વિતીય પાર્શ્વમાં 'ઉરુ મૂળ' સુધી ઊંચો કરી સ્થિર કરી દઈ કટિ તથા જાનુનું વિવર્તન કરવામાં આવે છે.

(૨)

સ્થિતિના આધારેજ ગતિ થાય છે અથવા થઈ શકે છે તે વિદ્વાન સમ્મત તથ્ય છે. તેનું સ્પષ્ટ ઉદાહરણ છે સમપાદા ભૌમી ચારી. સમપાદ સ્થાનમાં સ્થિત હોવું અર્થાત બંને પગ એક બીજા સાથે જોડી સમનખ કરી ઊભા રહેવું - ભરતમુનિએ આટલુંજ લક્ષણ નિરુપ્યું છે. તેને ચારી કહેવાનો એકજ આધાર એ છે કે તેમાં ચરણની યોગ્યતા છે અર્થાત ચારી કરતાં પહેલાંની આ સ્થિતિ છે. આ અભિનવગુપ્તનો અભિપ્રાય છે. સંગીતરત્નાકર તેનું સમર્થન કરે છે : પ્રચાર યોગ્યતામાત્રાચ્ચારી સ્થાનેઽપ્યસૌ મતા ॥ (૭/૯૧૮). ભરતમુનિએ

પણ અભિયારમાં અધ્યાયમાં ચારીનિરુપણ પછી તરતજ 'સ્થાન' વિષયક વર્ણન કર્યું છે. તેનો અર્થ એ થયો કે ચારી કરતાં પૂર્વેની સ્થિતિ છે 'સ્થાન' અને તેથી સ્થાન અને ચારી એક બીજા સાથે અનિવાર્યપણે જોડાયેલા છે.

ચારીભેદોમાં, અમુક ચારીભેદ કેવળ અભિનયાત્મક કે અમુક ચારીભેદ કેવળ નૃત્ત ઉપયોગી છે એવું વિભાજન કરવું ન તો સંભવિત છે ના તો ઉચિત.

એડકા ક્રીડિતા (બકરી જેવી ચાલ), શકટાસ્યા (ગાડાના સામેના ભાગ જેવી ચાલ) ચાષગતિ (હળની ગતિ જેવી ચાલ ), મત્તલ્લી (નશાવાલી વ્યક્તિની ચાલ) ભુજંગત્રાસિતા (સાપથી ડરી ગયેલી વ્યક્તિનું જે સૂચન કરે તે ) વિગેરે નામ કોઇને કોઇ પ્રકારના 'અભિનય'ના સૂચક છે. પણ આ ચારીઓનો નૃત્તમાં પ્રયોગ થાય છેજ. જ્યારે બીજી બાજુ કેટલાક ચારીનામ એવા છે જે અભિનયનો સ્પષ્ટ સંકેત કરતાં નથી. જેમ કે વિચ્યવા, જનિતા. પ્રયોગમાં મોટે ભાગે બધી ચારીઓ, નૃત્ત અથવા અભિનયમાં ઉપયોગી થઇ શકે છે. બન્ને વચ્ચે સ્પષ્ટ સીમારેખા આંકવી સંભવિત પણ નથી અને જરુરી પણ નથી.

(૪)

ભૌમી અને આકાશિકી વિભાજન પણ સાપેક્ષ છે. અર્થાત ભૌમીચારીમાં પગનો કોઇને કોઇ ભાગ 'મોટે ભાગે' પૃથ્વીથી સંલગ્ન રહે છે એટલુંજ કહી શકાય. 'મોટે ભાગે' એટલા માટે કે કોઇને કોઇ ભૌમી ચારીમાં પગ જમીનથી ઉંચો પણ થાય છે. એડકાક્રીડિતામાં 'અગ્રતલસંચર' અર્થાત પગના કૂણા ઉપર ચાલવાનું લક્ષણ છે. પણ આખો વખત કણો જમીન સાથે જોડાયેલા રહેતો નથી કારણ કે 'ઉત્પ્લુતિ (કૂદકો) એ પણ એક લક્ષણ છે. જો કે મોટાભાગની ભૌમી ચારીઓમાં પગ જમીન સાથે જોડાયેલા-સંલગ્ન રહે છે.

(૫)

કોઇને કોઇ ચારીભેદમાં acrobatics ક્રિયાનો પણ નિર્દેશ છે જેમ કે વિદ્યુદ્ભ્રાન્તા ચારીમાં પાછળની બાજુ વલિત શિરને, પાછળ લઇ જવામાં આવેલા એક પગ વડે સ્પર્શ કરી, ચારે બાજુ ગોળ ફરી પગને લાંબો કરવામાં આવે છે.

(૬)

કેટલાક ચારીભેદ એવા પણ છે જેમાં, એકજ સ્થાન ઉપર ઉભા રહી ક્રિયા કરવામાં આવે છે. તેમાં સ્થળાંતર થતું નથી. જેમ કે 'વિચ્યવા' ચારીમાં સમપાદ પગનો ફણો જમીન ઉપર વારંવાર પછાડવામાં આવે છે (નિકુટ્ટન). આકાશિકી ચારીમાં પણ એવા ભેદ છે. જેમ કે દણ્ડપાદા ચારીમાં એક પગને 'નૂપુરચરણ' બનાવી તેને બીજા પગની એડી સાથે જોડી દઇ વેગથી એજ પહેલા પગને પોતાની સામેની બાજુ 'જાનુ'ની સીધીરેખામાં લાંબો કરવામાં આવે છે. પ્રસ્તુત ચારીભેદો ચારી અને ગતિ વચ્ચેના તફાવતને સ્પષ્ટ કરી આપે છે. 'ગતિ' માં કોઇને કોઇ ચારી રહે છે પણ ચારીમાં ગતિ (ચાલવું) રહેજ તે જરુરી નથી.

(૪) ચારી ભેદ: અન્ય ગ્રંથોમાં

'અભિનયદર્પણમાં'ચારી ની પરિભાષા કે પ્રભેદ સ્વતંત્રરુપે નિરુપવામાં આવ્યા નથી પણ તેનો વિભિન્ન ગતિ અંતર્ગત સમાવેશ કરવામાં આવ્યો છે અને તેના આઠ ભેદ નિરુપવામાં આવ્યા છે. (૧) ચલન (૨) ચંક્રમણ (૩) સરણ (૪) વેગિની (૫) કુટ્ટન (૬) લુઠિત (૭) લોલિત (૮) વિષમ.

'અભિનયદર્પણ'માં ચારી મંડળ તથા સ્થાનનું વિભાજન ભરતાનુસારી નથી. અભિનયદર્પણમાં સ્થિર મુદ્રાઓને મંડળ કહી છે અને તેમાંના કેટલાકના નામ નાટ્યશાસ્ત્રમાં નિરુપિત 'સ્થાન'ને મળતાં આવે છે. અભિનયદર્પણમાં જેને 'સ્થાન' કહયા છે તે નાટ્યશાસ્ત્રમાં નિરુપવામાં આવ્યા નથી. જો કે ભરતમુનિ નિરુપિત 'ભૌમી ચારી' સાથે નંદિકેશ્વર વર્ણિત કેટલાક 'સ્થાન' મળતા આવે છે. આમ અભિનયદર્પણમાં નાટ્યશાસ્ત્ર કરતાં ભિન્ન પ્રકારની વિભાજન શૈલી અપનાવવામાં આવી છે જે, ભરત-સંપ્રદાય કરતાં નન્દિકેશ્વર સંપ્રદાય ભિન્ન હોવાનું સૂચવે છે. વર્તમાન 'ભરતનાટ્યમ્ 'નૃત્યશૈલી' ભરત-સંપ્રદાય કરતાં નન્દિકેશ્વર સંપ્રદાયને વિશેષ અનુસરે છે.

ભરતમુની દ્વારા 'આંગિક અભિનય' રુપે નિરુપવામાં આવેલ અભિનય અથવા નૃત્તકલાની પરંપરા 'માર્ગ' કહેવાઇ. ત્યારબાદ ક્ષેત્રીય પ્રભાવ, પરિસ્થિતિ, વાતાવરણ, કલાકારની

વ્યક્તિગત રચનાત્મક પ્રતિભા અનુરુપ થયેલા પરિવર્તનોને કારણે વિકસિત નવીન સંચાલન તથા નૃત્ત પ્રકાર 'દેશી' કહેવાયા જેના ફળસ્વરુપે ચારીઓમાં પણ ભરતમુનિ પ્રણીત માર્ગીય ચારીઓ ઉપરાંત અનેક પ્રકારની દેશી ચારીઓ વિકાસ પામી.

'સંગીતરત્નાકર'માં ભરતમુનિ નિરુપિત ૩૨ ચારીભેદ ઉપરાંત ૬૨ જેટલી 'દેશી ચારી' નિરુપવામાં આવી છે, જે કોહલ વિગેરે નૃત્યાચાર્યોએ પોતાના ગ્રંથોમાં વર્ણવી હતી. કોહલે ૩૫ મધુપાચારી પણ દર્શાવી હતી જેનું વિવરણ 'સંગીતરત્નાકર'ની ચતુર કલ્લિનાથની ટીકામાં મળે છે. આચાર્ય કોહલે નૃત્યાચાર્યની અપેક્ષા પ્રમાણે ચારીમાં સંશોધન, સંવર્ધન કરવાની છૂટ આપી છે.

ભારતની વિભિન્ન નૃત્ય, નાટ્ય પ્રણાલિકાઓમાં આજે પણ ભરતમુનિ નિરુપિત ચારીભેદોમાંથી ઘણી ચારીઓનો પ્રયોગ થાય છે. છતાં ચારીભેદ શાસ્ત્રીય પદાવલિ તથા સાંકેતિક પધ્ધતિથી નિરુપવામાં આવેલા હોવાથી તેનું સ્વરુપ થોડું ઘણું સંદિગ્ધ રહે છે. સરળ શબ્દોમાં કહેવું હોય તો કહી શકાય કે પાદ-ગતિને ત્રણ પ્રકારમાં વહેંચવામાં આવી છે. (૧) ગતિ (૨) ચારી (૩) મંડળ.

## (૫) ચારી પ્રયોગ વિધિ

(૧)

ભરતમુનિના મત પ્રમાણે ચારીઓનો પ્રયોગ કરણ, અંગહાર, નાટ્ય યુધ્ધ તથા શસ્ત્ર સંચાલનમાં કોમળતા તથા સુંદરતાથી થવો જોઇએ. આકાશિકી ચારીનો વિનિયોગ નિરુપતી વેળા તથા ચારી વિધાનના અંતે 'લલિતાંગક્રિયાત્મિકા' શબ્દ પ્રયોગ વડે ભરતમુનિ ચારી પ્રયોગ સમયે અંગોની ક્રિયા લાલિત્યપૂર્ણ રહેવી જોઇએ એવો સ્પષ્ટ નિર્દેશ કરે છે.

(૨)

ચારી પ્રયોગ સમયે અન્ય અંગો સાથે ચારીનું સામંજસ્ય જળવાય તેનો આગ્રહ પણ ભરતમુનિ રાખે છે. ચારીના પ્રયોગ તથા અભિનય અંગે ભરતમુનિનું કથન છે કે ચારી પ્રયોગ દરમ્યાન હાથ દ્વારા એવી રીતે અભિનય કરવો જોઇએ કે જેથી હાથ ક્યારેક પગના અગ્રગામી હોય ક્યારેક પૃષ્ઠગામી તો ક્યારેક સહગામી હોય.

અગ્રગો પૃષ્ઠગો વાપિ હયનુગો ચાપિ યોગત : ।
પાદયોસ્તુ ક્રિયા હસ્તો કર્તવ્યો નાટ્ય પ્રયોક્તૃભિ: ॥ ૪૭ ॥

એનો અર્થ એ થયો કે અભિનયમાં ક્યારેક ગતિનો, ક્યારેક હસ્તના વ્યાપાર અભિનયનો અને ક્યારેક બંનેનો એક સાથે પ્રધાનતા હોય છે. તે પ્રમાણે અભિનય કરવો જોઇએ. તદાનુસાર પહેલી સ્થિતિમાં હાથ, પાદ વિક્ષેપને અનુકુળ રહી તેને અનુસરતા રહેવા જોઇએ. પાદ સંચાલન પછી હાથ ભાવો પ્રમાણે સંચાલિત કરવા જોઇએ. બીજી સ્થિતિમાં હાથના અભિનય અનુસાર અને ત્યારબાદ પણ પાદની ગતિ રહેવી જોઇએ. અંતિમ સ્થિતિમાં બંનેની પ્રવૃત્તિ તથા સંચાલન એકી સાથે વિનિયોગની અપેક્ષા પ્રમાણે એટલે કે ઔચિત્ય અનુસાર રહે છે. (અભિનવગુપ્ત) એટલે અભિનયમાં પ્રયોગ અનુસાર જેનો અભિનય અથવા સંચાલન મુખ્ય હોય તે પ્રથમ તથા અન્ય પછી અથવા સાથે સાથે પ્રયોજવા જોઇએ. આમ ભરતમુનિના મત પ્રમાણે નાટ્ય, નૃત્તના પ્રયોગમાં ક્યારેક હસ્તપ્રચારની ક્યારેક પાદપ્રચારની તો ક્યારેક બંનેની સમાનરુપે પ્રમુખતા-પ્રાધાન્ય રહે છે. હસ્ત પ્રચારનું પ્રાધાન્ય હોય ત્યારે પાદપ્રચાર તેને અનુસરે તથા પાદપ્રચારનું પ્રાધાન્ય હોય ત્યારે હસ્ત પ્રચાર એને અનુસરે. બંનેનું પ્રાધાન્ય હોય ત્યારે પ્રત્યેકનો એકકાલિક વિનિયોગ થાય.

(૩)

આ ઉપરાંત નૃત્ત તથા નાટ્યમાં, જ્યારે ચારીઓનું પ્રાધાન્ય હોય ત્યારે જ્યાં પગ જાય ત્યાં હાથ જાય અને જ્યાં હાથ જાય ત્યાં શેષ શરીર પણ વળે. નેત્ર ઇત્યાદિ ઉપાંગ પણ પાદ સંચાલન અનુરુપ રહે. બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે ચારીનું પ્રાધાન્ય હોય ત્યારે શરીરના અન્ય અંગોને ચારી અનુરુપ તથા હસ્તનું પ્રાધાન્ય હોય ત્યારે અન્ય અંગોને હસ્તાભિનય અનુરુપ રાખવા જોઇએ એવો ભરતમુનિનો અભિપ્રાય છે.

યત: પાદસ્તતો હસ્તો યતો હસ્તસ્તત: ત્રિકમ્ ।
પાદસ્ય નિર્ગમં કૃત્વા તથોપાંગાનિ યોજયેત ॥ ૪૮ ॥

પાદચારોના પ્રયોગ સમયે હસ્તાભિનયથી ગતિમાં વિશ્રાન્તિ (રુકાવટ) ન આવે તે માટે પાદચારો પછી હસ્તાભિનય કરવો જોઇએ. આ સંદર્ભમાં ભરતમુનિ જણાવે છે કે જે પ્રમાણે પાદચારી કર્યા બાદ પગ ગતિરહિત બની ધરતી ઉપર વિશ્રામ કરે છે તે પ્રમાણે હાથ પણ વિભિન્ન સંચાલનો પછી કટિ (નિતમ્બ પ્રદેશ) ઉપર સ્થિત રહે છે.

> પાદચાર્યાં યથા પાદો ધરણીમેવ ગચ્છતિ ।
> એવં હસ્તં ચરિત્વા તુ કટિદેશં સમાશ્રયેત્ ॥ ૪૯ ॥

અભિનવગુપ્ત નાટ્યમાં અર્ધચન્દ્ર હસ્તનો તથા નૃત્તમાં પક્ષપ્રદ્યોતક તથા પક્ષવંચિતક હસ્તનો પ્રયોગ સૂચવે છે. (અ.ભા.૧૧/૬૦ પરની ટીકા)

## (૬) ચારી તથા કરણ વચ્ચેનો સંબંધ

મોટે ભાગે ચારીઓનો પ્રયોગ અનેક કરણ (અધ્યાય-૪ માં તાંડવલક્ષણ અંતર્ગત નિરુપિત) ના વિશિષ્ટ સંચાલનમાં થયેલો જોવા મળે છે. બીજા શબ્દોમાં કહીએ તો અનેક કરણ ચારીઓમાંથીજ ઉત્પન્ન તથા તેનાજ નામાનુરુપ છે. લગભગ ૨૧ જેટલી ચારીઓનું નામાનુરુપ પ્રતિનિધિત્વ થયું છે. તેમાં આકાશિકી ચારીઓ ઉપર આધારિત કરણની સંખ્યા વધારે છે. આ વિધ્ધા સિવાય બાકી ની બધી આકાશિકી ચારીઓ ઉપર આધારિત તેમજ તેમાંથી ઉદ્ભૂત તેનાજ નામાનુરુપ કરણ છે. ભૌમી ચારીઓમાં કેવળ પચિ-સમપાદા, શકટાસ્યા, એડકાક્રીડિતા, ઉરુદવૃત્તા, જનિતા તથા મતલ્લીનુંજ નામાનુરુપ પ્રતિનિધિત્વ થયું છે. સમોત્સરિત મત્તલી, સ્યન્દિતા તથા અપસ્યન્દિતા ચારીઓનો પ્રયોગ 'કરણ'માં થયો નથી. મુખ્યત્વે બધ્ધા, અતિક્રાન્તા, અક્રાન્તા, આક્ષિપ્તા, આવિધ્ધા, દણ્ડપાદા, દોલપાદા, ભ્રમરી તેમજ સૂચી ચારીઓનો પ્રયોગ વિશેષપણે થયો છે. ચારી તથા કરણ વચ્ચેના સંબંધની વિગતવાર ચર્ચા 'કરણ વિવરણ' અંતર્ગત કરવામાં આવી છે.

## (૭) ચારી તથા મણ્ડલ વચ્ચેનો સંબંધ

ભરતમુનિનું વિધાન છે કે ચારીઓના સમૂહથી મણ્ડલ રચાય છે. આ અંગે વિગતવાર

ચર્ચા 'મણ્ડલવિધાન' અંતર્ગત પૃથકરુપે કરવામાં આવી છે.

'ચારીવિધાન' ના અંતે ભરતમુનિ ''હવે પછી શસ્ત્ર ચલાવવામાં જેની યોજના થાય છે તે ચારીના વિવિધ સ્થાન અંગે બતાવશે'' એવું કથન કરે છે. ચારી પૂર્વેની સ્થિતિ તે સ્થાન અથવા તો ચારી પ્રદર્શિત કરતાં પહેલાં સ્થાન ગ્રહણ કરવામાં આવે છે. આમ સ્થાન અને ચારી એક બીજા સાથે અનિવાર્યપણે જોડાયેલાં છે. એટલે ચારી વિધાન પછી 'સ્થાન' નિરુપણ યથાક્રમ છે.

## સ્થાન

વિવિધ અભિનય પ્રદર્શન સમયે ચારી તથા હસ્ત વિગેરે દર્શાવતી વેળા શરીરને એક વિશિષ્ટ તથા નિયતસ્થિતિમાં રાખવું પડે છે. આ સ્થિતિને 'સ્થાન' કહેવામાં આવે છે. અભિનવગુપ્ત સ્થાનને 'કાયાસન્નિવેશ' અથવા શરીરની વિશિષ્ટ સ્થિતિ તરીકે ઓળખાવે છે. શ્રી મનમોહન ઘોષ સ્થાનને 'ઊભા રહેવાની મુદ્રા' ( standing posture પ્રાસ્થાનક) કહે છે.

અભિનવગુપ્તના મત પ્રમાણે 'સ્થાન' શબ્દ અધિકરણ અથવા કરણના અર્થમાં વ્યુત્પન્ન છે.

> સ્થીયન્તે ઇતિ સ્થાનાનિ, નિષ્ઠન્ત્યેષુ ઇતિ સ્થાનાનિ,
> તિષ્ઠન્ત્યેભિરિતિ સ્થાનાનિ.

આ પ્રમાણે ચારી દ્વારા કાયાસન્નિવેશ પણ થાય છે અર્થાત ચારી પ્રથમ ગતિ રુપ હોય છે તથા પછી જ્યારે સ્થિતિરુપા થઇ જાય છે ત્યારે તેને સ્થાનક અથવા સ્થાન કહેવામાં આવે છે એવો અભિનવગુપ્તનો મત છે.

ભરતમુનિએ સ્થાનના બે ભેદ માન્યતા છે. (૧) પુરુષ પાત્રોનાં સ્થાન (૨) સ્ત્રી પાત્રોના સ્થાન. ચારી નિરુપણ પછી 'સ્થાન' શિર્ષક હેઠળ તેઓ પુરુષ પાત્રોનાં સ્થાન

વર્ણવે છે. તેના છ ભેદ છે. (૧) વૈષ્ણવ (૨) સમપાદ (૩) વૈશાખ (૪) મંડળ (૫) આલીઢ (૬) પ્રત્યાલીઢ.

(અધ્યાય ૧૧ શ્લોક ૫૧)

સ્થાન નિરુપણ અંતર્ગત તેઓ પાદ તથા અન્ય નિમ્ન અંગોની સ્થિતિ, સ્થાનના અધિકારી દેવતા તથા તેના વિવિધ વિનિયોગ નિરુપે છે. 'ગતિપ્રચાર' પ્રકરણમાં 'સ્ત્રીઓના ભાષણ તથા ગતિ' સમયે થતાં સ્થાન 'અંતર્ગત તેઓ ત્રણ પ્રકારના સ્થાનભેદ નિરુપે છે. (૧) આયત (૨) અવહિત્થ તથા (૩) અશ્વકાન્ત. આ ત્રણે સ્થાનના લક્ષણ તથા વિનિયોગ પણ તેઓ દર્શાવે છે.

(અધ્યાય ૧૩ શ્લોક ૧૬૦)

## પુરુષ પાત્રોના સ્થાન

### ભેદ, લક્ષણ, યોજના

ભરતમુનિ પુરુષ પાત્રો માટેના સ્થાનના છ ભેદ વર્ણવે છે. (૧) વૈષ્ણવ (૨) સમપાદ (૩) વૈશાખ (૪) મંડળ (૫) આલીઢ (૬) પ્રત્યાલીઢ.

(અધ્યાય ૧૧ શ્લોક ૫૧)

| ભેદ | લક્ષણ | યોજના |
|---|---|---|
| (૧) વૈષ્ણવ | બંને પગ અઢી તાલ (અઢી વેંત/૩૦ આંગળ)ના અંતરે. એક પગ ઉભો (સમુસ્થિત) અને બીજો પગ ત્રાંસો (ત્ર્યસ્ત્ર) અને પડખે સ્થિત. જંઘા થોડી નમેલી (અંચિત). પગની પાની વળેલી તથા શરીરના બધા અંગો સૌષ્ઠવયુકત. 'વિષ્ણુ' આ સ્થાનના અધિકારી દેવતા. (શ્લોક ૫૨-૫૩) | ઉત્તમ તથા મધ્યમ પ્રકૃતિના પાત્રો દ્વારા તેમના વિભિન્ન કાર્યોથી સંબંધિત સ્વાભાવિક વાર્તાલાપ પ્રદર્શિત કરવામાં. આ ઉપરાંત ચક્ર ફેંકવામાં, ધનુષ્ય ધારણ કરવામાં, ધૈર્યદાન, લીલાયુકત શારીરિક ગતિ (અંગલીલા) તથા ક્રોધનો ભાવ પ્રગટ કરવામાં (શ્લોક ૫૪-૫૫) |

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

| | |
|---|---|
| આજ સ્થાનને વિપરીત રીતે કરવાથી (શ્લોક ૫૬-૫૭) | પ્રણયક્રોધ, પ્રણય ઉપાલમ્ભ, પ્રણય ઉદ્વેગ, શંકા, અસૂયા, ઉગ્રતા, ચિંતા, મતિ, સ્મૃતિ, દૈન્ય, ચપળતા, ગર્વ જેવા સંચારી ભાવ અભીષ્ટ બળ તથા શૃંગાર, અદ્ભુત, વીર રસની પ્રધાનતા દર્શાવવામાં. |

અભિનવગુપ્તના મત પ્રમાણે વૈષ્ણવ સ્થાનમાં બીજો પગ ત્રાંસો અને પડખે સ્થિત (પક્ષ:સ્થિત) રાખવાનો અર્થ છે. પગની આંગળીઓ પડખે અભિમુખ સ્થિતિમાં રાખવી તથા અન્ય અંગોને સૌષ્ઠવ યુક્ત રાખવાનો સૂચિતાર્થ એ કે સૌષ્ઠવ, અપ્રધાન હોય તો અંગપ્રધાન (પુરસ્કૃત) ને અંગ અપ્રધાન હોય તો સૌષ્ઠવ પ્રધાન (પુરસ્કૃત) રાખવો. સ્વાભાવિક વાર્તાલાપનો અર્થ છે આવેશ રહિત સૌમ્ય સંભાષણ. અભિનવગુપ્તના વિધાન પ્રમાણે આ સ્થાનથી પુરુષપાત્રનો (સૂત્રધારનો) પ્રવેશ બતાવી શકાય.

| | | | |
|---|---|---|---|
| (૨) | સમપાદ | બંને પગ એક તાલ (બાર આંગળ) ના અંતરે પોતાની સ્વાભાવિક મુદ્રામાં સમાન સ્થિત તથા સ્વાભાવિક સૌષ્ઠવયુક્ત.<br>'બ્રહ્મા' આ સ્થાનના અધિકારી દેવતા. (શ્લોક ૫૮) | આ સ્થાન વડે બ્રાહ્મણોના મંગળ આશીષ ગ્રહણ કરવા, પક્ષીઓનું અનુકરણ કરવું, વિવાહવિધિ પ્રસંગે સ્થિત વધુ,<br>આકાશી પુરુષ, વિમાનમાં સ્થિત પુરુષ, શૈવસન્યાસી (લિંગસ્થ) તથા વ્રતસ્થ પુરુષ દર્શાવી શકાય છે. (શ્લોક ૫૯-૬૦) |

અભિનવગુપ્તના મત પ્રમાણે બ્રાહ્મણો દ્વારા થતા મંગળપાઠ, આશીર્વચન વિગેરે ધારણ કરવામાં યજમાને સમપાદ સ્થાનમાં સ્થિત રહેવું જોઇએ. શૈવ વિગેરે સન્યાસી તથા એવા વ્રતધારી જે ઉર્ધ્વકાય તથા ફેલાએલા અંગવાળા હોય તેમણે આ સ્થાનમાં સ્થિત રહેવું જોઇએ.

(૩) <u>વૈશાખ</u>

બંને પગ સાડા ત્રણ તાલના અંતરે અર્થાત ૪૨ આંગળના અંતરે રહે. ઉરુ નિષ્કર્ષ તથા પગ ત્રાંસા અને એક બીજાની સમ્મુખ-સામેની બાજુ બતાવતા હોય તેમ રાખવામાં આવે.

'કાર્તિકેય' આ સ્થાનના અધિકારી દેવતા. (શ્લોક ૬૧-૬૨)

અશ્વારોહણ, વ્યાયામ, સ્થાન વિશેષથી બર્હિગમન, મોટા આકારવાળા પક્ષીઓનું નિરુપણ, ધનુષ્ય ખેંચાવું તથા પાદરેચકનું પ્રદર્શન કરતી વેળા આ સ્થાનનો પ્રયોગ.

(શ્લોક ૬૩-૬૪)

અભિનવગુપ્તના મત પ્રમાણે વૈશાખ સ્થાનમાં ઉરુ નિષ્કર્ષ (ગતિશૂન્ય) રાખવાનો અર્થ છે જયાં ઉરુ સૂચીચારોની અપેક્ષાથી વિશ્રાન્ત છે. નાના અંગોનું યુધ્ધ વિગેરેમાં નિર્ગમ તથા વેગ ગ્રહણ કરવામાં પ્રસ્તુત સ્થાનનો વિનિયોગ થાય છે. પરંતુ આ પ્રક્રિયામાં પાર્ષ્ણિ (એડી)ની પ્રેરણાથી પાદક્રમણ થાય છે તથા તેનો પુરેપુરો વિન્યાસ કરવામાં આવતો નથી એવો અભિનવગુપ્તનો અભિપ્રાયછે. વૈશાખરેચિત કરણ અને અંગહાર પ્રસ્તુત સ્થાનમાંથી નિષ્પન્ન થયા છે.

(૪) <u>મંડળ</u>

પગ ચાર તાલ અર્થાત ૪૮ આંગળ છેટે. પગ ત્રાંસા અને એક બીજાની સમ્મુખ સમાનં અવસ્થામાં. કટિ તથા જાનુ સ્વાભાવિક સ્થિતિમાં.

'ઇન્દ્ર' આ સ્થાનના અધિકારી દેવતા. (શ્લોક ૬૫-૬૬)

આ સ્થાનનો પ્રયોગ ધનુષ તથા વજ્ર આદિ શસ્ત્રો ફેંકવામાં, હાથી ઉપર સવારી કરવામાં તથા સ્થૂળ પક્ષીઓ બતાવવામાં થાય છે.

(શ્લોક ૬૬)

અભિનવગુપ્તના મત પ્રમાણે ઘોડા તથા હાથીના સંચાલન સમયે વૈશાખ સ્થાનનો ઉપયોગ થાય છે પણ તેનાથી સ્થૂળ વાહન તથા ગરુડ જેવા પક્ષીઓના નિરુપણમાં મણ્ડલ સ્થાન યોજવામાં આવે છે. મંડળ સ્વસ્તિક કરણ મણ્ડલ સ્થાનમાંથી નિષ્પન્ન થાય છે.

(૫) આલીઢ — મંડળ સ્થાનનો જમણો પગ બીજા પગથી ઉપર લાંબો કરવો. સમપાદ પગ ત્રાંસો અને તેનાથી પાંચ તાલ દૂર બીજો પગ. 'રુદ્ર' આ સ્થાનમાં અધિકારી દેવતા. (શ્લોક ૬૭)

કેટલાકના મતે તેમાં જાનું પડખે થોડો વળેલો રહેલો હોય છે. (કપિલા વાત્સ્યાયન)

વીર તથા રૌદ્ર રસના અભિવ્યંજક સર્વ કાર્યો, ક્રોધમાં અનુષ્ઠિત પ્રશ્ન તથા પ્રત્યુત્તરની ક્રમશ: વૃદ્ધિ, મલ્લોનું રોષપૂર્ણ ભાષણ, શત્રુઓ પરનો હુમલો, શસ્ત્ર પ્રહાર વિગેરે. (શ્લોક ૬૮-૬૯)

અભિનવગુપ્તના મત પ્રમાણે જેમાં ચારે બાજુથી ભૂમિને સ્પર્શવામાં આવે તેને આલીઢ કહે છે. મલ્લોના રોષપૂર્ણ ભાષણ 'સંહેટ'માં સંઘર્ષપૂર્ણ અવસ્થાનું સૂચન થયેલું છે. આલીઢ અંગહાર તેમાંથી નિષ્પન્ન થાયછે.

(૬) પ્રત્યાલીઢ — આલીઢ સ્થાનથી વિપરીત અર્થાત જમણો પગ વાંકડો કરવો અને ડાબા પગને જમણા પગથી પાંચ તાલ અર્થાત ૬૦ આંગળ ઉપર લાંબો કરવો. એક ઘૂંટણ ક્ષિપ્ત અવસ્થામાં રહે. રુદ્ર આ સ્થાનમાં અધિકારી દેવતા. (શ્લોક ૭૦)

આલીઢ સ્થાન વડે જે શસ્ત્રોનું સંધાન થયું હોય તેને આ સ્થાનથી ફેંકવા જોઇએ. અનેક પ્રકારના શસ્ત્રો આ સ્થાનથી ફેંકી શકાય. (શ્લોક ૭૧)

અભિનવગુપ્તના મત પ્રમાણે પ્રત્યાલીઢ સ્થાનમાં ઉત્તાન તથા આંકુચિત પાદ રહે છે જે પ્રસારણથી વિપરીત છે. શસ્ત્રમોક્ષણ માટે આ સ્થાનનો વિનિયોગ થાય છે. મોટા ભાગના શિલ્પોમાં પ્રસ્તુત સ્થાન જોવા મળે છે.

## સ્ત્રી પાત્રોના સ્થાન

સ્ત્રીઓનાં સંભાષણ તથા ગતિ સમયે ત્રણ સ્થાન થતાં હોવાનું ભરતમુનિ જણાવે છે.

(૧) આયત (૨) અવહિત્થ (૩) અશ્વક્રાન્ત.

(અધ્યાય ૧૩ શ્લોક ૧૬૦)

| સ્થાન | લક્ષણ | યોજના |
|---|---|---|
| આયત | જમણો પગ 'સમ', ડાબો પગ ત્ર્યાંસો થઇ એક તાલના અંતરે એક પડખે ઉપાડેલો તથા કટિ ડાબી બાજુએ સમઉન્નત (શ્લોક ૧૬૧) 'સંગીતરત્નાકર' પ્રમાણે શ્રીસ્ત લતા મુદ્રામાં રહે છે. | નિમંત્રણ આપવું, બૂમ પાડી બોલાવવું, આવાહન, વિદાય, અથવા ત્યાગ, ધ્યાનપૂર્વક જોવું, ચિન્તા કરવી તથા છળકપટ કરવામાં આયત સ્થાનની યોજના કરવી. આ ઉપરાંત રંગમંચ પર પ્રથમવાર પ્રવેશ કરતી વેળા રંગમંચ પર પુષ્પો વિખેરતી વેળા, ઇર્ષ્યાયુક્ત પ્રણય તથા તર્જની મચકોડવી, નિષેધ, ગર્વ, ગંભીરતા, મૌન, પ્રણયકોપ, ધારણ કરતી વેળા તથા ક્ષિતિજ અવલોકનીવેળા પણ આયત સ્થાન પ્રયોજી શકાય. (શ્લોક ૧૬૨ થી ૧૬૪) |
| અવહિત્થ | ડાબો પગ સમ, જમણો પગ ત્ર્યાંસો થઇ એક પડખે રાખેલો તથા કટિ ડાબા પડખે સમઉન્નત (શ્લોક ૧૬૫) આયત સ્થાનથી વિપરીત સ્થાન. દુર્ગા અધિકારી દેવી. | સ્ત્રીઓની સ્વાભાવિક વાતચીત, નિશ્ચય, હર્ષ, વિતર્ક, સંયોગ, લજ્જા, વિલાસ, લીલા, બિબ્બોક, શૃંગાર અને તેના જેવા અન્ય રસ તથા પ્રિયતમની વાટ જોવામાં (શ્લોક ૧૬૬-૧૬૭) |
| અશ્વક્રાન્ત | એક પગ ઉંચકેલો, બીજો પગ અગ્રતલસંચર સ્થિતિમાં સૂચી અથવા આવિધ્ધા ચારી યુક્ત અથવા ચારી વિના (શ્લોક ૧૬૮) 'ભારતી' અધિકારી દેવી. | વૃક્ષની કૂંપળ સ્પર્શવી, ગુચ્છ ગ્રહણ કરવું, અધમ પાત્ર વિશ્રામ લેતું હોય, સ્ત્રીઓનું કોઇ પ્રયોજન અર્થ પ્રમાણે રજુ કરતી વેળા આ સ્થાન પ્રયોજી શકાય. (શ્લોક ૧૬૯) |

'ગતિપ્રચાર' પ્રકરણમાં સ્ત્રી પાત્રોના સ્થાન નિરુપ્યા પછી ભરતમુનિ વિધાન કરે છે કે પ્રસ્તુત સ્થાન કોઇ ચેષ્ટાના આરંભ પૂર્વેજ કેવળ કેટલીક ક્ષણો માટે પ્રદર્શિત થવા જોઇએ. એજ પ્રમાણે 'નૃત્ત'માં ચારી પ્રયોગના આરંભપુર્વે 'સ્થાન' સમાપ્ત કરવું જોઇએ અર્થાત ચારીપ્રયોગ પૂર્વે 'સ્થાન' દર્શાવવા જોઇએ. પુરુષ તથા સ્ત્રી પાત્રો માટે સ્થાનને લગતા આજ નિયમો છે. (અધ્યાય ૧૩ શ્લોક ૧૭૦/૧૭૧)

ભરતમુનિએ પુરુષ અને સ્ત્રી પાત્રો માટેના જે સ્થાન નિરુપ્યા છે તેના ભેદ, લક્ષણ તથા વિનિયોગ તપાસતાં જણાય છે કે સ્થાન નિરુપણમાં ભરતમુનિ શરીરના નિમ્ન અંગો અર્થાત્ કટિપ્રદેશથી નીચેના અંગો ઉપર વિશેષ ભાર મૂકે છે. પ્રસ્તુત સ્થાન, કોઇ વિશેષ ભાવ અથવા અધિકારી દેવતાનું સૂચન કરતી નિશ્ચલ સ્થિતિ stateposes અથવા વિશેષ મુદ્રાઓ postures છે. માનવ શરીર શાસ્ત્ર human anatomy ના વિવિધ નિયમો ધ્યાનમાં રાખી, વજનના વિતરણ distribution of weight અને બે પાદ વચ્ચેના વિવિધ અંતરના આધારે 'સ્થાન' તૈયાર કરવામાં આવ્યા છે. દા.ત. બ્રહ્મા એ સમપાદ સ્થાનના અધિકારી દેવતા છે અને આ સ્થાનમાં વજન સરખું વહેંચાયેલું તથા બધા અંગો પોતાની સ્વાભાવિક સ્થિતિમાં રહે છે. તેનાથી તદ્દન વિરુદ્ધનું સ્થાન તે પ્રત્યાલીઢ. જેમાં પગ પૂર્ણપણે લાંબો કરવામાં આવે છે અને તેથીજ આ સ્થાનનો વિનિયોગ શસ્ત્ર મોક્ષણ માટે સૂચવવામાં આવ્યો છે. ભરતમુનિએ સ્ત્રીઓ માટેના ત્રણજ સ્થાન નિરુપ્યા છે અને તે સ્ત્રીઓની ઉભા રહેવાની સ્થિતિ standing positions ઇંગિત કરે છે.

## સ્થાન: અન્ય ગ્રંથોમાં

'સંગીતરત્નાકર'માં ૬ પુરુષ સ્થાનક નિરુપવામાં આવ્યા છે, જેના ભેદ તથા લક્ષણ 'નાટ્યશાસ્ત્ર' અનુસાર વર્ણવવામાં આવ્યા છે. આ ઉપરાંત સાત સ્ત્રી સ્થાનક વર્ણવ્યા છે જેમાં ભરતમુનિ નિરુપિત ત્રણ સ્ત્રી સ્થાન ઉપરાંત ગતાગત, વલિત, મોટિત તથા વિનિવર્તિત એમ ચાર અન્ય સ્ત્રી સ્થાનક નિરુપાયા છે. પુરુષ અને સ્ત્રી સ્થાનક ઉપરાંત ૨૩ પ્રકારના

દેશીસ્થાનક , ૯ પ્રકારના ઉપવિષ્ટ સ્થાનક તથા ૬ પ્રકારના સુપ્ત સ્થાનક દર્શાવવામાં આવ્યા છે. 'ગતિપ્રચાર' અંતર્ગત ભરતમુનિ ૬ પ્રકારના શયનકર્મ નિરુપે છે તે સંગીતરત્નાકરમાં સુપ્તસ્થાનક તરીકે વર્ણવવામાં આવ્યા છે. ભરતમુનિએ વિવિધ અવસ્થામાં સ્ત્રી અને પુરુષ પાત્રોનો આસનવિધિ નિરુપી છે પણ ઉભા રહેવાની વિધિ નિરુપી નથી, જે સંગીતરત્નાકરમાં ઉપવિષ્ટ સ્થાનક તરીકે ઓળખવામાં આવી છે. નૃત્યાધ્યાયમાં સંગીતરત્નાકર પ્રમાણે સ્થાન વિભાજન જોવા મળે છે.

પુરુષ પાત્રો માટે વિવિધ સ્થાનભેદ દર્શાવ્યા પછી ભરતમુનિ શસ્ત્ર મોક્ષણ-શસ્ત્ર છોડવા માટે પ્રયોજવામાં આવતા ચાર પ્રકારના ન્યાય નિરુપે છે.

## ન્યાય

રંગમંચ ઉપર યુદ્ધના દૃશ્યો ભજવતી વેળા હન્તવ્યના કટિ, પાદ, વક્ષ:સ્થલ તથા શિર સ્થાનોએ અતિક્રમણ કરવા માટે શસ્ત્ર છોડવાની જે વિવિધ વિધિઓ પ્રયોજવામાં આવે છે તેના માટે શાસ્ત્રીય સંજ્ઞા 'ન્યાય' છે.

ભરતમુનિ ન્યાયના સ્વરુપ અને વ્યાખ્યા સંબંધી ચર્ચા કરતાં જણાવે છે કે ન્યાય વિભિન્ન ચારીઓ દ્વારા નિર્માય છે. (ચારી સમુત્થિત) 'ન્યાય' દ્વારા અનેક શસ્ત્ર છોડતી વેળા પ્રયોક્તા રંગમંચ ઉપર વિશિષ્ટ ગતિમાં ચાલે છે. ન્યાય આશ્રિત અંગહારોમાંથીજ ન્યાય ઉત્પન્ન થાય છે અને રંગમંચ ઉપર યુદ્ધને અને અંગહારોને 'ન્યાય' જ નિયમિત કરે છે માટેજ તેને 'ન્યાય' કહેવામાં આવે છે એવું ભરતમુનિનું વિધાન છે.

> એભિ: પ્રયોક્તૃભિર્ન્યાયૈર્નાના ચારી સમુત્થિતૈ : ॥ ૭૪ ॥
> પ્રવિચારા: પ્રયોક્તવ્યા નાનાશસ્ત્ર-વિમોક્ષણે ।
>
> ન્યાયાશ્રિતૈરંગહારૈર્ન્યાયાચ્ચૈવ સમુત્થિતૈ: ॥ ૭૫ ॥
> યસ્માદ્યુદ્ધાનિ વર્તન્તે તસ્માન્ન્યાયા: પ્રવર્તિતા ।

અભિનવગુપ્ત પ્રસ્તુત શ્લોકોની ટીકામાં જણાવે છે કે અંગોના ઔચિત્યથી ન્યાયનો આશ્રય લેવામાં આવે છે. ન્યાયથી પ્રવૃત્ત થઇને અંગોના સ્વરુપ સ્વાભાવિક તેમજ ઉત્કૃષ્ટ નિયમન યુક્ત દર્શાવી શકાય છે. 'ન્યાય' દ્વારાજ ક્રિયાઓ (શસ્ત્રમોક્ષણ વિગેરે) થતી હોવાથી 'ન્યાય' સંજ્ઞા સાર્થક હોવાનું અભિનવગુપ્ત જણાવે છે.

## ન્યાય

### ભેદ, લક્ષણ, યોજના

શાસ્ત્રના પ્રયોગમાં ચાર પ્રકારના ન્યાયનો પ્રયોગ કરવાનું ભરતમુનિ જણાવે છે (૧) ભારત (૨) સાત્વત (૩) વાર્ષગણ્ય (૪) કૈશિક

(શ્લોક ૭૨ )

**ભારત :**

ભારત પ્રકારના ન્યાયમાં શસ્ત્ર કટિપ્રદેશ આગળથી ફેંકવામાં આવે છે અથવા તો કટિપ્રદેશ આગળ તેનો ઘા કરવામાં આવે છે. (કટિચ્છેદં)

(શ્લોક ૭૩)

ડાબા હાથમાં ઢાલ લઇ તથા જમણાં હાથમાં તલવાર (શસ્ત્ર) લઇ અભિનેતાએ રંગમંચ પર ફરવું જોઇએ. પ્રથમ બંને હાથ લાંબા કરી પછીથી યોગ્ય રીતે ટૂંકા કરી ઢાલને આગળ પાછળ તથા આજુબાજુ ફેરવવી જોઇએ. પછી પોતાના માથાની ચારે બાજુ તલવાર યા શસ્ત્ર ફેરવવું. પછી તેને કપોલ પ્રદેશની નજીક ગોળ ગોળ ફેરવવું અને પછી હાથમાં તલવાર તથા ઢાલ લઇ લલિત ક્રમથી ઘુમાવતા મસ્તકની ચારે બાજુ એક ચક્ર લગાવતા ફરવું જોઇએ. (શ્લોક ૭૬ થી ૭૯)

શસ્ત્ર પ્રયોગમાં ભારત ન્યાયનું પ્રદર્શન રંગમંચ પર આ રીતે કરી શકાય.

(શ્લોક ૮૦ )

સાત્વત :

સાત્વત ન્યાયમાં શસ્ત્ર પગ આગળથી ચલાવવામાં આવે છે અથવા તો શસ્ત્રનો પગ આગળ ઘા કરવામાં આવે છે. (પાદચ્છેદ) શ્લોક ૭૩) સાત્વત ન્યાયમાં શસ્ત્ર અને ઢાલ ફેરવવાની વિધિ ભારત ન્યાય પ્રમાણે રહે છે ફરક માત્ર એટલો કે તેમાં શસ્ત્ર ફેરવવાની વિધિ પૃષ્ઠત્ એટલે કે પાછળની બાજુએ કરવામાં આવે છે. (શ્લોક ૮૧)

વાર્ષગણ્ય :

વાર્ષગણ્ય ન્યાયમાં વક્ષસ્થલ આગળથી શસ્ત્ર ચલાવવામાં આવે છે અથવા તો વક્ષસ્થલ આગળ શસ્ત્રનો ઘા કરવામાં આવે છે. (વક્ષસો) વાર્ષગણ્ય ન્યાયમાં પણ સાત્વત ન્યાયના ક્રમ પ્રમાણેજ ગતિ (ચાલ) રહે છે. તેમાં શસ્ત્ર (તલવાર) તથા ઢાલ એક સાથે ફેરવવામાં આવે છે. આ શસ્ત્રોને મસ્તક પર એક ચક્કર લગાવતા હોય તેમ ફેરવાય છે અને તે પછી શસ્ત્ર છાતી અથવા ખભાની સામેના સ્થાનને ફેરવવામાં આવે છે.

(શ્લોક ૮૨-૮૩)

કૈશિક :

કૈશિક ન્યાયમાં મસ્તક આગળથી શસ્ત્ર ચલાવવામાં આવે છે અથવા તો મસ્તક આગળ શસ્ત્રનો ઘા કરવામાં આવે છે (શિરચ્છેદ) ભારત ન્યાયમાં જે રીતે શસ્ત્ર (તલવાર) છાતી અથવા ખભાની પાસે ફેરવવામાં આવે છે તેજ રીતે કૈશિક ન્યાયમાં ફેરવાય છે. કેવળ છેલ્લે શસ્ત્ર ઘુમાવીને માથા ઉપર લઇ જવામાં આવે છે. (શ્લોક ૮૪-૮૫)

ન્યાયના ભેદ તથા લક્ષણ, વિનિયોગ વિવરણના અંતે ભરતમુનિ જણાવે છે કે શરીરના લીલાયુક્ત હલનચલન સાથે 'ન્યાય' દ્વારા ધનુષ્ય, વજ્ર, તલવાર વિગેરે શસ્ત્રો છોડવા જોઇએ. (શ્લોક ૮૫)

ચાર પ્રકારના ન્યાય ચાર પ્રકારની વૃત્તિ સાથે જોડાયેલા જણાય છે. યથા ભારત (ભારતી) સાત્વત (સાત્વતી) વાર્ષગણ્ય (આરભટી) અને કૈશિક (કૈશિકી)

## ન્યાયના સંદર્ભમાં કેટલાક નિષેધ

ભરતમુનિએ શસ્ત્રમોક્ષ માટે પ્રયુક્ત ન્યાય વિષયક કેટલાક નિષેધ પણ દર્શાવ્યા છે, તદાનુસાર ધનુષ્ય અથવા વજ્ર વિગેરેનો પ્રયોગ હોય કે તે દ્વારા પ્રહાર કરવામાં આવતો હોય ત્યારે લોહી નીકળે, રુધિર સ્રાવ થાય તેવો વાસ્તવિક પ્રયોગ ન કરવો જોઇએ પણ સંજ્ઞા માત્રથી, સંકેત માત્રથી શસ્ત્ર છોડવા જોઇએ અથવા શસ્ત્ર પ્રહાર દર્શાવવા જોઇએ અને જો કથાવસ્તુને કારણે રુધિરસ્રાવ દર્શાવવો જરુરી બને ત્યારે તે શાસ્ત્રાનુસાર અર્થાત આહાર્ય અભિનય દ્વારા દર્શાવવો જોઇએ.

ન ભેદ્યં નાપિ ચ છેદ્યં ન ચાપિ રુધિર સ્રુતિઃ ॥ ८६ ॥
રંગે પ્રહરણે કાર્યા ન ચાપિ વ્યક્તઘાતનમ્ ।
સંજ્ઞામાત્રેણ કર્તવ્યં શસ્ત્રાણાં મોક્ષણં બુધૈઃ ॥ ८७ ॥
અથવાભિનયોપેતં કુર્યાચ્છેદ્યં વિધાનતઃ ।

અભિનવગુપ્ત પ્રસ્તુત શ્લોકોની ટીકામાં જણાવે છે કે સમગ્ર યુદ્ધનો અભિનય સૌષ્ઠવપૂર્ણ આંગિક વ્યાપાર દ્વારા સંપન્ન થવો જોઇએ. યુદ્ધ સમયે પાત્રોના અંગોનું છેદન, ભેદન પણ કથાવસ્તુની દૃષ્ટિએ જરુરી બને. એટલે આ સંદર્ભમાં એ વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે રંગમંચ અથવા અભિનયના સ્થળે ભેદન વિગેરે થવું ના જોઇએ. અહીં એવી ચેષ્ટાઓ રાખવી જોઇએ કે પ્રેક્ષક ગણને કેવળ યુદ્ધનું જ્ઞાન થઇ શકે. નાટક અથવા પ્રકરણમાં યુદ્ધના દૃશ્યો આવે તો યુદ્ધને કેવળ સંજ્ઞા દ્વારા અર્થાત ઇંગિત કે ચેષ્ટાઓ દ્વારા દર્શાવવા જોઇએ.

ભરતમુનિ ધનુર્યુદ્ધના સંદર્ભમાં ધનુષ્યની સાથે સંકળાયેલા કાર્યો પણ નિરુપે છે. (૧) પરિમાર્જન (૨) આદાન (૩) સંધાન (૪) મોક્ષણ (શ્લોક ૯૩) પ્રસ્તુત ચાર કાર્યો બાણ છોડવા માટે ધનુષ્ય સજ્જ કરવાથી માંડી બાણ છોડવાની ક્રિયા સુધીના તમામ તબક્કા આવરી લે છે. આ દરેક તબક્કાની સ્પષ્ટતા કરતાં ભરતમુનિ જણાવે છે કે બાણ છોડવા માટે ધનુષ્ય નમાવવું તે પરિમાર્જન, બાણ છોડવા માટે હાથમાં લેવું તે આદાન, બાણને

ધનુષ્ય પર ચઢાવવું તે સંધાન અને બાણ છોડવું તે મોક્ષણ કહેવાય છે. (શ્લોક ૯૪) અભિનવગુપ્તનો મત છે કે ખડગયુદ્ધમાં 'ન્યાય'નો પ્રયોગ થાય છે તેમ ધનુર્યુદ્ધમાં પણ થઇ શકે.

## ન્યાય: અન્ય ગ્રંથોમાં

સંગીતરત્નાકરમાં 'ન્યાય'ની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે.

યુદ્ધે પરાત્મશસ્ત્રાણાં ક્રમાદ્રક્ષણપાતને ॥ ૧૧૨૮ ॥
વિધાતુમુથિતા ગાત્રવર્તના ન્યાય ઉચ્યતે ।

અહીં ન્યાયના ચાર ભેદ આ પ્રમાણે નિરુપવામાં આવ્યા છે.

(૧) ભારત: (૨-) સાત્વતો (૩) વાર્ષગણ્ય: (૪) કૈશિક. આમ તે ભરતાનુસારી છે પણ અહીં ન્યાયને વૃત્તિ સાથે સાંકળી આપવામાં આવ્યા છે તદાનુસાર 'ભારત'નો ભારતી વૃત્તિ સાથે, સાત્વતોનો સાત્ત્વ વૃત્તિ સાથે વાર્ષગણ્યનો આરભટિ વૃત્તિ સાથે તથા કૈશિકનો કૈશિકી વૃત્તિ સાથેનો સંબંધ દર્શાવવામાં આવ્યો છે.

## સૌષ્ઠવ

ચારીના પ્રયોગમાં 'અંગસૌષ્ઠવ' આવશ્યક રહે છે કારણ કે અંગસૌષ્ઠવ વડેજ નાટ્ય તથા નૃત્યમાં શોભાનો સંચાર થાય છે. નાટ્યં નૃત્તંચ સર્વં હિ સૌષ્ઠવે સંપ્રતિષ્ઠિતમ્ ॥૯૧॥ એવો ભરતમુનિનો સ્પષ્ટ અભિપ્રાય છે.

સૌષ્ઠવમાં તમામ અંગો ~~સમતોલ~~ સમતોલ રહે છે. સૌષ્ઠવ અંગમાં ગાત્ર અચલ, શાન્ત, બહુ તણાયેલા નહિ, ઝુકેલા નહિ એવા રહે છે. ભરતમુનિ જણાવે છે તેમ જયારે કટિ, કર્ણ, સ્કન્ધ તથા મસ્તક સમ સ્થિતિમાં રહે અને વક્ષ:સ્થલ ઉન્નત રાખી શરીર વ્યવસ્થિત કરવામાં આવે તો તેને સૌષ્ઠવ કહે છે.

કટી કર્ણ સમા યત્ર કુર્પરાંસ શિરસ્તથા ।
સમુન્નતસ્થૈવ સૌષ્ઠવં નામ તદ્ભવેત ॥ ૯૦ ॥

ભરતમુનિના મતે મધ્યમ તથા ઉત્તમ પાત્રો અંગ સૌષ્ઠવ દ્વારાજ પોતાનો પ્રભાવ સમૃધ્ધ કરે છે (શ્લોક ૯૧) જેના માટે સૌષ્ઠવનું વિધાન કરવામાં આવે છે તે ચતુરસ્ર. તેની વ્યાખ્યા આપતા ભરતમુનિ જણાવે છે કે જો બંને હાથ, કટિ તથા નાભિ ચર અર્થાત ગોળ ફરતા હોય, છાતી ઉન્નત હોય અને વૈશાખ સ્થાન ધારણ કરવામાં આવે તો અંગોની એક સાથે થતી પ્રક્રિયા ચતુરસ્ર કહેવાય છે. (શ્લોક ૯૨)

## વ્યાયામ વિધિ

અંગહાર તથા ચારીના અભ્યાસ માટે જરુરી વ્યાયામ (કસરત) કેવી રીતે કરવો તેની વિગતવાર ચર્ચા ભરતમુનિએ કરી છે તદાનુસાર

( ૧ )

પૃથ્વી ઉપર અથવા અગાસીમાં (આકાશિકે) વ્યાયામ કરવો જોઇએ. તે સમયે, શરીર પર તેલનું માલીશ કરવુ જરુરી છે. 'તૈલાભ્યક્તેન' તલના તેલ અથવા જવના આટાની પીઠી તૈયાર કરી તેના વડે માલિશ કરવું જોઇએ. (શ્લોક ૯૫)

( ૨ )

વ્યાયામ માટે ભૂમિ વધારે યોગ્ય રહે છે. એટલે વ્યાયામ ભૂમિ ઉપરજ કરવો જોઇએ. પૃથ્વી ઉપર શરીર લંબાવી વ્યાયામ કરવો જોઇએ. (શ્લોક ૯૬)

( ૩ )

શરીરને શક્તિસંપન્ન રાખવા માટે 'નસ્ય' અર્થાત્ નાસિકા દ્વારા ઔષધિ સેવન તથા 'બસ્તિવિધિ' અર્થાત્ ગુદા વાટે પાણી ચઢાવવાની આર્યુવેદિક ક્રિયા ઉપયોગમાં લેવી જોઇએ. પૌષ્ટિક અન્ન, માંસ, ફળોના રસનું સેવન કરવું જોઇએ. પ્રાણ આહાર ઉપર નિર્ભર છે અને વ્યાયામ શક્તિસંપન્નતા (પ્રાણ) ઉપર, એટલે શક્તિસંપન્ન રહેવા માટે ઉપર્યુક્ત આહારનું પ્રયત્નપૂર્વક સેવન કરવું જોઇએ. ( શ્લોક ૯૭-૯૮)

જ્યારે શરીર સ્વચ્છ ન હોય અર્થાત અજીર્ણની ફરીયાદ હોય ત્યારે ચારી વ્યાયામ

કરવો ન જોઇએ. વમન અને વિરેચન વિગેરે ક્રિયાઓ વડે શુધ્ધ કરેલા શરીરવાળાએજ વ્યાયામ કરવો જોઇએ. જેનું શરીર થાકેલું હોય, ભૂખ અને તરસ લાગી હોય, પાણી વધારે પડતું લીધું હોય કે પેટ દાબો દાબોને ભર્યું હોય તેણે વ્યાયામ ન કરવો જોઇએ.

જેનું શરીર સુન્દર, સ્થિર હોય, છાતી વિશાળ હોય, વધારે પડતાં ઘરેણાં પહેર્યા ન હોય તેણે વ્યાયામનો અર્થાત ચારીની શિક્ષા લેવી જોઇએ. અભિનવગુપ્તનું આ સંદર્ભમાં વિધાન છે કે જે વ્યક્તિનું વ્યાયામથી શરીર દૃઢ થયું હોય તે સુંડોળ આકારવાળો બને છે અને આવો વ્યક્તિને જે કાર્યમાં જોડવામાં આવે તેમાં તે ઉપયુક્ત હોવાથી નાટ્યપ્રયોગમાં સફળતા મળે છે. ભરતમુનિ ગાત્રોમાં માધુર્ય દ્વારા સુડોળપણાનોજ સંકેત કરે છે.

અગિયારમાં અધ્યાયના અંતે ભરતમુનિ જણાવે છે કે શરીરના વ્યાયામ સાથે રજૂ થનારી ચારીના આજ નિયમ છે.

આ પ્રમાણે સ્પષ્ટ થાય છે કે નાટ્યપ્રયોગમાં ચારી વિધાનનું અતિ મહત્વ રહે છે. જેના મૂળમાં ભરતમુનિની શાસ્ત્રીય દૃષ્ટિ તો છેજ સાથે સાથે લૌકિકતા પણ જોડાયેલી છે. હસ્તપ્રચાર હોય કે શસ્ત્ર પ્રક્ષેપ કે પછી પાદકર્મ આ બધા વચ્ચે સામંજસ્યનો આગ્રહ, રંગમંચ ઉપર છેદન ભેદન તથા રક્તસ્ત્રાવનો નિષેધ, અંગોનું સંતુલિત સૌષ્ઠવ વિધાન, વ્યાયામકર્મ વિગેરે સર્વ નાટ્યવિધાનો ભરતમુનિની પ્રયોગગત સૂક્ષ્મ તેમજ વ્યાવહારિક દૃષ્ટિનો સંકેત કરે છે.

## મણ્ડલવિધાન

નાટ્યશાસ્ત્રનો ૧૨ મો અધ્યાય 'મણ્ડલવિધાન' અધ્યાય છે. ચારી દ્વારા આંગિક અભિનય સંપન્ન થાય છે જે કરણ, ખણ્ડ તથા મણ્ડલનો આધાર છે એમ કહી ભરતમુનિ, એક પાદના પ્રચારથી ચારી, બે પગના પ્રચાર દ્વારા ખંડ તથા ખંડોના યોગથી મણ્ડલ રચાય છે એવું જણાવી ચૂકયા છે.

ચારીઓના સમૂહથી મણ્ડલ રચાય છે. 'ચારીસંયોગજા' અર્થાત ચારીના સંયોગ અથવા વર્ગથી જે બને છે તે મણ્ડલ કહેવાય છે એવો ભરતમુનિનો મત છે. (અધ્યાય ૧૨ શ્લોક-૧)

ચારીઓની જેમ મણ્ડલને પણ ભૌમિક અને આકાશિક એમ બે વર્ગમાં વહેંચવામાં આવ્યા છે. ભરતમુનિએ ભૌમિક મણ્ડલના દસ ભેદ તથા આકાશિક મણ્ડલના દસ ભેદ નિરુપ્યા છે જેના લક્ષણ, વિનિયોગ આ પ્રમાણે છે.

## આકાશિક મંડળ

( ૧ )

### અતિક્રાન્ત :

આરંભમાં જમણા પગથી જનિતા ચારી પ્રયોજવી. પછી શકટાસ્યા ચારી બનાવવી જેમાં વક્ષ:સ્થલ ઉદ્વાહિત હોય, પછી ડાબા પગ વડે અલાત તથા જમણા પગથી પાર્શ્વક્રાન્તા ચારી પ્રયોજવી. પછી ડાબા પગથી સૂચી અને ભ્રમરી ચારી કમર ગોળ ફેરવતા બનાવવી. ફરીથી જમણા પગથી ઉદ્વાહિત ચારી તથા ડાબા પગથી અલાત ચારી રજૂ કરી તેને ભ્રમરી ચારીમાં પરિવર્તિત કરી દેવી. પછી આજ ડાબા પગથી અલાત ચારી તથા જમણા પગ વડે દણ્ડપાદ ચારી રજૂ કરવાથી અતિક્રાન્ત મંડળ રચાય છે, જેનો પ્રયોગ (નૃત્ય) વ્યાયામમાં કરવામાં આવે છે. (અધ્યાય ૧૨ શ્લોક ૭ થી ૯)

( ૨ )

### વિચિત્ર :

પહેલા જમણો પગ ધ્રુજાવતા જનિતા ચારી બનાવવી અને તેનોજ તલસંચર (નિકુટ્ટક) પાદ બનાવવો. પછી ડાબા પગથી સ્પન્દિતા ચારી તથા જમણા પગથી પાર્શ્વક્રાન્તા ચારી બનાવવી. પછી ડાબા પગ દ્વારા સૂચી ચારી તથા જમણા પગથી અતિક્રાન્તા ચારી રજૂ કરવી. પછી જમણા પગ વડે ઉદ્વૃત્તા ચારી તથા ડાબા પગથી અલાતચારી બનાવવી. પછી જમણા પગ વડે પાર્શ્વક્રાન્તા ચારી તથા ડાબા પગથી સૂચી ચારી રજૂ કરવી. પછી જમણા પગથી વિક્ષિપ્તા (તેમજ આક્ષિપ્તા) ચારી તથા ડાબા પગથી અપક્રાન્તા ચારી(પછી બહારની દિશામાંથી ભ્રમરી તથા આક્ષિપ્તા ચારી બનાવવી) બનાવવામાં આવે તો વિચિત્ર મંડળ રચાય છે. (અધ્યાય ૧૨ શ્લોક ૧૦ થી ૧૩ )

( ૩ )

લલિતસંચર :

પહેલાં જમણા પગની જાંઘ ઉપર ઉઠાવી સૂચી ચારી બતાવવી અને ડાબા પગથી અપક્રાન્તા ચારી બતાવવી તથા જમણા પગથી પાર્શ્વક્રાન્તા ચારી બતાવવી. પછી ડાબા પગ વડે સૂચી ચારી રજૂ કરી ભ્રમરી ચારી બતાવવી. ભ્રમરી ચારી બતાવતી વેળા પીઠ એક વાર ગોળ ફેરવવી. (પ્રક્ષિપ્ત પાઠ: પછી જમણા પગથી પાર્શ્વક્રાન્તા તથા ડાબા પગથી અતિક્રાન્તા અને પછી જમણા પગથી સૂચી તથા ડાબા પગથી અપક્રાન્તા ચારી બતાવવી ) પછી જમણા પગ વડે પાર્શ્વક્રાન્તા અને ડાબા પગથી અપક્રાન્તા ચારી બતાવી તેને ભ્રમરી ચારીમાં પરિવર્તિત કરવામાં આવે તો લલિતસંચર મંડળ રચાય છે.

( શ્લોક ૧૪ થી ૧૭)

( ૪ )

સૂચીવિધ્ધ :

જો પહેલાં ડાબા પગથી 'સૂચી' ચારી બતાવી ભ્રમરી ચારી રજૂ કરવામાં આવે એટલે કે ગોળ ફરવામાં આવે, પછી જમણા પગ વડે પાર્શ્વક્રાન્તા ચારી, ડાબા પગથી અતિક્રાન્તા ચારી, પછી જમણા પગથી સૂચી ચારી તથા ડાબા પગ વડે અપક્રાન્તા ચારી અને જમણા પગ વડે પણ અપક્રાન્તા ચારી બતાવવામાં આવે તો 'સૂચીવિધ્ધ મંડળ' રચાય છે.

( શ્લોક ૧૮-૧૯)

( ૫ )

દંડપાદ :

જો પહેલાં જમણો પગ જનિતા ચારી બતાવી દંડપાદા ચારી રજૂ કરે પછી ડાબા પગથી સૂચી રજૂ કરી ભ્રમરી ચારી બતાવવામાં આવે, પછી જમણા પગ વડે ઉદ્‌વૃત્તા ચારી, ડાબા પગથી અલાતા ચારી, જમણા પગથી પાર્શ્વક્રાન્તા ચારી, જમણા પગ વડેજ દણ્ડપાદા ચારી તથા ડાબા પગથી સૂચી ચારી બતાવી ત્રિકને ગોળ ફેરવી ભ્રમરી ચારી બતાવવામાં આવે તો 'દણ્ડપાદ' મંડળ રચાય છે. ( શ્લોક ૨૦ થી ૨૨)

( ૬ )

વિહૃત :

પહેલાં જમણા પગ દ્વારા જનિતા ચારી અને પછી તેજ પગ દ્વારા તલસંચર પાદ (નિકુટ્ટન) પ્રદર્શિત કરી પછી ડાબા પગથી સ્પન્દિતા (આસ્કન્દિતા) તથા જમણા પગથી ઉદ્‌વૃત્તા ચારી રજૂ કરવી. પછી ડાબા પગથી અલાતં ચારી અને જમણા પગથી સૂચી ચારી બતાવવી. પછી ડાબા પગથી પાર્શ્વક્રાન્તા ચારી અને જમણા પગથી આક્ષિપ્તા ચારી રજૂ કરી ભ્રમરી ચારી બતાવવી પછી ગોળ ફરી અથવા ત્રિકને પરિવર્તિત કરી દણ્ડપાદ ચારી બતાવવી. પછી ડાબા પગથી સૂચી અને ભ્રમરી ચારી (ત્રિક ગોળ ફેરવી) રજૂ કરવી. પછી જમણા પગથી ભુજંગત્રાસિતા ચારી તથા ડાબા પગથી અતિક્રાન્તા ચારી પ્રદર્શિત કરવાથી વિહૃત મંડળ રચાય છે. (શ્લોક ૨૩ થી ૨૬)

( ૭ )

અલાત :

પહેલાં જમણા પગથી સૂચી ચારી અને ડાબા પગથી અપક્રાન્તા ચારી બતાવવી. પછી જમણા પગથી પાર્શ્વક્રાન્તા ચારી અને ડાબા પગથી અલાતા ચારી રજૂ કરવી. પછી આ ચારીઓ વડે ક્રમશ: લલિતપાદ વિન્યાસ દ્વારા છ અથવા સાત વાર ગોળ ફરવું (પ્રક્ષિપ્ત પાદ :જમણા પગથી અપક્રાન્તા તથા ડાબા પગથી અપક્રાન્તા ચારી રજૂ કરવી.) પછી જમણા પગથી 'અપક્રાન્તા ચારી' તથા ડાબા પગથી અતિક્રાન્તા ચારી રજૂ કરી ભ્રમરી (ત્રિક પરિવર્તન દ્વારા) બતાવવામાં આવે તો અલાત મંડળ રચાય છે.

(શ્લોક ૨૭ થી ૨૯)

( ૮ )

વામવિદ્ધ :

જમણા પગથી સૂચી ચારી તથા ડાબા પગથી અપક્રાન્તા ચારી રજૂ કરવી. પછી જમણા પગથી દણ્ડપાદા ચારી તથા ડાબા પગથી સૂચી ચારી બતાવવી. પછી જમણા પગથી ભ્રમરી ચારી (ત્રિકને ગોળ ફેરવી) રજૂ કરી પાર્શ્વક્રાન્તા ચારી તથા જમણા પગ વડે

દણ્ડપાદા ચારી બનાવવી. પછી જમણા પગથી ઉરુદવૃત્તા ચારી તથા ડાબા પગથી સૂચી ચારી પ્રદર્શિત કરી (ત્રિક પરિવર્તન દ્વારા) ભ્રમરી ચારી બનાવવી. પછી ડાબા પગથી અલાતા ચારી અને જમણા પગથી પાર્શ્વક્રાન્તા ચારી તથા ડાબા પગથી અતિક્રાન્તા ચારી રજૂ કરવાથી વામવિદ્ધ મંડળ રચાય છે. (શ્લોક ૩૦ થી ૩૩)

( ૯ )

લલિત :

જમણા પગથી સૂચી ચારી અને ડાબા પગથી અપક્રાન્તા ચારી બનાવવી. પછી જમણા પગથી પાર્શ્વક્રાન્તા તથા ભુજંગત્રાસિતા ચારી રજૂ કરવી. પછી ડાબા પગથી અતિક્રાન્તા તથા જમણા પગથી આક્ષિપ્તા ચારી બનાવવી. પછી ડાબા પગથી અતિક્રાન્તા તથા ઉરુદવૃત્તા ચારી રજૂ કરવી પછી ડાબા પગથી અલાત ચારી અને જમણા પગથી અપક્રાન્તા ચારી બનાવવી પછી ડાબા પગથી અતિક્રાન્તા ચારી લલિતગતિથી રજૂ કરવાથી લલિત મંડળ રચાય છે. ( શ્લોક ૩૪ થી ૩૭)

( ૧૦)

ક્રાન્ત :

જમણા પગથી સૂચી તથા ડાબા પગથી અપક્રાન્તા ચારી બનાવવી. પછી જમણા પગથી પાર્શ્વક્રાન્તા ચારી તથા ડાબા પગથી પણ પાર્શ્વક્રાન્તા ચારી રજૂ કરવી એ પછી આ ચારીઓ દ્વારા ક્રમશ: બધી દિશાઓમાં ગોળ ફરવું ત્યાર પછી ડાબા પગથી સૂચી ચારી તથા જમણા પગથી અપક્રાન્તા ચારી રજૂ કરવાથી ક્રાન્ત મંડળ બને છે. ક્રાન્ત મંડળની સ્વાભાવિક ગતિમાં યોજના કરવી કારણ કે તેનો યૌગિક અર્થ દ્વારાજ પ્રતીતિ થાય છે.

( શ્લોક ૩૮થી ૪૦)

## ભૌમિક મંડળ

( ૧ )

**ભ્રમર :**

જમણા પગથી જનિતા ચારી તથા ડાબા પગથી આસ્કન્દિતા ચારી બનાવવી. પછી જમણા પગ વડે શકટાસ્યા ચારી રજૂ કરી ડાબા પગને લાંબો કરવો. પછી જમણા પગથી ભ્રમરી ચારી શરીરને ગોળ ફેરવી રજૂ કરવી. પછી ડાબા પગથી આસ્કન્દિતા ચારી તથા જમણા પગથી શકટાસ્યા ચારી બનાવવી. પછી ડાબા પગથી અપક્રાન્તા ચારી (પૃષ્ઠાપસર્પ) અને ગોળ ફરી ભ્રમરી ચારી રજૂ કરવામાં આવે તો ભ્રમર મંડળ રચાય છે.

( શ્લોક ૪૨ થી ૪૪ )

( ૨ )

**આસ્પન્દિત :**

જમણા પગથી ભ્રમરી ચારી અને ડાબા પગથી અડ્ડિતા ચારી તેમજ પીઠને ગોળ ફેરવી ભ્રમરી ચારી બનાવવી. પછી જમણા પગથી શકટાસ્યા ચારી તથા ફરી ઉરુદવૃત્તા ચારી રજૂ કરવી. પછી ડાબા પગથી અતિક્રાન્તા ચારી (અપસર્પા) રજૂ કરી પીઠને પૂર્ણપણે ગોળ ફેરવી ભ્રમરી બનાવવી. પછી જમણા પગથી સ્પન્દિતા ચારી અને ફરી ડાબા પગથી શકટાસ્યા ચારી બનાવી ડાબો પગ જોરથી જમીન પર ફેંકવામાં આવે તો આસ્પન્દિત મંડળ રચાય છે જેનો યુધ્ધના દૃશ્યોમાં વિનિયોગ કરવામાં આવે છે.

(વ્યાયામ યુધ્ધમંડલમ્) ( શ્લોક ૪૫ થી ૪૭)

( ૩ )

**આવર્ત :**

જમણા પગથી જનિતા ચારી તથા ડાબા પગથી તલસંચર (નિકુટ્ટન) રજૂ કરી પછી જમણા પગથી શકટાસ્યા અને ઉરુદવૃત્તા ચારી બનાવવી. પછી પીઠ ગોળ ફેરવી ડાબા પગથી અતિક્રાન્તા ચારી (અપસર્પા) અને ચાષગતિ ચારી બનાવવી. પછી જમણા પગથી સ્કન્દિતા ચારી તથા ડાબા પગથી શકટાસ્યા ચારી રજૂ કરવી. પછી જમણાં

પગથી પીઠને ગોળ ફેરવો ભ્રમરી ચારી તથા ડાબા પગથી અપક્રાન્તા (અપસર્પી) ચારી બનાવવામાં આવે તો આવર્ત્ત મંડળ રચાય છે.

( શ્લોક ૪૮થી ૫૦)

( ૪ )

સમોત્સારિત :

સર્વ પ્રથમ સમપાદ સ્થાન રજૂ કરી બંને હાથ લાંબા કરી તેની હથેળી ઉર્ધ્વમુખી રાખી હાથને ફરી આવેષ્ટન (હાથ પરસ્પર વીંટાળવો) તથા ઉદ્વેષ્ટન ગતિયુક્ત કરવામાં આવે પછી ડાબા હાથને કટિ પ્રદેશ પર રાખી જમણા હાથને આવર્તિત ગતિમાં રાખવામાં આવે પછી જમણા હાથને કટિ પર રાખી ડાબો હાથ ધીરે ધીરે ગોળ ફેરવતા આવર્તિત ચારીમાં સ્થિત રહેવાથી/રાખવાથી સમોત્સારિત મંડળ રચાય છે.

( શ્લોક ૫૧ થી ૫૩)

( ૫ )

એલકાક્રીડિત :

બંને સમ અવસ્થામાં રહેલા પગને જમીન પર ટેકવો સૂચી તથા એલકાક્રીડિત ચારી રજૂ કરવી પછી શીઘ્ર ભ્રમરી ચારી બનાવી ત્રિકને ગોળ ફેરવવું. પછી સૂચી તથા આવિધ્ધા (અપવિધ્ધા) ચારી ક્રમશ: ગોળ ફરી બનાવવામાં આવે તો ખંડમંડળ નામનું એલકાક્રીડિત મંડળ રચાય છે.

( શ્લોક ૫૪-૫૫)

( ૬ )

અડ્ડિત :

પહેલાં જમણા પગને 'ઉદ્ઘટ્ટિત' લક્ષણ અનુસાર ગોળ ફેરવવો. પછી આજ પ્રમાણે એક સામાન્ય ગોળ ચક્કર લેવું. પછી તેજ પગને આસ્યન્દિતા ચારી અનુસાર ફેરવવો તથા ડાબા પગથી શકટાસ્યા ચારી બનાવવી. પછી જમણા પગને પાછળની બાજુએ ધીરે ધીરે અપક્રાન્તા (અપસર્પી) ચારી અનુસાર તથા ચાષગતિ ચારી અનુસાર લઇ જવો. પછી ડાબો પગ અડ્ડિતા ચારીમાં તથા જમણો પગ 'અપક્રાન્તા' ચારીમાં રાખવો. પછી ડાબા પગથી ભ્રમરી તથા જમણા પગથી સ્પન્દિતા ચારી બનાવી જમીન ઉપર પગ જોરથી પછાડવામાં આવે તો

અડ્ડિત મંડળ રચાય છે. (શ્લોક ૫૬ થી ૫૮)

( ૭ )

શકટાસ્ય :

પહેલાં જમણા પગ દ્વારા જનિતા ચારી બનાવી પછી તેને તલસંચર પાદ (નિકુટ્ટક) લક્ષણ અનુસાર ગતિશીલ રાખવો. પછી આજ પગથી શકટાસ્ય ચારી તથા ડાબા પગથી સ્પન્દિતા (આસ્યન્દિતા) ચારી બનાવવી. પછી શકટાસ્યા ચારીમાં બંને પગ દ્વારા ધીરે ધીરે ગોળ ફરવામાં આવે તો શકટાસ્ય મંડળ રચાય છે. યુદ્ધ પ્રદર્શનમાં આ મંડળ પ્રયોજાય છે. (શ્લોક ૫૯-૬૦)

( ૮ )

અધ્યર્ધ :

પહેલા જમણા પગ દ્વારા જનિતા ચારી તથા ફરી આજ પગ દ્વારા આસ્કન્દિતા ચારી બનાવવી. પછી ડાબા પગ વડે અપક્રાન્તા (અપસર્પિત) ચારી રજૂ કરવી અને જમણો પગ શકટાસ્ય ચારીમાં રાખવો. આ પ્રમાણે આ ચારીઓમાં ધીરે ધીરે ફરતા મંડળ રચવામાં આવે તો તેને અધ્યર્ધ મંડળ કહે છે. તે બાહુયુદ્ધમાં પ્રયોજાય છે.

( શ્લોક ૬૧-૭૨)

( ૯ )

પિષ્ટકુટ્ટ :

પહેલાં જમણા પગ દ્વારા સૂચી ચારી તથા ડાબા પગથી અપક્રાન્તા ચારી બનાવવી. પછી જમણાં પગથી ભુજંગત્રાસિતા ચારી તથા ડાબા પગથી આજ ચારી બનાવવી પછી બંને ભુજંગત્રાસિતા ચારીવાળા પગ વર્તુળાકાર ગતિમાં ફરતા રાખવામાં આવે તો આ ચારીમંડળને 'પિષ્ટકુટ્ટ' કહેવામાં આવે છે. તે પણ યુદ્ધ પ્રદર્શનમાં પ્રયોજવામાં આવે છે.

( શ્લોક ૬૩-૬૪)

( ૧૦ )

ચાષગત :

ચાષગત ચારીયુક્ત બંને પગથી ગોળ ચક્કર મારી મંડળ રચવામાં આવે તો તેને

ચાષગત મંડળ કહેવામાં આવે છે. તેનો બાહુયુધ્ધમાં વિનિયોગ કરવામાં આવે છે. (શ્લોક ૬૫)

સમ (ચારી) મણ્ડલ/મંડળ

જેમાં સમ ચારીઓનો નિરન્તર પ્રયોગ થતો હોય તેને સમ (ચારી) મણ્ડલ કહે છે. જેનો તજજ્ઞોએ નિર્દેશ કરેલ વિધિ અનુસાર પ્રયોગ કરવો જોઇએ. (શ્લોક ૬૭)

મંડળના ભેદ, લક્ષણ, નિરુપ્યા પછી અધ્યાયના અંતે ભરતમુનિ વિધાન કરે છે કે મણ્ડલનો વિનિયોગ યુધ્ધ, નિયુધ્ધ અર્થાત્ મલ્લયુધ્ધ તથા પરિક્રમ-ગોળ ઘૂમવામાં લીલાયુકત માધુર્યપુરસ્કૃત ગાત્રો વડે વાદ્યોની સંગતસાથે કરવો જોઇએ.

(શ્લોક ૯૮)

ભરતમુનિએ નિરુપેલા ચારી વિધાન તથા મણ્ડલવિધાન પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે કથાવસ્તુની આવશ્યકતા પ્રમાણે જ્યારે રંગમંચ ઉપર યુધ્ધના દૃશ્યો - તે પછી શસ્ત્રયુધ્ધ હોય કે મલ્લયુધ્ધ - રજૂ કરવાની જરુર પડતી ત્યારે તે રંગતંત્રના કસબ કે પછી દૃશ્ય શ્રાવ્ય કરામતો દ્વારા નહિ પણ નટના આંગિક અભિનય દ્વારા રજૂ કરવામાં આવતા. આ અભિનય નાટ્યધર્મી શૈલીમાં ચારી તથા મંડળ દ્વારા અંગોના લાલિત્યપૂર્ણ, માધુર્યયુકત હલનચલન વડે કરવામાં આવતો. અંગોના છેદન ભેદન તથા રુધિરસ્ત્રાવ સંજ્ઞા માત્રથી સાંકેતિક રીતે દર્શાવવામાં આવતા. આમ નટ પાત્રનિરુપણ માટેજ નહિ પણ સ્થળ, કાળ, વાતાવરણ સર્જવા માટે પોતાના અંગોનો વિનિયોગ કરતો.

'સ્થાન' જો નિયતસ્થિતિ' દર્શાવે છે તો કરણ 'અંગસંચાલનની શ્રેણીબધ્ધ શૃંખલા' અને તે બંનેને જોડનારી કડી તે 'ચારી'. આમ સ્થાન અને ચારીના નિરુપણ પછી 'કરણ' વિષયક ચર્ચા આવશ્યક હોવાથી અત્રે 'કરણવિવરણ' આપવામાં આવ્યું છે જે વસ્તુત: ભરતમુનિએ ચોથા અધ્યાયમાં 'તાંડવલક્ષણ' અંતર્ગત નિરુપ્યું છે.

## કરણ - વિવરણ

'કરણ' એ 'નૃત્તકરણ' શબ્દનું ટૂંકાવેલુ રુપ છે. જેમ વ્યવહારમાં આપણે 'ભીમસેન' શબ્દની જગ્યાએ 'ભીમ' શબ્દનો પ્રયોગ કરીએ છીએ તેમ 'નૃત્તકરણ' શબ્દ વ્યવહારમાં 'કરણ' સંજ્ઞાથી પ્રયોજાય છે. ( અભિ. )

( ૧ )

### કરણની પરિભાષા :

નૃત્તમાં હસ્ત, કટિ, પાર્શ્વ, પાદ, જંઘા, ઉરુ, વક્ષ:સ્થલ, પૃષ્ઠ વિગેરેના સ્થાન તથા ગતિ, ચેષ્ટા વિગેરે ક્રિયાઓ મહત્વની હોય છે અને એટલેજ તેમની ગતિ કયારેક સ્થિત તો કયારેક દ્રુત રાખવામાં આવે છે. આ ચેષ્ટાઓથી નૃત્તમાં 'માતૃકા' નિર્માય છે અને ત્રણ કે ચાર માતૃકાઓના સંયોગથી 'કરણ'નુ સંગઠન અથવા નિર્માણ થાય છે.

કરણનો અર્થ સમજાવતા ભરતમુનિ જણાવે છે કે

હસ્તપાદ સમાયોગો નૃત્તસ્ય કરણં ભવેત ॥ (અધ્યાય ૪/૩૦)

નૃત્તમાં હસ્ત અને પાદનાં સમન્વિત સંચાલનો કરણ કહેવાય છે. પ્રસ્તુત શ્લોકના ઉત્તરાર્ધમાં તેઓ 'બે કરણના સંયોગથી માતૃકા' બને છે એવુ વિધાન કરે છે.

દ્વે નૃત્તકરણે ચૈવ ભવતો નૃત્તમાતૃકા ।

પણ એક અન્ય શ્લોકમાં તેઓ માતૃકાના સંયોગથી કરણ બને છે એવું વિધાન કરે છે.

યાનિ સ્થાનાનિ યાશ્ચાર્યો નૃત્તહસ્તાસ્તથૈવ ચ ॥ ૫૯ ॥
સા માતૃકેતિ વિજ્ઞેયા તદ્યોગાત્કરણં ભવેત ।

સ્થાન, ચારી તથા નૃત્તહસ્ત 'માતૃકા' કહેવાય છે અને તેના સંયોજનથી કરણ બને છે.

અભિનવગુપ્તે 'નૃત્ત' ઉત્પન્ન કરવામાં જે કારણભૂત બને તેને 'નૃત્ત માતૃકા' કહી છે. આમ માતૃકા એટલે જનની. સ્થાન, ચારી અને હસ્તપ્રચાર 'કરણ' ઉત્પન્ન કરવામાં અને 'કરણ' અંગહાર ઉત્પન્ન કરવામાં કારણભૂત બનતા હોવાથી ભરતમુનિએ બંનેને માતૃકા સંજ્ઞા આપી હોય એવો ખુલાસો આ સંદર્ભમાં આપી શકાય.

શ્લોક ૩૦ અને ૫૯ ના આધારે કરણની ભરતમુનિ સંમત પરિભાષા આ પ્રમાણે આપી શકાય.

'' હસ્ત અને પાદના સમન્વિત સંચાલનો કરણ કહેવાય છે જે સ્થાન, ચારી તથા નૃત્તહસ્તના સંયોજનથી નિર્માય છે. સ્થાન એટલે ઉભા રહેવાની વિશિષ્ટ મુદ્રા.''

અભિનવગુપ્તના મતે રસવિચ્છેદ વિના હસ્ત પાદ વિગેરેની જે ક્રિયા વિલાસપૂર્ણ રીતે રજુ કરવામાં આવે તેનું પૂર્ણ નામ છે નૃત્તકરણ. સ્થિતિ (સ્થાન) તથા ગતિ (ચારી) તેના આધારભૂત તત્વો છે.

( ૨ )

કરણ-ભેદ :

ભરતમુનિએ ૧૦૮ પ્રકારના કરણ ગણાવ્યા છે. મોટા ભાગના કરણોના નામ, અંગ, પ્રત્યંગ તથા ઉપાંગના ચોક્કસ સંચાલન ઉપર આધારિત છે. કેટલાક કરણનાં નામ 'નૃત્તહસ્ત' પર આધારિત છે તો કેટલાકના કટિ તથા પાર્શ્વના સંચાલનો પર. કેટલાકના નામ તેમાં પ્રયોજાતી ચારી ઉપર તો કેટલાકના નામ, તેમાં યોજાતા વિવિધ 'સ્થાન' ઉપર. એટલે અહીં ભરતમુનિએ જે ક્રમમાં આ ૧૦૮ પ્રકારના કરણ નિરુપ્યા છે તેજ ક્રમમાં તેનું નિરુપણ ન કરતાં, તેમના વ્યાવર્તક લક્ષણોના આધારે તેમને વિભિન્ન વર્ગોમાં પુનઃવિભાજિત કરી અત્રે નિરુપવામાં આવ્યા છે. ભરતમુનિ નિરુપિત ૧૦૮ કરણને નીચે જણાવેલા વિવિધ દસ વર્ગોમાં અથવા શ્રેણીઓમાં વિભાજિત કર્યા છે.

| શ્રેણી / વર્ગ | લક્ષણ | કરણનો નાટ્યશાસ્ત્રમાં ક્રમ |
|---|---|---|
| ૧) સમકરણો | શરીરના અંગોની સ્વાભાવિક સ્થિતિ નિરુપતા કરણો-તેમાં સ્થિર મુદ્રાઓનું પ્રાધાન્ય રહે છે. | ૫ અને ૬<br>કુલ (૨) |
| ૨) હસ્તકરણો | નૃત્ત હસ્તના નામ પર આધારિત અથવા નૃત્તહસ્તનાં સંચાલનો જેનું વ્યાવર્તક લક્ષણ છે તેવા કરણો | ૧, ૨, ૯, ૧૦, ૩૧, ૩૨, ૩૩, ૩૯, ૫૪, ૬૮, ૬૯, ૭૫, ૮૭<br>( કુલ ૧૩ ) |

| | | |
|---|---|---|
| ૩) <u>સ્વસ્તિક કરણો</u> | હસ્ત, પાદ અથવા ઉરુના 'સ્વસ્તિક' ના આધારે જેનું નામકરણ થયું છે તેવા કરણો. | ૭,(૮), ૧૩, ૧૫, ૧૬ ૧૭, ૨૨, ૪૯, ૧૦૬, કુલ (૯) |
| ૪) <u>રેચિત કરણો</u> | હસ્ત, પાદ, કટિ અથવા ગ્રીવાના રેચિત સંચાલનોના આધારે જેનું નામકરણ થયું છે તે કરણો. | ૧૨, ૧૪, ૨૦, ૨૯, (૩૭), ૧૦૧, કુલ (૬) |
| ૫) <u>વૃશ્ચિક કરણો</u> | વીંછી સદશ પગનો આકાર ધરાવતા તથા પગની પૃષ્ઠગામી ગતિ ધરાવતા કરણો | ૨૬, ૪૨, ૪૪, ૪૬, ૪૭ ૫૦, ૮૦, ૯૦, કુલ (૮) |
| ૬) <u>સ્થાન કરણો</u> | નાટ્યશાસ્ત્રમાં નિરુપિત 'સ્થાન' નો જેમાં વિનિયોગ થયો છે અથવા જેનું નામકરણ 'સ્થાન' ના આધારે થયું છે તેવા કરણો. | ૪૮, ૯૬, ૧૦૫, તથા (૮) અને (૩૭) કુલ (૩) + (૨) |
| ૭) <u>ચારીકરણો</u> | ચારીઓમાંથી નિષ્પન્ન થયેલા કરણો | ૪, ૪૮, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૩૪, ૩૫, ૩૬, ૩૮, ૪૦, ૪૧, ૫૧, ૫૩, ૫૫, ૬૦, ૬૨, ૬૩, ૬૫, ૬૬ ૭૩, ૭૬, ૭૭, ૭૮, ૭૯, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૯, ૯૧, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦ ૧૦૪, ૧૦૭, ૧૦૮, કુલ (૪૩) |
| ૮) <u>કટિકરણો</u> | કટિની વિવિધ સ્થિતિના આધારે જેનું નામકરણ થયું છે તેવા કરણો | ૧૧, ૧૯, ૪૩, ૪૫ કુલ (૪) |

| | | |
|---|---|---|
| ૯) <u>પાદ કરણો</u> | પાદની વિવિધ સ્થિતિ તથા સંચાલનોના આધારે જેનું નામકરણ થયું છે તેવા કરણો | ૨૧, ૨૩, ૩૦, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૭૦, ૭૧, ૭૪, ૮૧, ૮૮, ૧૦૨, ૧૦૩ કુલ (૧૪) |
| ૧૦) <u>ઉરુ, પાર્શ્વ વિ. કરણો</u> | શરીરનાં અન્ય અંગો - ઉરુ, પાર્શ્વ ત્રિક વિ.ના સંચાલનો પર આધારિત કરણો. | ૩, ૫૨, ૬૧, (૬૨), ૬૪, ૬૭, ૭૨ કુલ (૬) + (૧) |
| | | કુલ ૧૦૮ |

## <u>ચિદમ્બરના નટરાજ મંદિરમાં અંકિત મૂર્તિઓ/શિલ્પો</u>

૧૪ મી સદીમાં બનેલા, ચિદમ્બરના નટરાજ મંદિરની નૃત્તસભાના ૧૪ સ્તંભો ઉપર, નાટ્યશાસ્ત્રમાં વર્ણિત ૧૦૮ કરણ તેમજ ચાર અન્ય મૂર્તિઓ અંકિત છે. બંને પડખે સ્થિત સાત-સાત સ્તંભો ઉપર આઠ આઠ મુર્તિઓ અને નાટ્યશાસ્ત્રમાં પ્રસ્તુત તેની પરિભાષાઓ પણ એજ ક્રમમાં અંકિત છે. એક પડખે આવેલા સાત સ્તંભો ઉપર ૧-૫૪ કરણ મુર્તિઓ અને તેમની મુદ્રાઓ અંકિત છે. ૫૪-૧૦૮ કરણ બીજા પડખે આવેલા સાત સ્તંભો ઉપર અંકિત છે. બાકીની ચાર મુર્તિઓ કદાચ તે કાળના રાજા, રાણી અને મૂર્તિકારોની છે જે બંને સ્તંભો ઉપર યુગલ-મૂર્તિ રુપે અંકિત છે. ૧૦૮ કરણ મૂર્તિઓની છબીઓ ગા.ઓ.સી. અંતર્ગત પ્રકાશિત નાટ્યશાસ્ત્ર ભાગ-૧ દ્વિતીય સંસ્કરણમાં તથા શ્રી નાયડુના પુસ્તક 'તાંડવલક્ષણમ્' માં સંગ્રહિત છે.

અહીં પ્રથમ કરણનું ભરતમુનિ નિરુપિત લક્ષણ આપી ત્યારબાદ અભિનવગુપ્તનો મત આપી ને બંનેના આધારે કરણના વ્યાવર્તક અને સામાન્ય લક્ષણો સંક્ષિપ્તમાં આપી તેને ચિદમ્બરમ મંદિરની મૂર્તિઓમાં અંકિત કરણો સાથે સરખાવવામાં આવ્યા છે. ગા.ઓ.સી.માં વડોદરાના

પ્રાચ્ય વિદ્યા મંદિર દ્વારા પ્રકાશિત 'નાટ્યશાસ્ત્ર-પ્રથમ ભાગ'ની બીજી આવૃત્તિમાં સંગ્રહાયેલા મૂર્તિચિત્રોને પ્રમાણભુત ગણી તેના આધારે સરખામણી કરવામાં આવેલી છે. ચિદમ્બરમ મંદિરની મૂર્તિઓ અથવા શિલ્પોની છબી 'તાંડવલક્ષણમ્' (કર્તા : બી.વી.એન.નાયડુ) માં પણ આપવામાં આવી છે પરંતુ તેમાં ઘણી અસંગતિ હોવાથી તેને પ્રમાણભુત ગણવામાં આવી નથી. કોઇ છબીમાં સંગતિ સધાઇ હોય તો ત્યાં પુસ્તકના નામ સાથે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે અપવાદ સિવાય તમામ કરણને ગા.ઓ.સી.અંતર્ગત પ્રકાશિત 'નાટ્યશાસ્ત્ર-ભાગ-૧ (દ્વિતિય આવૃત્તિ) માં સંગ્રહિત 'કાષ્ટ અંકનો wood cuts માં અંકિત કરણશિલ્પો સાથેજ સરખાવવામાં આવ્યા છે.

( ૧ )

સમકરણો :

જે કરણો સ્થિર મુદ્રા સુચવતા હોય તથા જેમાં સંચાલનોની પ્રધાનતા ન હોય તેવા કરણોનો સમાવેશ 'સમકરણો' વર્ગમાં કરવામાં આવ્યો છે. આમાં ફક્ત બેજ કરણો મુકવામાં આવ્યા છે. (૧) સમનખ અને (૨) લીન.

આ બંને પ્રકારના કરણોમાં ચરણ સમપાદ અવસ્થામાં રહેતા હોવાથી કોઇ જાતની ગતિ સૂચવાતી નથી. ચારીનો અભાવ રહે છે. હસ્ત મુદ્રાની પ્રધાનતા રહે છે જેમ કે સમનખ કરણમાં હસ્ત લતામુદ્રામાં તથા લીન કરણમાં અંજલિ મુદ્રામાં રહે છે. નૃત્તપ્રયોગના આરંભમાં આ કરણોને પ્રયોજવામાં આવતા હોવાનું અનુમાન થઇ શકે.

સમનખ :

સમનખ કરણનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે '' જો બંને પગ સમનખ અવસ્થામાં એક બીજાને સ્પર્શે તે રીતે રાખવામાં આવે, બંને હાથ લાંબા કરી નીચેની તરફ હાલતા રાખવામાં આવે અને શરીર પોતાની સ્વાભાવિક અવસ્થામાં રહે તો સમનખ કરણ બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૬૫)

આ કરણમાં બંને હાથ લતાહસ્ત મુદ્રામાં લટકતા રાખવામાં આવે છે. પગોને સમનખ મુદ્રામાં રાખવાનો આશય એ કે આંગળીઓ એ રીતે સ્પર્શતી રાખવી કે તેમના નખ સાથે સાથે (પાસે પાસે) રહે. તેની યોજના નૃત્ત સમયે થતાં પ્રથમ પ્રવેશમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

સમનખૌ ના સ્થાને સમનયૌ પાઠ પણ મળે છે તદાનુસાર બંને ચરણ સાથે રાખવા (પરસ્પર અડકે તેમ) એવો અર્થ થાય.

આમ આ કરણમાં ચરણ સમપાદ, હસ્ત લતામુદ્રામાં લટકતા તથા શરીર સ્વાભાવિક સ્થિતિમાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં પ્રસ્તુત કરણનું ભરતમુનિ નિરુપિત લક્ષણ અનુસાર પૂર્ણપણે પ્રતિનિધાન થયું છે.


લીન :
------

'લીન' કરણનું લક્ષણ ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે. 'જો બે પતાક મુદ્રાયુકત હાથને વક્ષ:સ્થલ ઉપર અંજલિ મુદ્રામાં રાખી ગર્દન ઉંચી તથા ખભા વળેલા રાખવામાં આવે તો લીન નામનું કરણ બને છે.


(અધ્યાય ૪ શ્લોક ૬૬)

આ કરણમાં બે પતાક હસ્ત અંજલિ મુદ્રામાં વક્ષ પર ન્યસ્ત કરવામાં આવે છે અને મસ્તક નિકુંચિત રાખવામાં આવે છે. આમાં પહેલા નૃત્તહસ્તોને ઉર્ધ્વમંડળ મુદ્રામાં રાખી વક્ષ પર બે પતાક હસ્તથી અંજલિ બનાવવામાં આવે છે. આ અંજલિ મુદ્રા ઉર્ધ્વમંડળ નૃત્તહસ્ત પછી બનાવવામાં આવે છે. તેની યોજના પ્રિયની ચાટુકારિતા અથવા પ્રાર્થનાના વાકયાર્થ અભિનયમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે. ચિદમ્બરમ મંદિરની મૂર્તિમાં પ્રસ્તુત કરણની અંતિમ સ્થિતિ અંકિત થયેલી છે.

'લીન' શબ્દ 'નિવેશ' insertion નો ભાવ સૂચવે છે. (ટેલિસ્કોપની એક નળીમાં બીજી નળી જે રીતે અંદર સમાયેલી હોય છે તે રીતે.) આ કરણમાં જાણે માથું



સમનખ



લીન

બે ખભા વચ્ચે દટાઇ ગયું હોય તેવો દેખાવ આપવા ગરદન નીચી કરવામાં આવે છે. ખભાની નિકુંચિત અવસ્થા (વળેલા ખભા) ને આ કરણનું મુખ્ય લક્ષણ છે. ખભાની નિકુંચિત અવસ્થાને કારણે વૃષભ જેવી ખૂંધ બને છે. (નાંડવલક્ષણમ્' ગ્રંથ પ્રમાણે) આમ પ્રસ્તુત કરણમાં ચરણ 'સમપાદ' અવસ્થામાં (પગના ઘૂંટણ વળેલા નહીં.) હસ્ત 'અંજલિ સંયુક્ત હસ્ત' દશામાં તથા શિર નિકુંચિત રહે છે.

( ૨ )

હસ્ત કરણો :

જે કરણનું નામાભિધાન નૃત્ત હસ્ત પ્રમાણે થયુ હોય અથવા નૃત્ત હસ્તની ગતિ, સંચાલન જેનું વ્યાવર્તક લક્ષણ હોય તેવા કરણને 'હસ્ત કરણ' અંતર્ગત સમાવવામાં આવ્યા છે. આ વર્ગમાં નીચેના કરણ મુકવામાં આવ્યા છે. (૧) તલપુષ્પપુટ (૨) વર્તિત (૩) નિકુટ્ટક (૪) અર્ધનિકુટ્ટક (૫) વલિત (૬) ઘૂર્ણિત (૭) લલિત (૮) ચતુર (૯) ઉરોમણ્ડલ (૧૦) ગજક્રીડિતક (૧૧) તલસંસ્ફોટિત (૧૨) સન્નત તથા (૧૩) કરિહસ્ત.

કેટલાક કરણના નામ નૃત્તહસ્ત અનુસાર છે જેમ કે ચતુર, ઉરોમણ્ડલ, કરિહસ્ત, લલિત, વલિત.

કેટલાક કરણમાં એક કરતાં વધારે હસ્ત પ્રયોજાયા છે. જેમ કે ઘૂર્ણિત કરણમાં દોલા અને વલિત, ચતુર કરણમાં અલપલ્લવ અને ચતુર.

કેટલાક કરણમાં સંયુત હસ્તનો પણ વિનિયોગ થયો છે જેમ કે તલપુષ્પપુટમાં પુષ્પપુટ, ઘૂર્ણિતમાં દોલા, સન્નતમાં દોલા.

કેટલાક કરણમાં હસ્તકરણ, મણિબન્ધભેદ, બાહુપ્રચારને પણ વ્યાવર્તક લક્ષણરૂપે લેવામાં આવ્યા છે જેમ કે વર્તિત કરણમાં આવર્તિત અને પરિવર્તિત 'હસ્તકરણ' તથા સ્વસ્તિક મણિબન્ધ, નિકુટ્ટક કરણમાં નિકુટ્ટક બાહુપ્રચાર.

લગભગ બધાજ કરણમાં પાદની વિવિધ સ્થિતિ નિરુપવામાં આવી છે. વળી વિવિધ ચારીઓનો વિનિયોગ પણ સૂચવાયો છે. જેમ કે વલિત કરણમાં સૂચી અને ભ્રમરી ચારી,

ઉરોમણ્ડલ કરણમાં બહ્યા તથા સ્થિતાવર્તા ચારી, ગજક્રીડિતક કરણમાં દોલપાદા ચારી તથા સન્નત કરણમાં હરિણપ્લુત ચારી.

મોટા ભાગના કરણમાં નૃત્તહસ્ત પ્રયોજાયા છે. અલપલ્લવ, સ્વસ્તિક, ચતુર, કરિહસ્ત, ઉરોમણ્ડલ, લતા, તલમુખ વિગેરે. નૃત્તહસ્તનો વધારે વિનિયોગ થયો છે.

## તલપુષ્પપુટ

તલપુષ્પપુટ કરણનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે 'ડાબી બાજુએ પુષ્પપુટ હસ્ત તથા અગ્રતલસંચર પગ રાખી પડખું સન્નત (નત, ઝૂકેલું) રાખવામાં આવે તો તલપુષ્પપુટ કરણ કહેવાય છે.

(અધ્યાય ૪ શ્લોક ૬૧)

આ કરણમાં હાથ પુષ્પપુટ મુદ્રામાં રહે છે તથા પગ અગ્રતલસંચર રાખવામાં આવે છે. પાર્શ્વ અર્થાત્ પડખાં સન્નત રાખવામાં આવે છે. પુષ્પપુટ હસ્તને ઉન્નત ઉરોદેશથી સંશ્લિષ્ટ કરી સ્થાપિત કરવામાં આવે છે. આ કરણમાં પુષ્પપુટ હસ્ત અને અગ્રતલસંચર પગના મેળાપનો એક ભાગ સૂચિત થતો હોવાથી તેનું નામ તલપુષ્પપુટ રાખવામાં આવ્યું છે. તેનો યોજના પુષ્પાંજલિ વિકીર્ણ કરવામાંતથા લજ્જાનો ભાવ દર્શાવવામાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં ચરણ અગ્રતલસંચર અવસ્થામાં, પાર્શ્વ સન્નત તથા અંગો સૌષ્ઠવયુકત રહે છે. હસ્ત 'પુષ્પપુટ' અવસ્થામાં રહેતા હોવાથી તલપુષ્પપુટ નામકરણ થયું છે. તલ એટલે પગના તળિયાનો ભાગ ભૂમિગત રહે તે અને પુષ્પપુટ એટલે બંને હાથની હથેળીઓ ફુલની કળી જેવો આકારણ ધારણ કરે તે રીતે જોડવી. પ્રસ્તુત કરણનો વિનિયોગ સૂત્રધાર દ્વારા રંગમંચ ઉપર પુષ્પવૃષ્ટિ કરવા માટે થાય છે.

(તાંડવલક્ષણમ્' ગ્રંથ પ્રમાણે )

ચિદમ્બરમ્ મંદિરનો મૂર્તિમાં હસ્તની અન્તિમ સ્થિતિ દર્શાવવામાં આવી છે પણ અગ્રતલસંચર પાદનું લક્ષણ નિરુપાયું નથી. મૂર્તિમાં 'જાનુ ક્ષિપ્ત' દર્શાવવામાં આવી છે, જે લક્ષણ ભરતમુનિએ વર્ણવ્યું નથી.

## વર્તિત

વર્તિત કરણનું લક્ષણ ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.' જો વ્યાવૃત્ત તથા પરિવર્તિત હસ્તને મણિબંધ અર્થાત કાંડા આગળ નમેલા રાખી પછી બંને હસ્તને બંને જાંઘ પર રાખવામાં આવે તો વર્તિત કરણ કહેવાય છે.''

(અધ્યાય ૪ શ્લોક ૬૨ )

આ કરણમાં તલપુષ્પપુટ સ્થિતિ રજૂ કરી, હાથ ઝુંકાવો, નીચે જાંઘની સમરેખ લટકાવી, લાંબા કરવામાં આવે છે. તેની યોજના અસૂયાના અભિનયમાં કરવામાં આવે છે. પણ જો પતાક હસ્તને નીચેની તરફ લઇ જઇ મસળવામાં આવે તો ક્રોધનો ભાવ પણ પ્રગટે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

સંગીતરત્નાકર પ્રમાણે જો બંને હાથ એક સાથે ભેગા કરી કાંડા સ્વસ્તિક સ્થિતિમાં રાખી પછી તેને વ્યાવૃત્ત અને પરિવર્તિત કરી બંને જાંઘની સમરેખ હથેળી રાખી હાથ લટકતા રાખવામાં આવે તો વર્તિત કરણ બને છે.

પ્રસ્તુત કરણમાં હસ્તનો આવર્તિત અને પરિવર્તિત ક્રિયાઓ (હસ્તકરણ) તથા કરણના આરંભમાં સ્વસ્તિક હસ્તનો વિનિયોગ થાય છે. અહીં ચરણ અગ્રતલસંચર અવસ્થામાં તથા મણિબન્ધ સ્વસ્તિક રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં ભરતમુનિ નિરુપિત લક્ષણો પૂર્ણપણે જોવા મળતાં નથી. પાદની અગ્રતલસંચર સ્થિતિ તથા મણિબન્ધની સ્વસ્તિક અવસ્થા કે જે આ કરણની વિશેષતા છે તે મૂર્તિમાં ઝડપાયેલી નથી. બાહુની અંતિમ સ્થિતિ તેમાં નિરુપાયેલી છે. ભરતનિરુપિત લક્ષણોમાં કરણની અંતિમ સ્થિતિમાં પતાક મુદ્રાયુક્ત હાથની હથેળી અધોમુખ તથા બાહુ નીચે લટકતા રાખવાનું સૂચિત થયેલું છે તે આ મૂર્તિમાં જોવા મળે છે.

## નિકુટ્ટક :

ભરતમુનિના મત પ્રમાણે જો ભુજા અને મસ્તક - બાહુ અને શિરની ઐક્યે બંને હાથને નિકુટ્ટિત સ્થિતિમાં રાખી બંને પગને પણ નિકુટ્ટિત સ્થિતિમાં રાખવામાં આવે તો નિકુટ્ટક કરણ બને છે. (અધ્યાય ૪ શ્લોક ૬૯ )

આ કરણમાં મણ્ડલ સ્થાનમાં સ્થિત રહી, બંને હાથને ચતુરસ્ર દશામાં ફેરવતા ઉપર ઉઠાવો, મસ્તક ઉપર નિકુટ્ટિત કરી, પગને ઉધ્ધટ્ટિત સ્થિતિમાં રાખો, આ પ્રમાણે બંને હાથ વારાફરતી સંચાલિત કરવા જોઇએ. જ્યારે જમણા હાથથી આ ક્રમ સંચાલિત થાય ત્યારે ડાબા હાથને આવિધ્ધ ક્રમમાં સંચાલિત કરી, ચતુરસ્ર મુદ્રામાં ન્યસ્ત કરી, પછી ડાબા હસ્ત અને પગને નિકુટ્ટિત કરવા જોઇએ. ચતુરસ્ર હસ્તથી મસ્તક પર નિકુટ્ટિત કરવા જોઇએ. ચતુરસ્ર હસ્તથી મસ્તક પર નિકુટ્ટનનો હેતુ એ કે અપલ્લવ હસ્તની કનિષ્ઠ આંગળી મસ્તક અને બાહુના મધ્ય ભાગમાં નિકુટ્ટિત કરવી. પાદને અંચિત કરવાનો આશય એ કે તેને ઉધ્ધટ્ટિત દશામાં નિકુટ્ટન માટે વ્યસ્ત કરવા, તેની યોજના આત્મસંભાવનાના વાક્યાર્થ અભિનયમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.


<u>અભિનવભારતીમાં</u> ભરતમુનિ ઉપરાંત કોહલ પ્રણીત 'નિકુટ્ટન' નું લક્ષણ પણ આપવામાં આવ્યું છે તે પ્રમાણે શરીરના અવયવોને ઉપર તથા નીચે લઇ જવા તેને નિકુટ્ટન કહેવામાં આવે છે.

પ્રસ્તુત કરણમાં પાદ નિકુટ્ટિત અવસ્થામાં રહેલા આવતા હોવાથી તેને 'પાદ કરણ' ના વર્ગમાં પણ મૂકી શકાય. હસ્તમુદ્રા સૂચવાઇ નથી પણ બાહુ નિકુટ્ટિતમાં રાખી હાથ, ખભા પાસે રહે તે રીતે બાહુ નમાવવાનો ભાવ મુખ્ય હોવાથી તેનો હસ્તકરણમાં સમાવેશ કર્યો છે. પાદ નિકુટ્ટિત તથા ઉદઘટ્ટિત બંને અવસ્થામાં રહે છે તે અભિનવગુપ્તની ટીકા પરથી સૂચવાય છે.


ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં બાહુની સ્થિતિ લક્ષણાનુસારી છે પણ ઉદ્ઘટ્ટિત ચરણ કે અલપલ્લવ હસ્ત (અભિનવગુપ્ત નિરુપિત) અંકિત થયા નથી.

<u>અર્ધનિકુટ્ટક :</u>

ભરતમુનિના મત પ્રમાણે જ્યારે બંને અંચિત હાથ નિકુટ્ટ મુદ્રામાં, ખભાના ઉન્નત ભાગ ઉપર, બંને વચ્ચે થોડુ અંતર રહે તથા તે એક બીજાની અભિમુખ રહે તે રીતે રાખવામાં



તલપુષ્પુટ



વર્તિત



નિકુટ્ટક

આવે અને આ ક્રિયા નિકુંચિત અર્ધયોગમાં કરવામાં આવે તો તેને અર્ધનિકુટ્ટક કરણ કહે છે.

(અધ્યાય ૪ શ્લોક ૭૦)

આ કરણમાં હસ્ત અંચિત અર્થાત અલપલ્લવ હસ્તમુદ્રામાં રહે છે એવો અભિનવગુપ્તનો મતછે. આ કરણના અંતિમ અર્ધ ભાગમાં નિકુટ્ટક કરણનું લક્ષણ રહેલું હોવાથી અભિનવગુપ્ત જણાવે છે તેમ અનેક આચાર્ય, તેમાં નિકુટ્ટકના એક ભાગનો અથવા એક બાજુ નિકુટ્ટકના અડધા ભાગનો અભિનય કરવામાં આવતો હોવાથી તેને અર્ધનિકુટ્ટક માને છે. જેમાં આત્મસંભાવના (આત્મશ્લાઘા) અલ્પ માત્રામાં રહેતી હોય તેવા વાક્યાર્થના અભિનયમાં આ કરણનો યોજના કરવામાં આવે છે એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં અભિનવગુપ્તની ટીકા પ્રમાણે હસ્ત અલપલ્લવ મુદ્રામાં રહે છે. તે નિકુટ્ટક કરણને મળતું આવે છે પણ પગ તેટલા નમાવવામાં આવતા નથી.

ચિદમ્બર મંદિરની મૂર્તિમાં એક હાથ કાનની નજીક અને બીજો બાહુ વૃક્ષ:સ્થલ નજીક રાખેલો દર્શાવવામાં આવ્યો છે. હસ્ત અલપલ્લવ મુદ્રામાં હોવાનું જણાતું નથી . જો કે અલપલ્લવ લક્ષણ અભિનવગુપ્તે આપ્યું છે, ભરતમુનિએ નહીં.

## વલિત

વલિત કરણનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે જો હાથ અપવિદ્ધ મુદ્રામાં, પગ સૂચી ચારીમાં અને ત્રિક વિવૃત્ત કરવામાં આવે અર્થાત ગોળ ઘુમાવવામાં આવે તો વલિત કરણ બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૯૧)

આ કરણમાં હાથ સર્પશીર્ષ મુદ્રાથી આરંભી સૂચીમુખ મુદ્રામાં લાવવામાં આવે તથા બહારની દિશામાં અપસૃત કરવામાં આવે છે, આની સાથે સાથે સૂચી ચારીમાં રહેલા બંને પગને ભ્રમરી ચારીમાં લાવી ત્રિકને ગોળ ઘુમાવવામાં આવે છે. આમાં ત્રિકના ઘુમાવ અથવા વલિતને કારણે આ કરણને વલિત કહેવામાં આવે છે. એક ભિન્ન પાઠમાં તેને સ્ખલિત કરણ પણ માનવામાં આવે છે.

નાટ્યશાસ્ત્ર પ્રમાણે અહીં હાથ સૂચિમુખ હસ્ત મુદ્રામાં રહે છે તથા પ્રારંભમાં સૂચીપાદ ચારી અને અંતે શિરને ગોળ ફેરવવા માટે ભ્રમરી ચારી દર્શાવવામાં આવે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં એક પગ કુંચિત અને અન્ય સમપાદ તથા એક હાથ પતાક અને બીજો ઉરુ ઉપર સ્થિત દર્શાવવામાં આવ્યો છે. સૂચી ચારીની પ્રારંભિક સ્થિતિ અંકિત થઇ છે.

## ઘૂર્ણિત

ભરતમુનિના મતે જો જમણો હાથ 'વલિત' (કરિહસ્ત) મુદ્રામાં ઘુમાવવામાં આવે અને ડાબો હાથ દોલા મુદ્રામાં ઘુમાવવામાં આવે, બંને પગ સ્વસ્તિક સ્થિતિમાં રાખી પરસ્પર એક બીજાથી દૂર (અપસૃત) કરવામાં આવે તો ઘૂર્ણિત કરણ કહેવાય છે.

( અધ્યાય ૪ શ્લોક ૯૨ )

આ કરણમાં, દોલાહસ્ત મુદ્રામાં બંને હથ કાંડા ઉપર ઉલ્ટાવેલી સ્થિતિમાં મેળવવામાં આવે છે (અર્થાત્ એક હાથને ઉપરથી ઘુમાવી વ્યાવર્તિત અને બીજા હાથને નીચેથી પરિવર્તિત કરી લાવવામાં આવે છે ) તથા બીજી બાજુથી ગોળ ફરી જાંઘ સ્વસ્તિક સ્થિતિમાં રાખી, તે તરફથી અપક્રાન્તા ચારીમાં (એક બીજાથી હટાવતા) ચરણ રાખવામાં આવે છે. આ કરણમાં વામ હસ્ત 'દોલા' મુદ્રામાં રહે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં એક હસ્ત વલિત તથા અન્ય દોલા મુદ્રામાં રહે છે. ચરણ સ્વસ્તિક સ્થિતિમાં રહે છે અને પછી પગ લંબાવવામાં આવે છે. ઘૂર્ણિત કરણનો વિનિયોગ અગ્નિજન્ય ભય સૂચવવા થાય છે. (તાંડવલક્ષણમ્' પ્રમાણે)

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં દોલા હસ્ત સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યો છે. પણ 'સ્વસ્તિક પાદ' દર્શાવાયા નથી. એક ચરણ કુંચિત અવસ્થામાં રહે છે જે સ્વસ્તિક કરતાં સૂચી સ્થિતિનો નિર્દેશ કરે છે. મૂર્તિમાં હસ્તની વલિત અવસ્થા તથા પાદની સ્વસ્તિક અવસ્થા નિરૂપવામાં આવી નથી.



અર્ધનિકુટ્ટક



વલિત



ઘૂર્ણિત

## લલિત

ભરતમુનિના મત પ્રમાણે જો ડાબો હાથ 'કરિહસ્ત' મુદ્રામાં અને જમણો હાથ અપવર્તિત અવસ્થામાં એક બાજુ ગોળ ફેરવવામાં આવે અને બંને પગ ઉપરથી નીચે કેટલીકવાર પછાડવામાં આવે તો તેને લલિત કરણ કહે છે.

(અધ્યાય ૪ શ્લોક ૯૩)

આ કરણમાં વામ હસ્ત લતા મુદ્રામાં અને દક્ષિણ હસ્ત નિતમ્બ તથા કેશબન્ધ મુદ્રામાં અને પછી વામ હસ્ત કરિહસ્ત મુદ્રામાં રાખવામાં આવે છે અને પછી એક લતા હસ્ત અને બીજા ત્રિપતાક હસ્તને કાનની પાસે લઇ જઇ દક્ષિણ હસ્તને અપવર્તિત કરી (અર્થાત જમણી બાજુના વક્ષ અને પડખાને નમાવી જમણા હાથને ડાબા હાથની કોણીની નીચે લઇ તે તરફ લાંબા કરી રાખવા) પગને હાથની ગતિ પ્રમાણે વારંવાર અંગથી નિકુટ્ટિત (ઉદ્ઘટ્ટિત ) કરતાં રાખવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં કરિહસ્ત મુદ્રામાં સ્થિત એક હાથ તથા બાહુ, એક પડખેથી બીજા પડખે, 'ઉત્સારિત' સ્થિતિમાં લઇ જવામાં આવે છે. ચરણ કુટ્ટિત અથવા નિકુટ્ટ રહે છે, અર્થાત જાનુ વળેલી રહે છે. આ કરણનો વિનિયોગ લાલિત્યપૂર્ણ નૃત્યમાં કરવામાં આવે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં હસ્ત 'કરિહસ્ત' મુદ્રામાં નિરુપવામાં આવ્યા છે. પણ પાદની સ્થિતિ સંદિગ્ધ છે.

## ચતુર

ભરતમુનિના મત પ્રમાણે જો ડાબો હાથ અંચિત મુદ્રામાં, જમણો હાથ 'ચતુર'માં અને જમણો પગ 'કુટ્ટિત' (ઉદ્ઘટ્ટિત) મુદ્રામાં હોય તોચતુર કરણ બને છે.

( અધ્યાય ૪ શ્લોક ૯૯ )

આ કરણમાં, વૃક્ષ:સ્થલની સામે વામ હસ્તને અલપલ્લવ મુદ્રામાં રાખવામાં આવે છે. અંચિતનો અર્થ અહીં અલપલ્લવ હસ્ત થાય છે. આમાં દક્ષિણ હસ્ત ચતુર મુદ્રામાં તથા પગ કુટ્ટિત અર્થાત્ ઉદ્ઘટ્ટિત સ્થિતિમાં નમાવી રાખવામાં આવે છે. તેની યોજના વિદૂષકના વિસ્મયકારક સૂચ્યાભિનયમાં કરવામાં આવે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં ડાબો હાથ અલપલ્લવ મુદ્રામાં તથા જમણો હાથ ચતુર મુદ્રામાં રહે છે. પાદ ઉદ્ઘટ્ટિત સ્થિતિમાં રહે છે. જમણી જંઘા નિકુટ્ટિત અથવા કુંચિત દશામાં વળેલી રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં દોલા હસ્ત શરીરને ઢાંકતો દર્શાવવામાં આવ્યો છે. બીજો હાથ અલપલ્લવ જણાય છે પણ તે પતાક હોવાની વધારે સંભાવના છે. ચતુર હસ્ત મૂર્તિમાં અંકિત થયો નથી. પાદ 'ઉદ્ઘટ્ટિત' જણાતા નથી. એક ચરણ કુંચિત છે. કુટ્ટિત અથવા ઉદ્ઘટ્ટિત એ પગનાં સંચાલનો છે તેથી મૂર્તિમાં આંકવા મુશ્કેલ છે.

## ઉરોમણ્ડલ

ઉરોમણ્ડલ કરણનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો સ્વસ્તિક અવસ્થામાં બંને પગ આગળ લંબાવી (અપસૃત) પછી અપવિદ્ધ ચારી રજૂ કરવામાં આવે અને બંને હાથ ઉરોમણ્ડલ મુદ્રામાં રાખવામાં આવે તો ઉરોમણ્ડલ કરણ કહેવાય છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૧૪)

આ કરણના આરંભમાં, સ્થિતવર્તા ચારીમાં, સ્વસ્તિક ચરણોને આગળ લંબાવી, પછી અપવિદ્ધ સ્થિતિથી ચરણોને છૂટા પાડી સ્થાપિત કરવામાં આવે છે. તે પછી બદ્ધાચારીમાં સ્થિત બંને હાથ ઉરોમણ્ડલ મુદ્રામાં રાખવામાં આવે છે. તેની યોજના ઉદ્ધત ગતિમાં પરિક્રમા કરતી વેળા કરી શકાય છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ ઉરોમણ્ડલ હસ્તમાંથી નિષ્પન્ન થયું છે. આરંભમાં પાદ સ્વસ્તિક દશામાં રહે છે. પછી બાહુ પ્રસારવામાં આવે છે, જે બદ્ધાચારીનો નિર્દેશ કરે છે. અભિનવગુપ્ત આરંભમાં સ્થિતવર્તા ચારી પણ સૂચવે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં સ્વસ્તિક સ્થિતિ અંકિત થઈ નથી.

## ગજક્રીડિતક

ભરતમુનિ જણાવે છે તેમ જો ડાબો હાથ કાન સુધી સંકોચીને લઈ જવામાં આવે તથા જમણો હાથ 'લતા' મુદ્રામાં અને બંને પગ દોલાપાદ ચારીમાં રાખવામાં આવે તો



લલિત



ચતુર



ઉરોમંડલ

ગજક્રીડિતક કરણ બને છે. (અધ્યાય ૪ શ્લોક ૧૨૮)

આ કરણમાં જમણા હાથને કરિહસ્ત મુદ્રામાં તથા ડાબા હાથને ત્રિપતાક મુદ્રામાં કાનની પાસે લાવો 'અંચિત' કરવામાં આવે છે તથા પગને દોલાપાદ ચારીમાં રાખવામાં આવે છે. પગના સંચાલનનો ક્રમ હાથ દ્વારા અનુસરવામાં આવે છે. આ કરણનો પ્રયોગ તેના નામાનુસારી કાર્યો તેમજ ક્રિયાઓના અભિનયમાં કરવામાં આવે છે. એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં, કરણનું નામાભિધાન 'ગજદંત હસ્ત' પ્રમાણે થયું છે પણ હસ્તના સંચાલન કરિહસ્તને વધુ મળતાં આવે છે. ડાબો હાથ કાનની નજીક તથા જમણો બાહુ સ્વપાર્શ્વમાં લંબાવવામાં આવે છે. પાદની સ્થિતિ 'દોલાપાદ ચારી' પ્રમાણે રહે છે. જમણો હાથ કાનની નજીક લતામુદ્રામાં રાખવાનું પણ સૂચવાયું છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં પગ દોલાપાદ સ્થિતિમાં તથા એક હાથ લતામુદ્રામાં કાનની નજીક દર્શાવવામાં આવ્યો છે.

## તલસંસ્ફોટિત

ભરતમુનિ જણાવે છે તેમ જો એક પગ જલ્દીથી ઊંચો કરી સામે પછાડવામાં આવે, બંને હાથ 'તલસંસ્ફોટિત' મુદ્રામાં રાખવામાં આવે તો તલસંસ્ફોટિત કરણ કહેવાય છે.
(અધ્યાય ૪ શ્લોક ૧૨૯)


આ કરણમાં અતિક્રાન્તા ચારી અથવા દણ્ડપાદ ચારીમાં ચરણો રાખી, શીઘ્રતાથી ઉઠાવી, ઘૂંટણ ક્ષિપ્ત સ્થિતિમાં આગળની બાજુ સ્થાપિત કરવામાં આવે છે. આ સમયે બે પતાક હસ્ત સંશ્લિષ્ટ કરી અવાજ કરવામાં આવે છે. આ ક્રિયા તાલાનુસાર અનેકવાર કરવામાં આવે છે તથા વિષયાનુરૂપ પ્રયોગોમાં તેની યોજના કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં હાથ તલમુખ મુદ્રામાં રહે છે. ચરણ અને પગ અતિક્રાન્તા ચારીમાં રહે છે. ક્ષિપ્ત જાનુ અલગ કરવામાં આવે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં ભરતમુનિ નિરુપિત લક્ષણો પૂર્ણપણે અંકિત થયાં નથી. હસ્ત 'તલમુખ મુદ્રા'માં છે પણ અતિક્રાન્તાચારી કે દણ્ડપાદા ચરણ દર્શાવવામાં આવ્યા નથી.



ગજક્રીડિતક



તલસંસ્ફોટિત



સન્નત

સન્નત

ભરતમુનિના મત પ્રમાણે જો એક કુદકો મારી, બંને પગને સ્વસ્તિક બનાવી, સામેની બાજુએ રાખવામાં આવે અને બંને હાથ સન્નત (દોલા) મુદ્રામાં રાખવામાં આવે તો તેને સન્નત કરણ કહે છે. (અધ્યાય ૪ શ્લોક ૧૩૫)

આ કરણના આરંભમાં હરિણપ્લુતા ચારીમાં એક કુદકો મારી, બંને પગ સ્વસ્તિક સ્થિતિમાં સામે રાખવામાં આવે છે અને તેની સાથો સાથ બંને સન્નત અર્થાત્ દોલા હસ્ત રાખવામાં આવે છે. તેની યોજના અધમ પાત્રની સમીપ અથવા સાથે સાથે ચાલવામાં કે ધીરે ધીરે ચાલવાના અભિનયમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત ચારીમાં હસ્ત 'દોલા' મુદ્રામાં રહે છે. પગ આરંભમાં સ્વસ્તિક અવસ્થામાં રહે છે. હરિણપ્લુત ચારીમાં કુદકો મારવામાં આવે છે. અંતિમ સ્થિતિમાં ઉરુ તથા જાનુ ક્ષિપ્ત અવસ્થામાં લંબાવવામાં આવે છે.


ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં દોલા હસ્તથા હરિણપ્લુત ચારી દર્શાવવામાં આવી છે પણ પગની સ્વસ્તિક અવસ્થા નિરુપવામાં આવી નથી.

કરિહસ્ત

ભરતમુનિ જણાવે છે તેમ જો ડાબો હાથ વક્ષ:સ્થલ ઉપર, બીજા (જમણા) હાથની હથેળી પ્રોક્ષેષ્ટિત (ક્રિયાવાળી) હોય તથા પગ અંચિત મુદ્રામાં રાખવામાં આવે તો તે કરણ કરિહસ્ત કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૧૪૭)

આ કરણમાં વામ હસ્ત કટકામુખ મુદ્રામાં વક્ષ ઉપર રાખવામાં આવે છે તથા દક્ષિણ હસ્ત ત્રિપતાક મુદ્રામાં કાનની પાસે લઇ જવામાં આવે છે. તેની સાથો સાથ એક ઉદ્વેષ્ટિત પાદ ઝડપથી અંચિત કરી બહાર કાઢવામાં આવે છે. આટલો અંશ, કરિહસ્ત નૃત્તહસ્તની સદૃશતા ધરાવતો હોવાથી આ કરણનું નામ કરિહસ્ત રાખવામાં આવ્યું છે. અંગહારમાં આવશ્યકતા પ્રમાણે આ કરણ પ્રયોજાય છે. એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણ કરિહસ્તમાંથી નિષ્પન્ન થયું છે. પાદ અંચિત અવસ્થામાં રહે છે.



કરિહસ્ત

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં ડ[illegible]સ્ત: તથા અંચિત પાદ સ્પષ્ટપણે અંકિત થયા છે. જો કે પગ લંબાવવાની ક્રિયા ભરતાનુસારી નથી. બાહુ પ્રસારણ તથા પાદસ્થિતિ લક્ષણાનુસારી છે.

( ૩ )

## સ્વસ્તિક કરણો

'સ્વસ્તિક' નામધારી કરણોનો 'સ્વસ્તિક કરણો' અંતર્ગત સમાવેશ કરવામાં આવ્યો છે. આ કરણોમાં કાંતો હાથ, અથવા પાદ, અથવા ઉરુની સ્વસ્તિક સ્થિતિ નિરુપાયેલી છે. આ વર્ગમાં નોચેના કરણ મૂકવામાં આવ્યા છે. (૧) સ્વસ્તિક રેચિત (૨) મંડલ સ્વસ્તિક (૩) વક્ષ:સ્વસ્તિક (૪) સ્વસ્તિક (૫) પૃષ્ઠ સ્વસ્તિક (૬) દિક્સ્વસ્તિક (૭) અર્ધ સ્વસ્તિક (૮) પાર્શ્વનિકુટ્ટક (૯) નાગસર્પિત.

સ્વસ્તિક રેચિત કરણ, અર્ધ સ્વસ્તિક કરણ અને નાગસર્પિત કરણ - આ ત્રણે કરણમાં માત્ર પગજ સ્વસ્તિક મુદ્રામાં નિરુપાયેલા છે. મંડળ સ્વસ્તિક, વક્ષ:સ્વસ્તિક, પૃષ્ઠ સ્વસ્તિક, દિક્ સ્વસ્તિક તથા પાર્શ્વનિકુટ્ટક કરણમાં હાથ અને પગ સ્વસ્તિક મુદ્રામાં દર્શાવવામાં આવ્યા છે.

કેટલાક કરણમાં વિભિન્ન હસ્તમુદ્રાઓ નિરુપવામાં આવી છે. જેમ કે સ્વસ્તિક રેચિતમાં ચતુરસ્ર, હંસપક્ષ, પક્ષવંચિતક, પક્ષપ્રદ્યોતક, રેચિત સ્વસ્તિક, વિપ્રકીર્ણ તથા આવિધ્ધ નૃત્તહસ્ત મુદ્રાઓ, વર્ણવવામાં આવી છે.

કેટલાક કરણમાં ચારીનો વિનિયોગ પણ સૂચવાયો છે જેમ કે પૃષ્ઠ સ્વસ્તિક કરણમાં અપક્રાન્તાચારી અને અર્ધસૂચી ચારી.

કેટલાક કરણમાં અન્ય મુખ્ય અંગોની અવસ્થા પણ વર્ણવવામાં આવી છે. જેમ કે વક્ષ:સ્વસ્તિક કરણમાં નિકુંચિત વક્ષ, નાગસર્પિત કરણમાં પરિવાહિત શિર.

કેટલાક કરણમાં સ્થાનનો પણ નિર્દેશ થયો છે જેમ કે મણ્ડલસ્વસ્તિકમાં મણ્ડલ સ્થાન.

## સ્વસ્તિક રેચિત

ભરતમુનિના મત પ્રમાણે જો 'રેચિત' તથા 'આવિદ્ધ' મુદ્રાવાળા બે હાથ પરસ્પર મેળવી સ્વસ્તિક બનાવવામાં આવે અને પછી તેમને છૂટા પાડી કટિ ઉપર રાખવામાં આવે તો સ્વસ્તિક રેચિત કરણ બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૬૭)

આ કરણમાં, બે ચતુરસ્ર હસ્તને હંસપક્ષ મુદ્રામાં રેચિત કરી પછી આવિદ્ધવક્ર મુદ્રામાં રાખી, પહેલાં સ્વસ્તિક અને પછી વિપ્રકીર્ણ કરવામાં આવે છે, તે પછી તેને પક્ષવંચિતક મુદ્રામાં રાખી, પક્ષપ્રદ્યોતક મુદ્રાવાળા નૃત્તહસ્તને પ્રસ્તુત કરી, કટિપ્રદેશ ઉપર ન્યસ્ત કરવામાં આવે છે અને બંને પગને સ્વસ્તિક સ્થિતિમાં રાખવામાં આવે છે. ( આ પ્રમાણે આ કરણમાં ૬ નૃત્તહસ્તોનો સલક્ષણ પ્રયોગ કરવામાં આવે છે.) તેની યોજના હર્ષનો ભાવ પ્રગટ કરવામાં તથા નૃત્તાભિનયમાં થાય છે એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં રેચિત અને આવિદ્ધ હસ્ત સ્વસ્તિક રચે છે. પાદ પણ સ્વસ્તિક રહે છે. કરણના પ્રારંભે હાથ ચતુરસ્ર નૃત્તહસ્તમાં અને અંતે હંસપક્ષ નૃત્તહસ્તમાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં અભિનવગુપ્ત નિરુપિત લક્ષણ - અંતે હાથ કટિપ્રદેશ પર ન્યસ્ત રહે છે - પૂર્ણપણે નિરુપાયેલું છે. પરંતુ ભરતમુનિ નિરુપિત લક્ષણો (હંસપક્ષ હસ્તનું ) રેચિત સંચાલન કે પાદની સ્વસ્તિક સ્થિતિ અંકિત થયા નથી.

## મંડલ સ્વસ્તિક

મંડળ સ્વસ્તિક કરણનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે જો બંને હાથને જોડી, તેમને ગોળ ફેરવતા સ્વસ્તિક મુદ્રામાં રાખવામાં આવે - હાથની હથેળી ઉર્ધ્વ તથા એક બીજાની સામે પ્રાઙ્મુખ અને સમાન સ્થિતિમાં રાખવામાં આવે અને ફરતી રાખવામાં આવે તથા શરીરને મણ્ડલ સ્થાનમાં રાખવામાં આવે તો મણ્ડલ સ્વસ્તિક કરણ કહેવાય છે.

(અધ્યાય ૪ શ્લોક ૬૮)

આ કરણમાં બંને હાથને ચતુરસ્ર મુદ્રામાં અને બંને પગને વિચ્યતાચારીમાં ન્યસ્ત કરી, ચક્રાકાર ગતિથી ઉર્ધ્વમણ્ડલ હસ્ત વડે સ્વસ્તિક કરી, મણ્ડલસ્થાન ગ્રહણ કરવામાં આવે છે.

આમાં બંને પગ અગ્રતલસંચર સ્થિતિમાં ન્યસ્ત કરી બંને હાથને આભુગ્ન કરી વક્ષ:સ્થલ ઉપર રાખવામાં આવે છે. તેની યોજના લજ્જા તથા પશ્ચાત્તાપમાં તથા પરાભવના વાક્યાર્થ અભિનયમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

<u>સંગીતરત્નાકર</u> અનુસાર આ કરણમાં (વક્ષ:સ્થલ આભુગ્ન ન હોવા છતાં) કેવળ નિર્દિષ્ટ વિધિ અનુસાર હાથને વક્ષ પર ન્યસ્ત કરવા ઇષ્ટ છે.

પ્રસ્તુત કરણમાં પાદ અને હસ્તની સ્વસ્તિક અવસ્થા મણ્ડલ નામના સ્થાનમાંથી નિષ્પન્ન થાય છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં માત્ર હસ્ત, સ્વસ્તિક દર્શાવવામાં આવ્યા છે. જો કે બે પગ વચ્ચે ચાર તાલનું અંતર એ મણ્ડલ સ્થાનનું લક્ષણ છે જે તેમાં અંકિત થયું નથી.

<u>વક્ષ:સ્વસ્તિક</u>

વક્ષ:સ્વસ્તિક કરણનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે જો બંને પગ પરસ્પર સ્વસ્તિક દશામાં રાખવામાં આવે, બંને હાથ રેચિત કરતાં કરતાં વક્ષ:સ્થલ સુધી લાવવામાં આવે અને પછી વક્ષ:સ્થલને નમાવવામાં આવે તો તેને વક્ષ:સ્વસ્તિક કરણ કહેવામાં આવે છે.

(અધ્યાય ૪ શ્લોક ૭૩)


આ કરણમાં ચતુરસ્ર હસ્તને રેચિત કરી પછી વ્યાવૃત્ત કરતાં વક્ષ સુધી ઉપર લાવવામાં આવે છે અને આભુગ્ન અથવા નમેલા વક્ષ ઉપર સ્વસ્તિક કરી રાખવામાં આવે છે. હસ્ત સ્વસ્તિક થાય તે સાથેજ બંને પગ પણ સ્વસ્તિક દશામાં રાખવામાં આવે છે. મુખ્યપણે તેનો સૌષ્ઠવમાં વિનિયોગ કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં હસ્ત તથા પાદ સ્વસ્તિક રહે છે. વક્ષ નિકુંચિત તથા અભિનવગુપ્તના મતે આભુગ્ન રહે છે. તેનો વિનિયોગ શરમાળ કે અપમાનિત વ્યક્તિ પરત્વે સહાનુભૂતિનો ભાવ પ્રગટ કરવામાં થાય છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં હસ્ત અને પાદની સ્વસ્તિક સ્થિતિ અંકિત થઇ છે પણ વક્ષની આભુગ્ન અવસ્થા નિરુપાયેલી નથી.

## સ્વસ્તિક કરણ





સ્વસ્તિક રેચિત



મંડલ સ્વસ્તિક



વક્ષઃ સ્વસ્તિક

## સ્વસ્તિક

સ્વસ્તિક કરણનું લક્ષણ નિરૂપતા ભરતમુનિ જણાવે છે કે જો બંને હાથ અને પગ સ્વસ્તિક મુદ્રામાં હોય તો કરણના પ્રયોક્તા તેને સ્વસ્તિક કરણ સમજે.

(અધ્યાય ૪ શ્લોક ૭૫)

આ કરણમાં ડાબા હાથને ઉદ્વેષ્ટિત અર્થાત્ બહાર કાઢી તેને ગોળ ફેરવતાં (વર્તન) વ્યાવર્તિત કરણ સમયે કૂદકો મારી બંને હાથ અને પગ એક સાથે સ્વસ્તિક કરવામાં આવે છે. તેની યોજના નિષિધ્ધ,શંકિતા અન્વેષણ તથા સંભાષણના વાક્યાર્થ અભિનયમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં બંને હાથ અને પગ સ્વસ્તિક મુદ્રામાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં હસ્ત અને પાદની સ્વસ્તિક મુદ્રા પૂર્ણપણે અંકિત થયેલી છે.

## પૃષ્ઠ સ્વસ્તિક

ભરતમુનિ જણાવે છે તેમ જો બંને બાહુ ઉપર (વિક્ષેપ) તથા નીચે (આક્ષેપ) ની બાજુએ ઝટકા સાથે સ્વસ્તિક મુદ્રામાં રાખવામાં આવે તથા બંને પગ અપક્રાન્તા અને અર્ધસૂચી ચારીઓ સાથે સ્વસ્તિક કરવામાં આવે તો પૃષ્ઠ સ્વસ્તિક કરણ કહેવાય છે.

( અધ્યાય ૪ શ્લોક ૭૬)

આ કરણમાં, ઉદ્વેષ્ટિત કર્મની સાથે બાહુઓના વિક્ષેપ સમયે પગને અપક્રાન્તા ચારીમાં રાખી, અપવેષ્ટિત કર્મની સાથે બીજા પગને અર્ધસૂચી ચારી સાથે રેચિત કરી, બંને હાથ અને પગથી સ્વસ્તિક કરવામાં આવે છે. આમાં ત્રિકને ચલિત કરવાની સાથે પાછળ ગોળ ફરી, દક્ષિણ પાદની પાછળ વામ પાદ ન્યસ્ત કરી, સ્વસ્તિક બનાવવામાં આવે છે. સ્વસ્તિકના તમામ અર્થમાં આ કરણની યોજના કરવામાં આવે છે. અન્ય આચાર્યોનો મત છે કે યુધ્ધની અવસ્થામાં ગોળ ફરતી વેળા પૃષ્ઠ સ્વસ્તિકની યોજના કરવી જોઇએ, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં પ્રયોક્તા, પૈશ્રકગણથી વિમુખ થઇ પોતાની પીઠ બનાવે છે તે આ કરણની વિશેષતા છે. બાહુ તથા હસ્ત સ્વસ્તિક મુદ્રામાં રહે છે તથા પગ અને ચરણ અપક્રાન્તા ચારી અને અર્ધ સુચી ચારીમાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં સ્વસ્તિક કરણથી વિપરીત અવસ્થા નિરુપાયેલી છે. અપક્રાન્તા ચારી દર્શાવવામાં આવી નથી.

## દિક્સ્વસ્તિક

દિકસ્વસ્તિકનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે જો પડખાં અને સામેની બાજુ સ્પર્શ કરી, ગોળ ફરતા બંને હાથ અને પગ સ્વસ્તિક મુદ્રામાં રહે તો દિક્સ્વસ્તિક કરણ કહેવાય છે.

(અધ્યાય ૪ શ્લોક ૭૭)

આ પ્રકરણમાં સ્વસ્તિક કરણની પ્રક્રિયામાં પાર્શ્વમાં આગળ પાછળ ચારે દિશામાં ત્રુટિત અંગોથી અંગશ્લેષ (કટિ દ્વારા) કરવામાં આવે છે. તેની યોજના ગીતના પરિવર્તમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મતછે.

પ્રસ્તુત કરણમાં હસ્ત તથા પાદ સ્વસ્તિક દશામાં રહે છે. પણ અહીં સ્વસ્તિક દશામાં રહેલા હસ્ત અને પાદ વડે આગળ પાછળ અડખે પડખે 'સળંગ એકજ સંચાલન હોય' ( one continuous movement ) તેવી રીતે ગતિ કરવામાં આવે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં 'પૃષ્ઠ સ્વસ્તિક' જેવી મુદ્રા અંકિત થઇ છે. હસ્ત, પાદની સ્વસ્તિક સ્થિતિ પૂર્ણપણે નિરુપવામાં આવી છે, પણ સળંગ સંચાલનનો અભાવ છે.

## અર્ધ સ્વસ્તિક

ભરતમુનિ જણાવે છે તેમ જો બંને પગ સ્વસ્તિક અવસ્થામાં, જમણો હાથ 'કરિહસ્ત' (મુદ્રામાં) અને ડાબો હાથ વક્ષ:સ્થલ ઉપર (કટકામુખ મુદ્રામાં) રાખવામાં આવે તો અર્ધ સ્વસ્તિક કરણ કહેવાય છે.


( અધ્યાય ૪ શ્લોક ૮૨ )



સ્વસ્તિક



પૃષ્ઠ સ્વસ્તિક



દિક્ સ્વસ્તિક

આ કરણમાં બંને પગ સ્વસ્તિક સ્થિતિમાં રાખો, દક્ષિણ હસ્તને કરિહસ્ત મુદ્રામાં અને વામ હસ્ત કટકામુખ મુદ્રામાં વક્ષ પર સ્થિત રાખવામાં આવે છે. જેઓ કરિહસ્તની જગ્યાએ કટિહસ્ત પાઠ માને છે તેમના મત પ્રમાણે વામ હસ્તને અર્ધચન્દ્ર સ્થિતિમાં કટિ ઉપર રાખવામાં આવે છે. આ કરણમાં બંને પગ વડે સ્વસ્તિક કરવાને લીધે તેનું નામ અર્ધ સ્વસ્તિક રાખવામાં આવ્યું છે કારણ કે અભિનય હસ્તનો તેમાં પ્રયોગ થતો નથી. અન્ય આચાર્યોના મત પ્રમાણે પક્ષવંચિતક તથા પક્ષપ્રદ્યોતક નૃત્તહસ્તની સાથે અર્ધચન્દ્ર હસ્તને કટિ ઉપર રાખવો ઇષ્ટ છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં જમણો હાથ કરિહસ્ત મુદ્રામાં, ડાબો હાથ છાતી ઉપર સ્થિત તથા બંને પાદ સ્વસ્તિક મુદ્રામાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં બંને પગ સ્વસ્તિક દશામાં અંકિત છે એક હાથ છાતી ઉપર સ્થિત છે પણ કરિહસ્ત નિરૂપાયેલો નથી.

## પાર્શ્વ નિકુટ્ટિત

ભરતમુનિ જણાવે છે તેમ જો સ્વસ્તિક મુદ્રાવાળા બંને હાથ બંને પડખે રાખવામાં આવે તેમજ પગ નિકુટ્ટિત રહે તો વિદ્વાનો તેને પાર્શ્વનિકુટ્ટિત કરણ સમજે.

(અધ્યાય ૪ શ્લોક ૧૦૯)

આ કરણમાં હાથને સ્વસ્તિક સ્થિતિમાં રાખવામાં આવે છે. જેમાં એક હાથ વક્ષની નીચે પડખામાં અધોમુખ સ્થિતિમાં તથા બીજો હાથ ઉપર મુખ રહે તેમ, અર્થાત ઉર્ધ્વમુખ સ્થિતિમાં રાખવામાં આવે છે. પગના તળિયાને નિકુટ્ટિત કરવામાં આવે છે. અર્થાત પાર્શ્વગત (પડખે રહેલા) હાથો સાથે એક પગ ઉપર ઉઠાવી નીચે પછાડવામાં આવે છે અને પછી આ પ્રમાણે બીજા પાર્શ્વગત હાથની સાથે એક પગ ઉપર ઉઠાવી નીચે પછાડવામાં આવે છે. આ ક્રમ બંને પાર્શ્વો વડે પુનરાવર્તિત કરવામાં આવે છે. (અહીં નિકુટ્ટનનું લક્ષણ આચાર્ય કોહલના મત પ્રમાણેનું સમજવું જોઇએ ) તેની યોજના પ્રકાશ, સંચાર તેમજ અભ્યાસમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં હાથ સ્વસ્તિક અવસ્થામાં તથા પગ અને ચરણ નિકુટ્ટિત દશામાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં બંને હાથ સ્વસ્તિક દશામાં છે પણ પડખે રહેલા દર્શાવવામાં આવ્યા નથી. જાનુ વળેલી દર્શાવવામાં આવી છે.

<u>નાગસર્પિત</u>

ભરતમુનિ'નાગસર્પિત' કરણનું લક્ષણ નિરૂપતાં જણાવે છે કે જો બંને પગ સ્વસ્તિક અવસ્થામાં અપસૃત કરી અર્થાત્ પાછળ હટાવી મસ્તક પરિવાહિત મુદ્રામાં તથા હાથ રેચિત મુદ્રામાં રહે તો નાગસર્પિત કરણ બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૬૬)

આ કરણમાં બંને ચરણ સ્વસ્તિક કરી છૂટા પાડવામાં આવે છે. હાથ રેચિત કરી ઘુમાવવામાં આવે છે અને મસ્તક કુટિલગતિથી વારાફરતી એક પાર્શ્વમાં પરિવાહિત સ્થિતિમાં ઘુમાવવામાં આવે છે. આ કરણમાં કુટિલગતિ રહેવાને લીધે તેનું નાગસર્પિત નામકરણ સાર્થક છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત ચારીમાં હસ્ત રેચિત, મસ્તક પરિવાહિત અવસ્થામાં તથા પાદ સ્વસ્તિક અવસ્થામાં રહે છે.


ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં ભરતમુનિ નિરુપિત લક્ષણોનું અનુસરણ થયું નથી.

(૪)


<u>રેચિત કરણો :</u>

જે કરણોનું નામાભિધાન અંગોની રેચિત અવસ્થા - પછી હાથની હોય, પગની હોય, કટિની હોય કે ગ્રીવાની - ના આધારે થયું છે તેનો 'રેચિત કરણો' અંતર્ગત નિર્દેશ કરવામાં આવ્યો છે. રેચિત કરણો અંતર્ગત નીચેના કરણોનો સમાવેશ થયો છે.

(૧) અર્ધરેચિત (૨) ઉન્મત્ત (૩) આક્ષિપ્તરેચિત (૪) રેચિતનિકુટ્ટિત (૫) વૈશાખરેચિત (૬) સમ્ભ્રાન્ત.



અર્ધસ્વસ્તિક



પાર્શ્વ નિકુટ્ટક



નાગસર્પિત

અંગો ગોળ ફરે તેને અંગોની રેચિત અવસ્થા કહે છે. આ કરણોમાં કાં તો રેચિત નૃત્તહસ્ત પ્રયોજાય છે અથવા તો પછી હસ્ત-મુદ્રાયુક્ત હાથ રેચિત ક્રિયા દર્શાવતો હોય છે. ઉન્મત્ત, આક્ષિપ્ત રેચિત, વૈશાખ રેચિતમાં, રેચિત નૃત્તહસ્ત પ્રયોજાયો છે જ્યારે અર્ધરેચિત ~~ક~~ કરણમાં સૂચીમુખ હસ્ત રેચિત કરવામાં આવે છે. ઉન્મત્ત અને સમ્ભ્રાન્ત પ્રકારના કરણોમાં આખું શરીર ગોળ ફેરવવામાં આવે છે જ્યારે વૈશાખ રેચિત કરણમાં, ગોળ ફરી શકે એવા શરીરના તમામ અંગો - ગ્રીવા, કટિ, હસ્ત તથા પાદ રેચિત અવસ્થામાં રહે છે. મોટા ભાગના કરણમાં જાનુ, ઉરુ, પાદ નમેલા રહે છે. ઉન્મત અને સમ્ભ્રાન્ત કરણમાં આવિદ્ધ ચારી તથા વૈશાખ રેચિત કરણમાં વૈશાખ સ્થાન પ્રયોજાય છે. સમ્ભ્રાન્ત કરણમાં રેચિત નૃત્તહસ્ત કે અન્ય હસ્તની રેચિત ગતિ નહી પણ તેનું સૂચન કરતાં પરિવર્તિત અને વ્યાવર્તિત હસ્તકરણ યોજવામાં આવે છે.

## અર્ધરેચિત

ભરતમુનિના મતે જો હાથ અપવિદ્ધ ( સૂચીમુખ અભિનવગુપ્ત) મુદ્રામાં યથેચ્છ ફેરવવામાં આવે તથા બંને પગને વારાફરતી ઉપર નીચે હાલતા રાખવામાં આવે અને પડખાં સન્નત (નત, ઝુકેલા) રાખવામાં આવે તો અર્ધ રેચિત કરણ કહેવાય છે.

( અધ્યાય ૪ શ્લોક ૭૨ )

આ કરણમાં મણ્ડલસ્થાન ગ્રહણ કરી, વક્ષપ્રદેશ ઉપર કટકામુખ હસ્ત રાખી, સૂચિમુખ મુદ્રા કરવામાં આવે છે અને પછી ત્યાંથી હટાવી અપકૃષ્ટ સ્થિતિમાં લાવવામાં આવે છે તથા સૌષ્ઠવ પ્રક્રિયાથી પાર્શ્વને નત કરી અને ચરણને નિકુટ્ટિત કરી, શરીરના અર્ધભાગને રેચિત અથવા બહારની તરફ લઇ જવામાં આવે છે તેની યોજના અસમંજસ ચેષ્ટાના વાકયાર્થ અભિનયમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં સૂચીમુખ નૃત્તહસ્ત રેચિત થાય છે. પાર્શ્વ નત રહે છે તથા પાદ નિકુટ્ટિત રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં સૂચીમુખ હસ્ત કે કટકામુખ હસ્ત (અભિ.) સ્પષ્ટપણે અંકિત થયા નથી. પાદ નિકુટ્ટિત દર્શાવાયા છે.

## ઉન્મત્ત

ભરતમુનિના મત પ્રમાણે જો (બંને) પગ અંચિત અને (બંને) હાથ રેચિત અવસ્થામાં હોય તો નૃત્તકલાના વિદ્વાનો (નૃત્તકોવિદ) તેને ઉન્મત્ત કરણ કહે છે.

(અધ્યાય ૪ શ્લોક ૭૪)

આ કરણમાં આવિદ્ધચારીમાં સ્થાપિત ચરણોને, પર્યાયશ: અંચિત દશામાં રાખી બંને હાથ રેચિત કરવામાં આવે છે. તેની યોજના સૌભાગ્ય વિગેરેથી ઉત્પન્ન થતાં ગર્વના ભાવમાં કરવામા આવે છે એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં હસ્ત રેચિત અને પાદ સ્વસ્તિક તથા સમગ્ર શરીર ફરે છે તથા અભિ.ની ટીકા પ્રમાણે આવિદ્ધ ચારી પ્રયોજાય છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં હસ્ત અને બાહુના રેચિત સંચાલનો અને ઉન્મત્તના ઝીલાયાં છે પણ અંચિત પાદ દેખાતા નથી.

## આક્ષિપ્ત રેચિત

આક્ષિપ્તરેચિત કરણનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે જો ડાબો હાથ હૃદય ઉપર તથા જમણો હાથ રેચિત મુદ્રામાં રાખી, ઉપર તથા પડખે ઉછાળવામાં આવે અને પછી બંને હાથ રેચિત તથા અપવિદ્ધ (ચક્રાકાર) મુદ્રામાં રાખવામાં આવે તો આક્ષિપ્તરેચિત કરણ કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૮૦)

આ કરણમા હૃદયની સમરેખ બંને હાથ વ્યાવર્તિત તથા ક્ષિપ્ત કરી એક હાથ હંસપક્ષ મુદ્રામાં,ચક્રાકારે ફેરવવામાં આવે છે. તે પછી બીજો હાથ વક્ષપ્રદેશ ઉપર આક્ષિપ્ત કરી તથા અંચિત મુદ્રા કરતાં કરતાં અપવિદ્ધ કરવામાં આવે છે. આ પ્રમાણે શરીરના ભાગથી બંને હાથ બહાર કાઢી, તેમનુંચક્રાકાર સંચાલન (આવિદ્ધ અવસ્થામાં) કરવામાં આવતું હોવાથી આ કારણ આક્ષિપ્તરેચિત કહેવાય છે. આ કરણમાં બંને પગ પ્રયોગાનુસાર 'અંચિત' તથા સૂચીહસ્ત રેચિત તથા જાનુ ક્ષિપ્ત રાખવામાં આવે છે. તેની યોજના ત્યાગ, ઉપાદાન તથા પરંપરા નિદર્શનના વાક્યાર્થ અભિનયમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.


# રેચિત કરણ



અર્ધરેચિત



ઉન્મત્ત



આક્ષિપ્ત રેચિત

પ્રસ્તુત કરણમાં બાહુ અપવિધ્ધ (ચક્રાકાર) તથા હસ્ત રેચિત અને જાનુ ક્ષિપ્ત રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મુર્તિમાં જાનુની ક્ષિપ્ત અવસ્થા સ્પષ્ટપણે ઝીલવામાં આવી છે. બાહુ અને હસ્તની સ્થિતિ લક્ષણાનુસારી તારવવી અઘરી જણાય છે. કરણની અંતિમ અવસ્થા તેમાં અંકિત થઇ છે.

## રેચિત નિકુટ્ટિત

ભરતમુનિ જણાવે છે તેમ જો જમણો હાથ રેચિત, જમણો પગ ઉદ્ઘટ્ટિત અને ડાબો હાથ દોલા મુદ્રામાં રાખવામાં આવે તો રેચિત નિકુટ્ટિત કરણ કહેવાય છે.

(અધ્યાય ૪ શ્લોક ૮૯)

આ કરણમાં દક્ષિણ હસ્ત રેચિત (અર્થાત હંસપક્ષ મુદ્રામાં ઝડપથી ગોળ ફેરવતા) રાખવામાં આવે છે અને દક્ષિણ પાદ ઉદ્ઘટ્ટિત ક્રિયામાં (અર્થાત પંજા ઉપર ઉભો રહી પાછો જમીન ઉપર પછડાય ) રાખવામાં આવે છે. વામ હસ્ત દોલા મુદ્રામાં હીંચકાની જેમ આવવા જવાની ક્રિયામાં સંચાલિત કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં પાદ ઉદ્ઘટ્ટિત તથા ઉરુ અને જાનુ નિકુંચિત અવસ્થામાં નમેલા રહે છે. કેવળ જમણો હાથ રેચિત કરવામાં આવે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં એક હાથ રેચિત તથા અન્ય દોલા મુદ્રામાં સ્પષ્ટપણે અંકિત થયો છે. પાદ ઉદ્ઘટ્ટિત અવસ્થા દર્શાવતી નથી પણ કુંચિત પાદનો અંગૂઠો એવી રીતે રાખવામાં આવ્યો છે કે તે ઉદ્ઘટ્ટિત સંચાલન તરફ દોરી જાય.

## વૈશાખ રેચિત

ભરતમુનિના મત પ્રમાણે જો હાથ અને પગ રેચિત મુદ્રામાં તથા આ પ્રમાણે કટિ અને ગ્રીવા પણ રેચિત અવસ્થામાં હોય અને શેષ અંગો વૈશાખ સ્થાનમાં રહે તો આ કરણને વૈશાખ રેચિત કહેવામાં આવે છે.

(અધ્યાય ૪ શ્લોક ૯૭)

PITH 451
5461-1

આ કરણમાં બંને હસ્ત હંસપક્ષ મુદ્રામાં ગોળ ફેરવી રેચિત કરવામાં આવે છે અને આજ પ્રમાણે પાદ, ગ્રીવા તથા કટિ પણ રેચિત કરો અર્થાત્ ગોળ ફેરવો, વૈશાખ સ્થાન ગ્રહણ કરવામાં આવે.છે. રાહુલાચાર્યના મતે પાદ, ગ્રીવા અને કટિનું પૃથક ભ્રમણજ રેચિત છે. આ કરણમાં અંગોનો રેચિત ચેષ્ટા તથા સ્થિતિને કારણે તથા વૈશાખ સ્થાનમાં સ્થિત રહેવાને આધારેજ તેનું વૈશાખ રેચિત નામકરણ થયું છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણ હાથ અને પગ રેચિત રહે છે. આખા શરીરમાં કેવળ ચાર અંગોજ એવા છે જે રેચિત થઇ શકે. (૧) ગ્રીવા (૨) કટિ (૩) હસ્ત (૪) પાદ અને આ ચારે અંગોનાં રેચિત સંચાલન આ કરણમાં પ્રયોજાય છે જે આ કરણની વિશેષતા છે. વૈશાખ સ્થાનના આધારે તેનું નામ વૈશાખ રેચિત પડયું છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિ વૈશાખ સ્થાન સૂચવતી નથી. પાદ અને હસ્ત રેચિત જણાય છે. પાદ 'નૂપુર' અવસ્થામાં અંકિત થયા છે.

## સમ્ભ્રાન્તા

ભરતમુનિના મત પ્રમાણે જો હાથની વ્યાવર્તિત મુદ્રાનો સાથે ઉરુ પૃષ્ઠભાગથી નિકુંચિત અર્થાત સંકોચવામાં આવે તથા ઉરુ આવિધ્ધા ચારીથી યુકત રાખવામાં આવે તો તેને સમ્ભ્રાન્ત કરણ કહે છે.

( અધ્યાય ૪ શ્લોક ૧૬૧)

આ કરણમાં, આવિધ્ધા ચારીમાં બંને પગ ચક્રાકારે ઘુમતા રાખી, હાથ વ્યાવર્તિત તથા પરિવર્તિત કરી, અલપલ્લવ મુદ્રામાં સંચાલિત કરી, ઉરુ ઉપર રાખવામાં આવે છે. તેની યોજના ગભરાતા ગભરાતા ચાલવાના અભિનયમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.


પ્રસ્તુત કરણમાં ચક્રાકાર સંચાલન પ્રયોજાતા હોવાથી તેને સમ્ભ્રાન્ત નામ આપવામાં આવ્યું છે. આ કરણમાં આવિધ્ધ ચારી પ્રયોજાય છે. હસ્ત પરિવર્તિત અને વ્યાવર્તિત હસ્તકરણથી યુકત રહે છે અને અંતે ઉરુ પર રાખવામાં આવે છે.



રેચિત નિકુટ્ટિત



વૈશાખ રેચિત



સંભ્રાન્ત

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં આક્ષિપ્ત ચારી કે પરિવર્તિત અથવા વ્યાવર્તિત હસ્ત - એક પણ લક્ષણ અંકિત નથી. આ કરણ મુખ્યત્વે સંચાલન-પ્રધાન હોવાથી કદાચ મુર્તિમાં આબેહુબ ઉતારવું કઠણ છે.

( ૫ )

વૃશ્ચિકકરણો :

જે કરણોમાં પગ વીંછી આકારમાં રહેતા હોય અને પગની પૃષ્ઠભાગમાં સ્થિતિ પ્રયોજાતી હોય તેને વૃશ્ચિક કરણો અંતર્ગત મુકવામાં આવ્યા છે, જેમાં નીચેના કરણોનો સમાવેશ થાય છે (૧) નિકુંચિત (૨) વૃશ્ચિક કુટ્ટિત (૩) લતાવૃશ્ચિક (૪) વૃશ્ચિક રેચિત (૫) વૃશ્ચિક (૬) લલાટ તિલક (૭) મયુર લલિત અને (૮) સિંહાવર્તિક.

પ્રસ્તુત કરણોમાં મહદ્ અંશે એક પાદ વૃશ્ચિક સ્થિતિમાં રહે છે. કેટલાક કરણોમાં વૃશ્ચિક પાદ પાછળ લઇ જવામાં આવે છે. જેમ કે વૃશ્ચિક કુટ્ટિત, વૃશ્ચિક, લલાટ તિલક કરણમાં. લલાટ તિલક કરણમાં તો વૃશ્ચિક પાદ પાછળ લઇ જઇ ને લલાટને સ્પર્શે તેટલો લંબાવવામાં આવે છે. આ કરણોમાં વિવિધ પ્રકારના હસ્ત પ્રયોજાય છે જેમ કે નિકુંચિત કરણમાં અરાલ હસ્ત, વૃશ્ચિક કુટ્ટિતમાં અલપલ્લવ હસ્ત, લતાવૃશ્ચિક કરણમાં લતાહસ્ત, વૃશ્ચિક રેચિતમાં વિપ્રકીર્ણ હસ્ત, વૃશ્ચિક કરણમાં કુંચિત હસ્ત, લલાટ તિલક કરણમાં પતાક હસ્ત, મયૂર લલિતમાં રેચિત હસ્ત તથા સિંહાવર્તિક કરણમાં પદ્મકોશ તથા ઉર્ણનાભ હસ્ત પ્રયોજાય છે.

નિકુંચિત

નિકુંચિત કરણનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો વૃશ્ચિક કરણમાં બંને પગને રાખી હાથને પડખે ઝુકાવવામાં આવે અથવા પડખાની તરફ સાંકડો કરવામાં આવે તથા જમણા હાથને નાકના ટેરવે વાળવામાં આવે તો નિકુંચિત કરણ બને છે.

( અધ્યાય ૪ શ્લોક ૮૬ )

આ કરણમાં વૃશ્ચિક કરણની સ્થિતિમાં પગ રાખવામાં આવે છે અને પછી એક હાથને મસ્તકના પાર્શ્વ ભાગ સુધી લઇ જઇ અરાલ મુદ્રામાં અને બીજા હાથને નાસિકાની સામેના ભાગ સુધી લઇ જઇ, અરાલ મુદ્રામાં ન્યસ્ત કરવામાં આવે છે. કેટલાક આચાર્ય નાસિકાના અગ્રભાગ સુધી એક હસ્ત પતાક તથા બીજો હાથ સૂચીમુખ મુદ્રામાં રાખવાનું જણાવે છે. તેની યોજના આકાશગમન, મુખ ઉઠાવી વિચાર કરવાના વિતર્ક તથા ધ્યાન કરવાના વાક્યાર્થ અભિનયમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં એક પાદ વૃશ્ચિક રહે છે. એક હાથ વક્ષ:સ્થળ આગળ તથા અન્ય નાકના ટેરવે વાળવામાં આવે છે અને ત્યારે તે અરાલ મુદ્રામાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં એક પાદ વળેલી જાનુ સાથે (નત્ત) સમપાદ અવસ્થામાં તથા અન્ય પાદ પૃષ્ઠગામી અને કમાન સદૃશ રચના માટે ઉંચકાયેલો જોવા મળે છે. બાહુની સ્થિતિ પણ લક્ષણાનુસારી છે. અભિ. નિરુપિત અરાલ હસ્તનું લક્ષણ જોવા મળતું નથી.

<u>વૃશ્ચિક કુટ્ટિત</u>

ભરતમુનિ જણાવે છે તેમ જો વૃશ્ચિક કરણ રજૂ કરી બંને હાથ નિકુટ્ટિત કરવામાં આવે તો વૃશ્ચિક કુટ્ટિત કરણ બને છે. (અધ્યાય ૪ શ્લોક ૧૦૨)

આ કરણમાં એક પગ વૃશ્ચિકકરણમાં રાખવામાં આવે છે અને બે અલપલ્લવ હસ્ત બાહુ અને મસ્તકની સમરેખ અર્થાત ખભાની સામે વારાફરતી નિકુટ્ટિત કરી રાખવામાં આવે છે. આની યોજના વિસ્મય, આકાશગમન તથા ઇચ્છા વિગેરેના વાક્યાર્થ અભિનયમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.


પ્રસ્તુત કરણમાં એક પાદ વૃશ્ચિક અવસ્થામાં પૃષ્ઠગામી રહે છે. બાહુ નિકુંચિત અવસ્થામાં નમાવવામાં આવે છે. અલપલ્લવ હસ્ત સ્કન્ધપ્રદેશમાં રાખવામાં આવે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં પાદ અને જાનુની સ્થિતિ લક્ષણાનુસારી અંકિત થઇ છે પણ હસ્ત તથા બાહુની અલપદ્મ અને રેચિત અવસ્થા નિરુપાયેલી નથી. જો કે હસ્ત સ્કન્ધપ્રદેશમાં રાખવામાં આવ્યા છે.


વૃશ્ચિક કરણ



નિકુંચિત



વૃશ્ચિક કુટ્ટિત



લતા વૃશ્ચિક

## લતાવૃશ્ચિક

લતાવૃશ્ચિક કરણનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે જો એક પગ અંચિત મુદ્રામાં પાછળની બાજુ વાળેલો રાખવામાં આવે તથા ડાબો હાથ 'લતા' મુદ્રામાં હોય અને તેની હથેળી તથા આંગળીઓ સંકોચાયેલી અને ઉર્ધ્વમુખી હોય તો લતાવૃશ્ચિક કરણ બને છે. (અધ્યાય ૪ શ્લોક ૧૦૪)

આ કરણમાં વૃશ્ચિક ચરણ રાખી, ડાબો હાથ લતા મુદ્રામાં રહે છે. તેની યોજના આકાશમાંથી નીચે પડવાના અભિનયમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં એક પાદ વૃશ્ચિક અવસ્થામાં રહે છે જ્યારે હાથ લતા મુદ્રામાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મુર્તિમાં પાદ વૃશ્ચિક અવસ્થામાં અંકિત થયા છે. એક હસ્ત લતામુદ્રામાં તથા અન્ય હાથ પતાક મુદ્રામાં છાતી નજીક રાખવામાં આવ્યો છે.

## વૃશ્ચિક રેચિત

ભરતમુનિના મતે જો વૃશ્ચિક ચરણ પ્રદર્શિત કરી, બંને હાથ સ્વસ્તિક મુદ્રામાં રાખી, રેચિત અને વિપ્રકીર્ણ કરવામાં આવે તો આ કરણ 'વૃશ્ચિક રેચિત કરણ' કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૧૦૬)

આ કરણમાં બંને વૃશ્ચિક ચરણોને ઘુમાવો પાછળ લઇ જવામાં આવે છે તથા બે સ્વસ્તિક હસ્તને રેચિત કરવામાં આવે છે. અર્થાત હંસપક્ષ મુદ્રામાં ઝડપથી ઉપર નીચે ઘુમાવી પછી છૂટા પાડવામાં આવે છે. તેની યોજના આકાશયાન દર્શાવવામાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં પાદ વૃશ્ચિક અવસ્થામાં રહે છે. હસ્ત વિપ્રકીર્ણ મુદ્રામાં રેચિત થાય છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં વૃશ્ચિક પાદ, પગનો અંગૂઠો માથાના પાછલા ભાગને સ્પર્શે તે રીતે ઉંચકેલો અંકિત થયો છે. હસ્ત તથા બાહુનો રેચિત અવસ્થા, બંને બાહુના પૂર્ણ પ્રસાર દ્વારા દર્શાવવામાં આવી છે. છાતી થોડી આગળના ભાગમાં નમેલી જણાય છે જે લક્ષણ ભરતમુનિએ નિરુપ્યું નથી.

## વૃશ્ચિક

વૃશ્ચિક કરણનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છેકે જો બંને હાથને બાહુ તથા મસ્તક પ્રદેશ ઉપર વાળેલા હોય, પગ નમેલો હોય અને પીઠનો પાછળ ગોળ ફેરવીને રાખ્યો હોય અને પીઠ સન્નત હોય તો તે કરણને વૃશ્ચિક કરણ કહે છે.

( અધ્યાય ૪ શ્લોક ૧૦૭ )

આ કરણમાં બંને હાથને બાહુ તથા મસ્તક પ્રદેશ ઉપર વાળેલા રાખવાનો અર્થ એ કે તેમને કરિહસ્ત સ્થિતિમાં રાખવા. આમાં વીંછીની પૂછડીની સમાન પગ પાછળ વાળેલા રાખવામાં આવે છે અને પીઠ નમેલી રાખવામાં આવે છે. એક પગ વૃશ્ચિક સ્થિતિમાં રહેવાને લીધે બીજો પગ પણ નમેલો રાખવો જોઇએ. વૃશ્ચિકકરણના પ્રયોગમાં સદા દૂર સન્નતપૃષ્ઠ (અર્થાત્ પીઠ દૂર સુધી નમેલી રાખવી) ઇષ્ટ છે. તેનો યોજના આકાશયાન અથવા ઐરાવત હાથીનો આકાશગતિમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં એક પાદ આગળ નમેલો તથા બીજો પાછળ લઇ ઉંચો રાખવામાં આવે છે. બંને હાથ કુંચિત અવસ્થામાં સ્કન્ધપ્રદેશમાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં પાદની સ્થિતિ પૂર્ણપણે અંકિત થઇ છે. અભિ. નિરુપિત કરિહસ્ત લક્ષણ નિરુપાયું નથી.

## લલાટતિલક


ભરતમુનિ લલાટતિલક કરણનું લક્ષણ નિરુપતા જણાવે છે કે જો વૃશ્ચિક ચરણ દર્શાવ્યા પછી,પગના અંગૂઠાને લલાટ સુધી લઇ જઇ તેનાથી તિલક અંકન કરવાનો ભાવ દર્શાવવામાં આવે તો તેને લલાટતિલક કરણ કહે છે. (અધ્યાય ૪ શ્લોક ૧૧૦)



વૃશ્ચિક રેચિત



વૃશ્ચિક



લલાટતિલક

આ કરણમાં વૃશ્ચિક ફેચરણને ઘુમાવી, પાછળની બાજુલઇ જઇ, ઉપર ઉઠાવી લલાટ સુધી એવી રીતે લઇ જવામાં આવે છે કે પગનો અંગૂઠો લલાટને સ્પર્શે. આ કરણમાં એક હાથ પતાકમુદ્રામાં તથા હાથ સુધી ઉંચા કરેલા પગના અંગૂઠાને ધારણ કરતો રાખવામાં આવે છે. તેની યોજના વિદ્યાધર (યક્ષ) જેવા પાત્રોની આકાશગતિ બતાવવા કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં વૃશ્ચિક પાદ, તેનો અંગૂઠો લલાટને અડકે એટલી હદ સુધી લંબાવવામાં આવે છે. ઉંચો કરેલા પાદ તરફના હાથને પતાક મુદ્રામાં તથા અન્ય હાથ, લલાટ આગળ સ્થિત પગના અંગૂઠાને ઝાલી રાખતો દર્શાવવામાં આવે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં, વૃશ્ચિક પાદ, ઉરુ, જંઘા તથા જાનુ સીધી રેખામાં રહે છે અને માત્ર ચરણ લલાટને સ્પર્શવા વળે એવો દર્શાવવામાં આવ્યો છે. પગના અંગૂઠાને પકડી રાખતો હાથ, સ્પષ્ટપણે અંકિત થયો છે. બીજો હાથ પતાક મુદ્રામાં છે.

## મયૂર લલિત

મયૂરલલિત કરણનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો વૃશ્ચિક કરણ દર્શાવો, બંને હાથને રેચિત તથા ત્રિકને (ભ્રમરી ચારીના લક્ષણ અનુસાર) એક વાર ગોળ ફેરવવામાં આવે તો મયૂરલલિત કરણ બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૪૦)

આ કરણમાં વૃશ્ચિક પાદ રાખી, બંને રેચિત હસ્તને હંસપક્ષ મુદ્રામાં ઝડપથી વેગ સાથે ચક્કર મારતા - ગોળ ફરતા રાખવામાં આવે છે. પછી પગ (જાંઘ) સંકોરી ભ્રમરી ચારીમાં રાખવામાં આવે છે. આ ક્રિયા મયૂર નૃત્યનું અનુકરણ કરનારી હોવાથી આ કરણનું નામ 'મયૂરલલિત' રાખવામાં આવ્યું છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં પાદ વૃશ્ચિક અવસ્થામાં રહે છે. પણ તેમની સાથળ સ્વસ્તિક રહે છે. હસ્ત રેચિત અવસ્થામાં મુક્તપણે સંચાલન કરે છે. ત્રિક વિવર્તિત રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મુર્તિમાં પાદ વૃશ્ચિક અવસ્થામાં છે તથા હસ્ત અને બાહુ પૂર્ણપણે પ્રસરેલા તથા ત્રિક વિવર્તિત છે.

સિંહાકર્ષિતક

ભરતમુનિ જણાવે છે તેમ જો પગ પાછળ હટાવવામાં આવે, હાથ નમાવવામાં આવે અને સામે ગોળ ફેરવી ફરી પાછા નમાવવામાં આવે (પાઠાન્તર પ્રમાણે શરીર ગોળ ઘૂમે જેમાં શરીર/હાથ સામે અને પાછળ નમેલું રહે) તો તેને સિંહાકર્ષિતક કરણ કહે છે.
( અધ્યાય ૪ શ્લોક ૧૫૦)

આ કરણમાં વૃશ્ચિક ચરણને, એક બાજુ રાખી, તેને સ્વસ્તિક કરવામાં આવે છે તથા હાથ પદ્મકોશ મુદ્રામાં રાખી, ઊર્ણનાભ મુદ્રામાં લઇ જઇ, નિકુંચિત કરતાં કરતાં ઉપર નીચે લંબાવવામાં આવે છે. પછી બીજી બાજુથી વૃશ્ચિક ચરણને પાછળ રાખી, આ પ્રક્રિયા દોહરાવવામાં આવે છે અને બાહુ નિકુંચિત કરી, પૂર્વ સ્થિતિથી વિપરીત દિશામાં લઇ જવામાં આવે છે. સિંહ સદૃશ ચેષ્ટાઓના અભિનયમાં આ કરણની યોજના કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં એક પાદ વૃશ્ચિક અવસ્થામાં રહે છે. બાહુ નિકુંચિત અવસ્થામાં નમેલા રહે છે હસ્ત પદ્મકોશ અથવા ઊર્ણનાભ હસ્તમુદ્રામાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં વૃશ્ચિક પાદ અંકિત થયો છે પણ અભિ. નિકુંચિત ઊર્ણનાભ અને પદ્મકોશ હસ્તની જગ્યાએ દણ્ડપાદ હસ્ત જોવા મળે છે.

( ૬ )

સ્થાન કરણો :

જે કરણોનું નામકરણ 'સ્થાન'ના આધારે થયું છે અથવા જેમાં સ્થાનનો વિનિયોગ થયો છે તેને આ વર્ગમાં સમાવવામાં આવ્યા છે. તેમાં નીચેના કરણો મુકવામાં આવ્યા છે.
(૧) વ્યંસિત (૨) નિવેશ (૩) લોલિત.

આ અગાઉ વર્ણવવામાં આવેલા 'મંડળ સ્વસ્તિક' તથા 'વૈશાખ રેચિત' કરણો પણ સ્થાનથી નિષ્પન્ન થયેલા કરણો છે. તેને પણ આ વર્ગમાં મૂકી શકાય પણ પુનરાવર્તનના ભયથી તેનો અહીં સમાવેશ કરવામાં આવ્યો નથી.

વ્યંસિત અને લોલિત કરણમાં બાહુ રેચિત રહે છે. વ્યંસિત કરણમાં વિપ્રકીર્ણ



મયૂર લલિત



સિંહાવર્તિક

નૃત્તહસ્ત તથા લોલિત કરણમાં અંચિત હસ્ત રહે છે. તથા નિવેશ કરણમાં હાથ વક્ષ:સ્થિત રહે છે. નિવેશ કરણમાં વક્ષ:આભુગ્ન તથા પાર્શ્વ નત અને લોલિત કરણમાં શિર લોલિત રહે છે.

## વ્યંસિત

ભરતમુનિના મતે જો આલીઢસ્થાન દર્શાવ્યા પછી બંને હાથ વક્ષ:સ્થલ ઉપર રેચિત મુદ્રામાં રાખવામાં આવે અને તે ઉપર નીચે હાલતા રહે (ઉર્ધ્વઅધોવિપ્રકીર્ણ) તો તે કરણ વ્યંસિત કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૧૦૮)

આ કરણમાં આલીઢ સ્થાનનો પ્રયોગ કરવામાં આવે છે. તર્જનીને ઉદ્વેષ્ટિત કરણ દ્વારા વિપ્રકીર્ણ સ્થિતિમાં ચકાકાર કરી, એક હાથ નીચે ઘુમે છે અને બીજો હાથ આ પ્રમાણે લઇ વક્ષ:સ્થલ ઉપર રાખવામાં આવે છે. રેચિત હાથમાંની એકની હથેલી ઉર્ધ્વ અને બીજાની અધોમુખી રાખવામાં આવે છે અને વારાફરતી ઉપર નીચે જતી વેળા કંપિત સ્થિતિમાં રહે છે. તેની યોજના હનુમાન જેવા મહાવીર પાત્રનું પરાક્રમ દર્શાવવામાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણ આલીઢ સ્થાનમાથી નિષ્પન્ન થાય છે. બાહુ રેચિત તથા હસ્ત વિપ્રકીર્ણ નૃત્ત હસ્ત મુદ્રામાં તથા ઉદ્વેષ્ટિત રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં આલીઢ સ્થાન અંકિત છે પણ પાદ વચ્ચે પાંચ તાલનું અંતર નથી અને પગ પણ પૂરતો લંબાવવામાં આવ્યો નથી. હસ્ત વક્ષ ઉપર સ્વસ્તિક સ્થિતિમાં અંકાયેલા છે.

## નિવેશ

ભરતમુનિના જણાવ્યા પ્રમાણે જો બંને હાથ, નિર્ભુગ્ન વક્ષ:સ્થલ ઉપર રાખી, મણ્ડલસ્થાનક દર્શાવવામાં આવે તો તેને નિવેશ કરણ કહે છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૫૬)

આ કરણમાં મણ્ડલસ્થાનના લક્ષણ અનુસાર ચાર તાલના અંતરથી પગ રાખી, નિર્ભુગ્ન અવસ્થામાં રહેલા વક્ષ ઉપર બંને હાથ કટકામુખ મુદ્રામાં રાખવામાં આવે છે. હાથો

અને ઘોડા જેવા વાહન ઉપર સવારી કરવાના ભાવમાં આ કરણની યોજના કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણ મણ્ડલ સ્થાનમાંથી નિષ્પન્ન થાય છે. વક્ષ (છાતી) નિર્ભુગ્ન રહે છે. પાર્શ્વ ઉન્નત રહે છે. હાથ વક્ષ ઉપર સ્થિત રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મુર્તિમાં મણ્ડલ સ્થાન અંકિત થયું નથી કે વક્ષની આભુગ્ન સ્થિતિ કે પાર્શ્વની ઉન્નત અવસ્થા પણ નિરુપાયેલી નથી. હસ્ત વક્ષ પર સ્થિત છે.

## લોલિત

ભરતમુનિના જણાવ્યાનુસાર જો બંને અંચિત હાથ બે પડખે રેચિત મુદ્રામાં રાખી મસ્તક લોલિત અને વર્તિત મુદ્રામાં રાખવામાં આવે તો તેને લોલિત કરણ કહે છે.

( અધ્યાય ૪ શ્લોક ૧૬૫)

આ કરણમાં વૈષ્ણવસ્થાનમાં રહી દક્ષિણ હસ્તને રેચિત કરી (અર્થાત હંસપક્ષ મુદ્રામાં ઝડપથી ઘુમાવી) વામ હસ્ત અંચિત અર્થાત્ અલપલ્લવ મુદ્રામાં વક્ષ ઉપર રાખવામાં આવે છે તથા મસ્તકને લોલિત સ્થિતિમાં બંને પડખે વિશ્રામપ્રાવસ્થામાં રાખવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ વૈષ્ણવ સ્થાનમાંથી નિષ્પન્ન થાય છે. બાહુ રેચિત તથા હાથ અંચિત અને શિર લોલિત રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મુર્તિમાં વૈષ્ણવ સ્થાન અંકિત નથી. પાદ સ્વસ્તિક અવસ્થામાં તથા હાથ વક્ષ નજીક રાખવામાં આવ્યા છે.

( ૭ )


## ચારી કરણો :

વિવિધ ચારીમાંથી નિષ્પન્ન કરણોનો સમાવેશ 'ચારી કરણો' અંતર્ગત કરવામાં આવ્યા છે. તેમાં નીચેના કરણો મુકી શકાય. (૧) અપવિદ્ધ (૨) આલાતક (૩)ભુજંગત્રાસિત

સ્થાન કરણ



વ્યંસિત



નિવેશ



લોલિત

(૪) ઉર્ધ્વજાનુ (૫) મત્તલ્લિ (૬) અર્ધમત્તલ્લિ (૭) દણ્ડપક્ષ (૮) ભુજંગત્રસ્તરેચિત (૯) નૂપુર (૧૦) ભ્રમરક (૧૧) ભુજંગાચિંત (૧૨) દણ્ડકરેચિતક (૧૩) ક્રાન્તક (૧૪) ચક્રમંડળ (૧૫) આક્ષિપ્ત (૧૬) દોલાપાદ (૧૭) વિનિવૃત્ત (૧૮) પાર્શ્વક્રાન્ત (૧૯) વિધુદ્ભ્રાન્ત (૨૦) અતિક્રાન્ત (૨૧) પાર્શ્વજાનુ (૨૨) સૂચી (૨૩) અર્ધસૂચી (૨૪) સૂચીવિદ્ધ (૨૫) અપક્રાન્ત (૨૬) દણ્ડપાદ (૨૭) હરિણપ્લુત (૨૮) પ્રેંખોલિત (૨૯) નિતમ્બ (૩૦) સ્ખલિત (૩૧) સિંહવિક્રીડિત (૩૨) ઉદ્વૃત્ત (૩૩ ઉપસૃતક (૩૪) તલસંઘટ્ટિત (૩૫) જનિત (૩૬) અવહિત્થક (૩૭) એલકાક્રીડિત (૩૮)ઉરુદવૃત્ત (૩૯) મદસ્ખલિતક (૪૦) વિષ્ણુક્રાન્ત (૪૧) વૃષભક્રીડિત (૪૨) શકટાસ્ય (૪૩) ગંગાવતરણ.

ભૌમી ચારીઓ ઉપર આધારીત અથવા તેમાંથી નિષ્પન્ન કરણોમાં શકટાસ્ય, (શકટાસ્ય) એડકાક્રીડિત (એડકાક્રીડિતા) ઉરુદવૃત્ત (ઉરુદવૃત્તા) જનિત (જનિતા) તથા મત્તલ્લિ અને અર્ધમત્તલ્લિ (બનેમાં મત્તલ્લિ) છે. આ ઉપરાંત અન્ય વર્ગમાં મુકવામાં આવેલ કરણોમાં સમનખમાં સમપાદા તથા આર્વત્ત, ચક્રમણ્ડલ, અવહિત્થક કરણોમાં અનુક્રમે સ્થિતાવર્તા, ચાષગતિ, અડ્ડિતા તથા જનિતા તથા સ્વસ્તિક તેમજ નિતમ્બ કરણમાં બધ્ધા ચારીનો પ્રયોગ થયો છે.

આકાશિકી ચારીઓથી નિષ્પન્ન કરણોમાં ક્રાન્તક (અતિક્રાન્તા) અતિક્રાન્ત (અતિક્રાન્તા, અપક્રાન્ત (અપક્રાન્તા), પાર્શ્વક્રાન્ત (પાર્શ્વક્રાન્તા), ઉર્ધ્વજાનુ (ઉર્ધ્વજાનુ), સૂચી (સૂચી) અર્ધસૂચી (સૂચી) સૂચીવિદ્ધા (સૂચી), નૂપુર (નૂપુરપાદિકા,) દોલપાદ (દોલપાદા), આક્ષિપ્ત (આક્ષિપ્તા), ઉદવૃત્ત (ઉદ્વૃત્તા ) વિધુદભ્રાન્તા (વિધુદ્ભ્રાન્તા) અલાતક (અલાતા) ભુજંગત્રાસિત (ભુજંગત્રાસિતા), હરિણપ્લુત (હરિણપ્લુતા), દણ્ડપાદ (દણ્ડપાદા), તથા ભ્રમર (ભ્રમરી) ગણાવી શકાય.

આ ઉપરાંત અન્ય વર્ગમાં મુકાયેલા કરણોમાં - તલસંસ્ફોટિતમાં અતિક્રાન્તા, દણ્ડપક્ષમાં ઉર્ધ્વજાનુ, ગજક્રીડિતમાં, સ્ખલિતમાં તથા તલસંઘટ્ટિતમાં દોલાપાદ, વલિતોરુ,

અપવિધ્ધા, ઉપસૃતકમાં આક્ષિપ્તા, સિંહ વિક્રીડિત તથા વૃષભક્રીડિતમાં અલાતા, ઉન્મત્ત તથા સમ્ભ્રાન્તમાં આવિધ્ધા, વિક્ષિપ્તમાં વિદ્યુદ્ભ્રાન્તા, ભુજંગત્રસ્ત રેચિત તથા ભુજંગઅંચિતમાં ભુજંગત્રાસિતા, સન્નતમાં હરિણપ્લુતા, દણ્ડકરેચિતમાં દણ્ડપાદા, કટિભ્રાન્તામાં તથા ગણ્ડસૂચીમાં સૂચી વિગેરે આકાશિકી ચારીઓનો પ્રયોગ થયો છે.

અનેક કરણોમાં એકથી વધારે ચારીઓનો પ્રયોગ થયો છે. તે આ પ્રમાણે છે. ઉરોમણ્ડલ :- બધ્ધા તથા સ્થિતવર્તા, ઘૂર્ણિત - બધ્ધા તથા અપક્રાન્તા, વિનિવૃત્ત - બધ્ધા તથા સૂચી, પરિવૃત્ત - સૂચી, બધ્ધા, ભ્રમરી, અપક્રાન્ત - બધ્ધા તથા અપક્રાન્તા, મદસ્ખલિતક - બધ્ધા તથા આવિધ્ધા, નાગાપસર્પિત - બધ્ધા તથા અપક્રાન્તા, તલસંસ્ફોટિત - અતિક્રાન્તા તથા દણ્ડપાદી, હરિપપ્લુત - અતિક્રાન્તા તથા હરિણપ્લુતા, પૃષ્ઠ સ્વસ્તિક - સૂચી તથા અપક્રાન્તા, અલાતક - અલાતા તથા ઉર્ધ્વજાનુ, દોલપાદ - ઉર્ધ્વજાનુ તથા દોલપાદા, વલિત - સૂચી તથા ભ્રમરી, દણ્ડપાદ - નુપુરપાદિકા તથા દણ્ડપાદા, પ્રેંખોલિત - લોલપાદા તથા ભ્રમરી, ભ્રમરક - આક્ષિપ્તા તથા ભ્રમરી, વિક્ષિપ્તાક્ષિપ્ત - આક્ષિપ્તા તથા આવિધ્ધા, વિવૃત્ત - ભ્રમરી તથા આક્ષિપ્તા, ઉદવૃત્ત - આવિધ્ધા, ઉદ્વૃત્તા તથા ભ્રમરી, વિક્ષિપ્ત - દણ્ડપાદા તથા વિદ્યુદ્ભ્રાન્તા, હરિણપ્લુત - અતિક્રાન્તા તથા હરિણપ્લુતા, સન્નત - બધ્ધા તથા હરિણપ્લુતા.

અન્ય વર્ગમાં મુકવામાં આવેલા આ કરણોમાં કરણના વિશિષ્ટ ગુણ અનુરુપ એક પ્રધાન ચારી હોય છે અન્ય ગૌણ. જેમ કે હરિણપ્લુત કરણમાં હરિણપ્લુતા પ્રધાન ચારી છે અને અતિક્રાન્તા ગૌણ.

'ચારી-કરણો'માં ચારીની પ્રધાનતા રહે છે એ વાત સાચી પણ તેમાં ચારીના અંગભૂત - ચરણ, જંઘા, જાનુ, ઉરુ તથા કટિના સંચાલન ઉપરાંત હસ્તપ્રચાર તથા વિવિધ હસ્તકરણ તેમજ હસ્તમુદ્રાઓના પણ સંચાલન રહે છે. સાથે સાથે શિર, વૃક્ષઃ વિગેરે અન્ય અંગોની પણ વિવિધ ગતિ રહે છે, જેની ચર્ચા અત્રે સમાવી લેવામાં આવી છે.

## અપવિધ્ધ

ભરતમુનિના મતે જો (જમણો) હાથ શુકતુણ્ડ મુદ્રામાં રાખી (જમણો) ઉરુ પર રાખવામાં આવે અને ડાબો હાથ વક્ષ:સ્થલ ઉપર રહે તો અપવિધ્ધ કરણ કહેવાય છે.
(અધ્યાય ૪ શ્લોક ૬૪)

આ કરણમાં હાથનેચતુરસ્ સ્થિતિમાં રાખી, (જમણા હાથને) ગોળ ચકાકારે બહાર કાઢી પછી આક્ષિપ્તા ચારીમાં રાખવામાં આવે છે. આ જમણા હાથને શુકતુણ્ડ મુદ્રામાં ઉરુ ઉપર ન્યસ્ત કરવામાં આવે છે. તેની યોજના અસૂયા તથા ક્રોધના ભાવમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણ બધ્ધા ચારીમાંથી નિષ્પન્ન થાય છે એવો પણ મત છે. (કપિલા વાત્સ્યાયન) અભિનવગુપ્ત 'આક્ષિપ્તા ચારી'નો પ્રયોગ સૂચવે છે. હસ્ત શુકતુણ્ડ તથા કટકામુખ રહે છે તથા બાહુ અપવિધ્ધ રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં બાહુ અપવિધ્ધ છે પણ હસ્ત શુકતુણ્ડ કે કટકામુખ મુદ્રામાં સ્પષ્ટપણે અંકિત નથી.

## અલાતક

ભરતમુનિના મતે જો આલાત ચારી કરતાં સીધા હાથને ખભાથી નીચે લઇ જવામાં આવે અને પછી ઉર્ધ્વજાનુ ચારી (બંને હાથ પગ વડે વારાફરતી) કરવામાં આવે તો અલાતક કરણ કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૭૮)

આ કરણમાં, દક્ષિણ ચરણથી અલાતા ચારી પ્રસ્તુત કરી, દક્ષિણ હસ્તને નિતમ્બ હસ્ત બનાવી,ચતુરસ્ કરવામાં આવે છે. વામ ચરણથી ઉર્ધ્વજાનુ ચારી અને પછી અલાત ચારી પ્રયોજવામાં આવે છે અને દક્ષિણ હસ્તને નિતમ્બ મુદ્રામાં રાખી ચતુરસ્ કરવામાં આવે છે. તેના આરંભમાં, બંને હાથ ખભાની સમરેખ અને અને નીચેની તરફ લાંબા રાખવામાં આવે છે. ઉર્ધ્વજાનુના પ્રયોગને લીધે, ઘૂંટણ ઉપર લઇ જવામાં આવતાં

હોવાથી અને તેના સંચાલનનો ક્રમ મહત્વનો હોવાથી તથા અલાતા ચારીનો પ્રયોગનું પુનરાવર્તન થતું હોવાથી આ કરણનું નામ 'અલાતક' રાખવામાં આવ્યું છે. તેની યોજના લલિતભાવવાળા નૃત્તમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં અલાતા ચારી ની પ્રારંભે યોજના કરવામાં આવે છે તથા અંતે ઉર્ધ્વજાનુની. જાનુની પાર્શ્વગતિ અગત્યનું લક્ષણ છે. હસ્ત આરંભમાં ખભાની કક્ષાએ અને અંતે નીચે પ્રસરેલા રાખવામાં આવે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં ઉર્ધ્વજાનુ ચારી અંકિત થઇ છે. હસ્ત પણ નીચે પ્રસરેલા દર્શાવવામાં આવ્યા છે.


## ભુજઙ્ગત્રાસિત

ભરતમુનિના કથનાનુસાર જો કુંચિત મુદ્રામાં સ્થિત બંને પગને ઉપર ઉછાળવામાં આવે, તેને ત્ર્યસ્ર ફેરવવામાં આવે અને તેજ ક્રમમાં કટિ અને જાનુ પણ ગોળ ફેરવવામાં આવે તો ભુજંગત્રાસિત કરણ બને છે. (અધ્યાય ૪ શ્લોક ૬૪)

આ કરણમાં ચરણના પ્રયોગ અનુરૂપ (અર્થાત ચરણોની ગતિનું અનુસરણ કરનાર) હસ્ત વ્યાવૃત્ત અને પરિવૃત્ત કરવામાં આવે છે અને પછી વારાફરતી એકને દોલાહસ્ત અને બીજાને કટકામુખ મુદ્રામાં રાખવામાં આવે છે. આ પ્રમાણે અર્થાનુસારી હસ્તપાદ પ્રયોગના સામ્યને કારણે ચારીનું નામ પણ ભુજંગત્રાસિતા રાખવામાં આવ્યું છે. આ કરણની, તેના નામ પ્રમાણે, સાપથી ડરવાના ભાવના અભિનયમાં યોજના કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

'સંગીત રત્નાકર' પ્રમાણે આ કરણનો આરંભ ભુજંગત્રાસિતા ચારીમાં કુંચિત પાદને ઉપર ઉઠાવીને કરવામાં આવે છે. પછી પાદ, ઉરુ, કટિ તેમજ જાનુ ત્ર્યસ્ર ફેરવી હાથને પગની ગતિ અનુસાર વ્યાવૃત્ત અને પરિવૃત્ત કરવામાં આવે છે અને પછી એક હાથ દોલા અને બીજો હાથ કટકામુખ મુદ્રામાં રાખી કરણ સમાપ્ત કરવામાં આવે છે.

## ચારી કરણ



અપવિધ્ધ



અલાતક



ભૂજંગ ત્રાસિત

પ્રસ્તુત કરણ ભુજંગત્રાસિતા ચારીઓથી નિષ્પન્ન થયું છે. એક કુંચિત પાદ ઊંચો રાખવામાં આવે છે. ઉરુ વિવર્તનયુકત રહે છે. બાહુ 'કરિહસ્ત'માં રહે છે. જાનુ, કટિ, ઉરુ, તમામ ત્રાંસા ફેરવવામાં આવે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં જમણો પગ ઉપર ઊંચકાયેલો છે. બાહુ કરિહસ્તમાં છે.

## ઊર્ધ્વજાનુ

ભરતમુનિના મત પ્રમાણે જો કુંચિત પાદ ઉપર ઉછાળવામાં આવે (ઉત્ક્ષિપ્ત) ઘૂંટણ ઉપર છાતીની સમરેખ ઊંચા કરવામાં આવે તથા બંને હાથ નૃત્યના પ્રયોગની અનુકુળ અર્થાત તાલ નાદની અનુકુળ રહે તો ઊર્ધ્વજાનુ કરણ બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૮૫)

આ કરણમાં ચરણને કુંચિત કરતી વેળા તેની તરફના એક હાથને પણ કુંચિત કરી સ્તનપ્રદેશ ઉપર તેની સામે અથવા ઘૂંટણની ઉપર અલપલ્લવ મુદ્રામાં ઉપરની તરફ હથેળી કરી અથવા અરાલ મુદ્રામાં આ પ્રમાણે રાખવામાં આવે છે. ઘૂંટણને પક્ષવંચિત દ્વારા છાતીની સમરેખ લાંબા કરી ઉપર ઉઠાવવામાં આવે છે અને અંતે બીજા હાથને કટકામુખ મુદ્રામાં વક્ષ ઉપર સ્થાપિત કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં પાદ ઊર્ધ્વજાનુ ચારીની સમાન રહે છે. જો કે હાથ અને બાહુની ચોક્કસ સ્થિતિ નિરુપવામાં આવી નથી.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં પાદ ઊર્ધ્વજાનુ ચારીની સમાન અંકિત છે. એક હસ્ત લતા મુદ્રામાં તથા અન્ય હસ્ત વક્ષ નજીક પતાક મુદ્રામાં છે.

## મત્તલ્લિ

ભરતમુનિના મતે પ્રમાણે જો ડાબા અને જમણા પગથી ગોળ ચક્કર મારી પગને જમીન પર પછાડવામાં આવે તથા નૃત્ય કરતાં બંને હાથ ઉદ્વેષ્ટિત અને અપવિદ્ધ ગતિ પ્રદર્શીત કરે તો તેને મત્તલ્લિ કરણ કહેવામાં આવે છે.

( અધ્યાય ૪ શ્લોક ૮૭)

આ કરણમાં આ નામની અર્થાત મત્તલ્લિ ચારીમાં સ્થિતિ ધારણ કરવામાં આવે છે. જેમાં ગોળ ફરતા પગથી ચક્કર લગાવી એક પગ બીજા પગની ઘૂંટી પાસે સ્વસ્તિક કરી રાખવામાં આવે છે. આ સમયે બંને હાથ નિતમ્બ મુદ્રામાં ગોળ ચક્કર લઇ પાસે આવે ત્યારે ઝટકાથી ઉછાળવામાં આવે છે. આ ક્રમનું વારંવાર પુનરાવર્તન કરવામાં આવે છે, જેમાં એક સાથે નિતમ્બહસ્ત મુદ્રામાં બંને હાથ ઉદ્વેષ્ટિત કરી અપવિદ્ધ ગતિમાં સંચાલિત કરવામાં આવે છે. મત્તલ્લિ શબ્દની વ્યુત્પત્તિ છે '' મત્ત મદનં તનોતીતિ મત્તલ્લિ અર્થાત જે મદ એટલે કે મદનનો વિસ્તાર કરતું હોય તેને (કરણને) મત્તલ્લિ કહેવામાં આવે છે. તેની યોજના મદમત્ત પાત્રના અભિનયમાં કરવામાં આવે છે. (દા.ત. 'નાગાનન્દ' નાટકમાં આવતું શેખરકનું પાત્ર ) એવો અભિનવગુપ્તનું મંતવ્ય છે.

પ્રસ્તુત કરણમાં પાદની ગતિ 'મત્તલ્લિ' ચારી અનુસાર થાય છે. અહીં પગની ચક્રાકાર ગતિ ઉપર વિશેષ ભાર મુકવામાં આવે છે. બાહુ અપવિદ્ધ તથા હસ્ત ઉદ્વેષ્ટિત ગતિમાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં અંકિત સંચાલન સહેલાઇથી મત્તલ્લિ તરી કે ઓળખી શકાય તેમ નથી. તે કરણની આરંભની કે અંતની નહિ પણ વચ્ચેની સ્થિતિ નિરુપે છે. પગ કુંચિત છે. એક હાથ વક્ષની નજીક તથા બીજો કટિ પર સ્થિત છે. પગની ચક્રાકાર ગતિ કે હસ્તની ઉદ્વેષ્ટિત તથા બાહુની અપવિદ્ધ ગતિ અંકિત થઇ નથી, કેમકે તે મૂર્તિકાર માટે અશક્ય છે.


### અર્ધમત્તલ્લિ

ભરતમુનિના મતાનુસાર જો બંને પગને સ્ખલિત ચરણમાં અપસૃત કરવામાં આવે અને ડાબા હાથથી 'રેચિત' કરી જમણો હાથ કટિ ઉપર રાખવામાં આવે તો અર્ધમત્તલ્લિ કરણ બને છે. (અધ્યાય ૪ શ્લોક ૮૮)


આ કરણમાં સ્ખલિત ચરણોને પાછળ હટાવી ડાબો હાથ હંસપક્ષ મુદ્રામાં જોરથી ફેરવી રેચિત કરવામાં આવે છે તથા જમણો હાથ કટિ ઉપર ન્યસ્ત કરવામાં આવે છે.



ઊર્ધ્વજાનુ



મત્તલ્લિ



અર્ધ મત્તલ્લિ

આ કરણ મત્તલ્લિકરણથી ઉત્પન્ન થાય છે, જેમાં પાદ પ્રસારણ - સંકોચનની વિશિષ્ટતા રહેલી છે. આની યોજના તરુણ મદમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ મત્તલ્લિ ચારીમાંથી નિષ્પન્ન થયું છે પણ અહીં પગના પ્રસારણ અને સંકોચન ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. રેચિત નૃત્ત હસ્ત લંબાવવામાં આવે છે તથા ડાબો હાથ નિતમ્બપ્રદેશ પર સ્થિત રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મુર્તિમાં ડાબો પગ કુંચિત છે. ડાબો હાથ લતા મુદ્રામાં લંબાવવામાં આવ્યો છે. રેચિત હસ્ત દોલાહસ્ત રુપે નિરુપવામાં આવ્યો છે. પગના પ્રસારણ અને સંકોચન, ગતિ નિરુપતા હોવાથી અંકિત થયા નથી.

## દણ્ડપક્ષ

ભરતમુનિ દણ્ડપક્ષ કરણનું લક્ષણ નિરુપતા કહે છે કે જો ઉર્ધ્વજાનુ ચારી પ્રદર્શિત કરી, બંને લતા મુદ્રાવાળા હાથ ઘૂંટણ ઉપર રાખવામાં આવે તો નૃત્તવેત્તાજન (નૃત્તવેદિભિ:) આ કરણને 'દણ્ડપક્ષ' કહે છે.

(અધ્યાય ૪ શ્લોક ૯૪)

આ કરણમાં, ઉર્ધ્વજાનુ ચારીમાં સ્થિત રહી, બે લત્તા હસ્ત પ્રદર્શિત કરી, એક લતા હસ્ત, તેની તરફના ઘૂંટણ ઉપર અને બીજો બીજી તરફના ઘૂંટણ આજુ રીતે રાખવામાં આવે છે. આ પ્રમાણે એક બાજુ પક્ષ સીધો (દંડવત) રહેતો હોવાને લીધે આ કરણનું નામ દણ્ડપક્ષ રાખવામાં આવ્યું છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ ઉર્ધ્વજાનુ ચારીમાંથી નિષ્પન્ન થાય છે. હસ્ત 'દણ્ડપક્ષ નૃત્તહસ્ત' મુદ્રામાં રહે છે. બાહુ લતાહસ્તમાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મુર્તિમાં ઉર્ધ્વજાનુ ચારીના આરંભે થતી જાનુની સ્થિતિ અંકિત થયેલી છે પણ પગ ઉંચો કરવામાં આવ્યો નથી. હસ્ત દણ્ડપક્ષ મુદ્રામાં તથા બાહુ લતાહસ્તમાં છે.

### ભુજંગ-ત્રસ્ત રેચિત

ભરતમુનિના મત પ્રમાણે જો ભુજંગત્રાસિત ચારી પ્રદર્શિત કરી, બંને હાથ રેચિત મુદ્રામાં રાખી, તેને ડાબા પડખે વાળવામાં આવે તો આ કરણને ભુજંગ ત્રસ્ત રેચિત કહે છે.
(અધ્યાય ૪ શ્લોક ૯૫)

આ કરણમાં ભુજંગત્રાસિતા ચારીમાં સ્થિત રહી, બંને હંસપક્ષ હસ્ત રેચિત કરી અર્થાત્ જોરથી ચક્કર લગાવો, વામકુક્ષિને ગોળ ફેરવવામાં આવે છે અર્થાત્ તેને ડાબી બાજુ લઇ જવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ ભુજંગત્રાસિત ચારીમાંથી નિષ્પન્ન થયેલું છે. જો કે તેમાં ચક્રાકાર ગતિ ઉપર વિશેષ ભાર મુકવામાં આવતો હોવાથી તેને 'રેચિતકરણો'ના વર્ગમાં પણ મુકી શકાય. હસ્ત આરંભમાં રેચિત તથા અંતે પાર્શ્વસ્થિત રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મુર્તિ, રેચિત પછીની કરણની અંતિમ સ્થિતિ નિરુપે છે. શરીર કે પાદની ચક્રાકાર ગતિ અંકિત થઇ નથી. પાદ સમપાદ અવસ્થામાં તથા બે પાદ વચ્ચે થોડું અંતર રહે તે રીતે નિરુપવામાં આવ્યા છે. એક બાજુ કટિહસ્ત મુદ્રામાં તથા અન્ય સ્વપાર્શ્વમાં લંબાયેલો જણાય છે.

### નૂપુર

ભરતમુનિ નૂપુર કરણનું લક્ષણ નિરુપતા કહે છે કે જો ત્રિકને આકર્ષક રીતે (ભ્રમરી ચારીમાં) ગોળ ફેરવવામાં આવે, (સુવલિતં) બંને હાથ લતા અને રેચિત મુદ્રાથી યુક્ત હોય અને પગ દ્વારા નુપૂરપાદ ચારી રજૂ થાય તો નૂપુર કરણ બને છે.
(અધ્યાય ૪ શ્લોક ૯૬)

આ કરણમાં, ભ્રમરી ચારીમાં ત્રિકને સૌષ્ઠવપૂર્ણ રીતે ગોળ ફેરવો, એક પાદને નુપૂરપાદિકા ચારીમાં રાખો તે બાજુના હાથને હંસપક્ષ મુદ્રામાં રેચિત કરી, બીજી બાજુના હાથને લતા મુદ્રામાં રાખવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.



દંડપક્ષ



ભૂજંગત્રસ્તારેચિત



નૂપુર

પ્રસ્તુત કરણમાં આરંભે, ભ્રમરી ચારી તથા અંતે, નૂપુરપાદિકા ચારી રહે છે. હસ્ત 'લતારેચિત' મુદ્રામાં રહે છે તથા બાહુ ખભાની કક્ષા કરતાં ઉપર રહે છે. ત્રિક ગોળ ફેરવવામાં આવે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં જમણો કુંચિત પાદ ડાબા પાદની પાછળ લઇ જવામાં આવ્યો છે. બાહુ લતા મુદ્રામાં લંબાવેલા સ્પષ્ટપણે જણાય છે.

## ભ્રમરક

ભરતમુનિ ભ્રમરક કરણનું લક્ષણ નિરુપતા જણાવે છે કે જો સ્વસ્તિક પાદને આક્ષિપ્ત ચારીમાં રાખી, હાથને ઉદ્વેષ્ટિત અવસ્થામાં રાખવામાં આવે (ગોળાકાર ફેરવતાં) અને ત્રિકને ચારે બાજુ (ભ્રમરી ચારી અનુસાર) ઘુમાવવામાં આવે તો ભ્રમરક કરણ બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૯૮)

આ કરણમાં આક્ષિપ્તા ચારીમાં એક બાજુના પગને રાખવાની સાથે હાથ ઉદ્વેષ્ટિત મુદ્રામાં રાખી, ત્રિકને ગોળ ઘુમાવી, પગથી સ્વસ્તિક કરવામાં આવે છે. પછી આ પ્રમાણે બીજી બાજુના પગને સ્વસ્તિક કરવામાં આવે છે. વારાફરતી તેના પ્રયોગ કરવામાં આવે છે. તેની યોજના ઉદ્ધત પરિક્રમણમાં કરવામાં આવે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ ભ્રમરી ચારીમાંથી નિષ્પન્ન થાય છે. જાનુ તથા પાદ સતત આક્ષિપ્ત તથા સ્વસ્તિક સ્થિતિમાં રહે છે. હસ્ત ઉદ્વેષ્ટિત હસ્તકરણયુક્ત રહે છે. ત્રિક ગોળ ફરે છે તથા ઉરુ 'વલન' અવસ્થામાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિ કરણની આરંભની સ્થિતિ નિરુપે છે કે જેમાં જાનુ અને પાદના સ્વસ્તિક વડે ઉદ્ભવતી જાનુની 'ક્ષિપ્ત સ્વસ્તિક અવસ્થા' અંકિત થયેલી છે. હસ્ત વક્ષપ્રદેશમાં સ્થિત છે. ભ્રમરી ચારી અને આક્ષિપ્તા ચારીમાં ગોળ ફરતા ત્રિકની અવસ્થા પણ સ્પષ્ટપણે નિરુપવામાં આવી છે.

## ભુજંગાંચિત

ભરતમુનિ જણાવે છે તેમ જો પગ 'ભુજંગત્રાસિત' ચારીમાં, જમણો હાથ રેચિત મુદ્રામાં તથા ડાબો હાથ લતા મુદ્રામાં રહે તો ભુજંગાંચિત કરણ બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૦૦)

આ કરણમાં, ભુજંગત્રાસિતા ચારીમાં કુંચિત પાદ રાખવામાં આવે છે. દક્ષિણ હસ્ત રેચિત અર્થાત્ હંસપક્ષ મુદ્રામાં તથા વામ હસ્ત લતા મુદ્રામાં રાખવામાં આવે છે,એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ 'ભુજંગત્રાસિત' કરણ તથા ચારીમાંથી નિષ્પન્ન થાય છે. કુંચિત પાદ ઉરુ કક્ષા સુધી લઇ જવામાં આવે છે. ડાબો હાથ લતા મુદ્રામાં તથા જમણો હાથ રેચિત રહે છે. ભુજંગત્રાસિત 'તથા' ભુજંગત્રાસિત રેચિત' કરણની જેમ અહીં બાહુ સ્વસ્તિક દશામાં રહેતા નથી.


ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિ, ભુજંગત્રાસિત કરણ અંકિત મૂર્તિની સાથે ઘણું સામ્ય ધરાવે છે પણ તેમાં કેડની ગોળ કરવાની ક્રિયા એટલી હદ સુધી રહેતી નથી. હસ્ત પણ જુદા તરી આવે છે. પ્રસરેલા બાહુ રેચિત સંચાલન દર્શાવે છે.

## દણ્ડકરેચિતક

ભરતમુનિના મત પ્રમાણે જો હાથ અને પગને, સીધા દણ્ડની સમાન ચારે બાજુ ઝટકા સાથે સીધા કરવામાં આવે અને પછી હાથ અને પગને રેચિત મુદ્રામાં રાખવામાં આવે તો દણ્ડક રેચિતક કરણ કહેવાય છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૦૧)

આ કરણમાં પગ દણ્ડપાદા ચારીમાં રાખી, હાથ દણ્ડપક્ષ કરી, લાંબા કરવામાં આવે છે. (વિક્ષિપ્ત) ને પછી તેને રેચિત કરવામાં આવે છે. અહીં હાથને સીધા વિક્ષિપ્ત કરવાનો અને રેચિત કરવાનો અર્થ એ કે તેને દણ્ડપક્ષ મુદ્રામાં રાખવો. આ પ્રમાણે પાદોના વિક્ષેપનો અર્થ તેમને દણ્ડપાદા ચારીમાં રાખવા. તેની યોજના પ્રસન્નતાના



ભ્રમરક



ભુજંગાચિંત



દંડકરેચિત

ભાવમાં કરવામાં આવે છે. કેટલાક અન્ય આચાર્ય ઉદ્ધત વિષયોમાં પણ તેની યોજના સૂચવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત ચક્રણ, દણ્ડપાદ ચારીની દ્વિતીય અથવા અંતિમ અવસ્થામાંથી નિષ્પન્ન થાય છે. એક જાનુ ક્ષિપ્ત તથા અન્ય પગ દણ્ડ સદૃશ લાંબો થાય છે. બાહુ તથા હસ્ત દંડપક્ષ મુદ્રામાં રેચિત થાય છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં એક પાદ તથા બંને બાહુ દણ્ડ સદૃશ લાંબા થયેલા નિરુપાયેલા છે. મૂર્તિમાં કરણની અંતિમ અવસ્થા અંકિત થયેલી છે.

## ક્રાન્તક

ભરતમુનિના મતાનુસાર જો એક પગને 'કુંચિત' કરી, પાછળની બાજુ અતિક્રાન્તા ચારીમાં ચારે બાજુ ગોળ ફરતો રાખવામાં આવે અને બંને હાથ, નીચે ઝટકા સાથે ફેંકવામાં આવે (આક્ષિપ્ત) તો તે કરણ 'ક્રાન્તક' કહેવાય છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૧૧)

આ કરણમાં, અતિક્રાન્તા ચારીમાં સ્થિત રહી, કુંચિત પાદને ઉપર ઉઠાવી, આગળ જમીન ઉપર પછાડવામાં આવે છે. તેની સાથેજ બંને હાથ વ્યાવર્તિત કરી, દેહના ભાગથી બહાર કાઢી તથા પરિવર્તિત કરી, આક્ષિપ્ત કરતાં કરતાં, પછીથી કટકામુખ મુદ્રામાં વક્ષ ઉપર સ્થાપિત કરવામાં આવે છે. આ પ્રમાણે બીજા પડખેથી પણ આ પ્રમાણે પાદ તથા હસ્તની ક્ષિપ્તતા સંચાલિત કરી, હાથ વક્ષ ઉપર રાખવામાં આવે છે. આ કરણની યોજના ઉદ્ધત પરિક્રમણમાં કરવામા આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ અતિક્રાન્તા ચારીમાંથી નિષ્પન્ન થાય છે, જેમાં કુંચિત પાદ ઊંચો કરી, આગળ લઇ જઇ લંબાવવામાં આવે છે. હસ્ત આક્ષિપ્ત મુદ્રામાં રહે છે. આરંભમાં હસ્ત વ્યાવર્તિત રહે છે. પછી પરિવર્તિત અને અંતે કટકામુખ મુદ્રામાં વક્ષપ્રદેશમાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં અતિક્રાન્તા ચારીની અંતિમ સ્થિતિ અંકિત થયેલી છે. પરંતુ લંબાવેલો પાદ કુંચિત નહિ પણ અંચિત દશામાં છે. હસ્ત કટકામુખ હસ્તમુદ્રામાં નથી પણ પતાક મુદ્રાયુક્ત છે.

## ચક્રમંડળ

ભરતમુનિના મતાનુસાર જો અપવિધ્ધ (અંચિતા) ચારીની અંદર શરીરના ગાત્રો નમાવી, પ્રલંબિત બાહુથી યુકત રાખવામાં આવે તો ચક્રમંડળ કરણ બને છે.
(અધ્યાય ૪ શ્લોક ૧૧૩)

આ કરણમાં અપવિધ્ધ પાદ કરવાનો અર્થ છે અંચિતા ચારીનો પ્રયોગ કરવો. તેની સાથેજ દોલા હસ્તથી ચક્રાકારે ચક્કર લઇ, શરીરનો મધ્ય પાદ નમાવવામાં આવે છે. તેની યોજના ઉધ્ધત પરિક્રમણ તેમજ દેવગણની પરિક્રમા કરવાના અભિનયમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં અંચિતા ચારી પ્રયોજાય છે. (કેટલાકના મતે અડ્ડિતા ચારી). હસ્ત ઉરોમંડલ મુદ્રામાં રહે છે. ચક્રમંડળ નામજ કરણના વિશિષ્ટ લક્ષણનો નિર્દેશ કરે છે. આ એક પ્રકારનો મદારીના ખેલ જેવી acrobatic સ્થિતિ છે, જેમાં બાહુ બે સાથળ વચ્ચે પસાર થઇ જમીનને અડકે છે. ઓડિસ્સી નૃત્યશૈલીને બાદ કરતાં અન્ય નૃત્યશૈલીમાં તે ભાગ્યેજ જોવા મળે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિ પૂર્ણપણે એક્રોબેટિક acrobatic સંચાલન નિરુપે છે, જે ભરતમુનિ નિરુપિત લક્ષણોને અતિ સ્પષ્ટ કરી આપે છે.

## આક્ષિપ્ત

ભરતમુનિના મત પ્રમાણે જો વેગથી હાથ અને પગને આક્ષિપ્ત કરવામાં આવે અર્થાત પછાડવામાં આવે તો આક્ષિપ્ત કરણ કહેવાય છે.
(અધ્યાય ૪ શ્લોક ૧૧૫)

આ કરણમાં,આક્ષિપ્તાચારીમાં હાથ પગને કુંચિત સ્થિતિમાં રાખવામાં આવે છે. પછી એક પાર્શ્વને નમાવી, ચતુરસ્ર હાથને વેગથી ઝટકા સાથે કટકામુખ મુદ્રામાં રાખવામાં આવે છે. તેની યોજના વિદૂષકની ગતિમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.



ક્રાન્તક



ચક્રમંડળ



આક્ષિપ્ત

પ્રસ્તુત કરણ આક્ષિપ્ત ચારીમાંથી નિષ્પન્ન થાય છે. પણ ચારીમાં પ્રયોજાતા સ્વસ્તિક ચરણ પ્રસ્તુત કરણમાં પ્રયોજાતા નથી, હસ્ત તથા બાહુ પ્રસારવામાં આવે છે પણ ચોક્કસ મુદ્રા સૂચવતા નથી. અભિનવગુપ્તના મતે હસ્ત કટકામુખ મુદ્રામાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં ભરતમુનિ નિરુપિત લક્ષણો અંકિત થયા નથી. આક્ષિપ્ત ચારીનો કોઇ પણ સ્થિતિ સૂચવાતી નથી. માત્ર ચતુરસ્ર મુદ્રાયુક્ત હસ્ત (અભિનવગુપ્ત) નિરુપવામાં આવ્યો છે.

## દોલાપાદ

ભરતમુનિ દોલાપાદ કરણનું લક્ષણ નિરુપતાં જણાવે છે કે જો કુંચિત પાદને ઉપર ઉઠાવો, બંને પડખે વારાફરતી ઝુલાવવામાં આવે અને બંને હાથને આ પ્રક્રિયા પ્રમાણે ગતિ શીલ રાખવામાં આવે તો દોલાપાદ કરણ બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૨૦)

આ કરણમાં, ઊર્ધ્વજાનુ ચારી કર્યા પછી, દોલાપાદ ચારી રજૂ કરવામાં આવે છે. અર્થાત્ કુંચિત પાદને ઉપર ફેંકી, એક પડખેથી બીજા પડખે ઝુલાવવામાં આવે છે અને પગની ગતિ અનુસાર બંને દોલાહસ્ત સંચાલિત કરવામાં આવે છે એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ, દોલાપાદ ચારીમાંથી નિષ્પન્ન થાય છે. કુંચિત પાદ એક પડખેથી બીજા પડખે ઝુલાવવામાં આવે છે અને અંતે તે અંચિત પાદમાં પરિણમે છે. શરીરનો ભાર સમપાદ ચરણ ઉપર રહે છે. હસ્ત દોલા મુદ્રામાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં ઝુલતો પાદ અંચિત દશામાં નથી. બંને પાદ સમપાદ અવસ્થામાં છે, બંને હસ્ત દોલા મુદ્રા દર્શાવતા નથી. એક હસ્ત દોલા મુદ્રામાં છે જ્યારે અન્ય પતાક મુદ્રામાં વક્ષની નજીક સ્થિત રહેલો છે. કરણની અંતિમ સ્થિતિ અંકિત કરવાનો પ્રયત્ન થયો છે.

## વિનિવૃત્ત

ભરતમુનિના મતાનુસાર જો સૂચીવિધ ચારીનો પ્રયોગ કર્યા પછી ત્રિકને ગોળ ફેરવવામાં આવે અને બંને હાથ રેચિત મુદ્રામાં રાખવામાં આવે તો તેને વિનિવૃત્ત કરણ કહે છે. (અધ્યાય ૪ શ્લોક ૧૨૨)

આ કરણના આરંભમાં, સૂચી ચારીમાં બંને પગ રાખો, પછી બદ્ધાચારી દ્વારા એક પગના પાછળના ભાગને, બીજા પગની પાછળ લઈ જઈ સ્વસ્તિક સ્થિતિમાં રાખી, એડી ઉપર દક્ષિણ પાદને વિદ્ધ કરવામાં આવે છે. પછી ત્રિકને ગોળ ફેરવો, પડખું પણ ગોળ ફેરવવામાં આવે છે. સાથે સાથે બંને હંસપક્ષ હાથને રેચિત અર્થાત ઝડપથી ગોળ ઘુમાવી, સંચાલિત કરવામાં આવે છે. તેની યોજના પણ ઉદ્ધત ગતિથી પરિક્રમણ કરવાના અભિનયમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.


પ્રસ્તુત કરણ સૂચી ચારીમાંથી નિષ્પન્ન થયું છે. કરણના આરંભે પાદ, સૂચી ચારીમાં સ્થિત રહે છે અને અંતે, સ્વસ્તિક સ્થે છે. ત્રિક ગોળ ફરે છે. પાર્શ્વ વિવર્તન-સંચાલનમાં રહે છે, બે હંસપક્ષ હસ્ત દ્રુત લયમાં રેચિત થાય છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં પ્રસ્તુત કરણનું પ્રતિનિધાન ભરતમુનિ નિરુપિત લક્ષણાનુસારી નથી.

## પાર્શ્વક્રાન્ત

પાર્શ્વક્રાન્ત કરણનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે, જો -'પાર્શ્વક્રાન્ત' ચારીનો પ્રયોગ કરી, પગને સામેની બાજુ (જમીન પર) પછાડવામાં આવે તથા બંને હાથ નૃત્ત પ્રયોગ અનુસાર સામેની બાજુ સંચાલિત કરવામાં આવે તો પાર્શ્વક્રાન્ત કરણ કહે છે. (અધ્યાય ૪ શ્લોક ૧૨૩)


આ કરણમાં, પાર્શ્વક્રાન્ત ચારીમાં પગ રાખીને કુંચિત પાદને ઉપર ઉછાળી પડખાની સમીપ રાખવામાં આવે છે અને પછી સામેની બાજુ એક ચરણને પછાડવામાં આવે છે. તથા બંને હાથને, પગના સંચાલન ક્રમ પ્રમાણે રાખી વારાફરતી આગળ લંબાવવામાં



દોલાપાદ



વિનિવૃત્ત



પાર્શ્વક્રાન્ત

આવે છે. નૃત્તપ્રયોગનો અર્થ થાય છે ગતિપ્રચાર અથવા યુદ્ધ વિગેરે પ્રસંગે પગ તથા હાથને એક ક્રમમાં સંચાલિત કરવા. તેની યોજના ભીમ જેવા ઉદ્ધત પ્રકૃતિના રૌદ્રરસ પ્રધાન પાત્રની ગતિમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં પાદ પાર્શ્વક્રાન્તા ચારી પ્રમાણે રહે છે. હાથનું પગ અનુસાર, સામે સંચાલન થાય છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં પાર્શ્વક્રાન્તા ચારીની અંતિમ સ્થિતિ અંકિત થયેલી છે જેમાં કુંચિત પાદ, 'સમપાદ' પાદના પાર્શ્વમાં લાવવામાં આવ્યો છે. હસ્તની મુદ્રા નાટ્યશાસ્ત્રમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવી નથી પણ મુર્તિમાં એક હસ્ત વક્ષ નજીક તથા બીજો હસ્ત જાનુ તરફ દોલાહસ્તમાં લટકતો દેખાય છે.

## વિદ્યુદ્ભ્રાન્ત

ભરતમુનિ જણાવે છે તેમ જો પગને પાછળ ઘુમાવી માથે અડકાડવામાં આવે બંને હાથ 'મંડલાવિદ્ધ' સ્થિતિમાં સંચાલિત કરવામાં આવે તો 'વિદ્યુદ્ભ્રાન્ત' કરણ કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૧૨૫)

આ કરણમાં વિદ્યુદ્ભ્રાન્તા ચારીમાં રહી, ઝડપથી એક પગ પાછળ લઇ જઇ, એવી રીતે લંબાવવામાં આવે છે કે તે મસ્તકને સ્પર્શવા માંડે છે તથા બીજો પગ સમપાદ સ્થિતિમાં રાખી તેના ઉપર શરીરનો ભાર લાદવામાં આવે છે તેની સાથેજ બંને બાહુઓના મણ્ડલ (અર્થાત ચક્રાકારે ગોળ ફેરવી) પછી આવિદ્ધ કરી ચતુરસ્ર સ્થિતિમાં ઘુમાવવામાં આવે છે. આ કરણમાં વિજળીની જેમ ઉપરની તરફ ગોળ ફરવાનો તથા મૂળભૂત રીતે વિદ્યુદ્ભ્રાન્ત ચારીનો પ્રયોગ થતો હોવાથી તેને વિદ્યુદ્ભ્રાન્ત કરણ કહે છે. પાત્રોની ઉદ્ધત પરિક્રમા તથા ઉદ્ધત ગતિમાં આ કરણની યોજના કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં પાદ વિદ્યુદ્ભ્રાન્તા ચારી પ્રમાણે રહે છે. એક પગ પાછળ લઇ જઇ ને લલાટને સ્પર્શે તે રીતે લાંબો કરવામાં આવે છે. બીજો પાદ સમપાદ રહે છે

જેના ઉપર શરીરનું વજન રહે છે. જાહુની બે પ્રકારની ગતિ દર્શાવવામાં આવી છે. (૧) મણ્ડલ અર્થાત ચક્રાકાર તથા (૨) આવિધ્ધ જેમાં હસ્ત બહારથી શરીર તરફ અંદરના ભાગમાં વળે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં જમણા પાર્શ્વમાં પાછળ લઇ જઇ ઉંચો કરવામાં આવ્યો છે અને તેનું ચરણ મસ્તકને સ્પર્શે છે. એક હસ્ત સ્વપાર્શ્વમાં લતા મુદ્રામાં લંબાવવામાં આવ્યો છે જ્યારે બીજા હસ્ત દોલા મુદ્રામાં આગળ લટકતો રાખવામાં આવ્યો છે.

## અતિક્રાન્તા

અતિક્રાન્ત કરણનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો અતિક્રાન્ત ચારી રજૂ કર્યા પછી બંને હાથ નૃત્ત પ્રયોગ અનુસાર સામે લાંબા કરવામાં આવે તો અતિક્રાન્ત કરણ બને છે. (અધ્યાય ૪ શ્લોક ૧૨૬)

આ કરણના આરંભમાં, અતિક્રાન્તા ચારીનો પ્રયોગ કરી, અને એક પગ આગળ લંબાવવામાં આવે છે તથા પગની ગતિ પ્રમાણે હાથનું (સંચાલન અથવા) અનુગમન કરવામાં આવે છે. જ્યાં અન્યથા નિર્દિષ્ટ ન હોય એવી ગતિ તથા પરિક્રમણનો અભિનય કરતી વેળા આ કરણ પ્રયોજવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ અતિક્રાન્તા ચારીમાંથી નિષ્પન્ન થયું છે. કુંચિત પાદ ઉંચો કરી આગળ લઇ જવામાં આવે છે. હસ્તની ચોક્કસ મુદ્રા દર્શાવવામાં આવી નથી.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં પ્રસ્તુત કરણનું પ્રતિનિધાન ભરતમુનિ નિરુપિત લક્ષણાનુસારી થયું નથી. અતિક્રાન્તા ચારીનો કોઇપણ સ્થિતિ દર્શાવવામાં આવી નથી. બંને પાદ 'સમપાદ' છે. એક હસ્ત 'લતા' છે અન્ય 'દોલા'.

## પાર્શ્વ જાનુ

પાર્શ્વજાનુ કરણનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો એક પગ સમપાદ ચારીમાં અને બીજો તેના ઉરુ ભાગ ઉપર (પાછળની બાજુ) રાખવામાં આવે તથા એક હાથ મુષ્ટિ મુદ્રામાં વક્ષસ્થલ ઉપર રહે તો પાર્શ્વજાનું કરણ કહેવાય છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૩૩)



વિદ્યુદ્ ભ્રાન્ત



અતિક્રાન્ત



પાર્શ્વજાનુ

આ કરણમાં એક સમપાદ ચરણની પડખે બીજું ચરણ રાખવામાં આવે છે. મુષ્ટિ હસ્તને વક્ષ ઉપર અને અર્ધચન્દ્ર હસ્તને કટિ ઉપર રાખવામાં આવે છે. 'પાર્શ્વજાનુ' નામ સાર્થક છે કારણ પાર્શ્વ અર્થાત્ ઉરુનો પાછલો ભાગ તેનાથી સંબંધિત જાનુની સાથે જ્યાં રહેલો હોય તે કરણ. તેની યોજના બાહુયુધ્ધ તથા યુધ્ધની સ્થિતિમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં પાદ પાર્શ્વક્રાન્તા ચારી અનુસાર રહે છે. પણ તેને સાથળ ઉપર પૂર્ણપણે લંબાવવામાં આવે છે. એક હસ્ત અર્ધચન્દ્ર મુદ્રામાં સાથળ ઉપર અને બીજો હસ્ત 'મુષ્ટિ' મુદ્રામાં છાતી ઉપર રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મુર્તિમાં પ્રસ્તુત કરણનું પ્રતિનિધાન પૂર્ણપણે ભરતાનુસારી થયું નથી. ઉપર ઉઠાયેલો પાદ પાર્શ્વક્રાન્ત ચારીમાં છે પણ હસ્ત મુષ્ટિ કે અર્ધચન્દ્ર મુદ્રા દર્શાવતા નથી કે સાથળ કે વક્ષ ઉપર સ્થિત પણ નથી.

## સૂચી

ભરતમુનિ સૂચી કરણનું લક્ષણ નિરુપતાં જણાવે છે કે જો કુંચિત પાદ ઉંચો કરી આગળ (જમીન ઉપર) રાખવામાં આવે તથા બંને હાથ નૃત્તપ્રયોગ અનુસાર (તાલ, લય અનુસાર) રાખવામાં આવે તો સૂચી કરણ કહે છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૩૬)

આ કરણમાં, કુંચિત પાદને સૂચી ચારી ની સ્થિતિ પ્રમાણે ઉઠાવી જમીનને ન અડકે તેવી રીતે રાખવામાં આવે છે તથા તે તરફનો હાથ કટકામુખ મુદ્રામાં વક્ષ ઉપર રાખવામાં આવે છે અને બીજો હાથ અલપલ્લવ મુદ્રામાં મસ્તક ઉપર રહે છે. આ સમયે તદ્નુરુપ સમપાદના પડખાને એક પગનો અંગૂઠો સ્પર્શ કરે છે. તેની યોજના વિસ્મયના અભિનયમાં કરવામાં આવે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં પાદ સૂચી ચારી અનુસાર રહે છે. કુંચિત પાદ ઉંચો કરી આગળ રાખવામાં આવે છે. આરંભની સ્થિતિમાં તે સ્થિર પાદની જાનુને સ્પર્શે છે જ્યારે

અન્તિમ સ્થિતિમાં તે સમપાદ પગને અડકે છે. હસ્તનો કોઇ ચોક્કસ મુદ્રા કે સ્થિતિ દર્શાવવામાં આવ્યા નથી.

ચિદમ્બરમ્ મંદિરનો મુર્તિમાં સૂચી પાદ અંકિત છે પણ ઉપર ઉંચા કરેલા પાદનો જગ્યાએ બંને પાદ અત્યંત 'કુંચિત' થયેલા છે જે સૂચી ચારીની અંતિમ અવસ્થા સુચવે છે. બંને હસ્ત 'મુષ્ટિ' મુદ્રામાં વક્ષપ્રદેશમાં સ્થિત છે.

## અર્ધસૂચી

ભરતમુનિના મત પ્રમાણે જો અલપદ્મ મુદ્રાવાળા હાથને મસ્તક સુધી લઇ જવામાં આવે અને જમણો પગ સૂચી પ્રસ્તુત કરે તો તેને અર્ધસૂચી કરણ કહે છે.

( અધ્યાય ૪ શ્લોક ૧૩૭)


આ કરણમાં સૂચી ચારીના અંતિમ અર્ધ ભાગનો પ્રયોગ કરવામાં આવે છે. સૂચી ચારીના એક ભાગનો પ્રયોગ થતો હોવાથી આ કરણનું નામ પણ 'અર્ધસૂચી' રાખવામાં આવ્યું છે. આ કરણમાં મસ્તક પર જતો હસ્ત અલપલ્લવ મુદ્રામાં રહે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં સૂચી ચારીની અંતિમ અવસ્થા ઉપયોગમાં લેવાય છે જેમાં જમણો પાદ કુંચિત રહે છે અને તે સ્થિર પાદના પાર્શ્વમાં રાખવામાં આવે છે. હસ્ત અલપદ્મ મુદ્રામાં શિર નજીક રાખવામાં આવે છે.


ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં એક પાદ 'સમપાદ' સ્થિતિમાં તથા અન્ય કુંચિત અવસ્થામાં અંકિત છે. એક હસ્ત અલપદ્મ મુદ્રામાં સ્કન્ધ તથા શિરના વચ્ચેના પ્રદેશમાં તથા અન્ય હસ્ત વક્ષપ્રદેશમાં સ્થિત છે.

## સૂચીવિદ્ધ


ભરતમુનિ જણાવે છે તેમ જો એક પગ સૂચી કરણયુક્ત બીજા પગની એડી સાથે જોડવામાં આવે અને બંને હાથ વારાફરતી કટિ તથા વક્ષઃસ્થલ ઉપર રાખવામાં આવે તો તેને સૂચીવિદ્ધ કરણ કહે છે. (અધ્યાય ૪ શ્લોક ૧૩૮)



સૂચી



અર્ધસૂચી



સૂચીવિદ્ધ

આ કરણમાં સૂચી ચારીના અંતિમ ભાગને પ્રયોગાનુસાર કુંચિત, જમણા પગને અન્ય પગની એડીથી વિદ્ધ અર્થાત્ જોડેલો રાખવામાં આવે છે તથા જમણા હાથને અર્ધચન્દ્ર મુદ્રામાં પક્ષવંચિતક સ્થિતિમાં કટિપ્રદેશ ઉપર રાખી, ડાબા હાથને કટકામુખ મુદ્રામાં વક્ષ ઉપર રાખવામાં આવે છે. ચિન્તાના અભિનયમાં આ કરણ પ્રયોજવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં સૂચી ચારીની અંતિમ અવસ્થા પ્રયોજાય છે. કુંચિત પાદ અન્ય પાદની એડીથી વિદ્ધ રાખવામાં આવે છે. (સૂચી, અર્ધસૂચી તથા સૂચીવિદ્ધ આ ત્રણે કરણમાં કુંચિત પાદની ત્રણ ભિન્ન સ્થિતિ નિરુપાયેલી છે. સૂચીમાં તે પ્રથમ બીજા પગની જાનુને અને પછી તેના ચરણને સ્પર્શે છે, અર્ધસૂચીમાં તે અન્ય પાદના પાર્શ્વમાં રાખવામાં આવે છે જ્યારે સૂચીવિદ્ધ કરણમાં તે એડીથી વિદ્ધ રાખવામાં આવે છે.) એક હસ્ત અર્ધચન્દ્ર મુદ્રામાં કટિ ઉપર તથા બીજો હસ્ત કટકામુખ મુદ્રામાં વક્ષ ઉપર રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મુર્તિમાં કુંચિત પાદ અન્ય પાદની એડીથી વિદ્ધ દર્શાવવામાં આવ્યો નથી. એક હસ્ત વક્ષની નજીક તથા અન્ય કટિ ઉપર સ્થિત છે. કટકામુખ મુદ્રામાં હસ્ત દર્શાવવામાં આવ્યા નથી.

## અપક્રાન્ત

અપક્રાન્ત કરણનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો ઉરુ વલિત કરવા ઉપરાંત ચરણોથી અપક્રાન્ત ચારી દર્શાવવામાં આવે તથા બંને હાથને નૃત્તપ્રયોગ અનુસાર રાખવામાં આવે તો તેને અપક્રાન્ત કરણ કહે છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૩૯)

આ કરણના આરંભમાં, અપક્રાન્તા ચારીમાં બંને જંઘાને વલન ક્રિયામાં સંચાલિત કરી બદ્ધાચારી દ્વારા પછી બંનેને સ્વસ્તિક કરવામાં આવે છે અને બંને હાથને (અર્થાત્ જમણો હાથ દોલા મુદ્રામાં અને ડાબો હાથ પતાક મુદ્રામાં) પગની સ્થિતિ પ્રમાણે સંચાલિત

કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણ અપક્રાન્તા ચારીમાં સ્થિત ઉરુના સંચાલનમાંથી નિષ્પન્ન થાય છે. અહીં ઉરુ 'વલન' અવસ્થામાં રહે છે અને પછી કુંચિત પાદ ઊંચો કરવામાં આવે છે. હાથની કોઇ ચોક્કસ મુદ્રા કે સ્થિતિ દર્શાવવામાં આવી નથી.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં 'ઉરુવલન' અંકિત નથી. એક પાદ કુંચિત છે પણ તે ઊંચો કરવામાં નથી આવ્યો જે અપક્રાન્તા ચારીમાં કરવામાં આવે છે. એક બાહુ દોલા મુદ્રામાં તથા અન્ય પતાક મુદ્રામાં વક્ષ નજીક દર્શાવવામાં આવ્યો છે. કદાચ પ્રસ્તુત કરણની આરંભની સ્થિતિ અથવા બિલકુલ અંતિમ સ્થિતિ આ મુર્તિમાં ઝીલાઇ છે એવું અનુમાન કરી શકાય.

## દણ્ડપાદ

ભરતમુનિના મત પ્રમાણે જો ચરણ 'નૂપુર' ચારી દર્શાવ્યા પછી દણ્ડપાદ ચારી દર્શાવે, હાથ ઝડપથી આવિદ્ધ દર્શાવે તો તે દણ્ડપાદ કરણ કહેવાય છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૪૨)


આ કરણમાં, નૂપુરપાદ ચારી પછી દણ્ડપાદ ચારીમાં ચરણ પ્રસારવામાં આવે છે તથા બંને હાથ આવિદ્ધ અર્થાત્ અપવિદ્ધ મુદ્રામાં સંચાલિત કરી પગની સાથે સીધા રાખવામાં આવે છે. ક્રોધના આવેશમાં ફરતી વેળા આ કરણ પ્રયોજવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં આરંભે નૂપુરચારી દર્શાવવામાં આવે છે. અને અંતે પગ સ્વપાર્શ્વમાં દણ્ડસદૃશ લંબાવવામાં આવે છે. આમ આ કરણમાં અંતે દણ્ડપાદ ચારી દર્શાવવામાં આવે છે. બાહુ આવિદ્ધ સ્થિતિમાં રહે છે જેમાં હાથ બહારથી અંદરના પ્રદેશમાં ગતિ કરે છે.


ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં નૂપુરપાદ ચારી કે દણ્ડપાદ ચારીમાં લંબાવેલો પાદ અંકિત નથી. બાહુની આવિદ્ધ દશા પણ દર્શાવવામાં આવી નથી.

## હરિણપ્લુત

ભરતમુનિ હરિણપ્લુત કરણનું લક્ષણ નિરુપતાં જણાવે છે કે જો અતિક્રાન્તા ચારી



અપક્રાન્ત



દંડપાદ



હરિણપ્લુત

દર્શાવી કૂદકો મારવામાં આવે અને પછી અટકી જઇ જંઘા અંચિત કરી-સંકોચી ઉપર ઉછાળવામાં આવે તો તેને હરિણપ્લુત કરણ કહે છે. (અધ્યાય ૪ શ્લોક ૧૪૩)

આ કરણના આરંભમાં અતિક્રાન્તા ચારી અને એ પછી હરિણપ્લુતા ચારીમાં પગ રાખી તદાનુસાર હાથ પણ દોલા તેમજ કટકામુખ મુદ્રામાં રાખી, પગની ગતિ અનુસરે તે રીતે રાખવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ હરિણપ્લુત ચારીમાંથી નિષ્પન્ન થાય છે. શરુઆતમાં અતિક્રાન્તા ચારી દર્શાવી કૂદકો મારી અંચિત પાદ પડખે સ્થિત કરવામાં આવે છે. ક્ષિપ્ત અવસ્થામાં રહેલી જાનુ અંતિમ સ્થિતિમાં પ્રસારવામાં આવે છે. હસ્તની નિશ્ચિત મુદ્રા કે સ્થિતિ દર્શાવવામાં આવી નથી પણ અભિનવગુપ્ત હસ્તની દોલા તથા કટકામુખ મુદ્રાનો સંકેત કરે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં અતિક્રાન્તા ચારીનો કુંચિત અથવા તો હરિણપ્લુત ચારીનો અંચિત પાદ દર્શાવે છે. જાનુ તથા જંઘા ક્ષિપ્ત અંકિત છે. પ્રસ્તુત મુર્તિ માત્ર અતિક્રાન્તા ચારીની પ્રારંભિક સ્થિતિ દર્શાવે છે, વિશેષ નહિં.

## પ્રેંખોલિત

ભરતમુનિના મત પ્રમાણે જો દોલાપાદ ચારી દર્શાવી એક કૂદકો મારી, ચરણ નીચે પછાડવામાં આવે અને ત્રિકને (ભ્રમરી ચારીના લક્ષણ પ્રમાણે) ઘુમાવવામાં આવે અને પછી સ્થિર થઇ જવામાં આવે તો તેને પ્રેંખોલિત કરણ કહે છે. (અધ્યાય ૪ શ્લોક ૧૪૪)

આ કરણમાં કુંચિત પાદ, એક બાજુથી બીજી બાજુ ઝુલાવતા દોલપાદ ચારી દર્શાવી પછી એક પગથી કૂદકો મારી, ગોળ ફરી, ભ્રમરી ચારી દર્શાવવામાં આવે છે. પડખું વિવર્તિત સ્થિતિમાં રાખવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણ દોલાપાદ ચારીમાંથી નિષ્પન્ન થાય છે. પ્રારંભે દોલાપાદ ચારી દર્શાવી અને કૂદકો મારી ભ્રમરી ચારી દર્શાવાય છે. આ કરણને દોલાપાદ કરણ સાથે સરખાવી શકાય. દોલાપાદ કરણમાં કુંચિત પાદ પડખે ઉછાળી અને અંચિત કરવામાં આવે છે જ્યારે અહીં કૂદકો મારી અને ભ્રમરી ચારી અર્થાત્ ગોળ ચક્કર મારવામાં આવે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં દોલાપાદ ચારી અંકિત થઇ નથી. બંને પાદ કુંચિત અવસ્થામાં છે પણ તે ચક્રાકાર ગતિ કે પગનું પ્રસારણ કે પગની ઝુલવાની ક્રિયાનો સંકેત કરતાં નથી. પ્રસ્તુત મૂર્તિ દણ્ડપાદા ચારી ની પ્રારંભિક સ્થિતિ દર્શાવે છે એટલું કહી શકાય.

## નિતમ્બ

નિતમ્બ કરણનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે જો બંને ભૂજાઓ મસ્તક ઉપર લઇ જવામાં આવે અને હાથની આંગળીઓ અભિમુખ સ્થિતિમાં રાખવામાં આવે અને પગ વડે બધ્ધા ચારી દર્શાવવામા આવે તો નિતમ્બ કરણ બને છે.

( અધ્યાય ૪ શ્લોક ૧૪૫ )

આ કરણમાં ઉર્ધ્વ આંગળીવાળા બે પતાક હસ્તને વ્યાવર્તિત કરણ દ્વારા મસ્તકની પાસે લઇ જવામાં આવે છે અને પછી પલટાવીને ખભાની સમસમાન્તર કરતાં કરતાં, વક્ષ-પ્રદેશથી નીચે લઇ જઇ પતાક કરતાં કરતાં, જમણા હાથનો પાછલો ભાગ છાતી સાથે લગાડવામાં આવે છે અને ડાબો હાથ તેની તરફ અભિમુખ રાખવામાં આવે છે. પછી દેહની તરફ આંગળીઓ કરતાં બંને હાથ વડે રેચિત કરી ઘૂર્ણિત સ્થિતિમાં રાખી અંતે નિતમ્બ મુદ્રામાં હાથ રાખવામાં આવે છે, આ કરણમાં આંગળીઓનું અભિમુખીકરણ ત્રણ પાત દ્વારા સુચિત કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણ બધ્ધા ચારીમાંથી નિષ્પન્ન થાય છે. પાદ સ્વસ્તિક દશામાં રહે છે. આરંભમાં બાહુ ઉંચે લઇ જવામાં આવે છે અને પછી આંગળીઓ તથા હથેળી 'વ્યાવર્તિત હસ્તકરણ'માં સંચાલિત થાય છે. હથેળી વક્ષની અભિમુખ થતી જાય છે અને અંતે પતાક હસ્તમુદ્રામાં પરિણમે છે. આ નિતમ્બ હસ્તની સંપૂર્ણ સંચાલન ક્રિયા છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં પાદની સ્વસ્તિક સ્થિતિ અંકિત છે. હસ્ત દોલાહસ્ત મુદ્રામાં પાર્શ્વમાં ઝુલતા દર્શાવવામાં આવ્યા છે.

## સ્ખલિત

ભરતમુનિના મત પ્રમાણે જો બંને પગ વડે 'દોલાપાદ' ચારી દર્શાવી, રેચિત



પ્રેંખોલિત



નિતમ્બ



સ્ખલિત

મુદ્રાવાળા બંને હાથ સુસંવાદિતા જળવાય તે રીતે ચારે તરફ ઘુમાવવામાં આવે તો સ્ખલિત કરણ બને છે. (અધ્યાય ૪ શ્લોક ૧૪૬)

આ કરણમાં દોલાપાદ ચારીમાં ચરણ રાખવામાં આવે છે તથા હાથ તેમનો અર્થાત ચરણની ગતિ અનુસાર આવતા જતાં રાખવામાં આવે છે. પછી હંસપક્ષ મુદ્રામાં જોરથી ચક્કર મારી બાહુઓ રેચિત કરવામાં આવે છે. આ ક્રમ બીજી બાજુના પગ અને હાથ વડે દોહરાવવામાં આવે છે., એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણ દોલાપાદ ચારીમાંથી નિષ્પન્ન થાય છે. હસ્ત રેચિત મુદ્રામાં પાદાનુસારી રહે છે અને ઘૂર્ણિત હસ્તનો વિનિયોગ થાય છે. આરંભમાં હંસપક્ષ રેચિત હસ્ત પ્રયોજાય છે.

ચિદમ્બરમ્ મંદિરની મુર્તિમાં દોલાપાદ ચારી ની સ્થિતિ અંકિત થઇ નથી. હસ્તની રેચિત અવસ્થા પણ નિરુપિત નથી. એક પાદ કુંચિત દર્શાવાયો છે. એક હસ્ત દોલાહસ્ત મુદ્રામાં અને બીજો કટકામુખ કે મુષ્ટિ મુદ્રામાં વક્ષની નજીક અંકિત છે. પ્રસ્તુત મૂર્તિ સ્ખલિત કરણની મધ્યસ્થિતિ નિરુપે છે.

## સિંહવિક્રીડિત

ભરતમુનિના મત પ્રમાણે જો અલાત ચારી દર્શાવ્યા પછી બીજો પગ દ્રુત ગતિમાં રાખી, હાથ પગની ગતિ અનુસાર રાખવામાં આવે તો તેને સિંહ વિક્રીડિત કરણ કહે છે. (અધ્યાય ૪ શ્લોક ૧૪૯)

આ કરણમાં, અલાત ચારીમાં દ્રુત ગતિમાં ચરણ આગળ રાખી તદાનુસાર તે તરફ હાથ પછડાતો હોય તેમ રાખવામાં આવે અને પછી આજ પ્રક્રિયા બીજી બાજુથી પણ દોહરાવવામાં આવે છે. આ કરણમાં ચેષ્ટાઓ સિંહગતિ જેવી રહેવાને કારણે આ કરણનું નામ સાર્થક છે. તેની રૌદ્રગતિમાં યોજના કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ અલાત ચારીમાંથી નિષ્પન્ન થાય છે. અલાત ચારી પ્રમાણે સંચાલન થાય છે પરંતુ તે દ્રુત ગતિમાં થાય છે. હાથની કોઈ ચોક્કસ મુદ્રા નિરૂપવામાં આવી નથી.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં પ્રસ્તુત કરણનું પ્રતિબિંબન ભરતમુનિ નિરૂપિત લક્ષણ અનુસાર થયું નથી તે અલાત કરણની વધારે નજીક છે.

## ઉદ્વૃત્ત

ભરતમુનિ ઉદ્વૃત્ત કરણનું લક્ષણ નિરૂપતાં જણાવે છે કે જો હાથ, પગ અને શરીર ઝટકા સાથે ઉપર ઉછાળવામાં આવે (આક્ષિપ્ત) અને પછી 'ઉદ્વૃત્ત' ચારીમાં શરીર રાખવામાં આવે તો તેને ઉદ્વૃત્ત કરણ કહે છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૫૧)

આ કરણના આરંભમાં હાથ અને પગ આક્ષિપ્ત કરવામાં આવે છે જેનાથી આખું શરીર આક્ષિપ્ત સ્થિતિમાં આવી જાય છે. તે પછી ઉદ્વૃત્તા ચારીમાં સ્થિત રહી કુંચિત પાદને આવિદ્ધા ચારીમાં સ્વસ્તિક સ્થિતિથી લપેટી, ગોળ ચક્કર મારી ઉપર ઉંચકવામાં આવે છે અને પછી નીચે પછાડવામાં આવે છે. પછી એક ચક્કર મારી, બીજા કુંચિત પાદથી આ ક્રમ દોહરાવવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં અંગોનું સંચાલન ઉદ્વૃત્ત ચારી સમાન રહે છે પણ (સંચાલન) ઉગ્ર રહેવું અત્યંત જરૂરી બને છે. અહીં પગની આક્ષિપ્ત અવસ્થા રહે છે જે મુખ્ય લક્ષણ ગણાય છે. સમગ્ર શરીર પ્રસારી ઉપર લઈ જવામાં આવે છે. હાથની કોઈ ખાસ મુદ્રા નિરૂપવામાં આવી નથી પણ કદાચ ઉદ્વૃત્ત હોઈ શકે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિ આવિદ્ધ ચારીની પ્રારંભિક સ્થિતિ નિરૂપતી જણાયછે. પણ 'ઉરુવલન' લક્ષણ પણ જણાયું છે જે ભરતમુનિએ નિરૂપ્યું નથી. હસ્ત ઉદ્વૃત્ત મુદ્રામાં છે. ભરતમુનિએ કુદકાનું લક્ષણ આપ્યું છે પણ પ્રસ્તુત મૂર્તિ ઉત્ક્ષેપ કરતાં વલન નિરૂપે છે.

## ઉપસૃતક

ભરતમુનિના મત પ્રમાણે જો બંને પગ વડે આક્ષિપ્ત ચારી દર્શાવી, બંને હાથ તદાનુસાર રાખી, શરીર નમાવવામાં આવે તો આ કરણને 'ઉપસૃતક' કરણ કહે છે. (અધ્યાય ૪ શ્લોક ૧૫૨)

આ કરણમાં કુંચિત પાદ ઉપર ઉઠાવી, આક્ષિપ્તા ચારીમાં રાખી, વામ હસ્ત વ્યાવૃત્ત તથા પરિવૃત્ત કરી, શરીરને અડકાડી, દક્ષિણ હસ્ત અરાલમુદ્રામાં રાખવામાં આવે છે. તેની યોજના વિનયપુર્વક નિવેદન કરવાના અભિનયમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.


પ્રસ્તુત કરણ, આક્ષિપ્તા ચારીમાંથી નિષ્પન્ન થયેલું છે. ડાબો હાથ 'વ્યાવર્તિત' હસ્તકરણ યુકત તથા જમણો હાથ અરાલ મુદ્રાયુકત રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિ આક્ષિપ્તા ચારીની અંતિમ અવસ્થા નિરુપે છે કે જેમાં જંઘા સ્વસ્તિક રહે છે. અભિ. નિરુપિત અરાલમુદ્રા દેખાતી નથી. અહીં હસ્ત દોલાહસ્ત મુદ્રામાં છે. વ્યાવર્તિત કરણયુકત નહિં. પ્રસ્તુત મૂર્તિ ઉપસૃતક કરણની પ્રથમ અવસ્થાનું પ્રતિનિધાન કરે છે.

## તલસંઘટ્ટિત

ભરતમુનિ જણાવે છે તેમ જો 'દોલાપાદ' ચારી દર્શાવ્યા પછી, બંને હાથની હથેળી એક બીજાને ઘસવામાં આવે અને પછી ડાબો હાથ રેચિત મુદ્રામાં રાખવામાં આવે તો તેને તલસંઘટ્ટિત કરણ કહે છે. (અધ્યાય ૪ શ્લોક ૧૫૩)


આ કરણમાં કુંચિત પાદને દોલાપાદ ચારીની સ્થિતિમાં, એક બાજુથી બીજી બાજુ ઝુલાવવામાં આવે છે. બંને હાથને પતાક મુદ્રામાં એક બીજાની હથેળી શ્લિષ્ટ કરતો રાખવામાં આવે છે અને વૈષ્ણવસ્થાનમાં રહી દક્ષિણ હસ્ત કટિપ્રદેશ ઉપર રાખી વામ હસ્તને હંસપક્ષ મુદ્રામાં દ્રુતગતિથી ફેરવી, રેચિત કરવામાં આવે છે, એવી અભિનવગુપ્તની માન્યતા છે.



સિંહવિક્રીડિત



ઉદ્વૃત્ત



ઉપસૃતક

તલસંઘટ્ટિત કરણ દોલાપાદ ચારીમાંથી નિષ્પન્ન થાય છે. ચારી ની અન્તિમ અવસ્થામાં બે પાદ વચ્ચે બે તાલનું અંતર રહે છે. બે હાથ ભેગા મળી તાળી પાડે છે અને પછી રેચિત સંચાલનમાં છૂટા પડે છે. આ કરણ કરુણા અને સહાનુભૂતિનો ભાવ દર્શાવવા પ્રયોજાય છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં ચારીની દોલાપાદ સ્થિતિ અંકિત થઈ નથી. તાળી પાડતા હાથ દર્શાવવામાં આવ્યા છે.

## જનિત્

જનિત કરણનુ લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો એક હાથ વક્ષ:સ્થલ ઉપર અને બીજો હાથ પ્રલંબિત (લટકતો) રાખી, એક પગ અગ્રતલસંચર ચારી દર્શાવે તો જનિત કરણ બને છે. (અધ્યાય ૪ શ્લોક ૧૫૪)

આ કરણમાં જનિતા ચારીમાં સ્થિત રહી એક મુષ્ટિ હસ્ત વક્ષ:સ્થલ ઉપર અને બીજો લતાહસ્ત લટકતો રાખી, પગને અગ્રતલસંચર લક્ષણયુક્ત રાખવામાં આવે છે. ક્રિયા-આરંભના અભિનયમાં આ કરણની યોજના કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણ જનિતા ચારીમાંથી નિષ્પન્ન થયું છે જેમાં એક ચરણ અગ્રતલસંચર રહે છે. એક હસ્ત 'મુષ્ટિ' મુદ્રામાં વક્ષની નજીક રાખવામાં આવે છે અને બીજો હસ્ત દોલાહસ્તમુદ્રામાં લટકતો રાખવામાં આવે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં અગ્રતલસંચર પાદ કે જે જનિતા ચારીનું વ્યાવર્તક લક્ષણ છે તે અંકિત થયો નથી. મુષ્ટિ હસ્ત જોવા મળતો નથી. એક હાથ વક્ષપ્રદેશમાં સ્થિત છે અને બીજો હસ્ત લતા મુદ્રામાં લંબાવવામાં આવ્યો છે.

## અવહિત્થક

ભરતમુનિના મત પ્રમાણે જો જનિત કરણ દર્શાવી બંને હાથ, બંનેની આંગળીઓ

એક બીજાની અભિમુખ રહે તે રીતે રાખી, ધીરે ધીરે નીચે લઇ જવામાં આવે તો અવહિત્થક કરણ બને છે. (અધ્યાય ૪ શ્લોક ૧૫૫)

આ કરણમાં જનિતા ચારીમાં સ્થિત રહી હાથ અરાલ તથા અલપલ્લવ મુદ્રામાં લલાટ તેમજ વક્ષ:સ્થલની પાસે ચક્રાકાર ગતિમાં ઘેરો ઘાલે છે અને પછી નીચે ઉપર કરતાં તેને એક પડખે લઇ જઇ, આજ અરાલ અને અલપલ્લવ હસ્ત દ્વારા ઉદ્વેષ્ટિત તેમજ પરિવર્તિત પ્રક્રિયા દર્શાવો, બંને હાથ એક બીજાની અભિમુખ રહે તે પ્રમાણે વક્ષ:સ્થલ ઉપર રાખવામાં આવે છે. ગોપનપ્રધાન વાક્યાર્થાભિનયમાં તેની યોજના કરવામાં આવે છે. કેટલાક આચાર્ય અવહિત્થ હસ્તમુદ્રા દ્વારા આ કરણની પૂર્ણાહુતિ સાધવાનું જણાવે છે, જેમાં મસ્તકથી વક્ષ:સુધી લાવવામાં આવેલા હસ્તની ગતિ પ્રધાનપણે રહે છે અને તેથીજ આ કરણનું નામ અવહિત્થ રાખ્યું છે જે સાર્થક છે. આ મત પ્રમાણે ચિન્તા તેમજ દુર્બલતાના ભાવ દર્શાવવા આ કરણની યોજના કરવામાં આવે છે, એવી અભિનવગુપ્તની માન્યતા છે.

પ્રસ્તુત કરણ જનિતા ચારીમાંથી નિષ્પન્ન થાય છે. હસ્ત ધીરે ધીરે શિરોપ્રદેશમાંથી વક્ષ:પ્રદેશમાં લાવવામાં આવે છે અને તે 'અવહિત્થ' હસ્તમુદ્રામાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં અગ્રતલસંચર પાદ અંકિત થયો નથી. અભિ. નિરુપિત અવહિત્થ સંયુત હસ્ત કે અરાલ અને અલપદ્મ્ હસ્ત પણ દર્શાવવામાં આવ્યા નથી. 'વક્ષ પર સ્થિત હસ્ત' એ એક માત્ર લક્ષણ પ્રસ્તુત મુર્તિમાં જળવાયું છે.

## એલકાક્રીડિત

એલકાક્રીડિત કરણનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો તલસંચર (અગ્રતલસંચર) પાદ વડે કુદકો મારી જમીન ઉપર રાખવામાં આવે તથા શરીર સંકોચી (સન્નત) ગોળ ઘુમાવવામાં આવે તો તેને એલકાક્રીડિતક કરણ કહે છે.


(અધ્યાય ૪ શ્લોક ૧૫૭)



તલસંઘટ્ટિત



જનિત



અવહિત્થક

આ કરણમાં એલકાક્રોડિત ચારીમાં અગ્રતલસંચર પગને (ઉપર નીચે ઉછાળો મારી) નીચે લાવતી વેળા, શરીર નમાવી અને ઉપર લઇ જતી વેળા શરીર સંકોચી ગોળ ઘૂમવામાં આવે છે અને બંને હાથ દોલ તથા કટકામુખ મુદ્રામાં રાખવામાં આવે છે. આ કરણની યોજના મૃગ વિગેરે પ્રાણીઓ તથા અધમ પાત્રોની ગતિ રજૂ કરતી વેળા કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ એલકાક્રોડિત ચારીમાંથી નિષ્પન્ન થાય છે. તલસંચર પાદ વડે કૂદકો મારવામાં આવે છે. ધડનો કટિ ઉપરનો ભાગ થોડો વાળી ફરતો રાખવામાં આવે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં બંને પાદ તલસંચર સ્થિતિમાં અંકિત નથી. અહીં કૂદકો મારવાની ક્રિયા કરતાં સાથળના સ્વસ્તિક ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. બે પાદ વચ્ચે અંતર લક્ષણ અનુસારી છે.

## ઉરુદવૃત્ત

ભરતમુનિના મત પ્રમાણે જો હાથ આવૃત્ત (વ્યાવર્તિત) સ્થિતિમાં રાખી પછી નમાવી ઉરુના પૃષ્ઠભાગ ઉપર રાખવામાં આવે અને જંઘા 'અંચિત' તથા ઉદ્‌વૃત્ત (મુદ્રા તથા ગતિમાં) રાખવામાં આવે તો તેને ઉરુદવૃત્ત કરણ કહે છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૫૮)

આ કરણમાં ઉરુદવૃત્ત ચારીમાં તલસંચર પાદની એડી બહારની બાજુ રાખવામાં આવે છે તેમજ જાંઘ નમેલી રાખી સાથો સાથ હાથ ચક્રાકાર ગતિમાં ગોળ ફેરવતાં (વ્યાવર્તિત) વારાફરતી અરાલ તથા કટકામુખ મુદ્રામાં રાખી ક્રમશઃ ઉરુપ્રદેશ તેમજ પૃષ્ઠની તરફ નમેલા રાખવામાં આવે છે. તેની યોજના પ્રણય અવસ્થામાં થતા ક્રોધ, ઇર્ષ્યા, પ્રણય તેમજ પ્રાર્થનાના ભાવાભિનયમાં કરવામાં આવે છે, એમ અભિનવગુપ્ત માને છે.

પ્રસ્તુત કરણ ઉરુદવૃત્ત ચારીમાંથી નિષ્પન્ન થયું છે. જાનુ 'નત' અવસ્થામાં અંચિત રહે છે અને ઉરુ ઉદવૃત્ત રહે છે. હસ્ત વ્યાવર્તિત હસ્ત-કરણમાં રહી સંચાલન કરે છે અને અંતે કટિ ઉપર સ્થિત થાય છે.

ચિદમ્બરમ્ મંદિરની મુર્તિ જાનુનું નત અવસ્થામાં નમવું તથા એડી અંદરના ભાગમાં રહે તે રીતે તલસંચર પાદનું રાખવું સ્વાભાવિકપણે જંઘાની અંચિત અવસ્થા તથા 'ઉરુ' ઉદવૃત્ત દશા તરફ દોરી જાય છે. હસ્ત કટિપ્રદેશમાં સ્થિત છે. મસ્તક ગોળ ફરેલું છે.

## મદસ્ખલિતક

ભરતમુનિના જણાવ્યાનુસાર જો બંને હાથ પ્રલંબિત અર્થાત નીચે લટકતા રાખવામાં આવે, મસ્તક પરિવાહિત મુદ્રામાં રહે તથા જમણો અને ડાબો પગ વલિત થઇ આવિધ્ધ ચારી દર્શાવે તો તેને 'મદસ્ખલિતક' કરણ કહે છે.

-( અધ્યાય ૪ શ્લોક ૧૫૯)


આ કરણમાં આવિધ્ધ ચારીમાં સ્વસ્તિક કરવામાં આવેલા કુંચિત પાદને લંબાવી, ઝડપથી અંચિત કરી, નીચે પછાડવામાં આવે છે. બંને હાથ દોલામુદ્રામાં નીચે હાલતા રાખવામાં આવે છે અને મસ્તક પરિવાહિત દશામાં વારાફરતી એક પડખેથી બીજા પડખે ફરે છે. તેની યોજના મદની મધ્ય અવસ્થામાં કરવામાં આવે છે એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ આવિધ્ધ ચારીમાંથી નિષ્પન્ન થયું છે જેમાં આરંભે ચરણ સ્વસ્તિક દશામાં રહે છે. શિર 'પરિવાહિત' અવસ્થામાં ફરે છે અને બાહુ નીચે લટકતા રહે છે.


ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિ આવિધ્ધ ચારીમાં સ્થિત સ્વસ્તિક પાદ દર્શાવે છે. મસ્તક એક પડખે નમેલું છે પણ તે શિરની પરિવાહિત અવસ્થા દર્શાવતું નથી. હાથ લટકતા રાખવામાં આવ્યા નથી તેની જગ્યાએ તે ચતુરસ્ર અવસ્થામાં વક્ષ: નજીક દર્શાવવામાં આવ્યા છે. ચરણની સ્વસ્તિક અવસ્થા તદ્દન લક્ષણાનુસારી છે.

## વિષ્ણુકાન્ત

ભરતમુનિ વિષ્ણુકાન્ત કરણનું લક્ષણ નિરુપતાં જણાવે છે કે જો પગ પ્રસારી ઉપર



એલકાક્રીડિત



ઊરુદ્‌વૃત્ત



મદસ્ખલિતક

લઇ જતાં સાંકડો કરવામાં આવે (કુંચિત) તથા બંને હાથ રેચિત મુદ્રામાં રાખવામાં આવે તો તે કરણ વિષ્ણુકાન્ત કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૧૬૦)

આ કરણમાં કુંચિત પાદ જમીનથી ઉપર દણ્ડપાદ ચારી ની સ્થિતિમાં ઉઠાવવામાં આવે છે તથા બંને હંસપક્ષ હસ્તને ગોળ ફરતા રાખી રેચિત કરવામાં આવે છે. વિષ્ણુકાન્ત શબ્દ પાછળનો આશય એ છે કે વિષ્ણુ સદૃશ પાદોત્ક્રમણ દર્શાવવું. તેનો અભિનય આવા પ્રસંગોએજ કરવામાં આવે છે, એવી અભિનવગુપ્તની માન્યતા છે.

પ્રસ્તુત કરણમાં જાનુ વળે નહી તે રીતે પગ સ્વપાર્શ્વમાં અતિ લંબાવવામાં આવે છે. આ દણ્ડપાદ ચારીની અંતિમ અવસ્થા સૂચવે છે કે જેમાં ચરણ જમીનથી ઉંચો કરી કેડની સમકક્ષ લઇ જવામાં આવે છે. આ કરણમાં બે હાથ રેચિત મુદ્રામાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિ (તાંડવલક્ષણ' ગ્રંથ પ્રમાણે) કુંચિત પાદ આકાશ તરફ લંબાયેલો સ્પષ્ટપણે અંકિત થયો છે. હસ્ત પણ રેચિત અવસ્થા નિરુપે છે.


## વૃષભક્રીડિત

ભરતમુનિના મત પ્રમાણે જો અલાત ચારી દર્શાવ્યા પછી બંને હાથ રેચિત મુદ્રામાં રાખી બંનેને પછી કુંચિત અને અંચિત મુદ્રામાં રાખવામાં આવે તો વૃષભક્રીડિત કરણ કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૧૬૪)


આ કરણમાં અલાતા ચારીમાં પગ રાખી બંને હાથ રેચિત અર્થાત ચકાકાર ઘુમાવી કુંચિત કરવામાં આવે છે અને પુનઃ બાહુ તેમજ શીર્ષ પ્રદેશ ઉપર અલપલ્લવ મુદ્રામાં અંચિત કરતાં અર્થાત્ વૃત્તાકારે વાળવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ અલાતા ચારીમાંથી નિષ્પન્ન થયું છે. બાહુ, હસ્તની વ્યાવર્તિત હસ્તકરણયુક્ત સ્થિતિ સાથે રેચિત થાય છે.


ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિ, આ કરણના બે વ્યાવર્તક લક્ષણો (૧) અલાતા ચારી અને (૨) રેચિત હસ્તનું પ્રતિવિધાન કરતી નથી. અહીં સમપાદ ચરણયુક્ત સ્થિર મુદ્રા જોવા મળે છે.



વિષ્ણુક્રાન્ત



વૃષભક્રીડિત



શકટાસ્ય

## શકટાસ્ય

ભરતમુનિના મતે જો સ્થિર બેસી તલસંચર ચારીમાં પગ લંબાવવામાં આવે તથા વક્ષસ્થલ ઉદ્વાહિત દશામાં રાખવામાં આવે તો તેને શકટાસ્ય કરણ કહે છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૬૭)


આ કરણમાં શકટાસ્યા ચારીમાં પાદ અગ્રતલસંચર સ્થિતિમાં રાખી અંગોને સ્થિર દશામાં રાખી (નિષણ્ણ) એક હાથ પ્રસારવામાં આવે છે. ઉર ઉદ્વાહિત સ્થિતિમાં રાખી બીજા હાથને કટકામુખ મુદ્રામાં વક્ષ ઉપર રાખવામાં આવે છે. આ શબ્દની વ્યુત્પત્તિ છે શકટસ્ય અસનં ક્ષેપ: અર્થાત શકટનું સ્થાપનજ શકટાસ્ય કરણ બને છે. બાલિકા જેવા ઉપરુપકમાં ઉપયુક્ત બાલક્રીડાના પ્રસંગોમાં આ કરણનો અભિનય-પ્રદર્શનાર્થ યોજના કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ શકટાસ્ય ચારીમાંથી નિષ્પન્ન થાય છે. પાદ અગ્રતલસંચર તથા વક્ષ: ઉદ્વાહિત રહે છે. આ કરણ પણ ચક્રમંડળ કરણની જેમ acrobatic અર્થાત મદારી ખેલયુક્ત જણાય છે. હસ્ત કટકામુખ મુદ્રામાં વક્ષ:પ્રદેશમાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં અંકિત પ્રસ્તુત કરણ તે acrobatic એક્રોબેટિક પ્રકારનું કરણ હોવાનો પૂરો સંકેત કરે છે. ( જો કે ભરતમુનિ આ કરણ acrobatic હોવાનું જણાવતા નથી) અહીં પગનો અંગુઠો માથાને સ્પર્શતો બતાવવામાં આવ્યો છે જે લક્ષણ ભરતમુનિએ નિરુપ્યું નથી. પાદ તલસંચર દશામાં નથી કે હાથ કટકામુખ મુદ્રામાં નથી. અહીં કોઇ મૌખિક પરંપરાનું અનુકરણ થયું હોય તેમ જણાય છે. અભિનવગુપ્ત પ્રસ્તુત કરણનો વિનિયોગ બાલક્રીડામાં સુચવે છે તે યથાર્થ છે. ગાડાના પૈડાનો આકાર અહીં સૂચિત થયો છે.

## ગંગાવતરણ

'ગંગાવતરણ' કરણનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો બંને પગના તળિયાં અને આંગળીઓ ઉર્ધ્વ રાખી, બંને હાથ પૃથ્વી ઉપર ત્રિપતાક મુદ્રામાં



ગંગાવતરણ

અધોમુખ અવસ્થામાં ટેકવી, મસ્તક સન્નત મુદ્રામાં રાખવામાં આવે તો કરણને 'ગંગાવતરણ' કહે છે. (અધ્યાય ૪ શ્લોક ૧૬૮)

આ કરણમાં બંને ચરણ ઉત્ક્ષેપ તથા નિક્ષેપ કર્યા પછી ઉન્નત તેમજ સન્નત કરવામાં આવે છે અને તેમને પાછળની બાજુ એ રીતે ઉંચકવામાં આવે છે કે તેના તળિયાં અને આંગળીઓ ઉર્ધ્વમુખી રહે, સાથો સાથ બંને ત્રિપતાક હસ્ત હથેળીઓના આધારે જમીન ઉપર ટેકવી, શરીર સમતોલ રાખી, ગ્રીવા સન્નત મુદ્રામાં નમેલી રાખવામાં આવે છે. આમાં ત્રિવિક્રમની સ્થિતિમાં પગ પ્રસારી, નીચે ઉતરવાના પ્રયોગ દ્વારા ગંગાદેવીના અવતરણ જેવી સ્થિતિનું ભાન કરાવવામાં આવે છે. નામાનુસાર સ્થિતિને અનુરૂપ અભિનય કરવાના અવસરે આ કરણની યોજના કરવી જોઇએ, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ પણ એરકોબેટિક acrobatic પ્રકારનું છે. હસ્ત ત્રિપતાક મુદ્રામાં રહે છે. ચરણ અને એડી ઉપર ઉઠાવેલા રહે છે અને શરીરનો ભાર હાથ ઉપર રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિ પ્રસ્તુત કરણ એક્રોબેટિક acrobatic હોવાનો સંકેત કરે છે. બંને પાદ ઉંચકાયેલા છે. ત્રિપતાક હસ્ત જમીન ઉપર રાખવામાં આવ્યા છે. જો બંને હાથ જમીન ઉપર ટેકવવામાં આવે તોજ આ પ્રકારનું કરણ શારીરિક દૃષ્ટિએ શક્ય બને એવો આ મૂર્તિ નિર્દેશ કરે છે.

## કટિ-કરણો

કટિના વિવિધ સંચાલનના આધારે જેના નામકરણ થયા છે તેવા કરણો 'કટિ-કરણો'ના વર્ગમાં મૂકવામાં આવ્યા છે. આ વર્ગમાં નીચેના કરણોનો સમાવેશ થાય છે. (૧) કટિચ્છિન્ન (૨) કટિસમ (૩) કટિભ્રાન્ત (૪) છિન્ન.

કટિની સમ અવસ્થા રેચિત અવસ્થા તથા છિન્ન અવસ્થા-મુખ્યત્વે આ ત્રણ અવસ્થાઓનો કટિકરણોમાં પ્રયોગ થાય છે. આ ઉપરાંત હસ્તની વિવિધ મુદ્રાઓ પણ

પ્રયોજાય છે જેમ કે કટિચ્છિન્ન કરણમાં પલ્લવ હસ્ત, કટિસમ કરણમાં કટકામુખ હસ્ત, કટિભ્રાન્તમાં અપવિદ્ધ તથા છિન્ન કરણમાં અલપદ્મ હસ્ત પ્રયોજાય છે. આ ઉપરાંત વિવિધ સ્થાનોનો વિનિયોગ પણ થાય છે જેમ કે કટિસમ કરણમાં વૈષ્ણવસ્થાન તથા છિન્ન કરણમાં વૈશાખ સ્થાન પ્રયોજાય છે. કટિછિન્નમાં ભ્રમરી ચારી, કટિસમમાં આક્ષિપ્તા ચારી, કટિભ્રાન્તમાં સૂચીચારીનો પ્રયોગ થાય છે.

## કટિચ્છિન્ન

ભરતમુનિના મત પ્રમાણે જો કટિ વારાફરતી છિન્ન મુદ્રામાં અને બંને હાથ વારાફરતી પલ્લવ મુદ્રામાં મસ્તક પર રાખવામાં આવે અને આ પ્રમાણે વારંવાર કરવામાં આવે તો તેને કટિચ્છિન્ન કરણ કહે છે. (અધ્યાય ૪ શ્લોક ૭૧)

આ કરણમાં, ભ્રમરી ચારીમાં બંને બાજુએથી ગોળ ચક્કર મારી, મણ્ડલ સ્થાનમાં રહેવામાં આવે છે તથા કટિ છિન્ન દશામાં રાખવામાં આવે છે. પછી બાહુ તેમજ મસ્તકની સમરેખ બંને હાથ પલ્લવ મુદ્રામાં ન્યસ્ત કરવામાં આવે છે. પલ્લવ હસ્ત પતાક અને અલપલ્લવ હસ્ત સાથે રાખવામાં આવે છે. આ પ્રમાણે આ ક્રમ વારાફરતી કરવામાં આવે છે તથા તેનું પુનરાવર્તન બે અથવા ત્રણ વાર કરવામાં આવે છે જેનાથી આ કરણ બને છે. વિસ્મયપ્રધાન વાક્યાર્થ અભિનયમાં તેની યોજના કરવામાં આવે છે. અહીં અલપલ્લવનો પ્રયોગ પણ વિસ્મયભાવની પ્રમુખતાનો સંકેત કરે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં કટિ 'છિન્ન' અવસ્થામાં રહે છે. હસ્ત પલ્લવ મુદ્રામાં રહે છે. પાદની સ્થિતિ દર્શાવવામાં આવી નથી. ટીકા પ્રમાણે ભ્રમરી ચારી તથા મણ્ડલ સ્થાન પ્રયોજાય છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિ, કટિની છિન્ન અવસ્થા કે પાદની ભ્રમરી ચારીમાં સ્થિત અવસ્થા સ્પષ્ટપણે દર્શાવતી નથી. પલ્લવ નૃત્ત હસ્ત પણ બરાબર અંકિત થયા નથી. બે પાદ વચ્ચે અંતર છે. હસ્ત સ્કંધથી ઉપરની કક્ષાએ લંબાવવામાં આવ્યા છે.

## કટિસમ

ભરતમુનિ જણાવે છે તેમ જો સ્વસ્તિક કરણ પ્રદર્શિત કર્યા પછી બંને પગ છૂટા રાખો બંને હાથ નાભિ તથા કટિ ઉપર રાખવામાં આવે તથા પાર્શ્વ (પડખું) ઉદ્વાહિત ચેષ્ટામાં રાખવામાં આવે તો કટિસમ કરણ કહેવાય છે.

(અધ્યાય ૪ શ્લોક ૭૯)

આ કરણમાં સ્વસ્તિક કર્યા પછી પગને અપક્રાન્ત કરવામાં આવે છે અર્થાત આક્ષિપ્તા ચારી કર્યા પછી અપક્રાન્તા ચારીનો પ્રયોગ કરવામાં આવે છે. આમાં પગની સાથે હાથ પણ અપક્રાન્ત અર્થાત બંને હાથ છૂટા કરી એકને કટકામુખ મુદ્રામાં નાભિપ્રદેશની પાસે તથા બીજા હાથને અર્ધચન્દ્ર મુદ્રામાં કટિપ્રદેશ ઉપર રાખવામાં આવે છે. આમાં એક પાર્શ્વ નત અને બીજું પાર્શ્વ ઉદ્વાહિત સ્થિતિમાં રાખવામાં આવે છે. આ કરણ વૈષ્ણવસ્થાનથી યુક્ત માનવામાં આવે છે. તેની યોજના સૂત્રધાર દ્વારા જર્જરના અભિમન્ત્રણ સમયે કરવામાં આવે છે., એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં કટિ 'સમ' અવસ્થામાં રહે છે. અહીં આક્ષિપ્તા ચારી તથા વૈષ્ણવ સ્થાન પણ પ્રયોજાય છે. (અભિ.) કટિ ફરે નહિ તે રીતે સ્વસ્તિક દશામાં રહેલા પાદ છૂટા પાડવામાં આવે છે. વક્ષ ઉદ્વાહિત રહે છે. પાર્શ્વ નત રહે છે. હસ્ત કટકામુખ મુદ્રામાં નાભિપ્રદેશમાં સ્થિત રાખવામાં આવે છે. અહીં કટિના આધારે નામકરણ થયું હોવા છતાં કટિનાં વિશિષ્ટ સંચાલનો નિરુપવામાં આવ્યા નથી.


ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિ પ્રસ્તુત કરણની અંતિમ અવસ્થા નિરુપે છે. હસ્ત કટિ ઉપર સ્થિત છે, કદાચ અર્ધચન્દ્ર હસ્તમુદ્રામાં, છાતી ઉદ્વાહિત છે. જાનુ ક્ષિપ્ત છે. પણ આક્ષિપ્તા ચારીમા સંચાલનો નિરુપાયેલા નથી.

## કટિભ્રાન્ત

ભરતમુનિ જણાવે છે તેમ જો પગ સૂચી ચારીમાં રાખો ડાબો પગ અપવિદ્ધ મુદ્રામાં રાખવામાં આવે તથા કટિ રેચિત (ચારે બાજુ ઘૂમતી) રાખવામાં આવે તો કટિભ્રાન્ત કરણ કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૧૦૩)



કટિ છિન્ન



કટિ સમ



કટિ ભ્રાન્ત

આ કરણમાં, સૂચી ચારી નો પ્રયોગ કરી, વામ પાદ ઝડપથી દક્ષિણ જાનુ અર્થાત્ જમણા ઘૂંટણ સુધી ઉંચો કરી, આગળની બાજુ પછાડવામાં આવે છે અને પછી આ પગને ઝડપથી હટાવી દક્ષિણ પાદની પાછળ રાખવામાં આવે છે. આ સમયે ત્રિકને ગોળ ફેરવી કટિને રેચિત કરવામાં આવે છે. પછી ભ્રમરી ચારીનો પ્રયોગ કરી, બંને હાથના પ્રયોગ અનુસાર સંચાલિત કરી, કટિના રેચનકાળ દરમ્યાન વ્યાવૃત્ત તથા પરિવૃત્ત કર્યા પછી ચતુરસ્ર કરી રાખવામાં આવે છે. તેની યોજના ગતિ પરિક્રમણના મધ્યવર્તી ભાગમાં અથવા ગતિઓની પૂર્તિના પ્રસંગે કરવામાં આવે, છે એવું અભિનવગુપ્તનું મંતવ્ય છે.

પ્રસ્તુત કરણમાં કટિ રેચિત રાખવામાં આવે છે. પાદ સૂચી ચારી અનુસાર રહે છે અને બાહુ અપવિદ્ધ સ્થિતિમાં રેચિત થાય છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં સૂચી ચારી નિરુપાયેલી નથી. પાદની ગતિ અભિનવગુપ્તની ટીકા અનુસારી છે. હસ્તની સ્થિતિ ભરતાનુસારી નથી. કટિની રેચિત અવસ્થા સંચાલન પ્રધાન હોવાથી મુર્તિમાં તેની કોઇક સ્થિતિજ કંડારી શકાય.

## છિન્ન

ભરતમુનિના મતાનુસાર જો અલપદ્મ મુદ્રાવાળો હાથ કટિ ઉપર રાખવામાં આવે, કટિ છિન્ન મુદ્રામાં રહે અને વારાફરતી આ મુદ્રામાં સ્થિત નર્તક શેષ અંગોને વૈશાખ સ્થાનમાં રાખે તો છિન્ન કરણ કહેવાય છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૦૫)

આ કરણમાં બે અલપલ્લવ હસ્તને વારાફરતી કટિપ્રદેશ ઉપર રાખવામાં આવે છે તથા પગની એડીઓ વૈષ્ણવસ્થાનમાં વારાફરતી ઉપર નીચે ઉઠાવી રાખવામાં આવે છે. તથા કટિને વચ્ચેથી ઘુમાવી છિન્ન કરવામાં આવે છે. આમાં વૈશાખસ્થાનમાં સાડા ત્રણ તાલના અંતરથી પગને રાખી સ્થિત રહેવું પડે છે. તેની યોજના અંગ-ભંગ અથવા અંગોને છુપાવવા કે તાલભંગ થવામાં કરવામાં આવે છે, એવી અભિનવગુપ્તની માન્યતા છે.



પ્રસ્તુત કરણમાં કટિ છિન્ન અવસ્થામાં વળેલી/નમેલી રહે છે. અલપદ્મ હસ્તમુદ્રામાં હાથ કટિ ઉપર રાખવામાં આવે છે. પાદ વૈષ્ણવસ્થાનમાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં કટિની છિન્ન અવસ્થા હુબહુ નિરુપાયેલી છે. હસ્ત કટિ ઉપર સ્થિત છે અને કદાચ અલપદ્મ મુદ્રામાં હોઇ શકે પણ હસ્ત મુદ્રા સ્પષ્ટ નથી.

( ૯ )

પા દ ક ર ણો :

પાદની વિવિધ સ્થિતિ તથા ગતિના આધારે જેના નામ રચાયા છે તે કરણોને 'પાદકરણો' વર્ગમાં મૂકવામાં આવ્યા છે, જેમાં નીચે જણાવેલા કરણોનો સમાવેશ થાય છે. (૧) વિક્ષિપ્તાક્ષિપ્ત (૨) અંચિત (૩) પાદાપવિદ્ધક (૪) તલવિલસિત (૫) અર્ગલ (૬) વિક્ષિપ્ત (૭) આવર્ત્ત (૮) ગરુડપ્લુતક (૯) ગણ્ડસૂચી (૧૦) વૃશ્ચિકાવલોનક (૧૧) સર્પિત (૧૨) પ્રસર્પિત (૧૩) વિષ્કમ્ભ તથા (૧૪) ઉદ્ઘટ્ટિત.

પાદની વિભિન્ન અવસ્થા તથા પાદપ્રસારણ પર આધારિત આ કરણોમાં અંચિત, કુંચિત, અગ્રતલસંચર તથા ઉદ્ઘટ્ટિત પાદ મુખ્યપણે પ્રયોજાયા છે. હસ્તની વિવિધ મુદ્રાઓ તથા પાર્શ્વની નત, ઉન્નત, સ્થિતિઓ તથા શિરની પરિવાહિત મુદ્રા પણ કેટલાક પાદકરણોમાં પ્રયોજાઇ છે. આ ઉપરાંત સૂચીવિદ્ધ ચારી, વિદ્યુદ્ભ્રાન્તા ચારીનો વિનિયોગ પણ કેટલાક પાદકરણોમાં થયો છે.

## વિક્ષિપ્તાક્ષિપ્ત

ભરતમુનિના મતે જો હાથ અને પગ ઉપર ઉછાળવામાં આવે (વિક્ષિપ્ત ) અને પછી તેમને નીચે પછાડવામાં આવે (આક્ષિપ્ત) તો વિક્ષિપ્તાક્ષિપ્ત કરણ કહેવાય છે.

(અધ્યાય ૪ શ્લોક ૮૧)

આ કરણમાં હાથ અને પગનો વિક્ષેપ કરવામાં આવે છે. વિક્ષેપનું લક્ષણ છે એક હાથ - વ્યાવૃત્ત કરણ કરતો વેળા - વ્યાવર્તિત કરી પગ દ્વારા બહાર કાઢવાનું કાર્ય

કરવું. આમાં અન્ય હાથ ચતુરસ્ર સ્થિતિમાં રાખવામાં આવે છે અને પછી પરિવર્તિત કરી બીજા હાથ અને પગથી વિક્ષેપ કરવામાં આવે છે. આની યોજના આવવા-જવાના ભાવને પ્રગટ કરનાર વાક્યાર્થ અભિનયમાં કરવામાં આવે છે. આ વિષયમાં ભટ્ટ તોતનો મત થોડો જુદો પડે છે. તેમનો મત છે કે ઉપર્યુક્ત સ્થિતિમાજ કેવળ સંયોજિત ન કરવામાં આવે કારણ કે જ્યાં અભિનય માટે હસ્તમુદ્રાઓનો પ્રયોગ થાય છે, ત્યાં વાક્યાર્થ અભિનય માનવામાં આવ્યો છે. કરણ નૃત્તમાત્ર માટે ઉપયોગી હોય છે કારણ તેમાં વર્તનાની પ્રમુખતા અથવા નૃત્તહસ્તોની પ્રમુખતા રહે છે એટલે પ્રધાનપણે નૃત્તમાં આ કરણનો પ્રયોગ થવો જોઇએ. આ ઉપરાંત અન્ય આચાર્યોનો મત છે કે કદાચિત્ યોજનાનુસાર શસ્ત્ર મોક્ષણ આદિ અભિનય પ્રસ્તુત કરતી વેળા વચ્ચે વચ્ચે ગતિ, પરિક્રમણ, યુધ્ધ, નિયુધ્ધ, ચારી તેમજ સ્થાન રજૂ કરવાનો પ્રસંગ આવે છે એટલે તાલના વિચારાનુસાર ત્યાં આવા કરણની યોજના કરવી જોઇએ એવું અભિનવગુપ્ત નોંધે છે.

પ્રસ્તુત કરણમાં હાથ અને પગ બંને ઉછાળવામાં આવે છે. એક હસ્ત વ્યાવર્તિત હસ્તકરણયુક્ત તથા અન્ય ચતુર હસ્તમુદ્રામાં રહે છે. કરણના અંતે સંચાલનો વિપરીત reverse movement કરવામાં આવે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં ડાબો હાથ મુષ્ટિ (કદાચ ચતુર પણ હોઇ શકે) મુદ્રામાં તથા અન્ય લતા' મુદ્રામાં બહાર લંબાવેલો અંકિત થયો છે. જાનુ ક્ષિપ્ત તથા ચરણ સમપાદા અવસ્થામાં છે.

## અંચિત

અંચિત કરણનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે જો અર્ધ્ર સ્વસ્તિક કરણની અવસ્થામાં 'કરિહસ્ત' મુદ્રાવાળો હાથ વારાફરતી વ્યાવૃત્ત (ચકડારે ગોળ ફેરવવો) અને પરિવૃત્ત (બીજી બાજુ ફેરવતાં) કરવામાં આવે અને પછી તેને નાસિકાના અગ્રભાગની તરફ નમાવવામાં આવે તો અંચિત કરણ કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૮૩)

આ કરણમાં અર્ધસ્વસ્તિક કરણમાંના કરિહસ્તને વ્યાવર્તિત કરી અલપલ્લવ હસ્તે અંચિત કરવામાં આવે છે અર્થાત અર્ધસ્વસ્તિક કરણમાંનો કરિહસ્ત વ્યાવૃત્ત થઇ નાસિકાના અગ્રભાગની સામે યા સમરેખ અલપલ્લવ કરવામાં આવે અને પછી વિવર્તિત સ્થિતિમાં સંચાલિત કરી નમાવી રાખવામાં આવે તો અંચિત કરણ બને છે. તેની યોજના સામે જોવાનાં તેમજ આશ્ચર્ય પ્રગટ કરવાના વાકયાર્થ અભિનયમાં કરવામાં આવે છે, એવું અભિનવગુપ્તનું મંતવ્ય છે.

પ્રસ્તુત કરણમાં પાદ અંચિત રહે છે અને પછી સ્વસ્તિક રચે છે. હસ્ત વ્યાવર્તિત અને પરિવર્તિત હસ્તાંકરણયુકત રહે છે. હસ્ત 'કરિહસ્ત' મુદ્રામાં અને નાસિકા સમીપ રાખવામાં આવે છે.


ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિ પાદની સ્વસ્તિક અવસ્થા તથા બાહુની કરિહસ્ત મુદ્રા દર્શાવે છે. હસ્ત નાસિકાની સમીપ નથી પરંતુ પતાક હસ્ત સ્કન્ધ પ્રદેશમાં તથા લતા હસ્ત શરીરના ભાગને ઢાંકતો દર્શાવવામાં આવ્યો છે.

## પાદાપવિધ્ધક

ભરતમુનિના મતાનુસાર જો બંને હાથ કટકામુખ મુદ્રામાં નાભિની પાસે હથેળીઓને પ્રાઙ્મુખ અવસ્થામાં રાખો બંને પગ સૂચી (સૂચીવિધ્ધ) તથા અપક્રાન્તા ચારીયુકત રાખવામાં આવે તો પાદાપવિધ્ધક કરણ કહેવાય છે.

(અધ્યાય ૪ શ્લોક ૯૦)


આ કરણમાં બંને કટકામુખ હસ્ત ઉલટાવી નાભિપ્રદેશથી આઠ આંગળ દૂર રાખવામાં આવે છે. એક પગ બીજા પગને સૂચી દ્વારા આવિધ્ધ કરે છે અને પછી બીજો પગ આ પ્રમાણે પહેલા પગને સૂચીથી આવિધ્ધ કરી અપક્રાન્તા ચારીની અવસ્થામાં રાખવામાં આવે છે. પાદાપવિધ્ધકની વ્યુત્પત્તિ છે ' પાદાત્ પાદાન્તરમપવિધ્ધમપસારિતં યત્ર તત્ પાદાપવિધ્ધકમ્ ' અર્થાત જેમાં એક પગ બીજા પગ દ્વારા અપવિધ્ધ અર્થાત્ હટાવવામાં આવે તો તેને પાદાપવિધ્ધક કરણ કહેવામાં આવે છે, એવું અભિનવગુપ્ત જણાવે છે.



વિક્ષિપ્તાક્ષિપ્ત



અંચિત.



પાદવિધ્ધક

પ્રસ્તુત કરણમાં આરંભમાં પાદ સૂચીવિધ્ધ ચારીમાં રહે છે અને પછી અપક્રાન્તા ચારીમાં. હસ્ત કટકામુખ મુદ્રામાં નાભિપ્રદેશમાં રાખવામાં આવે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં સૂચી પાદ સમપાદ પાદની એડી ઉપર સ્થિત છે અને તેથી સૂચીવિધ્ધ ચારી કે અપક્રાન્તા ચારીનું યથાતથ પ્રનિધાન થયું નથી. હસ્ત કટકામુખ મુદ્રામાં નાભિપ્રદેશમાં હોવાની જગ્યાએ એક હસ્ત વક્ષપ્રદેશમાં છે અને તે સ્પષ્ટપણે કટકામુખ હસ્તમુદ્રા દર્શાવતો નથી. અન્ય હાથ ચોક્કસપણે 'મુષ્ટિ' મુદ્રાયુક્ત જણાય છે.

## નલવિલસિત

ભરતમુનિ જણાવે છે તેમ, જો પગને તળિયા અને આંગળીઓ સહિત એક પડખેથી ઉંચો કરી લંબાવવામાં આવે તથા બંને હાથની હથેળીઓ સંકોચવામાં આવે તો નલવિલસિત કરણ બને છે. (અધ્યાય ૪ શ્લોક ૧૧૬)

આ કરણમાં ઉર્ધ્વ રાખવામાં આવેલા પગની આંગળીઓ ઉપરની બાજુ-ઉર્ધ્વ-તથા તેનું તળિયું સામેની બાજુ વાળેલું રાખવામાં આવે છે. આજ ક્રમને બીજા પગ વડે દોહરાવવામાં આવે છે. તેની સાથે સાથે બે પતાક હસ્તને એક બીજાથી સંશ્લિષ્ટ કરી ઉપર નીચે સંચાલિત કરી એક બીજાને મળે અને એક બીજાથી છુટા પડે તે રીતે રાખવામાં આવે છે. આ પ્રમાણે પગ અને હાથનો તળિયાના પોલાણમાં સુંદરતા સાથે મેળાપ કરવામાં આવતો હોવાથી આ કરણને નલવિલસિત કહેવામાં આવ્યું છે. તેની યોજના પૂર્વરંગ સમયે સૂત્રધાર દ્વારા ઉપાડવામાં આવતા ડગની સ્થિતિમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણમાં એક પગ લંબાવવામાં આવે છે. અહીં પગની આંગળી ઉર્ધ્વ હોવાથી પગના તળિયા દેખાયછે અને તેથી પાદ અંચિત પાદને મળતો આવે છે. પતાક મુદ્રામાં રહેલા હસ્ત ઉપરથી નીચે આવે છે ત્યારે તેમની હથેળી અધોમુખ રહે છે અને હાથ મળે અને છુટા પડે એવો ક્રિયા થતી રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિ પ્રસ્તુત કરણનાં બે આગવા લક્ષણો (૧) પાદપ્રસારણ અને (૨) તલદૃશ્યમાનતા દર્શાવતી નથી. તે કરણની અંતિમ સ્થિતિ સૂચવે છે જેમાં પગ પાછળ લંબાવી ઊંચો કરવામાં આવ્યો છે. પગ ઊંચો કરવાનું લક્ષણ અભિનવગુપ્તે આપ્યું છે.

## અર્ગલ

ભરતમુનિના મત પ્રમાણે જો પગને પાછળની બાજુ હટાવો અઢી તાલ સુધી રાખવામાં આવે તથા હાથ પણ પગ પ્રમાણે સામેની બાજુ ફરતા રાખવામાં આવે તો અર્ગલ કરણ કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૧૧૭)

આ કરણમાં વામ પાદની કનિષ્ઠ આંગળી ઉપર જમણો પગ ટેકવવામાં આવે છે. આ સ્થિતિ શરીરને પાછળની બાજુ લંબાવી પગને અઢી તાલના અંતરે રાખી ગ્રહણ કરવામાં આવે છે. આ સમયે હાથ અલપલ્લવ મુદ્રામાં રાખી, શરીરના ભાગને નિયન્ત્રિત કરવાની સાથે સાથે બંને હાથ પગને પણ આજ ક્રમમાં નમાવવામાં આવે છે. તેની યોજના અંગદ જેવા પાત્રોની ફરવાની ક્રિયા વગેરે સ્થિતિમાં કરવામાં આવે છે, એમ અભિનવગુપ્ત જણાવે છે.

પ્રસ્તુત કરણમાં એક પગ પાછળ લંબાવવામાં આવે છે અને બે પાદ વચ્ચે અઢી તાલનું અંતર રહે છે. શરીર કમાનાકારે વળે છે અને હાથ જમીનને અડકે તે રીતે લંબાવવામાં આવે છે. શરીર કમાન આકારમાં વળે ત્યારે નાભિ આકાશ તરફ રહે તે રીતે વળે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં પ્રસ્તુત કરણ, ચક્રમણ્ડલ, શકટાસ્ય તથા ગંગાવતરણ કરણોની જેમ acrobatic એક્રોબેટિક પ્રકારના કરણરૂપે અંકિત છે જે કરણની અંતિમ સ્થિતિ સૂચવે છે.

## વિક્ષિપ્ત

ભરતમુનિ જણાવે છે તેમ જો હાથ અને પગને પાછળ તથા બંને પડખે એક સાથે એક બીજાનું અનુસરણ કરતાં ફેંકવામાં આવે (વિક્ષિપ્ત) તો તેને વિક્ષિપ્ત કરણ કહે છે. (અધ્યાય ૪ શ્લોક ૧૧૮)

આ કરણમાં બંને પગ વારાફરતી વિદ્યુદ્‌ભ્રાન્તા ચારી તથા દણ્ડપાદ ચારીમાં રાખી બંને હાથ ચક્રાકારે ફેરવી ઉદ્વેષ્ટિત્ અપવેષ્ટિત તથા રેચિત કરી, સામે, પાછળ તથા પડખે ઝટકા સાથે ફેંકવામાં આવે છે. પાદ, હસ્ત ઘૂંટણ ક્ષિપ્ત કરવાને લીધે આ કરણને વિક્ષિપ્ત કહેવામાં આવે છે. તેની યોજના ઉદ્ધત પરિક્રમણમાં કરવામાં આવે છે, એવી અભિનવગુપ્તની માન્યતા છે.


પ્રસ્તુત કરણમાં જાનુ ક્ષિપ્ત રહે છે. બંને પાદ તથા હસ્ત શરીરથી વિક્ષિપ્ત કરવામા આવે છે. અભિ. વિદ્યુદ્‌ભ્રાન્તા ચારી તથા દણ્ડપાદ ચારીનો ઉલ્લેખ કરે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિ પાદપ્રસારણ અને હસ્તપ્રસારણ દર્શાવે છે. હાથ અને જાનુની વિક્ષિપ્તાવસ્થા પણ સૂચવાઇ છે. પ્રસ્તુત મૂર્તિ વિક્ષિપ્ત કરણની મધ્ય અવસ્થા નિરુપે છે.


## આવર્ત

ભરતમુનિના મતે જો કુંચિત પાદને લાંબો કરી ઝડપથી પાછો લઇ લેવામાં આવે અને બંને હાથને પ્રયોગ અનુસાર રાખી તેજગતિથી ફેરવવામાં આવે તો આવર્ત કરણ કહે છે. (અધ્યાય ૪ શ્લોક ૧૧૯)

આ કરણમાં બંને પગ વડે ચાષગતિ ચારી નો પ્રયોગ કરતાં કરતાં, બંને હાથ ઉદ્વેષ્ટિત તથા અપવેષ્ટિત સ્થિતિમાં સંચાલિત કરવામાં આવે છે. પછી તેને દોલા હસ્તમુદ્રામાં રાખવામાં આવે છે અને બંને પગ વડે ઝડપથી ગોળ ચક્કર મારવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.



તલવિલસિત



અર્ગલ



વિક્ષિપ્ત

પ્રસ્તુત કરણ ખરેખર તો ચાષગતિ ચારીમાંથી નિષ્પન્ન થયું છે. હસ્ત ઉદ્વેષ્ટિત અને આવેષ્ટિત સંચાલનયુક્ત રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિ કુંચિત પાદ સાથે જાનુની ક્ષિપ્ત દશા નિરુપે છે. ચાષગતિ ચારી અંકિત થઇ નથી. બે મુષ્ટિ હસ્ત વક્ષ:પ્રદેશમાં સ્થિત છે. પ્રસ્તુત મૂર્તિ કરણની આરંભની સ્થિતિ દર્શાવે છે.

## ગરુડપ્લુતક

ભરતમુનિના મત પ્રમાણે જો પગને પાછળ પ્રસારી બંને હાથ (ડાબે-જમણે) વારાફરતી 'લતા' તથા 'રેચિત' મુદ્રામાં રાખવામાં આવે અને શિર ઉન્નત રાખવામાં આવે તો ગરુડપ્લુતક કરણ કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૧૩૦)

આ કરણમાં વૃશ્ચિક ચરણને પાછળ વાળી પ્રસારવામાં આવે છે અર્થાત્ ઉંચા કરેલા પગને ઘૂંટણ આગળથી વાળવામાં આવે છે અને બીજા પગનો તાંસો એડી ઉપર શરીરનો ભાગ સમતોલ રાખી બંને હાથ લતા મુદ્રામાં રાખી 'રેચિત' કરવામાં આવે છે, એમ અભિનવગુપ્ત માને છે.

પ્રસ્તુત કરણમાં પાદ પાછળ લંબો કરવામાં આવે છે અને પાદ (ચરણ) અંચિત રહે છે. જોકે આ કરણ થોડા ફેરફાર સાથે 'વૃશ્ચિક કરણો'ના વર્ગમાં મૂકી શકાય. અહીં લંબાયેલા પાદનો જાનુ કમાન સદૃશ આકારવાળો થતો નથી અને તેથી તેનો સમાવેશ વૃશ્ચિક કરણોમાં કર્યો નથી. અહીં પાર્શ્વ ઉન્નત રહે છે તથા હસ્તા લતા રેચિતમાં સંચાલન કરે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં પ્રસ્તુત કરણનું પ્રતિનિધાન પૂર્ણપણે ભરતાનુસારી થયું છે.

## ગણ્ડ સૂચી

ગણ્ડસૂચી કરણનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો પગ 'સૂચી'માં,

પડખું ઝૂકેલું, એક હાથ વક્ષ:સ્થલ ઉપર અને બીજો હાથ 'અંચિત' મુદ્રામાં કપોલ પ્રદેશને સ્પર્શે તો ગરુડપ્લુતી કરણ કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૧૩૧)

આ કરણમાં એક સૂચીપાદ તથા બીજો સમપાદ રહે છે. એક પડખું નમાવવાની સાથે અંચિત, અલપલ્લવ અથવા સૂચીમુખ મુદ્રાઓમાંથી એક મુદ્રામાં હાથ સંચાલિત કરી વક્ષ: ઉપર રાખવામાં આવે છે અને બીજા અલપલ્લવ મુદ્રાવાળા હાથને ગરુડ અર્થાત્ કપોલ પ્રદેશને અડકાડવામાં આવે છે. કેટલાક વિદ્વન સૂચીમુખ હસ્ત અથવા સ્થાસ્થ હસ્ત કપોલ પ્રદેશ અર્થાત્ ચિબુકનો સ્પર્શ કરતો રાખવાના પક્ષમાં છે. અન્ય વિદ્વાન ગરુડ પ્રદેશનો સ્પર્શ કરતી વેળા સૂચીપાદમાં ચરણ રાખવાનો નિર્દેશ કરે છે. કપોલને શણગારવાના અભિનયમાં આ કરણની યોજના કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.


પ્રસ્તુત કરણમાં એક પાદ સૂચીપાદ તથા અન્ય સમપાદ રહે છે. પાર્શ્વ નત રહે છે. હસ્ત સંચાલન દરમ્યાન અંચિત અને સૂચીમુખ નૃત્ત હસ્તમુદ્રામાં રહે છે અને કરણની અંતિમ સ્થિતિમાં એક હસ્ત વક્ષ:સ્થલ ઉપર અને બીજો અંચિત મુદ્રામાં કપોલપ્રદેશમાં સ્થિત રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં સૂચીપાદ અંકિત થયો નથી. તેની જગ્યાએ કુંચિત પાદ અન્ય સમપાદ પાદની પાછળ રાખવામાં આવ્યો છે. એક હસ્ત વક્ષપ્રદેશમાં તથા અન્ય ચિબુકની નીચે દર્શાવવામાં આવ્યો છે, કપોલ પ્રદેશમાં નહીં.

## ગૃધ્રાવલીનક

ભરતમુનિ જણાવે છે તે પ્રમાણે જો એક પગ પાછળ લંબાવી ઘૂંટણ થોડા નમાવવામાં આવે તથા બને હાથ સામે લાંબા કરવામાં આવે તો ગૃધ્રાવલીનક કરણ બને છે. (અધ્યાય ૪ શ્લોક ૧૩૪)

આ કરણમાં પગ પાછળની બાજુ અંગૂઠાને જમીનથી શ્લિષ્ટ કરી અંચિત ચરણમાં



આવર્ત



ગરુડપ્લુત



ગંડસૂચી

રાખવામાં આવે છે. ઘૂંટણ નમાવો પગ આગળ પાછળ જતાં રાખવામાં આવે છે. સાથે સાથે બંને લતા હસ્ત તથા પાર્શ્વ પણ પ્રસારિત સ્થિતિમાં રાખવામાં આવે છે. તેની યોજના કોઇ મોટા પક્ષી અથવા ગીધ વિગેરેના યુધ્ધમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં પાદ સ્હેજ અંચિત રહે છે અને જાનુ કરણની આરંભની અવસ્થામાં નમેલી રહે છે (જ્યારે પગ આગળ પાછળ સંચાલન કરતાં હોય છે ) હસ્તક્ષા તથા બાહુ લતા હસ્ત મુદ્રામાં લંબાયેલા રહે છે પડખું 'પ્રસારિત' સ્થિતિમાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં હસ્ત 'લતા' મુદ્રામાં છે. પાદની સ્થિતિ ભરતાનુસારી નથી. અહીં ત્રિક ફરતું દર્શાવવામાં આવ્યું છે, જે લક્ષણ ભરતમુનિએ નિરુપ્યું નથી. 'કરણ'નું નામ પતંગસદૃશ સંચાલન સૂચવે છે. જેનું પ્રતિનિધાન પ્રસ્તુત મૂર્તિમાં થયેલું છે. જાનુ નમેલી જોવા મળે છે. પગ પાછળ ફેંકાયેલો દેખાય છે, જો કે પાછળ પુરેપુરો લંબાયેલો જણાતો નથી. પ્રસ્તુત મૂર્તિ કરણની અંતિમ સ્થિતિ સૂચવે છે.

## સર્પિત

ભરતમુનિ જણાવે છે તેમ જો અંચિત સ્થિતિમાં બંને પગ અપસૃત કરવામાં આવે, મસ્તક પરિવાહિત મુદ્રામાં અને બંને હાથ રેચિત મુદ્રામાં રાખવામાં આવે તો સર્પિત કરણ કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૧૪૧)

આ કરણના આરંભમાં એક પગને અંચિત કરી બીજા પગથી અપસૃત અર્થાત છૂટો પાડવામાં આવે છે. તેની સાથો સાથ મસ્તક પરિવાહિત સ્થિતિમાં નમાવવામાં આવે છે અને તદાનુસાર બંને હાથ રેચિત કરવામાં આવે છે. પછી આજ ક્રમ બીજી બાજુના પગ તથા હાથ વિગેરે વડે દોહરાવવામાં આવે છે. જે બાજુના હસ્ત, પાદ સંચાલિત થતાં હોય છે તે બાજુ મસ્તક પણ રાખવામાં આવે છે એટલે પરિવાહિત સ્થિતિમાં મસ્તકનું લક્ષણ નિરુપવામાં આવ્યું છે. આ કરણમાં મદાવસ્થામાં પગની એક બીજાની પાસે આવવાની

સ્થિતિ રહે છે એટલે તેનું સર્પિત નામ સાર્થક છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં પાદ અંચિત રહે છે અને સર્પસદૃશ અર્ધવર્તુળાકારે અપસૃત થાય છે. શિર, પાદના સંચાલનને 'પરિવાહિત' દશામાં રહી અનુસરે છે. હસ્ત તથા બાહુ રેચિત થાય છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં શિરની પરિવાહિત દશા નિરુપાયેલી છે. હસ્ત 'રેચિત' અવસ્થામાં અંકિત છે. પાદ 'અંચિત' દર્શાવવામાં આવ્યો નથી. અહીં એક પાદ 'કુંચિત' દર્શાવવામાં આવ્યો છે.

## પ્રસર્પિતક

ભરતમુનિ પ્રસર્પિતક કરણનું લક્ષણ નિરુપતાં જણાવે છે કે જો એક હાથ રેચિત, બીજો હાથ લતા મુદ્રામાંઅને પગ તલસંચર (પગના તળિયાં જમીનથી ઘસતાં આગળ ચાલવુ ) હોય તો તેને પ્રસર્પિતક કરણ કહેવામાં આવે છે.

( અધ્યાય ૪ શ્લોક ૧૪૮)

આ કરણમાં એક હાથ હંસપક્ષ મુદ્રામાં ઝડપથી ફેરવી રેચિત કરવામાં આવે છે અને બીજો હાથ લતા મુદ્રામાં રાખવામાં આવે છે તથા તે તરફ બંને પગ લઇ જઇ જમીન ઉપર રાખી, જમીન ઘસતાં મન્દ ગતિથી આગળ ચાલવામાં આવે છે. તેનો પ્રયોગ આકાશગામી પાત્રોની ગતિમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં પાદ અગ્રતલસંચર રહે છે. વર્તુળાકારે સંચાલન થાય છે. હસ્ત લતા હસ્તમુદ્રામાં તથા રેચિત હસ્તમુદ્રામાં રહે છે. શિર પરિવાહિત રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં માત્ર હસ્તનો 'લતા' મુદ્રા અંકિત થઇ છે પણ પાદ અગ્રતલસંચર દર્શાવવામાં આવ્યા નથી.

## વિષ્કમ્ભ

ભરતમુનિના જણાવ્યા અનુસાર જો હાથ 'અપવિદ્ધ'મુદ્રામાં અને પગ સૂચી ચારીમાં



ગૃધ્રાવલીનક



સર્પિત



પ્રસર્પિત

રહો 'નિકુટ્ટિત' (નમેલી) અવસ્થા દર્શાવે અને ડાબો હાથ છાપ્રો ઉપર રહે તો વિષ્કમ્ભ કરણ કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૧૬૨)

આ કરણમાં સૂચીપાદ ચારીમાં સ્થિત વામ પાદને નિકુટ્ટિત કરવામાં આવે છે. સાથો સાથ સૂચીમુખ મુદ્રામાં રહેલ વામ હાથનેઅલપલ્લવ મુદ્રામાં રહેલ દક્ષિણ હસ્તથી છુટો પાડતાં 'વિદ્ધ' કરવામાં આવે છે અને પછી વક્ષ: ઉપર રાખવામાં આવે છે. પછી આ પ્રક્રિયા દોહરાવતા દક્ષિણ પાદ તેમજ દક્ષિણ હસ્તથી વિદ્ધ કરી દક્ષિણ પાદને નિકુટ્ટિત કરવામાં આવે છે. આમ આ કરણમાં એકજ પ્રક્રિયા વારંવાર 'વિષ્કમ્ભ' અર્થાત્ પુનરાવર્તિત કરવામાં આવતી હોવાને લીધે તેનું નામ 'વિષ્કમ્ભ' રાખવામાં આવ્યું છે, એમ અભિનવગુપ્ત માને છે.

પ્રસ્તુત કરણમાં જાનુ નિકુટ્ટિત દશામાં નમેલી રહે છે. પાદ કુંચિત રહે છે અને કરણની અંતિમ અવસ્થામાં સૂચીપાદ સ્થિતિ ધારણ કરે છે. અભિ.પ્રમાણે હસ્ત સૂચીમુખ નૃત્ત હસ્તમુદ્રામાં રહે છે, જેમાંનો એક હાથ વક્ષ:પ્રદેશમાં રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં એક હસ્ત વક્ષ:સ્થલ ઉપર સ્થિત દર્શાવવામાં આવ્યો છે. બીજા હાથની મુદ્રા સ્પષ્ટ નથી. કદાચ તે અપવિદ્ધ-સૂચી હોઇ શકે. બીજો હાથ પણ વક્ષ ઉપર સ્થિત છે. પગ અને ઘૂંટણ નિકુટ્ટિત છે અને એક પાદ સૂચીપાદ છે. આમ મૂર્તિમાં હસ્તની આરંભની અવસ્થા તથા પાદની અંતિમ દશા નિરુપાયેલી છે.


## ઉદ્ઘટ્ટિત

ઉદ્ઘટ્ટિત કરણનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો બંને પગ 'ઉદ્ઘટ્ટિતા' ચારી તથા બંને હાથ તલસંઘટ્ટિત મુદ્રામાં રાખી અને બંને પડખાં નમાવવામાં આવે તો ઉદ્ઘટ્ટિત કરણ બને છે. (અધ્યાય ૪ શ્લોક ૧૬૩)

આ કરણમાં ઉદ્ઘટ્ટિત (ચરણની) અવસ્થામાં પગના પંજા ઉપર ઉભા રહી એડી વડે જમીનને અડકી સાથો સાથ એક હાથથી બીજા હાથ ઉપર તાલ આપવામાં આવે છે.



વિટકમળ



ઉદ્ઘટ્ટિત

તે સાથેજ પાર્શ્વ નત કરવામાં આવે છે. પછી બીજી બાજુથી આ પ્રક્રિયા દોહરાવવામાં આવે છે. પ્રસન્નતાના ભાવાભિનયમાં આ કરણની યોજના કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં પાદ ઉદ્‌ઘટ્ટિત રહે છે. બંને હાથ તલમુખ નૃત્તહસ્તમાંથી નિષ્પન્ન તલસંઘટ્ટિત મુદ્રામાં રહે છે. બંને હાથ પાસે લાવી છુટા પાડવામાં આવે છે.

ચિદમ્બરમ્ મંદિરની મુર્તિમાં બે પાદ કુંચિત અવસ્થામાં અંકિત છે જે ઉદ્‌ઘટ્ટિત પાદની પ્રારંભની સ્થિતિ સૂચવે છે. હસ્તમુદ્રા લક્ષણાનુસારી નથી.

( ૧૦ )

ઉરુ, પાર્શ્વ વિ. કરણો

શરીરના અન્ય મુખ્ય અંગો જેવાં કે ઉરુ, પાર્શ્વ, વિ.ના સંચાલનોના આધારે જેનું નામકરણ થયું છે તે કરણો પ્રસ્તુત વર્ગ અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે જેમાં નીચેના કરણોનો સમાવેશ થાય છે. (૧) વલિતોરુ (૨) કુંચિત (૩) વિવૃત (૪) વિનિવૃત્ત (૫) નિસુંભિત (૬) વિવર્તિતક (૭) પરિવૃત્ત.

વલિતોરુ કરણ ઉરુના સંચાલનને આધારે; કુંચિત તથા વિવૃત્ત કરણો જાનુના સંચાલનને આધારે; વિનિવૃત્ત, વિવર્તિત તથા પરિવૃત્ત કરણો ત્રિકના સંચાલનના આધારે તથા નિસુંભિત કરણ પાર્શ્વના સંચાલનના આધારે નામકરણ પામ્યા છે. આ કરણોમાં શુકતુણ્ડ, અલપલ્લવ, રેચિત, કટકામુખ, હંસપક્ષ, ઉર્ધ્વમંડળ વિગેરે હસ્તમુદ્રાઓ, ભ્રમરી, સૂચી, સૂચીબદ્ધ ચારીઓ પણ પ્રયોજાઇ છે.

વલિતોરું

વલિતોરુ કરણનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે '' જો શુકતુણ્ડ મુદ્રાવાળા હાથ વ્યાવૃત્ત અને પરિવર્તિત કરવામાં આવે અને ઉરુવલિત મુદ્રામાં રાખવામાં આવે તો વલિતોરુ કરણ કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૬૩ )

આ કરણમાં હાથ શુકતુણ્ડ મુદ્રામાં રહે છે અને ઉરુ વલિત અર્થાત્ વાળેલો રાખી આક્ષિપ્તા ચારીમાં પગ ટેકવવામાં આવે છે અને અંતે બદ્ધાચારીમાં બંને પગને ન્યસ્ત કરવામાં આવે છે. આ કરણમાં શુકતુણ્ડ હસ્ત અધોમુખ રહે છે. તેની યોજના મુગ્ધા નાયિકાના લજ્જાભાવ પ્રગટ કરવામાં કરી શકાય, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણ ઉરુ વલિત મુદ્રાથી નિષ્પન્ન થાય છે. બંને હસ્ત શુકતુણ્ડ રહે છે, અને વ્યાવર્તિત તથા પરિવર્તિત હસ્તકરણ યુક્ત રહે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં 'ઉરુવલન' કે 'શુકતુણ્ડ હસ્ત' અંકિત નથી. માત્ર જાનુ ક્ષિપ્ત દર્શાવવામાં આવી છે.

## કુંચિત


ભરતમુનિ જણાવે છે તેમ જો પહેલાં પગને નમાવી, જમણા હાથને અંચિત મુદ્રામાં કુંચિત કરી ઉત્તાન પંજા સાથે ડાબા પડખે રાખવામાં આવે (પાઠાન્તર પ્રમાણે જો ડાબા હાથને ઉત્તાન હથેળી સાથે ડાબા પડખે રાખવામાં આવે ) તો તે 'કુંચિત' કરણ કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૧૧૨)

આ કરણમાં એક પગ નત અર્થાત્ વાળીને પાછળની બાજુએ રાખવામાં આવે છે, જેમાં ઘૂંટણ જમીનને સ્પર્શે છે અને સાથળ ઉન્નત રહે છે. બીજો પગ સમપાદ સ્થિતિમાં (અર્થાત અગ્રતલસંચર પાદની સ્થિતિમાં) આગળ લંબાવી નમેલો રાખવામાં આવે છે. જમણો હાથ અલપલ્લવ મુદ્રામાં ઉત્તાન હથેલી સાથે ડાબા પડખે રાખવામાં આવે છે. તેની યોજના ઉલ્લાસથી વ્યાપ્ત દેવગણના અભિનયમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં જાનુ અર્ધનમેલી રહે છે, પગ પાછળ વાળી જમીન પર ઘૂંટણ ટેકવવામાં આવે છે ને ત્યારે પગની પિંડી ઊંચી રહે છે. બીજો પાદ સમપાદ ચરણયુક્ત રહી આગળ ઝૂકે છે. જમણો હાથ અલપલ્લવ મુદ્રામાં ડાબા પડખે રાખવામાં આવે છે.



વલિતોરુ



કુંચિત



વિવૃત

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં એક જાનુ નત છે અને પાદ સમપાદ ચરણયુકત આગળ મુકવામાં આવેલો છે. એક પગ પાછળ જમીનને ઘુંટણ સ્પર્શી તે રીતે પાછળ વાળવામાં આવેલો છે. પગની પિંડી ઉંચી થયેલી છે. હસ્ત આગળ કદાચ અલપલ્લવ મુદ્રામાં રાખવામાં આવેલા છે પણ અસ્પષ્ટ છે.

વિવૃત

ભરતમુનિ જણાવે છે તેમ જો બંને હાથ અને પગને બહારની બાજુ ઉછાળી (આક્ષિપ્ત) ત્રિકને ગોળ ફેરવી બંને હાથને રેચિત મુદ્રામાં રાખવામાં આવે તો તેને વિવૃત કરણ કહે છે. (અધ્યાય ૪ શ્લોક ૧૨૧)

આ કરણમાં આક્ષિપ્તાચારીમાં વામ પાદ ઉછાળી બંને હાથને (દેહની સોમાથી) બહાર લંબાવી ચક્રાકાર ગતિમાં વ્યાવૃત્ત તથા પરિવૃત્ત કરી આક્ષિપ્ત ક્રમમાં સંચાલિત કરવામાં આવે છે. પછી ભ્રમરી ચારી દ્વારા ત્રિકને ગોળ ફેરવી બંને હાથને રેચિત અર્થાત્ હંસપક્ષ મુદ્રામાં ઝડપથી ગોળ ફેરવવામાં આવે છે. ત્રિકને વિવર્તિત અર્થાત ગોળ ફેરવવાને લીધે આ કરણને વિવૃત્ત કહેવામાં આવે છે. તેની યોજના ઉધ્ધત ગતિથી પરિક્રમણ કરવાના અભિનયમાં કરવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો મત છે.

પ્રસ્તુત કરણમાં જાનુ પૂર્ણપણે ક્ષિપ્ત થાય છે. એક પગ જમીન ઉપર રહે છે. પાર્શ્વ 'વિવૃત્તિત' સંચાલનમાં ગોળ ફરે છે. બાહુ પ્રસરેલા તથા રેચિત સંચાલન કરે છે. અભિ.ભ્રમરીચારી નો ઉલ્લેખ કરે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમા પ્રસ્તુત કરણ આસનમુદ્રા sitting posture માં અંકિત છે, જે કરણની અંતિમ અવસ્થા સૂચવે છે. જાનુ અને જંઘા પુર્ણપણે ક્ષિપ્ત છે. અને બાહુ રેચિત દર્શાવવામાં આવ્યા છે.

નિકુમ્ભિત

ભરતમુનિના મત પ્રમાણે જો એક પગને પાછળની બાજુ સંકોચાવીને લઇ જવામાં આવે, વક્ષ ઉન્નત રાખવામાં આવે તથા હાથ તિલક કરવા લલાટ પ્રદેશ સુધી લઇ જવામાં આવે તો તેને નિકુમ્ભિત કરણ કહે છે. (અધ્યાય ૪ શ્લોક ૧૨૪)

આ કરણમાં એક પગ કુંચિત કરી બીજા પગની પાછળ રાખવામાં આવે છે. વક્ષ નિર્ભુગ્ન તથા પાર્શ્વ ઉન્નત સ્થિતિમાં રાખી કટકામુખ મુદ્રાવાળા હસ્તની મધ્યમાં આંગળીથી લલાટ ઉપર તિલક કરવાનો ભાવ દર્શાવવામાં આવે છે. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે કુંચિત પગ રાખવાનો અર્થ છે વૃશ્ચિક ચરણનો પ્રયોગ કરવો. આ કરણનું અન્ય નામ નિકુમ્ભિત પણ મળી આવે છે. આ કરણમાં પગથી જમીન પછાડવાનો પ્રયોગ કરવામાં આવતો હોવાથી આવા કરણની શિવ ભગવાનના નૃત્તાભિનયમાં યોજના કરવામાં આવે છે.

પ્રસ્તુત કરણ વક્ષની નિર્ભુગ્ન સ્થિતિમાંથી તથા પાર્શ્વની ઉન્નત સ્થિતિમાંથી નિષ્પન્ન થાય છે. પાદ કુંચિત રહી સંચાલન કરે છે. પાછળ લંબાવેલો પગ વૃશ્ચિકસદૃશ આકાર દર્શાવે છે. હસ્ત કટકામુખ મુદ્રામાં રહે છે જેમાંનો એક લલાટને સ્પર્શે છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં પાદ ઉર્ધ્વજાનુ ચારીમાં સ્થિત છે તથા એક હસ્ત લલાટ ઉપર. પણ તે કટકામુખ મુદ્રામાં નથી. મૂર્તિ માન કરણની આરંભની સ્થિતિ નિરુપે છે.


## વિવર્તિતક

ભરતમુનિના મતાનુસાર જો એક હાથ અને પગને ઉપરની તરફ ઉછાળી (આક્ષિપ્ત) ત્રિક વડે એક ગોળ ચક્કર લેવામાં આવે (વિવર્તિત) અને બીજો હાથ રેચિત મુદ્રામાં રાખવામાં આવે તો વિવર્તિતક કરણ કહેવાય છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૨૭)

આ કરણમાં એક પગ અને એક હાથ આક્ષિપ્ત સ્થિતિમાં રાખવાની સાથે બીજા હાથને હંસપક્ષ મુદ્રામાં રેચિત કરવામાં આવે છે (જોરથી ફેરવવામાં આવે છે ) તથા ત્રિક ઘુમાવવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.


પ્રસ્તુત કરણનું નામકરણ પાર્શ્વની ચક્રાકાર ગતિ તથા ત્રિકના વિવર્તિત સંચાલનના આધારે થયું છે. આ કરણ વિવૃત્ત કરણને મળતું આવે છે. અહીં પણ જાનુ તથા પિંડી જમીનને સ્પર્શે છે. સાથળ લંબાયેલો રહે છે. હસ્ત 'રેચિત' રહે છે.



નિશુમ્ભિત



વિવર્તિતક



પરિવૃત

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિમાં જાનુ અને ઉરુની અતિ ક્ષિપ્ત અવસ્થા નિરુપાયેલી છે. પણ હસ્ત રેચિત અવસ્થામાં નહીં પણ કરિહસ્ત મુદ્રામાં અંકિત છે અને હસ્તની આ મુદ્રા રહે તો કિટનું વિવર્તન શકય બનતું નથી.

## પરિવૃત્ત

ભરતમુનિ જણાવે છે તેમ જો બંને હાથ અપવેષ્ટિત મુદ્રામાં ઉર્ધ્વ સ્થિતિમાં રાખવામાં આવે, પગને 'સૂચી' ચારીના લક્ષણ અનુસાર અને કિટને ભ્રમરી ચારી અનુસાર ઘુમાવવામાં આવે તો પરિવૃત્ત કરણ કહેવાય છે. (અધ્યાય ૪ શ્લોક ૧૩૨)

આ કરણમાં બંને હાથ ઉર્ધ્વમણ્ડલ મુદ્રામાં ચક્રાકારે ફેરવવામાં આવે છે તથા સૂચીપાદને બદ્ધાચારીમાં મિશ્રિત ક્રમમાં બીજા પગની સમીપવર્તિ સ્થિતિમાં રાખવામાં આવે છે. ઉરુને પરિવૃત્ત અર્થાત પાછળની બાજુ ગોળ ફરતી અને કિટને પણ ભ્રમરી ચારીમાં ગોળ ફરતું રાખવામાં આવે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

પ્રસ્તુત કરણનું નામકરણ કિટના પરિવૃત્ત સંચાલનના આધારે થયું છે. જો કે પરિવૃત્ત એ જંઘાના સંચાલનનો પ્રકાર છે. અહીં ગોળ ફરવાની ક્રિયા સુચિત છે અને પાર્શ્વની વિવર્તન ક્રિયા પણ સૂચવાઇ છે. એક પાદ સૂચી ચારી અનુસાર રાખી ભ્રમરીચારી દર્શાવવામાં આવે છે. હસ્ત ઉર્ધ્વ અપવેષ્ટિત અર્થાત્ ઉર્ધ્વમંડળ નૃત્તહસ્તમુદ્રામાં રહે છે. અભિ.ના મતે આ કરણ સૂચી બદ્ધા અને ભ્રમરી ચારીના સંયોગથી દર્શાવાય છે.

ચિદમ્બરમ્ મંદિરની મૂર્તિ ઉરોમણ્ડલ હસ્ત નિરુપે છે. જાનુનું પરિવૃત્ત સંચાલન અંકિત થયું નથી. સૂચીપાદ નિરુપાયેલો છે પણ બદ્ધાચારી કે ઉરુવલનનો સંકેત મળતો નથી.

## કરણ સંબંધી પ્રક્ષિપ્ત શ્લોકો

કરણોનો ઉપયોગ સામાન્ય તથા વિસ્તૃત રુપે નૃત્ત પ્રયોગમાં તો થાય છેજ પરંતુ કયારેક કયારેક અભિનયમાં વચગાળાના સમયની પૂર્તિ માટે (In the acting fill up its gaps) પણ તેનો પ્રયોગ થાય છે. નાટ્યમાં

આમ તો પૂર્વરંગમાં પ્રયોજાતા અંગહારોના નિર્માણ અર્થે કરણો પ્રયોજાય છે પણ અભિનવગુપ્તના મત પ્રમાણે શસ્ત્રયુધ્ધ બાહુયુધ્ધ તથા નૃત્યસૌષ્ઠવ માટે પણ 'કરણો' પ્રયોજાય છે.

કરણ સંબંધી કેટલાક અન્ય પ્રક્ષિપ્ત શ્લોકો આ પ્રમાણે છે.

યાની સ્થાનાનિ યાશ્ચાર્યો વ્યાયામે કથિતાનિ તુ ।
પાદ પ્રચારસ્તેષાન્તુ કરણાનામથ ભવેત ॥ ક ॥

નૃત્ત (સંબંધી વ્યાયામ)ના સંદર્ભમાં જે સ્થાન તથા ચારીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે નૃત્ત કરણોમાં થતાં પાદપ્રચાર અથવા ગતિમાં ઉપયોગી બનવાને કારણે અત્રે દર્શાવવામાં આવ્યા છે. આમ ભરતમુનિના મતે કરણોમાં વિવિધ પાદપ્રચાર તથા ગતિમાં ચારી તથા સ્થાનનો વિનિયોગ થાય છે.

યે ચાપિ નૃત્તહસ્તાસ્તુ ગદિતા નૃત્તકર્માણિ ।
તેષાં સમાસતો યોગઃ કરણેષુ વિભાવ્યતે ॥ ખ ॥

નૃત્તકર્મમાં જે નૃત્તહસ્તનું વિધાન બતાવવામાં આવ્યુ તેનો પણ કરણોમાં અનેકવિધ રુપમાં સહયોગ હોવાને કારણે અથવા પ્રયોગ થવાને કારણે નિર્દેશવામાં આવ્યા છે. આમ ભરતમુનિના મત પ્રમાણે કરણોમાં નૃત્તહસ્તનો વિનિયોગ પણ થાય છે.

પ્રાયેણ કરણે કાર્યો વામો વક્ષઃ સ્થિતઃ કરઃ ~~[illegible]~~ તથા [illegible]
ચરણસ્યાનુગસ્યાપિ દક્ષિણસ્તુ ભવેત્કરઃ ।

જ્યાં અન્યથા નિર્દિષ્ટ ન હોય તો ત્યાં પ્રાયઃ વામ હસ્તને વક્ષ ઉપર રાખવામાં આવે છે અને દક્ષિણ હસ્તને ચરણની ગતિ પ્રમાણે ક્રિયાશીલ રાખવામાં આવે છે. કહેવાનું તાત્પર્ય એ કે જ્યાં કોઇ ખાસ હસ્તમુદ્રા કે હસ્તકરણ સૂચવ્યા ન હોય ( જેમ કે ઉર્ધ્વજાનુકરણ, અતિક્રાન્તાકરણ વિગેરે કરણોમાં વિશિષ્ટ હસ્તસંચાલનો સૂચવ્યા નથી) ત્યાં ડાબો હાથ છાતી ઉપર તથા જમણો હાથ પગની ગતિ અનુસાર સંચાલિત કરવો જોઇએ. અમુક કરણોમાં ભરતમુનિએ હસ્તની વિશિષ્ટ મુદ્રાઓ નિરુપવાની જગ્યાએ માત્ર 'પાદપ્રચાર અનુરુપ હસ્તનો વિનિયોગ' કરવાનું સૂચવ્યુ છે ત્યાં પ્રસ્તુત શ્લોક પ્રમાણે ડાબો હાથ છાતી ઉપર તથા જમણો હાથ પગની ગતિ અનુસાર સંચાલન કરતો રાખી શકાય.

चार्यश्चैव तु याः प्रोक्ता नृत्तहस्तास्तथैव च ।
सा मातृकेति विज्ञेया तद्भेदात करणानि तु ॥ ६ ॥

આ સંદર્ભમાં જે ચારીઓ તથા નૃત્તહસ્તોનો ઉલ્લેખ થયો છે તેને ઉત્પાદક હોવાને લીધે નૃત્તકરણોની માતૃકા માનવામાં આવે છે કારણ કે તેમના વિવિધ ભેદથીજ નૃત્તકરણોની રચના થાય છે. આ પ્રક્ષિપ્ત શ્લોક બે અર્થની સ્પષ્ટતા કરી આપે છે. (૧) નૃત્તકરણની રચનામાં ચારી-જે પાદ પ્રચારનું મુખ્ય એકમ છે તે અને નૃત્તહસ્ત એ બે મુખ્ય ઉત્પાદક અંગો છે. (૨) કોઇપણ ઉત્પાદક અંગ 'માતૃકા' કહેવાય છે.

કરણના સમૂહથીજ અંગહાર બનતા હોવાથી 'કરણ' પણ ઉત્પાદક અંગ છે અને તેથી તેને પણ ભરતમુનિએ 'માતૃકા' સંજ્ઞા આપી છે.

द्वे नृत्तकरणे चैव भवतो नृत्तमातृका ।

કરણ વિવરણ પછી ભરતમુનિ, કરણના સંયોગથી નિષ્પન્ન થતાં અંગહારનું નિરુપણ કરે છે.

## અંગહાર

અંગહારનો શબ્દાર્થ થાય છે શરીરનું હલનચલન.

કરણોના સમૂહથી અંગહાર બને છે. ભરતમુનિ જણાવે છે કે

नानाकरणसंयुक्तै रंगहारै र्विभूषितम् ॥ १३ ॥

વિવિધ પ્રકારના કરણના સંયોગથી અંગહાર બને છે. કરણોના સંયોગથી નિર્મિત અંગહાર રેચકથી પણ યુકત હોવાનો ભરતમુનિ સંકેત કરે છે.

नानाकरण संयुक्तान् व्याख्यास्यामि सरेचकान । (શ્લોક ૧૮)

અંગહાર અને માતૃકા વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરી આપતા ભરતમુનિ જણાવે છે કે બે કરણોના સંયોગથી એક માતૃકા બને છે અને બે, ત્રણ અથવા ચાર માતૃકાઓથી એક અંગહાર બને છે.

દ્વાભ્યાં ત્રિચતુરાભિર્વાપ્યંગહારસ્તુ માતૃભિ: ॥ ૩૧ ॥

આમ ભરતમુનિના મત પ્રમાણે વિવિધ કરણોના સંયોગથી નિર્મિત તથા રેચકથીયુક્ત શરીરના વિવિધ હલનચલન અંગહાર કહેવાય છે.

આચાર્ય અભિનવગુપ્તે અંગહાર પદની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે.

અંગાનાં દેશાન્તરે સમુચિતે પ્રાપણ પ્રકારો અંગહાર: । હરસ્ય ચાયં હાર: પ્રયોગ: । અંગનિર્વર્ત્યો હારોઅંગહાર: ।

( અભિ.ભા. ભાગ-૧ પૃ.૯૧)

અર્થાત એ પ્રધાન નૃત્યપ્રકાર કે જે સંક્ષિપ્ત (લઘુ) કરણો દ્વારા નિષ્પન્ન થાય છે તે અંગહાર છે. અભિનવગુપ્ત જણાવે છે કે કરણોના સમૂહોને નિદર્શિત કરી અંગહારોનો પ્રયોગ કરવામાં આવે છે જેમાં એક કરણ સાથે સંલગ્ન બીજા કરણને રજૂ કરવામાં આવે છે ત્યારે હસ્ત, પાદ વિગેરે અંગોને એક સાથે વિધિવત્ ન્યસ્ત કરી પ્રયોગ રજૂ કરવામાં આવે છે.

અંગહારને વિવિધ સંચાલનો movements નું એકમ unit કહેવા કરતાં સંચાલનોની શૃંખલા sequence of movements કહેવી વધુ યોગ્ય ગણાય. અનેક કરણોની હારમાળા હોવાથી અંગહારોના રેખાંકનો આપવા શકય નથી.

અંગહારો મુખ્યત્વે નૃત્તમાં પ્રયોજાય છે. નાટકમાં તેનો પ્રયોગ પૂર્વરંગમાં થાય છે.

## અંગહાર ભેદ

ભરતમુનિ અંગહારના ૩૨ ભેદ નિરુપે છે. (૧) સ્થિરહસ્ત (૨) પર્યસ્તક (૩) સૂચીવિધ્ધ (૪) અપવિધ્ધ (૫) આક્ષિપ્તક (૬) ઉધ્ધટ્ટિત (૭) વિષકમ્ભ (૮) અપરાજિત (૯) વિષકમ્ભાપસૃત (૧૦) મત્તાક્રીડ (૧૧) સ્વસ્તિક રેચિત (૧૨) પાર્શ્વ સ્વસ્તિક (૧૩) વૃશ્ચિકાપસૃત (૧૪) ભ્રમર (૧૫) મત્તસ્ખલિત (૧૬) મદવિલાસિત (૧૭) ગતિમણ્ડલ (૧૮) પરિચ્છિન્ન (૧૯) પરિવૃત્તરેચિત (૨૦) વૈશાખ રેચિત (૨૧) પરાવૃત્ત (૨૨) અલાતક (૨૩) પાર્શ્વચ્છેદ (૨૪) વિદ્યુદ્ભ્રાન્ત (૨૫) ઉરુદવૃત્ત

(૨૬) આલીઢ (૨૭) રેચિત (૨૮) આચ્છુરિત (૨૯) આક્ષિપ્તરેચિત (૩૦) સમ્ભ્રાન્ત (૩૧) અપસર્પ (અપસર્પિત) તથા (૩૨) અર્ધનિકુટ્ટક.

(અધ્યાય ૪ શ્લોક ૧૯ થી ૨૭)

અંગહારોના ભરતમુનિએ નિરુપેલા લક્ષણો અને અભિનવગુપ્તની ટીકા સહિત આપવામાં આવ્યા છે. મોટે ભાગે અંગહારોના લક્ષણમાં વિવિધ કરણોની નામગણનાજ થઇ હોવાથી તે સ્વતઃ સ્પષ્ટ હોવાને લીધે પુનરાવર્તનના ભયથી તેનાં લક્ષણો ભિન્ન તારવવામાં આવ્યા નથી.

અંગહાર

સ્થિર હસ્ત

'સ્થિરહસ્ત' અંગહારનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે બંને હાથ ઉપરની બાજુ પ્રસારી ઉત્ક્ષિપ્ત કરવામાં આવે તથા સમપાદ સ્થાન દર્શાવવામાં આવે, પછી ડાબા હાથને વ્યંસિત અને અપવ્યંસિત અવસ્થામાં ઉર્ધ્વ પ્રસારવામાં આવે (અર્થાત તેને ખભાથી ઉપર લઇ જવામાં આવે ) ત્યાર બાદ પ્રત્યાલીઢમાં સ્થિત રહી નિકુટ્ટિત, ઉરુદવૃત્ત, આક્ષિપ્ત, સ્વસ્તિક, નિતમ્બ, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ ક્રમશઃ દર્શાવવામાં આવે તો ભગવાન શિવને અતિપ્રિય એવું 'સ્થિરહસ્ત' નામનું અંગહાર બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૭૦ થી ૧૭૨)

અભિનવગુપ્ત તેમની ટીકામાં જણાવે છે કે આ અંગહારના આરંભમાં બંને હાથ ઉપર પ્રસારી ઉત્ક્ષિપ્ત કરવાનો અર્થ થાય છે લીન કરણનો પ્રયોગ કરવો. પછી સમપાદ સ્થાનમાં ચરણ રાખી સમનખ કરણ દર્શાવવું. પછી વ્યંસિત કરણ રજૂ કરી, અપક્રાન્ત તેમજ વિપ્રકીર્ણ હસ્ત ઉપરની તરફ ઉઠાવી, આલીઢ સ્થાનમાં સ્થિત રહી, પછી પરિવર્તન દ્વારા પ્રત્યાલીઢ સ્થાન ગ્રહણ કરવામાં આવે છે. આ પછી ક્રમશઃ નિકુટ્ટિત, ઉરુદ્વૃત્ત, આક્ષિપ્ત, સ્વસ્તિક, નિતમ્બ, કરિહસ્ત તથા અન્તે કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે છે. આ પ્રમાણે આ અંગહારમાં ૧૧ કરણ પ્રયોજાય છે.

## પર્યસ્તક

ભરતમુનિના મત પ્રમાણે જો તલપુષ્પપુટ, અપવિદ્ધ તથા વર્તિત તેમજ નિકુટ્ટિત કરણ એક પછી એક દર્શાવ્યા બાદ (પ્રત્યાલીઢ તથા નિકુટ્ટક તેમજ) ઉરુદવૃત્ત, આક્ષિપ્ત, ઉરોમણ્ડલ, નિતમ્બ, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે તો ભગવાન શંકરથી ઉત્પન્ન એવું 'પર્યસ્તક' નામનું અંગહાર બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૭૪-૧૭૪)

અભિનવગુપ્તની ટીકા અનુસાર આ અંગહારનો પ્રારંભ તલપુષ્પપુટ કરણથી કરી અંતે કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે છે. એક અન્ય પાઠ પ્રમાણે તલપુષ્પપુટ તથા અપવિદ્ધ કરણ દર્શાવ્યા બાદ વર્તિત કરણના સ્થાને પ્રત્યાલીઢ સ્થાનનો પ્રયોગ કરી નિકુટ્ટિત કરણ દર્શાવવામાં આવે છે. આમ આ અંગહારમાં કુલ ૧૦ કરણ સમૂહ પ્રયોજાય છે.

## સૂચીવિદ્ધ

ભરતમુનિ જણાવે છે તેમ હાથ વડે અલપલ્લવ તથા સૂચી (મુખ) મુદ્રાઓ દર્શાવ્યા પછી વિક્ષિપ્ત, આવર્તિત, નિકુટ્ટક, ઉરુદવૃત્ત, આક્ષિપ્ત, ઉરોમણ્ડલ, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ ક્રમશ: દર્શાવવાથી સૂચીવિદ્ધ અંગહાર બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૭૫-૧૭૬)

અભિનવગુપ્તની ટીકાનુસાર આ અંગહારના આરંભમાં અલપલ્લવ તથા સૂચીહસ્ત દર્શાવવાનું વિધાન અર્ધસૂચી કરણ રજૂ કરવાનો સંકેત કરે છે. તે પછી ક્રમશ: વિક્ષિપ્તથી કટિચ્છિન્ન સુધીના કરણ પ્રયોજાય છે..

## અપવિદ્ધ

અપવિદ્ધ અંગહારનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે સર્વ પ્રથમ અપવિદ્ધ તથા સૂચીવિદ્ધ કરણ દર્શાવી હાથ વડે ઉદ્વેષ્ટિત કરણ રજૂ કરવામાં આવે જેમાં હાથ અને કટિ એકવાર ગોળ ફેરવવામાં આવે, પછી ઉરોમણ્ડલ મુદ્રામાં હાથ રાખી કટિચ્છિન્ન

કરણ દર્શાવવામાં આવે તો અપવિદ્ધ અંગહાર બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૭૭-૧૭૮)

અભિનવગુપ્તની ટીકા પ્રમાણે આ અંગહારના આરંભમાં અપવિદ્ધ કરણ અને તે પછી સૂચીવિદ્ધ કરણનો પ્રયોગ કરવામાં આવે છે. તે પછી હાથ ઉદ્વેષ્ટિત કરી ત્રિકને બદ્ધાચારીમાં રાખી એકવાર ગોળ ફરવામાં આવે છે તથા ઉરોમણ્ડલ હસ્તમુદ્રાથી પ્રસ્તુત થતાં ઉરોમણ્ડલ કરણથી હસ્ત વક્ષપ્રદેશ ઉપર રાખવામાં આવે છે અને અંતે કટિચ્છિન્ન કરણ રજૂ કરવામાં આવે છે.

## આક્ષિપ્તક

ભરતમુનિના મત પ્રમાણે સર્વપ્રથમ નૂપુર કરણ દર્શાવ્યા પછી વિક્ષિપ્ત, અલાતક, આક્ષિપ્તક, ઉરોમણ્ડલ, નિતમ્બ, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણએક પછી એક દર્શાવવામાં આવે તો આક્ષિપ્તક અંગહાર બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૭૯ થી ૧૮૦)

અભિનવગુપ્તની ટીકા અનુસાર આ અંગહારનો આરંભ નૂપુર કરણથી થાય છે. અને પછી ક્રમશ: વિક્ષિપ્ત કરણથી કટિચ્છિન્ન સુધીના કરણ દર્શાવવામાં આવે છે. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે અલાતક કરણ પછી આવતો 'પુન:' શબ્દ તથા આક્ષિપ્ત કરણ પૂર્વે આવતો 'પુન:' શબ્દ કરણોની પુનરાવૃત્તિ દર્શાવે છે.

## ઉદ્ઘટ્ટિત

ભરતમુનિ જણાવે છે તેમ જો હાથ ઉદ્વેષ્ટિત તથા અપવિદ્ધ હસ્તમુદ્રાઓમાં રાખી, પગ નિકુટ્ટિત મુદ્રામાં સ્થિત કરી, ફરી તેમને ઉરોમણ્ડલ મુદ્રામાં રાખવામાં આવે અને પછી નિતમ્બ, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ ક્રમશ: દર્શાવવામાં આવે તો તેને ઉદ્ઘટ્ટિત અંગહાર કહેવાય છે.

(અધ્યાય ૪ શ્લોક ૧૮૧ થી ૧૮૩)

અભિનવગુપ્ત તેમની ટીકામાં જણાવે છે કે આ અંગહારના આરંભમાં એક પછી એક બંને બાજુ હાથ ચકાકારે ઘુમાવવામાં આવે છે અને પછી બહારની બાજુ ક્ષિપ્ત કરવાની સાથો સાથ ચરણ નમાવી નિકુટ્ટક કરણ દર્શાવવામાં આવે છે. આ સ્થિતિમાં અપવિદ્ધ અથવા ઉરોમણ્ડલ કરણ પણ લઇ શકાય પણ અહીં તેને અન્ય ચેષ્ટાઓમાં લઇ શકાય છે. તે પછી ક્રમશઃ નિતમ્બ, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે છે.

## વિષ્કમ્ભ

ભરતમુનિના મત પ્રમાણે જો બંને હાથ ક્રમશઃ ઉદ્વેષ્ટિત તથા પગ નિકુટ્ટક મુદ્રામાં રાખી પછી કુંચિત કરવામાં આવે અને ઘુમાવવામાં આવે (ત્યારબાદ) ઉરુદવૃત્ત કરણ દર્શાવતાં હાથ ચતુરસ્ર તથા પગ નિકુટ્ટક મુદ્રામાં રાખવામાં આવે, (ત્યારબાદ) ભુજંગત્રાસિત કરણયુકત હાથ ઉદ્વેષ્ટિત મુદ્રામાં રાખવામાં આવે અને તે સમયે 'છિન્ન'અને ભ્રમરક કરણ દર્શાવતાં ત્રિક ઘુમાવવામાં આવે અને પછી કરિહસ્ત અને કટિચ્છિન્ન કરણ પ્રદર્શિત કરવામાં આવે તો 'વિષ્કમ્ભ' નામનું અંગહાર બને છે.

-( અધ્યાય ૪ શ્લોક ૧૮૪-૧૮૬)

અભિનવગુપ્તની ટીકા અનુસાર આ અંગહારમાં ઉદ્ઘટ્ટિત કરણની જેમ આરંભમાં બંને હાથ ઉદ્વેષ્ટિત તથા અપવેષ્ટિત તેમજ ચરણોને નિકુટ્ટિત કરવામાં આવે છે અને પછી હાથ અને પગ વારાફરતી કુંચિત કરતાં બંને પાર્શ્વથી અંચિત કરણનો પ્રયોગ કરવામાં આવે છે. ત્યારબાદ નિકુંચિત તેમજ અર્ધસ્વસ્તિક કરણ દર્શાવી, અંચિત કરણ પ્રસ્તુત કરવામાં આવે છે. ત્યારબાદ ઉરુદવૃત્ત કરણ દર્શાવી, હાથ ચતુરસ્ર સ્થિતિમાં રાખી, ચરણો વડે નિકુટ્ટક કરણ દર્શાવવામાં આવે છે. પછી ભુજંગત્રાસિત કરણ રજૂ કરતી વેળા તેમાં વિશેષ રુપે હાથ ઉદ્વેષ્ટિત સ્થિતિમાં રાખવામાં આવે છે. તેની સાથો સાથ ભ્રમરક કરણનો પ્રયોગ કરી કટિપ્રદેશને મધ્યભાગથી વલિત કરી છિન્ન સ્થિતિમાં લાવી, અંતે કરિહસ્ત તથા કટિછિન્ન કરણ પ્રસ્તુત કરી આ અંગહાર પુરું કરવામાં આવે છે.

## અપરાજિત

અપરાજિત અંગહારનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો દણ્ડપાદ કરણ દર્શાવ્યા પછી હાથ વિક્ષીપ્ત અને આક્ષિપ્ત ક્રિયાયુક્ત રાખવામાં આવે, પછી વ્યાક્ષિપ્ત (વ્યંસિત) કરણ રજૂ કરવામાં આવે કે જેમાં ડાબો હાથ પગની ગતિ અનુસાર (સાથોસાથ) ગતિશીલ રહે. (પછી ભુજંગ ત્રાસિત કરણ રજૂ કરી હાથ ઉદ્વેષ્ટિત મુદ્રામાં રાખવામાં આવે ) પછી ચાતુર્યપૂર્ણ બે નિકુટ્ટક (નિકુટ્ટક તથા અર્ધનિકુટ્ટક), આક્ષિપ્ત, ઉરોમણ્ડલ, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ ક્રમશઃ રજૂ કરવામાં આવે તો તેને 'અપરાજિત'અંગહાર કહે છે. (અધ્યાય ૪ શ્લોક ૧૮૭-૧૮૮)

અભિનવગુપ્ત તેમની ટીકામાં જણાવે છે કે આ અંગહારના આરંભમાં દણ્ડપાદ કરણનો પ્રયોગ કરી, હાથ બહારની બાજુ ઝટકા સાથે ફેંકી, વિક્ષિપ્ત તથા અંદરની બાજું ખેંચી 'આક્ષિપ્ત' કરી પછી વ્યંસિત કરણ દર્શાવ્યા બાદ, વામ હસ્તે તેમજ વામ ચરણને એક સાથે આગળ સરકતો રાખી, પ્રસર્પિત કરણ રજૂ કરવામાં આવે, તે પછી હાથ ચતુરસ્ત્ર કરી, પગથી નિકુટ્ટક કરણ અર્થાત્ નિકુટ્ટક અને અર્ધનિકુટ્ટક કરણ પ્રસ્તુત કરી, ક્રમશઃ આક્ષિપ્ત, ઉરોમણ્ડલ અને અંતે કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે.

## વિષ્કમ્ભાપસૃત

ભરતમુનિ જણાવે છે તેમ જો કુટ્ટિત અને ભુજંગત્રાસિત કરણ દર્શાવી, પછી રેચિત હસ્ત દ્વારા પતાક મુદ્રા દર્શાવવામાં આવે અને પછી ક્રમશઃ આક્ષિપ્તક, ઉરોમણ્ડલ કરણ તથા લતાહસ્તમાં કટિચ્છિન્ન કરણ રજૂ કરવામાં આવે તો વિષ્કમ્ભાપસૃત અંગહાર બને છે. (અધ્યાય ૪ શ્લોક ૧૮૯-૧૯૦)

અભિનવગુપ્તની ટીકાનુસાર આ અંગહારના આરંભમાં કુટ્ટિત કરણ પ્રસ્તુત કરવાનો અર્થ છે નિકુટ્ટક તથા અર્ધનિકુટ્ટક કરણ દર્શાવવા. તે પછી ભુજંગત્રાસિત કરણ રજૂ કરી, હસ્ત રેચિત કરી, પતાક મુદ્રામાં રાખી, પછી ક્રમશઃ આક્ષિપ્તક, ઉરોમણ્ડલ તથા કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે. અહીં વિશેષતા એ છે કે કટિછિન્ન કરણમાં પર્યાયશઃ એક લતાહસ્ત રાખવામાં આવે છે.

## મત્તાક્રીડ

મત્તાક્રીડ અંગહારનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો ત્રિકને સુવલિત કરી (સુંદર રીતે ગોળ ફેરવો) નૂપુર કરણ દર્શાવવામાં આવે અને પછી ભુજંગત્રાસિત તથા વૈશાખરેચિત કરણ રજૂ કરવામાં આવે. ત્યારબાદ ક્રમશ: ધ્યાનપૂર્વક (અથવા ચાતુરીપૂર્વક) આક્ષિપ્ત, છિન્ન, બાહ્યભ્રમરક, ઉરોમણ્ડલ, નિતમ્બ, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે તો ભગવાન શિવને પ્રિય એવું 'મત્તાક્રીડ' નામનું અંગહાર બને છે.
(અધ્યાય ૪ શ્લોક ૧૯૧ થી ૧૯૩)

અભિનવગુપ્ત તેમની ટીકામાં જણાવે છે કે આ અંગહારના આરંભમાં ત્રિકના વલનથી ભ્રમરક કરણ રજૂ કરવાનો સંકેત મળે છે. પછી નૂપુર કરણ પ્રસ્તુત કરી, કુંચિત પાદ કરતાં ભુજંગત્રાસિત કરણ અને સવ્ય અર્થાત દક્ષિણ અંગપ્રદેશ વડે વૈશાખરેચિત કરણનો પ્રયોગ કરવામાં આવે છે. પરિચ્છિન્ન શબ્દથી છિન્ન કરણ પ્રસ્તુત કરવાનું સૂચન છે. તથા બાહ્ય ભ્રમરકનો અર્થ છે ભ્રમરક કરણને ડાબી બાજુથી રજૂ કરવું. તે ઉપરાંત વ્યંસિત કરણ પ્રસ્તુત કરી, પછી ક્રમશ: ઉરોમણ્ડલ, નિતમ્બ, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ પ્રસ્તુત કરવામાં આવે છે.

## સ્વસ્તિકરેચિત

ભરતમુનિના મત પ્રમાણે જો હાથ અને પગને રેચિત મુદ્રામાં રાખી વૃશ્ચિક કરણ દર્શાવવામાં આવે અને પછી આ કરણનું હાથ અને પગની ક્રિયાઓના યોગ દ્વારા પુનરાવર્તન કરવામાં આવે, પછી નિકુટ્ટક કરણ ક્રમશ: સીધા અને ડાબા અંગોથી રજૂ કરવામાં આવે અને ત્યારબાદ કટિચ્છેદ કરણ લતાહસ્ત સાથે દર્શાવવામાં આવે તો સ્વસ્તિકરેચિત નામનું અંગહાર બને છે. (અધ્યાય ૪ શ્લોક ૧૯૪-૧૯૫)

અભિનવગુપ્ત પોતાની ટીકામાં જણાવે છે તે પ્રમાણે આ અંગહારના આરંભમાં હાથ તથા પગ રેચિત કરવાનો અર્થ છે વૈશાખરેચિત કરણ રજૂ કરવું. તે પછી વૃશ્ચિકકરણ

દર્શાવો ત્યારબાદ એક વૈશાખરેચિત તથા વૃશ્ચિકકરણ દોહરાવવામાં આવે અને લતાહસ્ત સાથે નિકુટ્ટકકરણ અને અંતે બંને પાર્શ્વથી કટિ છિન્ન કરી કટિછિન્ન કરણ રજૂ કરવામાં આવે.

## પાર્શ્વસ્વસ્તિક

ભરતમુનિ જણાવે છે તેમ જો એક પાર્શ્વથી 'દિક્ સ્વસ્તિક' અને પછી અર્ધનિકુટ્ટક રજૂ કરો, ફરી બીજા પાર્શ્વથી તેનું પુનરાવર્તન કરવામાં આવે, ત્યારબાદ હાથ આવૃત્ત (વ્યાવૃત્ત) મુદ્રામાં રાખી, કટિપ્રદેશ ઉપર સ્થાપિત કરી, ક્રમશ: ઉરુદ્‌વૃત્ત, આક્ષિપ્ત, નિતમ્બ, કરિહસ્ત અને કટિછિન્ન કરણની રજૂઆત (તત્પરતાપૂર્વક) કરવામાં આવે તો પાર્શ્વ સ્વસ્તિક અંગહાર બને છે. (અધ્યાય ૪ શ્લોક ૧૯૬ થી ૧૯૮)

અભિનવગુપ્તની ટીકા અનુસાર આ અંગહારના આરંભમાં બંને પાર્શ્વથી સ્વસ્તિક કરવાનો અર્થ છે દિક્‌સ્વસ્તિક કરણનો પ્રયોગ કરવો. પછી એક બાજુથી નિકુટ્ટક કરતાં અર્ધનિકુટ્ટક કરણને અને પછી બીજી બાજુથી દિક્‌સ્વસ્તિક કરણ રજૂ કરી, અર્ધનિકુટ્ટક કરણ દોહરાવવામાં આવે. હાથને વ્યાવૃત્ત કરવાનું વિધાન અપવિદ્ધ કરણનો પ્રયોગ સૂચવે છે. ત્યારબાદ ક્રમશ: ઉરુદવૃત્ત, આક્ષિપ્ત, નિતમ્બ, કરિહસ્ત તથા કટિછિન્ન કરણનો પ્રયોગ કરવામાં આવે છે.

## વૃશ્ચિકાપસૃત

'વૃશ્ચિકાપસૃત' અંગહારનું અંગહારનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો વૃશ્ચિક કરણ દર્શાવી, હાથ લતા મુદ્રામાં રાખી, પછી તે મુદ્રાયુકત હાથ નાસિકાની સમરેખ લઇ જઇ નમાવવામાં આવે ત્યારબાદ તેજ હાથ ઉદ્વેષ્ટિત મુદ્રામાં (અર્થાત હલાવતાં ઉદ્વેષ્ટિત પ્રકારમાં) રાખી કમર ગોળ ફેરવવામાં આવે, પછી ક્રમશ: (તત્પરતાપૂર્વક) કહિસ્ત તથા કટિછિન્ન કરણ રજૂ કરવામાં આવે તો વૃશ્ચિકાપસૃત કરણ બને છે.

( અધ્યાય ૪ શ્લોક ૧૯૯–૨૦૦ )

અભિનવગુપ્તની ટીકાનુસાર આ અંગહારના આરંભમાં વૃશ્ચિક કરણની સાથે લલતા હસ્તના પ્રયોગથી લતાવૃશ્ચિક કરણના પ્રયોગનું સૂચન કરવામાં આવ્યું છે. હાથને નાસિકાના અગ્રભાગના સમાન અન્તરે લઇ જઇ નમાવતાં નિકુંચિત કરણ તથા હાથને ઉદ્વેષ્ટિત કરતાં અર્ધમત્તલ્લિ કરણનો પ્રયોગ કરવામાં આવે તે પછી હાથને ઉદ્વેષ્ટિત કરી નિતમ્બ કરણ રજૂ કરવામાં આવે, ત્યાર બાદ ક્રમશઃ કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ પ્રસ્તુત કરવામાં આવે. કેટલાક આચાર્ય નિતમ્બના સ્થાને ભ્રમરક કરણના ઔચિત્યનો આ અંગહારમાં સ્વીકાર કરે છે. તેમના મતે (ભરતે પ્રયોજેલા) નિતમ્બ-પરિવર્તન શબ્દનો અર્થ નિતમ્બ ભ્રમણ થાય છે જેનો પ્રયોગ ભ્રમરક કરણમાં કરવામાં આવે છે.

## ભ્રમર

ભરતમુનિના મત પ્રમાણે જો નૂપુરપાદ ચારી દર્શાવ્યા પછી આક્ષિપ્તક, કટિચ્છિન્ન સૂચી પાદ, નિતમ્બ, કરિહસ્ત, ઉરોમણ્ડલ અને કટિચ્છિન્ન કરણ ક્રમશઃ રજૂ કરવામાં આવે તો તે અંગહાર 'ભ્રમર' કહેવાય છે.

(અધ્યાય ૪ શ્લોક ૨૦૧-૨૦૨)

અભિનવગુપ્તની ટીકા પ્રમાણે આ અંગહારના આરંભમાં નૂપુર પાદિકાચારીના પ્રયોગ દ્વારા નૂપુર કરણનો પ્રયોગ ઇષ્ટ છે. ત્યારબાદ આક્ષિપ્તક કરણનો પ્રયોગ કરવો જોઇએ. કટિચ્છિન્નને વચ્ચે રાખવાથી અહીં પરિચ્છિન્ન કરણનો પ્રયોગ પણ ઇષ્ટ છે. પછી સૂચીપાદ, નિતમ્બ, કરિહસ્ત, ઉરોમણ્ડલ તથા કટિચ્છિન્ન કરણનો ક્રમશઃ પ્રયોગ કરવામાં આવે.

## મત્તસ્ખલિતક

ભરતમુનિ જણાવે છે તેમ જો મત્તલ્લિ કરણ રજૂ કરી, જમણા હાથને ગોળ ઘુમાવી ઝુકાવવામાં આવે અને કપોલ પ્રદેશની સમરેખ રાખવામાં આવે, પછી ક્રમશઃ અપવિદ્ધ, તલસંસ્ફોટિત, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ રજુ કરવામાં આવે તો તે 'મત્તસ્ખલિતક' અંગહાર બને છે. (અધ્યાય ૪ શ્લોક ૨૦૩-૨૦૪)

Smt. Hansa Mehta Library
PITH
5461551

અભિનવગુપ્તની ટીકાનુસાર આ અંગહારના આરંભમાં મત્તલ્લિકરણનો પ્રયોગ કરવામાં આવે છે. પછી દક્ષિણ હસ્તના આવર્તન અને કપોલ ઉપર નિકુંચન દ્વારા ગરુડમુખી તથા લીન કરણનો પ્રયોગ કરવામાં આવે છે. પછી અપવિધ્ધ તથા તલસંસ્ફોટિત કરણને ક્ષિપ્રગતિથી રજૂ કરી અંતે કરિહસ્ત તથા કટિછિન્ન કરણ પૂર્ણ કરવામાં આવે છે.

### મત્તવિલસિત

ભરતમુનિ જણાવે છે તે પ્રમાણે બે ડોલના હાથ દોલા મુદ્રામાં અને પગ સ્વસ્તિકાપસૃત કરી હાથ અંચિત, વલિત અને તલસંઘટ્ટિત મુદ્રામાં રાખવામાં આવે, પછી તત્પરતાપૂર્વક ક્રમશ: નિકુટ્ટક, ઉરુદવૃત્ત, કરિહસ્ત તથા કટિછિન્ન કરણ રજૂ કરવામાં આવે તો મદવિલસિત નામનું અંગહાર બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૨૦૫-૨૦૬ )

અભિનવગુપ્ત પોતાની ટીકામાં જણાવે છે કે આ અંગહારના આરંભમાં દોલાહસ્તનો ઉલ્લેખ મદસ્ખલિતક-કરણના પ્રયોગનું સૂચન કરે છે. વળી સ્વસ્તિક ચરણના અપસરણ દ્વારા મત્તલ્લિકરણ, અંચિત તેમજ લલિત હસ્તની સંઘટ્ટિત ક્રિયા (તાળી વગાડવી) દ્વારા તલસંઘટ્ટિત કરણનો પ્રયોગ સૂચવાય છે. ત્યાર બાદ ક્રમશ: નિકુટ્ટક, ઉરુદવૃત્ત, કરિહસ્ત તેમજ કટિછિન્ન કરણનો પ્રયોગ કરવામાં આવે છે. કેટલાક આચાર્ય આરંભના ત્રણ કરણને ત્રણ વાર દોહરાવી આ અંગહારમાં કુલ ૧૩ કરણનો પ્રયોગ તથા અન્ય આચાર્ય આ અંગહારમાં સાત કરણનો ત્રણ વાર પ્રયોગ કરવાથી કુલ ૨૧ કરણનોપ્રયોગ થતો હોવાનું વિધાન કરે છે.

### ગતિમણ્ડલ

ગતિમણ્ડલ અંગહારનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો મણ્ડલ સ્થાન દર્શાવી બંને હાથ રેચિત મુદ્રામાં અને પગ ઉધ્ધટ્ટિત મુદ્રામાં રાખવામાં આવે, પછી ક્રમશ: મત્તલ્લિ, આક્ષિપ્ત, ઉરોમણ્ડલ અને કટિછિન્ન કરણ દર્શાવવામાં આવે તો ગતિમણ્ડલ નામનું અંગહાર બને છે. (અધ્યાય ૪ શ્લોક ૨૦૭-૨૦૮)

અભિનવગુપ્તની ટીકા પ્રમાણે આ અંગહારના આરંભમાં મણ્ડલ સ્થાનના ઉલ્લેખથી મણ્ડલ સ્વસ્તિક કરણ તથા નિવેશ કરણના પ્રયોગનો સંકેત કરવામાં આવ્યો છે અને રેચિત હસ્ત દ્વારા ઉન્મત્ત કરણનો. આજ પ્રમાણે ઉદ્ઘટ્ટિત ચરણના પ્રયોગ દ્વારા ઉદ્ઘટ્ટિતક કરણનો પ્રયોગ ઇષ્ટ છે. ત્યારબાદ ક્રમશ: મત્તલ્લિ, આક્ષિપ્ત, ઉરોમણ્ડલ તથા કટિચ્છિન્ન કરણનો પ્રયોગ કરવામાં આવે છે.

## પરિચ્છિન્ન

ભરતમુનિના મત પ્રમાણે જો સમપાદ સ્થાન રજૂ કર્યા પછી પરિચ્છિન્ન કરણ રજુ કરવામાં આવે, ત્યારે બાદ આવિદ્ધ પગ દ્વારા બાહ્ય ભ્રમરક દર્શાવવામાં આવે અને ડાબા પગથી સૂચી ચારી દ્વારા અર્ધસૂચી કરણ અને તે પછી ક્રમશ: અતિક્રાન્ત, ભુજંગત્રાસિત તથા કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે તો 'પરિચ્છિન્ન' નામનું અંગહાર બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૨૦૯-૨૧૦)

અભિનવગુપ્ત ટીકા કરતા જણાવે છે કે આ અંગહારના આરંભમાં પ્રસ્તુત સમપાદ સ્થાન, સમનખકરણનો સંકેત કરે છે. પરિચ્છિન્ન કરણ દ્વારા છિન્ન કરણ તથા પગ દ્વારા પ્રદર્શિત આવિદ્ધાચારી વડે સમ્ભ્રાન્તકરણ સૂચવાયા છે. બાહ્યભ્રમરકની રજૂઆતનો આશય છે, ભ્રમરક કરણ દર્શાવું. ત્યારબાદ વામપાદથી સૂચી ચારી દ્વારા અર્ધસૂચી કરણનો પ્રયોગ કરવો જોઇએ અને પછી ક્રમશ: અતિક્રાન્ત, ભુજંગત્રાસિત તથા કરિહસ્ત તેમજ કટિચ્છિન્ન કરણ પ્રયોજવા જોઇએ.

## પરિવૃત્તક-રેચિત

'પરિવૃત્તક-રેચિત' અંગહારનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે બંને હાથને મસ્તક ઉપર સ્વસ્તિક મુદ્રામાં ઢીલા રાખી સ્થાપિત કરવામાં આવે, પછી ડાબો હાથ રેચિત કરી શરીર નમાવવામાં આવે, ત્યાર બાદ શરીર ઉપરની તરફ ટટ્ટાર રાખી હાથ રેચિત મુદ્રામાં રાખવામાં આવે અને ફરીથી બંને હાથ દ્વારા લતા મુદ્રા દર્શાવવામાં આવે,

ત્યાર બાદ શરીર ઉપરની તરફ ટટ્ટાર રાખી હાથ રેચિત મુદ્રામાં રાખવામાં આવે અને ફરીથી બંને હાથ દ્વારા લતા મુદ્રા દર્શાવવામાં આવે, ત્યારબાદ ક્રમશ: વૃશ્ચિક, રેચિત, કરિહસ્ત, ભુજંગત્રાસિત અને આક્ષિપ્તક કરણ રજૂ કરવામાં આવે. પછી સ્વસ્તિક પાદ રાખી ઉડત વિધાનને ફરથી ગોળ ઘૂમીને પુનરાવર્તિત કરવામાં આવે અને અંતે કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ રજૂ કરવામાં આવે તો 'પરિવૃત્તક-રેચિત' નામનું અંગહાર બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૨૧૧ થી ૨૧૪)

અભિનવગુપ્ત પોતાની વિસ્તૃત ટીકામાં જણાવે છે કે આ અંગહારના આરંભમાં હાથ મસ્તક પર સ્વસ્તિક કરી શિથિલક્રમમાં રાખવાનો આશય છે, ક્રમશ: નિતમ્બ તથા સ્વસ્તિક ચેષ્ટાથી સ્વસ્તિક રેચિત કરણનો પ્રયોગ કરવો. ત્યારબાદ શરીરને નમાવવાની ક્રિયા દ્વારા વિક્ષિપ્તાક્ષિપ્ત કરણનું તથા શરીરને ઉન્નત-ટટ્ટાર સ્થિતિમાં રાખી હસ્તને રેચિત તેમજ લતા ચેષ્ટામાં સંચાલિત કરવાથી લતાવૃશ્ચિક કરણના પ્રયોગનું સૂચન કરવામાં આવ્યું છે. હસ્તના રેચિત પ્રયોગદ્વારા ઉન્મત્ત કરણનો પ્રયોગ સમજવો જોઇએ. ત્યાર બાદ કરિહસ્ત તેમજ ભુજંગત્રાસિત કરણ પ્રસ્તુત કરવામાં આવે છે અને પછી આક્ષિપ્તક કરણ રજૂ કરવામાં આવે છે. તે પછી પગ વડે સ્વસ્તિક ક્રિયા કરતાં બધ્ધાચારોના પ્રયોગથી નિતમ્બ કરણ પ્રદર્શિત કરવામાં આવે છે. અંતિમ બે કરણ છોડી બાકીના બધા કરણ ફરીથી ઉલ્ટા ફરી અથવા ચારે બાજુ મુખ ફેરવી પુનરાવર્તિત કરવા જોઇએ. આ કરણોને વિધિવત્ રજૂ કર્યા પછીજ અંતે કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ રજૂ કરવાં જોઇએ.

## વૈશાખ રેચિત

ભરતમુનિ જણાવે છે તેમ જો શરીરની સાથો સાથ બંને હાથ રેચિત કરી, અપવિધ્ધ મુદ્રામાં રાખી, પછી શરીર નમાવતાં આજ પ્રમાણે આ ક્રિયા પુનરાવર્તિત કરવામાં આવે, પછી નૂપુર તથા ભુજંગત્રાસિત રેચિત તેમજ મણ્ડલ સ્વસ્તિક કરણ દર્શાવવામાં આવે અને બાહુ તથા મસ્તકને સંકોચવામાં આવે, ત્યાર બાદ ઉરુદવૃત્ત, આક્ષિપ્તક ઉરોમણ્ડલ, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે તો વૈશાખ રેચિત નામનું અંગહાર બને છે.

( અધ્યાય ૪ શ્લોક ૨૧૫ થી ૨૧૭)

અભિનવગુપ્તની ટીકા પ્રમાણે આ અંગહારના આરંભમાં શરીરની સાથે હાથ રેચિત તેમજ અપવિધ્ધ કરી તે દ્વારા બંને બાજુએથી વૈશાખ રેચિત કરણનો પ્રયોગ કરવો જોઇએ. પછી આ ક્રમ દોહરાવવો જોઇએ અને નૂપુર તથા ભુજંગત્રાસિત કરણ ક્રમશ: પ્રયોજવા જોઇએ. રેચિતનો અર્થ છે ઉન્મત્ત કરણનો પ્રયોગ કરવો. ત્યાર બાદ મણ્ડલ સ્વસ્તિક કરણ રજૂ કરી બાહુ તથા મસ્તક નિકુંચિત કરતાં નિકુટ્ટિત કરણ દર્શાવવું જોઇએ. ત્યાર બાદ ક્રમશ: ઉરુદવૃત્ત, આક્ષિપ્તક, ઉરોમણ્ડલ, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ રજૂ કરવા જોઇએ.

## પરાવૃત્ત

પરાવૃત્ત અંગહારનું લક્ષણ નિરૂપતાં ભરતમુનિ જણાવે છે કે સર્વપ્રથમ 'જનિત' કરણ દર્શાવી એક પગને આગળ લંબાવવામાં આવે, પછી 'અલાત' કરણ રજૂ કરી ત્રિકને (ભ્રમરી ચારીમાં) ગોળ ફેરવવામાં આવે, ત્યાર બાદ ડાબા હાથને નમાવી ગણ્ડસ્થલ ઉપર કુટ્ટન કરવામાં આવે અને કટિચ્છિન્ન કરણ પ્રસ્તુત કરવામાં આવે તો 'પરાવૃત્ત' નામનું અંગહાર બને છે. (અધ્યાય ૪ શ્લોક ૨૧૮-૨૧૯)

અભિનવગુપ્તની ટીકાનુસાર આ અંગહારના આરંભમાં જમણી બાજુથી જનિત કરણ રજૂ કરી એક પગ લંબાવી શકટાસ્ય કરણ દર્શાવવામાં આવે છે. ત્યાર બાદ અલાત કરણ પ્રસ્તુત કરી ત્રિકને ગોળ ઘુમાવી ભ્રમરક કરણ રજૂ કરવામાં આવે છે. પછી ડાબા હાથને અંચિત કરી કપોલ ઉપર કુટ્ટન કરતાં કરિહસ્ત કરણ દર્શાવી અને કટિચ્છિન્ન કરણ પ્રસ્તુત કરવામાં આવે છે.

## અલાતક

ભરતમુનિના મત પ્રમાણે જો 'સ્વસ્તિક' કરણ દર્શાવી બંને હાથને વ્યંસિત (અર્થાત્ બંને હાથને રેચિત) રાખી પછી ક્રમશ: અલાતક, ઉર્ધ્વજાનુ, નિકુંચિત, અર્ધસૂચી, વિક્ષિપ્ત, ઉદવૃત્ત, આક્ષિપ્ત, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે તો 'અલાતક' અંગહાર બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૨૨૦-૨૨૧)

અભિનવગુપ્ત પોતાની ટીકામાં જણાવે છે તે પ્રમાણે આ અંગહારના આરંભમાં સ્વસ્તિક-કરણ રજૂ કરી બંને હાથને વ્યંસિત કરણની પ્રક્રિયામાં રાખવામાં આવે છે. અહીં વ્યંસિતૌ કરૌ શબ્દ દ્વિવચનમાં પ્રયુક્ત થયો હોવાથી આ કરણને દોહરાવવાનો અર્થ પ્રગટ થાય છે. ત્યારબાદ ક્રમશ: અલાતકથી કટિચ્છિન્ન કરણ રજૂ કરવામાં આવે છે.

## પાર્શ્વચ્છેદ

ભરતમુનિના જણાવ્યાનુસાર જો નિકુટ્ટિત મુદ્રાવાળા હાથને વક્ષ:સ્થલ ઉપર રાખવામાં આવે તથા ઉર્ધ્વજાનુ, આક્ષિપ્ત તથા સ્વસ્તિક કરણ દર્શાવી ત્રિકને એક વાર ઘુમાવવામાં આવે (ભ્રમરી ચારી રજૂ કરી) અને પછી ક્રમશ: ઉરોમણ્ડલ, નિતમ્બ, કરિહસ્ત અને કટિચ્છિન્ન કરણને પ્રદર્શિત કરવામાં આવે તો 'પાર્શ્વચ્છેદ' નામનું અંગહાર બને છે.
(અધ્યાય ૪ શ્લોક ૨૨૨-૨૨૪)

અભિનવગુપ્તની ટીકાનુસાર આ અંગહારના આરંભમાં વક્ષ ઉપર હાથને નિકુટ્ટિત કરવાની ક્રિયા દ્વારા વૃશ્ચિક-કુટ્ટિક કરણ સૂચવાયું છે. ત્યારબાદ ઉર્ધ્વજાનુ કરણ કુંચિત પાદ રાખી દર્શાવવું જોઇએ. પછી આક્ષિપ્તક તથા સ્વસ્તિક કરણ રજૂ કરી ત્રિકને ઘુમાવવામાં આવે છે. ત્યાર પછી હાથને ઉરોમણ્ડલ સ્થિતિમાં રાખી ઉરોમણ્ડલ કરણ રજૂ કરવામાં આવે છે તથા પછી ક્રમશ: નિતમ્બ, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે છે.

## વિદ્યુદ્ભ્રાન્ત

ભરતમુનિના મત પ્રમાણે પહેલા ડાબા પગ દ્વારા 'સૂચી' ચારી દર્શાવી જમણા પગ વડે વિદ્યુદભ્રાન્ત કરણ રજૂ કરી ત્યાર બાદ જમણા પગ દ્વારા 'સુચી' ચારી અને ડાબા પગ વડે વિદ્યુદ્ભ્રાન્ત કરણ દર્શાવવામાં આવે, પછી છિન્ન કરણ દર્શાવી ત્રિકને ઘુમાવવામાં આવે અને ત્યારબાદ લતાહસ્તની સાથે લતાવૃશ્ચિક અને પછી કટિછિન્ન કરણ રજુ કરવામાં આવે તો વિદ્યુદ્ભ્રાન્ત નામનું અંગહાર બને છે. (અધ્યાય ૪ શ્લોક ૨૨૪-૨૨૫)

અભિનવગુપ્તની ટીકા અનુસાર આ અંગહારના આરંભમાં વામ ચરણથી સૂચી ચારી રજૂ કરવાનો આશય છે, ડાબી બાજુથી અર્ધ સૂચી-કરણ તથા જમણી બાજુથી વિદ્યુદ્ભ્રાન્ત કરણનો પ્રયોગ કરવો. પછી આ બંને કરણ વિપરીત દિશાથી (અર્થાત દક્ષિણ ચરણથી અર્ધ સુચી અને વામચરણથી વિદ્યુદ્ભ્રાન્ત કરણ) રજૂ કરવામાં આવે અને પછી છિન્ન અર્થાત્ પરિચ્છિન્નકરણ રજૂ કરી ત્રિકને ઘુમાવવામાં આવે છે. પરિચ્છિન્ન કરણ પછી અતિક્રાન્ત કરણનો પ્રયોગ કરવો જોઇએ. ત્યાર બાદ લતાહસ્તની સાથે લતાવૃશ્ચિક કરણ રજૂ કરી અન્તમાં કટિચ્છિન્ન કરણનો પ્રયોગ કરવામાં આવે.

## ઉદ્વૃત્તક

ભરતમુનિ ઉદ્વૃત્તક અંગહારનું લક્ષણ નિરુપતી વિધાન કરે છે કે જો 'નૂપુરપાદ' ચારી જમણા અને ડાબા હાથને (ક્રમશ:) ઝુલાવતા રજૂ કરવામાં આવે, પછી બંને હાથને એજ પ્રમાણે પ્રદર્શિત કરી વિક્ષિપ્ત કરણ દર્શાવવામાં આવે, પછી તેજ હાથ વડે સૂચી કરણ પ્રદર્શિત કરી ત્રિકને એકવાર ઘુમાવવામાં આવે (અર્થાત 'ભ્રમરી' ચારી રજૂ કરવામાં આવે) પછી લતા (લતાવૃશ્ચિક) તથા કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે તો ઉદ્વૃત્તક નામનું અંગહાર બને છે. (અધ્યાય ૪ શ્લોક ૨૨૬-૨૨૭)

અભિનવગુપ્તની ટીકા પ્રમાણે આ અંગહારના આરંભમાં નૂપુરપાદિકા ચારી પ્રસ્તુત કરવાનો આશય છે, નૂપુર કરણ દર્શાવવું ત્યાર બાદ દક્ષિણ તેમજ વામ હસ્ત ઝુલાવતા રાખી ભૂજંગાચિત કરણ તથા 'પાર્શ્વમાં' એ શબ્દથી ગૃધ્રાવલીનક કરણનો પ્રયોગ સૂચિત થાય છે. ' કરૌ સવ્યવામૌ' માં પ્રયુક્ત દ્વિવચનથી આ બંને કરણ એક સાથે પ્રસ્તુત કરવાનું સુચન પણ થયું છે. ત્યારબાદ વિક્ષિપ્ત રજૂ કરતાં આ હસ્તમુદ્રાથી સૂચીકરણ રજૂ કરી, ત્રિકને પરિવર્તિત કરી, બદ્ધાચારીમાં ચરણ રાખી, નિતમ્બ કરણ રજૂ કરવું જોઇએ. પછી લતા-વૃશ્ચિક-કરણ પ્રસ્તુત કરી અંતમાં કટિચ્છિન્ન કરણનો પ્રયોગ કરવામાં આવે છે.

## આલીઢ

ભરતમુનિના જણાવ્યા પ્રમાણે જો આલીઢ સ્થાનની સાથે વ્યંસિત કરણ પ્રદર્શિત કરતાં બંને હાથને બાહુઓના ખૂણા ઉપર ફટકારવામાં આવે, પછી ડાબા પગથી 'નૂપુર' કરણને તથા જમણા પગથી 'અલાત' કરણને પ્રદર્શિત કરવામાં આવે અને તે દ્વારા પછી 'આક્ષિપ્તક' કરણ પણ રજૂ કરવામાં આવે ને ત્યાર બાદ બંને હાથ દ્વારા 'ઉરોમણ્ડલ' મુદ્રા રજૂ કરી કરિહસ્ત અને કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે તો 'આલીઢ' નામનું અંગહાર બને છે. (અધ્યાય ૪ શ્લોક ૨૨૮-૨૨૯)

અભિનવગુપ્તની ટીકા અનુસાર આ અંગહારના આરંભમાં આલીઢ સ્થાનમાં સ્થિત રહી વ્યંસિતકરણ પ્રસ્તુત કરવામાં આવે. પછી આ સ્થાનમાં પ્રયોજાતો હસ્તમુદ્રાવાળા હાથને બાહુઓના ખૂણા અર્થાત ખભા ઉપર નિકુટ્ટિત કરતાં નિકુટ્ટિત કરણ પ્રદર્શિત કરવામાં આવે. ત્યાર બાદ વામચરણથી નૂપુર કરણ અને દક્ષિણ ચરણથી અલાતકરણ રજૂ કરવામાં આવે. પછી દક્ષિણ ભાગથી આક્ષિપ્ત કરણ પ્રસ્તુત કરી તેમાં આગળ બંને હાથ વડે ઉરોમંડલ કરણ રજૂ કરી અંતમાં કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે.

## રેચિત

રેચિત અંગહારનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો રેચિત હસ્તને (કોઇ એક) બાજુ લઇ જઇ રેચિત અવસ્થામાં નમાવવામાં આવે પછી એજ રેચિત અવસ્થામાં સમગ્ર શરીર નમાવતાં (નૂપુરપાદ, ભુજંગત્રાસિત, રેચિત, ઉરોમણ્ડલ અને કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે - પાઠાન્તર પ્રમાણે ) રેચિત, ઉરોમંડલ તથા કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે તો રેચિત નામનું અંગહાર બને છે. (અધ્યાય ૪ શ્લોક ૨૩૦-૨૩૧)

અભિનવગુપ્તની ટીકા પ્રમાણે આ અંગહારનો આરંભ રેચિત હસ્તથી થાય છે તથા તેમાં રેચિત પ્રક્રિયાવાળા બધા કરણનો સમાવેશ કરવામાં આવે છે. અંતમાં કહેવાયેલા રેચિતં કરણં કાર્યમ્ શબ્દો તેનું સૂચન કરે છે. કાર્યમ્ પદથી બધા રેચિત પ્રક્રિયાવાળા

ઉત્પન્ન કરવાનો આશય પ્રગટ થાય છે એટલે અંગોના વિચિત્ર

કરણ અંગો સહિત વ્યાવહારિક બુદ્ધિથી પ્રયોગો પ્રયોગમાં વિચિત્રતા પ્રભેદોથી મિશ્રિત સ્વરુપવાળું આ અંગહાર માનવામાં આવે છે. રેચિત પ્રક્રિયા ઘણી સંકુલ છે છતાં પણ તેનો ક્રમ આ પ્રમાણેનો રહે છે. આરંભમાં સ્વસ્તિકરેચિત કરણ, પછી ક્રમશ: અર્ધરેચિત, આક્ષિપ્તરેચિત, અર્ધમત્તલ્લિ, રેચકનિકુટ્ટક, ભુજંગત્રસ્તરેચિત, નૂપુર, વૈશાખરેચિત, ભુજંગાંચિતક, દણ્ડરેચિત, વૃશ્ચિકરેચિત, વ્યંસિત, નિવૃત્ત, વિનિવૃત્ત, વિવર્તિતક, ગરુડપ્લુત, મયૂરલલિત, સર્પિતક, સ્ખલિત, પ્રસર્પિતક, તલસંઘટ્ટિત, વૃષભક્રીડિત તથા લોલિત કરણનો પ્રયોગ થાય છે. અહીં મૂળમાં 'પુનસ્તેનૈવ યોગેન' ઇત્યાદિથી પાર્શ્વ તથા અંગો નમાવવાનો અર્થ પ્રગટ થાય છે. એક કરણના પ્રયોગ પછી વિચિત્રતા માટે ચક્રમણ્ડલકરણ રજૂ કરી પછી બીજા કરણ પ્રસ્તુત કરવા જોઇએ. કરણોનો વિચિત્રતાસંપન્ન આ ક્રમ ચક્રમણ્ડલ કરણથી વ્યવહિત થઇ ચાલવો જોઇએ. આ પ્રમાણે જણાવેલા કરણો જ્યારે ક્રમાનુસાર પૂર્ણ થાય તો અંતે ઉરોમણ્ડલ તથા કટિચ્છિન્ન કરણ રજૂ કરી અંગહારની સમાપ્તિ સાધવી જોઇએ.

## આચ્છુરિત

ભરતમુનિના મત પ્રમાણે જો 'નૂપુર' કરણ પ્રદર્શિત કરી ત્રિકને ગોળ ફેરવવામાં આવે અને પછી 'વ્યંસિત' કરણ રજૂ કરી ત્રિકને ગોળ ઘુમાવવામાં આવે, પછી ડાબા પગથી 'અલાતક' કરણ દર્શાવી, સૂચી, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ રજૂ કરવામાં આવે તો આચ્છુરિત નામનું અંગહાર બને છે. (અધ્યાય ૪ શ્લોક ૨૩૨-૨૩૨)

અભિનવગુપ્તની ટીકા અનુસાર આ અંગહારના આરંભમાં નૂપુર કરણ રજૂ કરવામાં આવે છે. અહીં ત્રિકને ઘુમાવવાનો આશય છે, ભ્રમરક કરણ રજૂ કરવું. ત્યાર બાદ વ્યંસિત કરણ દર્શાવતાં ત્રિકને વિવર્તિક કરી નિતમ્બ કરણ પ્રસ્તુત કરવામાં આવે છે પછી વામ ચરણથી અલાતક કરણ અને તેની સાથો સાથ લગાતાર સૂચી કરણ રજૂ કરી અંતમાં કરિહસ્ત તેમજ કટિચ્છિન્ન કરણ પ્રસ્તુત કરવામાં આવે છે.

## આક્ષિપ્તરેચિત

ભરતમુનિના જણાવ્યાનુસાર જો બંને સ્વસ્તિક પાદ રેચિત હોય અને તે પ્રમાણે સ્વસ્તિક હાથ પણ (રેચિત) હોય અને પછી તે રેચિત ક્રિયા દ્વારાજ અલગ થાય અર્થાત છૂટા પડે અને પછી રેચિત ક્રિયા દ્વારા તેમને ઉપર ઉછાળવામાં આવે, પછી ઉદ્‌વૃત્ત, આક્ષિપ્તક, ઉરોમણ્ડલ, નિતમ્બ, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ ક્રમશ: રજૂ કરવામાં આવે તો આક્ષિપ્તરેચિત નામનું અંગહાર બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૨૩૪ થી ૨૩૬)

અભિનવગુપ્તની વિસ્તૃત ટીકા પ્રમાણે આ અંગહારમાં હસ્ત તથા ચરણના સ્વસ્તિક પ્રયોગની સાથે રેચિત થનારા બધા કરણનો પ્રયોગ ગ્રહણ કરવામાં આવ્યો છે. તદાનુસાર સ્વસ્તિક પાદોના રેચનથી થનારા સ્વસ્તિક રેચિત કરણથી આરંભી ક્રમશ: પૃષ્ઠ સ્વસ્તિક, દિક્‌સ્વસ્તિક, કટીસમ, ઘૂર્ણિત, ભ્રમર, વૃશ્ચિક રેચિત, પાર્શ્વનિકુટ્ટક, ઉરોમણ્ડલ, સન્નત, સિંહાકર્ષિત તથા નાગાપસર્પિત કરણ રજૂ કરવામાં આવે છે. તેમાં વક્ષ:સ્વસ્તિક કરણ રેચિત ક્રિયાથી રહિત હોવાને લીધે ભરતમુનિ તેનો સમાવેશ નથી કરતાં, પણ કેટલાક આચાર્ય પરિવર્તન ક્રમમાં આ કરણમાં પણ રેચન પ્રક્રિયા માને છે અને વક્ષ:સ્વસ્તિકને પણ આ કરણ ક્રમમાં રાખવાનું સમર્થન કરે છે. આ પ્રમાણે રેચિત હસ્પાદના ઉત્ક્ષેપણને બતાવી હસ્ત અને પાદની ઉત્ક્ષેપણ ક્રિયાવાળા બધા કરણનો સમાવેશ અહીં સુચવવામાં આવ્યો છે. તદાનુસાર ઉત્ક્ષેપણ ક્રિયાવાળા આ કરણોનો ક્રમશ: પ્રયોગ કરવો જોઇએ. આ કરણો છે - દણ્ડપક્ષ, લલાટતિલક, તલવિલસિત, નિકુમ્ભિત, વિદ્યુદભ્રાન્ત, ગજક્રીડિત, નિતમ્બ, વિષ્ણુક્રાન્ત, ઉદ્‌દવૃત્ત, આક્ષિપ્ત તથા ઉરોમંડલ અને પછી અંતમાં પુન: નિતમ્બ, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ પ્રસ્તુત કરી આ અંગહારને સમાપ્ત કરવું જોઇએ.

## સમ્ભ્રાન્ત

'સમ્ભ્રાન્ત' અંગહારનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો વિક્ષિપ્ત કરણ

પ્રદર્શિત કરી બંને હાથ અને પગને મુખની અનુગામિની સ્થિતિમાં રાખો, ડાબા હાથને 'સૂચી' મુદ્રામાં વિક્ષિપ્ત કરી જમણા હાથને વક્ષ:સ્થલ ઉપર રાખો ત્રિકને (ભ્રમરી ચારીમાં) એકવાર ઘુમાવવામાં આવે, પછી ક્રમશ: નૂપુર, આક્ષિપ્તક, અર્ધસ્વસ્તિક, નિતમ્બ, કરિહસ્ત, ઉરોમણ્ડલ તથા કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે તો સમ્ભ્રાન્ત નામનું અંગહાર બને છે.
(અધ્યાય ૪ શ્લોક ૨૩૭ થી ૨૩૯ )

અભિનવગુપ્તની ટીકા પ્રમાણે આ અંગહારના આરંભમાં વિક્ષિપ્ત કરણ પ્રસ્તુત કરી હસ્ત અને પાદ મુખ પ્રમાણે સંચાલિત કરવાનો આશય છે અંચિત, ગણ્ડસૂચી તથા ગંગાવતરણ કરણ ક્રમશ: રજૂ કરવા. આ પ્રમાણે વામ હસ્તથી સૂચીના પ્રયોગ દ્વારા અર્ધસૂચી કરણ તથા વિક્ષેપથી દણ્ડસૂચી કરણનું સૂચન થયું છે. દક્ષિણ હસ્તને વક્ષ ઉપર રાખવાથી ચતુર કરણ તથા ત્રિકના ઘુમાવથી ભ્રમરક કરણનો પ્રયોગ સૂચવાયો છે. તે પછી ક્રમશ: નૂપુર, આક્ષિપ્તક, અર્ધ સ્વસ્તિક, નિતમ્બર, કરિહસ્ત, ઉરોમણ્ડલ તથા અંતમાં કટિચ્છિન્ન કરણ રજૂ કરવામાં આવે છે.

## અપસર્પિતક

'અપસર્પિતક' અંગહારનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો 'અપક્રાન્ત' કરણ દર્શાવતા 'વ્યંસિત' કરણને કેવળ હાથ વડે રજૂ કરવામાં આવે તથા હાથને 'ઉદ્વેષ્ટિત' મુદ્રામાં ધ્રુજાવવામાં આવે ત્યાર બાદ અર્ધસૂચી, વિક્ષપ્ત, કટિચ્છિન્ન, ઉદ્વૃત્ત આક્ષિપ્તક, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ પ્રદર્શિત કરવામાં આવે તો 'અપસર્પિતક' નામનું અંગહાર બને છે. (અધ્યાય ૪ શ્લોક ૨૪૦-૨૪૧)

અભિનવગુપ્તની ટીકાનુસાર આ અંગહારના આરંભમાં 'અપક્રાન્ત' ક્રમ પ્રદર્શિત કરવાનો આશય છે, અપક્રાન્ત કરણ દર્શાવવું; ત્યાર બાદ હાથ વક્ષ ઉપર રાખી વ્યંસિત કરણ તથા હાથ ઉદ્વેષ્ટિત પ્રક્રિયામાં સંચાલિત કરી કરિહસ્ત કરણ રજૂ કરવું જોઇએ. તે પછી ક્રમશ: અર્ધસૂચી, વિક્ષિપ્ત તથા કટિચ્છિન્ન કરણ દર્શાવવા જોઇએ. અહીં ઉદ્વૃત્તનો અર્થ છે ઉદ્વૃત્ત કરણ દર્શાવવું. ત્યાર બાદ અને ક્રમશ:આક્ષિપ્ત, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ બતાવવા જોઇએ.

## અર્ધનિકુટ્ટક

ભરતમુનિના કથન અનુસાર જો વેગથી 'નૂપુરપાદ' ચારી દર્શાવી હાથને પગની ગતિ અનુસાર રાખી ત્રિકને (ભ્રમર ચારીમાં) ગોળ ઘુમાવવામાં આવે, તે પછી હાથ અને પગ નિકુટ્ટન ક્રિયાયુકત રાખી ક્રમશ: ઉરોમણ્ડલ કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ દર્શાવવામાં આવે તો અર્ધનિકુટ્ટક નામનું અંગહાર બને છે.

(અધ્યાય ૪ શ્લોક ૨૪૨-૨૪૪ )

અભિનવગુપ્તની ટીકા પ્રમાણે આ અંગહારના આરંભમાં નૂપુરપાદ ચારીમાં ચરણ રાખી નૂપુર કરણ અને હસ્તપાદ આક્ષિપ્ત કરી વિવૃત્ત કરણ રજૂ કરવા જોઇએ. ત્યાર બાદ ચરણની ગતિ અનુસાર ત્રિકને ગોળ ફેરવતાં ભ્રમરચારી દર્શાવવામાં આવે તથા હસ્ત અને પાદ નિકુટ્ટિત પ્રક્રિયામાં સંચાલિત કરતાં નિકુટ્ટક તથા અર્ધનિકુટ્ટક કરણ દર્શાવી અંતે ઉરોમણ્ડલ, કરિહસ્ત તથા કટિચ્છિન્ન કરણ રજૂ કરવા જોઇએ.

## તાલના પ્રમાણના આધારે અંગહારના વિભાગ

વિભિન્ન કરણોથી અંગહાર નિષ્પન્ન થાય છે. આ પ્રત્યેક કરણને પૂર્ણ કરવામાં જે સમય લાગે તેનો સરવાળો કરી જે પ્રમાણાનુસાર સમય થાય તેને એક અંગહાર રજૂ કરવામાં થતો સમય માનવો જોઇએ એમ જણાવી અભિનવગુપ્ત વિધાન કરે છે કે આ અંગહાર છ, બાર અથવા ચોવીસ કરણોથી નિષ્પન્ન થતાં હોય છે. તેમાં સન્નિકાળના આધારે માત્રા, તાલ તથા કલાના પ્રમાણ-અનુસાર એક અથવા બે કરણોને પ્રવિષ્ટ કરાવવાનો પ્રયોગ રાખવો જોઇએ જે સોળ માત્રાના પ્રમાણનો હોઇ શકે. આ ઉપરાંત કેટલાક અંગહાર સોળ કરણોથી યુકત હોવાને લીધે બૃહદ્ આકારવાળા હોય છે. તેના ચતુરસ્ર તાલ રાખવામાં આવે છે. તેની સંખ્યા ૧૬ જેટલી છે. તેમાં કોઇ એક ન્યૂન થવાથી કોઇ અન્યથી તાલ ક્રિયા લઇ તાલપ્રમાણની પૂર્તિ કરવામાં આવે છે.

આ અંગહારોમાં અપવિદ્ધ, ઉદ્ઘટ્ટિત, વિષ્કમ્ભ, વિષ્કમ્ભાપસૃત, સ્વસ્તિક રેચિત, વૃશ્ચિકાપસૃત, મત્તસ્ખલિત, ગતિમણ્ડલ, પરિવૃત્તક રેચિત, પરાવૃત્ત, અલાતક, ઉદ્વૃત્તક, રેચિત, આક્ષિપ્ત રેચિત, સંભ્રાન્ત તથા અર્ધનિકુટ્ટક ત્ર્યસ્ર તાલવાળા હોય છે. તેની સંખ્યા પણ સોળ જેટલી છે. આ સિવાયના અન્ય સોળ ચતુરસ્રતાલવાળા અંગહાર છે.

આ પ્રમાણે ચતુરસ્ર અને ત્ર્યસ્ર એમ બે સ્થૂળ વિભાગોમાં વિભક્ત અને અવાન્તર સોળ વિભાગોમાં વિભક્ત આ અંગહારોની પૂર્વરંગના, બહિર્ગીતવિધાગત ઉત્થાપનાથી પ્રરોચના પર્યન્ત અંગોમાં પ્રયોગ થવાને કારણે પણ અંગહારોની સંખ્યા ૩૨ ની થાય છે. આ કેટલાક આચાર્યોની માન્યતા છે. અન્ય આચાર્યોના મત પ્રમાણે ચાર નર્તકીઓના દરેક નર્તકી દીઠ ચાર અને તે દરેક પિણ્ડીબન્ધ, રેચક, ન્યાસ તથા અપન્યાસ પ્રકારોથી યુક્ત ગણતાં અંગહારની સંખ્યા ૩૨ થાય છે. આ ઉપરાંત બીજા કેટલાક આચાર્યોના મત પ્રમાણે અંગ તથા વસ્તુથી નિબદ્ધ ગીતોની વસ્તુ ત્રણ પ્રકારની હોય છે. વર્ધમાનકના નવ, આસારિતના ચાર તથા પાણિકાનો એક પ્રકાર છે. આ પ્રમાણે બહિર્ગીતિની વિચિત્રતા ૩૨ પ્રકારની સુશોભિત થાય છે અને તેના પ્રયોગનાસમાવેશને લીધે પણ અંગહારોની ૩૨ માનવામાં આવી છે. આમ અભિનવગુપ્ત અંગહારોની સંખ્યા ૩૨ ની કેમ તે અંગે વિવિધઆચાર્યોના મત નિરુપે છે.

## રેચકવિધાન

રેચક એટલે અંગોની ચક્રાકાર ગતિ. શરીરના અંગોમાં હસ્ત, પાદ, કટિ તથા ગ્રીવા - આ ચાર અંગો એવા પ્રકારના છે જે વર્તુળાકારે ગતિ કરી શકે છે એટલે રેચકક્રિયા મુખ્યત્વે આ ચાર અંગો સાથે સંકળાયેલી છે. પગ, સાથળના મૂળ આગળથી પૂર્ણપણે ગોળાકારે ફરી શકે છે તેજ પ્રમાણે હાથ, ખભાના સાંધા આગળ, બગલના ભાગથી પૂર્ણપણે ગોળાકારે ગતિ કરી શકે છે એટલે હસ્ત અને પાદની રેચક ગતિમાં આખો હાથ તથા આખો પગ ભાગ લે છે. તેજ પ્રમાણે હાથની હથેળી, કાંડાના સાંધા આગળથી તથા પગની પાની ઘૂંટીના સાંધા આગળથી પણ ગોળ ગોળ ફરી શકે છે. શરીરના આ ચાર અંગો ગ્રીવા,

કટિ, હસ્ત, પાદ પૃથકપણે અને સમગ્ર શરીર ગોળ કુંદરડી મારી શકે છે. કથ્થક નૃત્યશૈલીમાં શરીરની કુંદરડી-ચક્કર-નૃત્યનું પ્રધાન લક્ષણ છે.

'રેચક' સંબંધો ચર્ચા કરતાં ભરતમુનિ વિધાન કરે છે કે :

રેચિતાખ્યઃ પૃથગ્ભાવે વલને ચાભિધીયતે ॥ ૨૪૬ ॥
ઉદ્વાહનાત્પૃથગ્ભાવાદ્ ચલનાચ્ચાપિ રેચકઃ ।

રેચક એટલે (શરીરના અંગનું) પૃથક રીતે વલન અર્થાત્ ગોળ ફરવું અથવા પૃથક રીતે ઉદ્વાહન અર્થાત્ ઉપરની તરફ ગતિ કરવી અને ચલન અર્થાત ચાલયુક્ત ગતિ કરવી. આમ ભરતમુનિના મત પ્રમાણે રેચક એટલે અંગનું પૃથકભાવે વલન, ઉદ્વાહન તથા ચલન. પૃથક એટલે સ્વતંત્રપણે, એટલે કે ચારી અથવા કરણથી નિરપેક્ષપણે. ચારી અને કરણમાંના વિવિધ સંચાલનોના એક ભાગ રૂપે નહિ પણ સ્વતંત્રપણે શરીરના કોઇપણ અંગનું ગોળ ફરવું (વલન), અથવા ઉર્ધ્વગામી ગતિ કરવી (ઉદ્વાહન) કે ચાલયુક્ત ગતિ (ચલન) કરવી તેનું નામ રેચક એવો ભરતમુનિનો અભિપ્રાય છે.

## રેચક

### ભેદ તથા લક્ષણ

ભરતમુનિ રેચકના ચાર ભેદ વર્ણવે છે. (૧) પાદરેચક (૨) કટિરેચક (૩) કરરેચક/હસ્તરેચક (૪) ગ્રીવારેચક/કંઠરેચક.

(અધ્યાય ૪ શ્લોક ૨૪૫)

| ભેદ | લક્ષણ |
|---|---|
| (૧) પાદરેચક | સ્ખલિત ગતિ યુક્ત અથવા જે ભિન્ન ગતિવાળા પગને એક દિશામાંથી બીજી દિશામાં વિભિન્ન ગતિ દ્વારા લઇ જવામાં આવે છે. (શ્લોક ૨૪૭) વિવિધ પ્રકંપિત અથવા સ્ખલિત ગતિમાં પગને અલગ અલગ એકની પાસે બીજાને એક બાજુથી બીજી બાજુ સંચાલિત કરવામાં આવે છે. |

| ભેદ | લક્ષણ |
| --- | --- |
| (૨) કટિરેચક | ત્રિકને ઉપરની તરફ ઉઠાવવામાં આવે છે અથવા કટિ એક વાર ગોળ ફેરવવામાં આવે છે અને પછી તેને પાછળ હટાવવામાં આવે છે (અપસર્પણ) - (શ્લોક ૨૪૮) તેમાં ત્રિકને ઉપર ઉઠાવવું, ગોળ ફેરવવું, પાછળ હટાવવું તથા ચક્રાકાર ગતિમાં સંચાલિત કરવું વિગેરે ક્રિયાઓ થાય છે. |
| (૩) કરરેચક (હસ્તરેચક) | હાથ ઉપર ઉઠાવવા, ફેંકવા, સન્મુખ કરવા, ગોળ ઘુમાવવા તથા પાછળ લઇ જવા (શ્લોક ૨૪૯) તેમાં હાથ ઉપર લઇ જવામાં આવે છે, ફેંકવામાં આવે છે, આગળ લાવવામાં આવે છે, ફેલાવવામાં આવે છે તથા ગોળ ફેરવવામાં આવે છે. |
| (૪) ગ્રીવારેચક (કણ્ઠરેચક) | ગ્રીવા ઉપર ઉઠાવવી, ઝુકાવવી, એક પડખે નમાવવી ગોળ ગોળ ફેરવવી (શ્લોક ૨૫૦) ડોક ઉંચી કરવી, તાણવી, નીચે નમાવવી, પડખે નમાવવી, ગોળ ફેરવવી. |

'રેચક' સંબંધી ચર્ચા કરતાં અભિનવગુપ્ત જણાવે છે કે નૃત્ત તથા નૃત્યના અનેક પ્રયોગોમાં કરણ તથા અંગહારના ભાગરુપે, અંગરુપે નહિ પણ સ્વતંત્રપણે પણ રેચકનો વિનિયોગ થઇ શકે છે. આ ઉપરાંત સુકુમાર ગતિ તથા વાદ્યગત પ્રધાનતા રાખનાર પ્રયોગો પણ રેચકથી યુક્ત રહે છે. આ કારણોથી રેચકોનું સ્વતંત્ર મહત્વ પણ છે. રેચન અથવા રેચિત પ્રક્રિયા અંગોના પૃથક-પૃથક વ્યવસ્થિત સ્વરુપમાં વલન (ચક્રાકારે ગોળ ફરવું) ને કહેવામાં આવે છે. એટલે તેની વૈશાખ, મણ્ડલ વિગેરે સ્થાન તથા વૈશાખરેચિત વિગેરે કરણ તથા ચારીથી ભિન્નતા-પૃથકતા સ્પષ્ટ થાય છે. આમ અભિનવગુપ્ત પણ અંગોનો પૃથકપણે થતો ચક્રાકાર ગતિ-વલનને રેચક કહે છે. રેચકનો

પ્રયોગ કરણ, મણ્ડલ તથા ચારીના અંગરુપે પણ કરવામાં આવે છે એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે. તેમના મતે કરણ, અંગહાર તથા રેચકનો પ્રયોગ કેવળ પૂર્વરંગના અંગોમાંજ થાય છે, એમ નહી પણ અન્યત્ર કરવામાં આવતા નૃત્ય આદિ પ્રયોગોમાં પણ તે ઉપયોગી થાય છે. આ ઉપરાંત દેવગણની પ્રીતિ અર્થે પણ અંગહાર કરણ તથા રેચકોનો પ્રયોગ થાય છે.

'રેચકવિધાન' પછી ભરતમુનિ, પિણ્ડીબન્ધના નામ તથા લક્ષણ નિરુપવાનો ઉપક્રમ રાખે છે પરંતુ તેઓ વિભિન્ન દેવદેવીઓના નામને આધારે જેનું નામકરણ થયું છે એવા ૧૬ પિણ્ડીબંધના માત્ર નામજ નિરુપે છે, લક્ષણ નહીં.

પિણ્ડીબન્ધ અને તેની સાથે સંકળાયેલ દેવદેવીઓનું વિધાન આ પ્રમાણે છે.

## પિણ્ડીબન્ધ

(અધ્યાય ૪ શ્લોક ૨૫૫ થી ૨૬૦)

| પિણ્ડીબન્ધ | દેવ, દેવીઓ |
|---|---|
| (૧) ઇશ્વરી | ઇશ્વરની પિણ્ડી |
| (૨) પટ્ટસી | નન્દીની પિણ્ડી |
| (૩) સિંહવાહિની | ચંડિકાની પિણ્ડી |
| (૪) તાર્ક્ષ્ય | વિષ્ણુની પિણ્ડી |
| (૫) પદ્મ | સ્વયંભૂ અર્થાત્ બ્રહ્માની પિણ્ડી |
| (૬) ઐરાવતી | શક્રની પિણ્ડી |
| (૭) ઝષ | મન્મથ અર્થાત્ કામદેવની પિણ્ડી |
| (૮) શિખી | કુમાર અર્થાત્ સ્કન્દની પિણ્ડી |
| (૯) રુપ | શ્રીની પિણ્ડી |
| (૧૦) ધારા | જાહનવીની પિણ્ડી |
| (૧૧) પાશ | યમની પિણ્ડી |
| (૧૨) નદી | વરુણની પિણ્ડી |

| | |
|---|---|
| (૧૩) હળ | બલરામનો પિણ્ડી |
| (૧૪) સર્પ | ભોગીઓની પિણ્ડી |
| (૧૫) દક્ષયજ્ઞ વિમર્દિની | ગણોની પિણ્ડી |
| (૧૬) રૌદ્રી | ભગવાન શંકરની. ત્રિશુલની આકૃતિથી અંકિત. જેના દ્વારા તેમણે અન્ધકાસુરનો વધ કર્યો. |

પિણ્ડીબન્ધ, નૃત્યની એક 'આકૃતિ વિશેષ' છે જેમાં કરણ તથા અંગહારનો વિનિયોગ થાય છે. અભિનવગુપ્ત 'આકાર સાદૃશ્ય' ને પિણ્ડીબન્ધ કહે છે. તેમનો મત છે કે આ આકારગત વૈશિષ્ટયને ધ્યાનમાં રાખી, પ્રયોગાનુસાર તેમાં સ્વરુપ રાખવામાં આવ્યા છે. આ પ્રમાણે આ પિણ્ડીબન્ધ આધાર, અંગ, પ્રયોગ તથા સાધનગત ભિન્નતાને કારણે અનેક પ્રકારના સંભવી શકે છે. આધારનો અર્થ છે સ્થાનગત વિભેદ. આ વિભેદ પૃથ્વી, સ્વર્ગ, પાતાલ વિગેરે 'લોક'ના કારણે સાત પ્રકારના હોય છે. આજ પ્રમાણે બે હાથ, બે પગ, બે નેત્ર, તથા એક મસ્તક આ પ્રમાણે અંગગત સાત વિભેદ છે. એક અથવા એકથી વધારે પ્રયોક્તા હોવાથી પ્રયોક્તાગત વિભેદ પણ થાય છે જે સમ તેમજ વિષમ પ્રયોગભેદથી યુક્ત થઇ ચાર પ્રકારના થઇ જાય છે. આ ચાર વિભેદ, કરણ તથા અંગહારોથી સંપાદિત થઇ અનન્ત ભેદ ધારણ કરે છે. આ પ્રમાણે અનન્ત ભેદ હોવા છતાં પણ મુખ્યત્વે દેવગણના નામ પર આધારિત પિણ્ડીબન્ધોજ ભરતમુનિએ નિરુપ્યા છે એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

દેવગણના નામના આધારે રચાયેલા પિણ્ડીબન્ધોના સંદર્ભમાં અભિનવગુપ્ત જણાવે છે કે આ પિણ્ડીબન્ધો દ્વારા દેવગણનો પરિતોષ અર્થાત દેવતાઓને સંતુષ્ટ કરવામાં આવે છે તથા તેની અંતર્ગત આજ દેવતાઓના આયુધ, વાહન, કર્મ તથા ભાવોનો અંગો દ્વારા અભિનય પણ રજૂ કરવામાં આવે છે. દા.ત. તલપુષ્પપુટ કરણના કર્મ વડે ભગવતીનું, ત્રિશુભિત કરણથી ભગવાન શિવનું, નિકુટ્ટક કરણના પ્રયોગ વડે તેમના ત્રિશુલાકાર શસ્ત્રનું,

ગરુડપ્લુતક વડે તાર્ક્ષ્યગતિનું સુચન તથા ગંગાવતરણ કરણ વડે ધારાપિણ્ડીનો, નાગસર્પિત કરણ વડે ભોગીપિણ્ડીનો તથા સ્થિરહસ્ત અંગહાર વડે તેના જેવો આકારવાળા ત્રિશુળ, શિવલિંગ વિગેરે વિભિન્ન પિણ્ડીબન્ધોનો અભિનય થઇ શકે છે તથા રેચિત અંગહારોના પ્રયોગ વડે વિભિન્ન આધારના અનન્ત પ્રકારો અભિનીત થઇ શકે છે, એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

દેવ, દેવીઓના નામના આધારે રચાયેલા પિણ્ડીબન્ધના નામો નિરૂપ્યા પછી ભરતમુનિ પિણ્ડીભેદ નિરુપે છે.

## પિણ્ડીભેદ

### ભેદ, લક્ષણ, વિનિયોગ

પિણ્ડીના ચાર ભેદ ભરતમુનિ વર્ણવે છે. (૧) પિણ્ડી (૨) શ્રૃંખલિકા (૩) લતાબન્ધ (૪) ભેધક. (અધ્યાય ૪ શ્લોક ૨૮૯)

| ભેદ | લક્ષણ | વિનિયોગ |
|---|---|---|
| પિણ્ડી | પિણ્ડીભૂત હોવાથી અર્થાનુસારી નામ | કનિષ્ઠ આસારિતમાં અર્થાત પ્રથમ આસારિતમાં કે જે સૌથી નાનો હોય છે. |
| શ્રૃંખલિકા | ગુલ્મ (ગુચ્છો) હોવાથી શ્રૃંખલિકા. | લયમાં અર્થાત લયના પરિવર્તનમાં |
| લતાબન્ધ | પરસ્પર જાળી જેવી ગુંથણી | મધ્યમ આસારિતમાં. |
| ભેધક | નૃત્તાથીયુકત પ્રકાર જેમાં નર્તકીઓ એક બીજાથી અલગ. | જ્યેષ્ઠ આસારિતમાં અર્થાત સૌથી લાંબા આસારિતમાં. |

(અધ્યાય ૪ શ્લોક ૨૯૦-૨૯૧)

આ પિણ્ડીભેદોનો પ્રયોગ, પૂર્વરંગના નવમા અંગ 'આસારિત'- કે જે નર્તકીઓના પાદવિન્યાસની કળા અને લય નિર્ધારણ સાથે સંકળાયેલ છે તેમાં-કરવામાં આવે છે.

પિણ્ડીભેદના સંદર્ભમાં અભિનવગુપ્ત જણાવે છે કે પિણ્ડીભેદોમાં સર્વપ્રથમ ભેદ સામાન્ય પ્રકારનો હોવાને લીધે તેનું 'પિણ્ડી' નામ રાખવામાં આવ્યું છે. તે વિશેષતા હીન તેમજ એકજૂથ થઇ પ્રયોગ કરવા યોગ્ય હોય છે કારણ કે તેમાં નર્તકીઓ સમ્મિલિત નૃત્ત કરે છે. તેઓ જ્યારે એક બીજાનો હાથ ગ્રહણ કરી નૃત્ત કરે છે તો (આજ) શૃંખલિકાનો પ્રકાર બની જાય છે. એક બીજાના બાહુને લતાસદૃશ જકડી લઇ નૃત્ત કરવાથી લતાબન્ધ નામનો પ્રકાર તથા અલગ થઇ અથવા છૂટા પડી નૃત્ત પ્રસ્તુત કરવાથી ભેદ્યક નામનો ચોથો પ્રકાર બની જાય છે. શારદાતનયના 'ભાવપ્રકાશન'માં પિણ્ડીભેદનું આજ સ્વરુપ નિરુપવામાં આવ્યું છે. (ભાવપ્રકાશન- ગા.ઓ.સી.પૃ. ૨૪૬)

અભિનવગુપ્તે આ નૃત્તને સામુહિક માની તેના પ્રયોગને સજાતીય તથા વિજાતીય સ્થિતિમાં વિભક્ત કર્યા છે. તેમના મતે એક દાંડીમાં આબદ્ધ કમળસદૃશ નૃત્ત, સજાતીય છેતથા વિજાતિય સ્થિતિમાં વિભક્ત કર્યા છે. તેમના મતે એક દાંડીમાં આબદ્ધ કમળસદૃશ નૃત્ત સજાતીય તથા હંસ દ્વારા મુખમાં ધારણ કરેલા દાંડીવાળા કમળ, સદૃશ નૃત્ત, વિજાતીય છે, ત્રીજા પ્રકારના પિણ્ડીભેદમાં જાળીની જેમ વણાટ થતો હોવાથી તે સજાતીય અને ચોથા પ્રકારમાં અલગ થવું, છૂટા પડવું તે પ્રધાન લક્ષણ હોવાથી તે વિજાતીય છે.

કપિલા વાત્સ્યાયને પણ 'પિણ્ડી'નામના પિણ્ડીભેદને સમુહ નૃત્યનો પ્રકાર માન્યો છે.( Classical Indian Dance in Literature and Arts ) (પૃ.૩૦) તેમના મતે 'પિણ્ડી' શબ્દ 'ગુલ્મ' (ગુચ્છ)નો અર્થ સૂચવે છે. મુખ્ય નર્તકીના પ્રવેશ પછી નર્તકીઓનો સમૂહ તેની પાછળ આવતો હોવાની તેઓ સંભાવના વ્યક્ત કરે છે. જો કે આ સમુહની સંરચના વિશે ભરતમુનિએ કશું જણાવ્યું નથી પણ તેનું નામ સૂચવે છે તે પ્રમાણે આ એવા પ્રકારનું સમૂહ નૃત્ય હોઇ શકે જેમાં નર્તકો અથવા નર્તકીઓનું વૃંદ પાસે પાસે રહી 'ગુચ્છ'નો આભાસ ઉભો કરતું હોય. 'શૃંખલિકા' એ અન્ય પ્રકારની નૃત્યરચના હોઇ શકે જેમાં નર્તકો/નર્તકીઓ એક બીજાનો હાથ પકડી સાંકળ-શૃંખલા બનાવતા હોય.

'લતાબન્ધ' એવી નૃત્યરચના સૂચવે છે કે જેમાં નર્તકો એક બીજાના ખભે પોતાના બાહુ મુકતા હોય અને 'ભેદ્યક' પ્રકારની નૃત્ય રચનામાં નર્તકો સમૂહમાંથી છૂટા પડી પૃથક્ રીતે વ્યક્તિગત સંચાલનો movements કરતાં હોય.

આમ આધુનિક નૃત્ય વિવેચકો પણ પિણ્ડીભેદને સમૂહ નૃત્યનો પ્રકાર માને છે.

ભરતમુનિ પિણ્ડીનો ઉદ્ભવ બે પ્રકારથી માને છે. (૧) યન્ત્ર તથા (૨)ભદ્રાસન. પ્રયોક્તાએ તેનું વિધિસર શિક્ષણ લઇ પ્રયોગ કરવો જોઇએ.

પિણ્ડીનાં દ્વિવિધા યોનિ: યન્ત્રં ભદ્રાસનં તથા ॥ ૨૯૨ ॥
શિક્ષાયોગસ્તથા ચૈવ પ્રયોક્તવ્ય: પ્રયોક્તૃભિ: ।

અભિનવગુપ્ત પ્રસ્તુત શ્લોકની ટીકામાં જણાવે છે કે (પિણ્ડી) એક તો વાદ્યયન્ત્રના પ્રયોગના આધારે અને બીજું ભદ્રાસન અર્થાત્ પગથી તાલ આપવાની સ્થિતિના આધારે નિષ્પન્ન થાય છે એટલે વિધિવત્ પ્રશિક્ષણ તથા સુદીર્ઘ અભ્યાસ વિના તેનો પ્રયોગ કરવો ન જોઇએ.

આમ પિણ્ડીબન્ધનો પ્રયોગ નાટ્યમાં પૂર્વરંગમાં તથા અન્યત્ર નૃત્ત તથા નૃત્યમાં સ્વતંત્રપણે થાય છે અને તેનો વ્યવસ્થિત અભ્યાસ તથા પૂર્વ તૈયારી જરૂરી છે.

અધ્યાય -૪ કે જે સામાન્ય રીતે 'તાંડવલક્ષણ' ના નામથી ઓળખાય છે તેમાં નૃત્તમાં સ્વતંત્રપણે તથા નાટ્યમાં પૂર્વરંગમાં પ્રયોજાતા કરણ, અંગહાર, રેચક તથા પિણ્ડીબંધના અંગ સંચાલનો નિરુપવામાં આવ્યા છે તે મૂળભૂત રીતે વિભિન્ન અંગોની સમન્વિત ચેષ્ટાથી ઉદ્ભવતા હોવાથી તેની 'ચેષ્ટાકૃત અભિનય' અંતર્ગત ચર્ચા કરવામાં આવી.

ચારી અને ગતિ વચ્ચે તાત્વિક અંતર છે અને તેથીજ ભરતમુનિએ બે સ્વતંત્ર અધ્યાયોમાં ચારિવિધાન અને ગતિપ્રચાર નિરુપ્યા છે. ૧૨ મા અધ્યાયમાં ચારીના સમૂહથી નિષ્પન્ન મણ્ડલપ્રચાર નિરુપ્યા પછી ૧૩ માં અધ્યાયમાં ભરતમુનિ ગતિપ્રચાર અંતર્ગત પાત્રની રંગમંચ પર પ્રવેશ કરતી વેળાની ગતિ, વિભિન્ન રસગતિ, વિવિધ પાત્ર ગતિ, વિમાન આદિ ગતિ, આસન તેમજ શયન વિધાનની વિગતે ચર્ચા કરે છે.

## ગતિપ્રચાર

ભાવ, રસ, અવસ્થા, દેશ, કાળની વિવિધતા અને ભિન્નતાના સંદર્ભમાં પાત્ર દ્વારા પ્રયોજવામાં આવતા સ્થાન, પાદપ્રચાર, આસન અને શયન વિગેરે માટેની વિભિન્ન નાટ્યોપયોગી વિધિઓની પારિભાષિક સંજ્ઞા તે 'ગતિ'. ભરતમુનિએ એક સ્વતંત્ર અધ્યાય રુપે 'ગતિ' વિષયક નિરુપણ કર્યું છે જે 'ગતિપ્રચાર'ના નામે ઓળખાય છે.

અધ્યાયના આરંભમાં ભરતમુનિએ ગતિને 'પ્રકૃતિસ્થિતા' કહી છે.

એવં વ્યાયામસંયોગે કાર્યં મણ્ડલકલ્પનમ્ ।
અત: પરં પ્રવક્ષ્યામિ ગતીસ્તુ પ્રકૃતિસ્થિતા: ॥ ૧ ॥

પ્રસ્તુત શ્લોકના સંદર્ભમાં અભિનવગુપ્તે માર્મિક વિધાનો કર્યા છે. તેમના મતે ચારી તથા મણ્ડલ ચિત્તવૃત્તિરુપ ન હોવાથી ભરતમુનિએ તેમના રસ અને ભાવની દૃષ્ટિએ વિનિયોગ નિરૂપ્યા નથી પરંતુ ગતિ, રસ અને ભાવને અનુસરનારી હોવાથી ચારી મણ્ડલ વિધાનથી ભિન્ન એક સ્વતંત્ર અધ્યાયરુપે તેનું નિરુપણ કરવામાં આવ્યું છે જે યોગ્ય છે. અભિનવગુપ્તનો મત છે કે પાત્રોની વિભિન્ન ગતિઓ તેમના સ્વરુપ, અવસ્થા, રસ, દેશ તેમજ કાળને ધ્યાનમાં રાખી નિરુપવી જોઇએ.

દૃષ્ટ-ગતિશ્ચ પ્રકૃતિં રસમવસ્થાં દેશં કાલંચાપેક્ષ્ય વક્તવ્યા ॥
(અભિ.ભા. ભાગ બીજો પૃ.૧૨૯ )

ગતિપ્રચાર અંતર્ગત ભરતમુનિએ પાત્રના પ્રવેશકાળથી નિષ્ક્રમણ કાળ સુધીની પ્રત્યેક શારીરિક ચેષ્ટાઓ, શાસ્ત્રીય પધ્ધતિથી નિર્ધારિત કરી છે. પાત્રના સ્થાન (ઉભા રહેવાની મુદ્રા), તેના બંને ચરણોનું સ્થાન-વ્યવધાન, ચરણ-વિન્યાસનાં કાળક્રમ અને લય, ભાવ અને રસની ભિન્નતા અનુસાર ગતિની ભિન્નતા, રથારોહણ, જલસંતરણ, નૌકાયાત્રા, આકાશસંચરણ, ભૂમિકાવિપર્યય સમયની ગતિ વિગેરે સંબંધી અનેક નાટયોપયોગી સિધ્ધાન્તો ભરતમુનિએ પ્રસ્થાપિત કર્યા છે જેમાં તેમણે લોક પ્રચલિત ક્રિયાઓ અને અંગ-પ્રત્યંગની ભાવ-ભંગિમાઓની વિવેચના પાત્રની પ્રકૃતિ તથા અવસ્થા ભેદના સંદર્ભમાં કરી છે.

( १ )

<u>પાત્રપ્રવેશ :</u>

અભિનવગુપ્તના મતે
નાટ્યપ્રયોગના આરંભમાં રંગમંચ ઉપર પાત્રનો પ્રવેશ થાય છે, 'પાત્ર-પ્રવેશ' દ્વારાજ પ્રેક્ષકના હૃદયમાં સુખદુ:ખાત્મક સંવેદના જન્મે છે. એટલે પાત્રનો પ્રવેશ એ પ્રમાણે થવો જોઇએ કે તેનાથી પ્રતિપાદ્ય અથવા સાધ્ય રસનો ઉદય પ્રેક્ષકોનો હૃદયમાં આરંભિત થવા માંડે, તેથી પાત્રના પ્રવેશ સમયે ભાણ્ડવાદ્યના વાદનની સાથે સાથે માર્ગ તેમજ રસથીયુક્ત ધ્રુવાગાન રાખવાનો ભરતમુનિ નિર્દેશ કરે છે. પાત્રપ્રવેશ સંબંધી ચર્ચા કરતાં ભરતમુનિ વિધાન કરે છે કે,

તત્રોપવહનં કૃત્વા ભાણ્ડવાદ્યપુરસ્કૃતમ્ ।
યથામાર્ગરસોપેતં પ્રકૃતિનાં પ્રવેશને ॥ ૨ ॥
ધ્રુવાયાં સમ્પ્રવૃત્તાયાં પટે ચૈવાપકર્ષિતે ।
કાર્ય:પ્રવેશ: પાત્રાણાં નાનાર્થરસસમ્ભવ: ॥ ૩ ॥

જ્યારે વિવિધ વાદ્યવાદનની સાથે માર્ગ, કલા તથા રસને ધ્યાનમાં રાખી ઉપોહનક્રિયા સંપન્ન થઇ ચૂકી હોય, ધ્રુવાગાનનો આરંભ થઇ ચૂકયો હોય અને પટ અર્થાત્ પડદો હઠાવી લેવામાં આવ્યો હોય ત્યારે અનેક અર્થ તથા રસને ઉત્પન્ન કરનાર પાત્રપ્રવેશ રંગમંચ ઉપર કરવામાં આવે છે.

ઉપોહન એટલે એક પ્રકારનો આલાપ. જેને આજકાલ આપણે 'ચીજ' કહીએ છીએ તે વસ્તુ અથવા ગીતના પ્રયોગ પૂર્વે, અથવા વસ્તુ અને કલિકાની વચ્ચે, સ્વર તથા કલા (તાલ)ના નિયમન માટે કરવામાં આવતો આલાપ. આ ઉપોહન કેવળ શુષ્ક અક્ષર દ્વારા કરવામાં આવે છે. અર્થાત તેનાથી ગીતના સાર્થક પદોનું ગાન થતું નથી. ભરતમુનિ 'તાલાધ્યાય'માં ગીતના આરંભ પૂર્વે થતાં વર્ણાલાપને ઉપોહન કહે છે. આવા વર્ણાલાપની સમાપ્તિ પછી માર્ગ તથા રસથી યુક્ત ધ્રુવાગાન અને ભાણ્ડવાદ્યવાદનની સાથે પાત્રપ્રવેશ થવો જોઇએ.

અભિનવગુપ્તના મતે નાન્દીપાઠ પછી ઉપોહનનો આરંભ થાય છે અને તે પછી રંગમંચ ઉપર પ્રવિષ્ટ સૂત્રધાર તથા તેમના સહયોગી નટ, નટી વચ્ચે અભિનેય-વિષયક સંવાદ થાય છે અને ત્યારબાદ પાત્રનો પ્રવેશ થાય છે. પાત્ર, આગળ પટ રાખી રંગમંચ ઉપર પહેલેથીજ હોય છે. અહીં પટનો અર્થ જેને આપણે આજકાલ પડદો કહીએ છીએ તે નહીં પણ પાત્રએ પોતાની આગળ રાખેલો પડદો. ધ્રુવાગાન તથા ભાણ્ડવાદનની સાથે આ પડદો હટાવી લેવામાં આવે છે અને પટની ઓઝલમાં રહેલું પાત્ર હવે પ્રેક્ષક જોઇ શકે છે તેને પણ પ્રવેશ કહે છે. નેપથ્યમાંથી-કહો કે ( wing ) માંથી આજકાલ જેમ પાત્ર પ્રવેશે છે તે પ્રમાણે નહિ પણ પાત્ર આગળ રહેલો પડદો દૂર કરવામાં આવે એટલે પાત્ર પ્રવેશ થયો એમ કહેવાય. એ પાત્ર કાંતો ઊભું હોય અથવા આસન ઉપર બેઠેલું પણ હોય. એટલેજ ઘણાં સંસ્કૃત નાટકમાં 'બેઠા બેઠા પ્રવેશે છે' એવો રંગનિર્દેશ મળે છે. બેઠા બેઠા પ્રવેશ એટલે આસન પર બેઠેલા પાત્ર આગળથી પડદો હટાવી લેવો..

અભિનવગુપ્ત પટ હટાવ્યા પછી થતાં પાત્ર પ્રવેશ દરમ્યાન પણ ઉપોહન અર્થાત્ વર્ણાલાપ પ્રયોજવાનું જણાવે છે અને આ આલાપ સમયે નટી (પાત્ર)નો પ્રવેશ અંગોની વલન ક્રિયા દ્વારા થવો જોઇએ એવું વિધાન કરે છે. જો કે સ્ત્રીપાત્રનો પ્રવેશ શરીરની સહજ વલનક્રિયા સાથેજ થતો હોય છે એટલે તેને શબ્દ દ્વારા કહેવાની જરૂર નથી છતાં પણ કોહલ વિગેરે આચાર્યોનો આવો મત છે એમ અભિનવગુપ્ત જણાવે છે. આ સમયે અર્થાત્ પાત્રના પ્રવેશ સમયે શુષ્કાક્ષર ગાનની સાથે ઉચિત સ્થાન (ઊભા રહેવાની મુદ્રા) દૃષ્ટિ તથા તત્કાલ ઉપયુકત મુખરાગ આદિથી યુકત પાત્રનો પ્રવેશ થવો જોઇએ કે જેથી પ્રેક્ષકોમાં તરતજ સંબંધિત અર્થ અથવા વિષયની સંક્રાન્તિ થાય. આ સમયે ગીત પણ એવું ઉત્તમ રાખવું જોઇએ કે જેથી પ્રેક્ષકો ઉત્સુક બને. આમ અભિનવગુપ્ત કોહલનો મત ટાંકી જણાવે છે કે પાત્ર જ્યારે પ્રવેશે ત્યારે રસ તથા ભાવ આશ્રિત મુખરાગ, દૃષ્ટિ તથા સ્થાન - ઊભા રહેવાની મુદ્રા સાથે પ્રવેશ કરવો જોઇએ.

( ૨ )

ઉત્તમ તથા મધ્યમ પાત્રોનો પ્રવેશ

રંગમંચ ઉપર પ્રવેશ કરતી વેળા ઉત્તમ તથા મધ્યમ પાત્રએ વૈષ્ણવસ્થાન ગ્રહણ કરવું જોઇએ અને તે વેળા તેમની છાતી (ઉર:) સમ, ઉન્નત તથા ચતુરસ્ત્ર હોવી જોઇએ. (શ્લોક ૪) બાહુ તથા શીર્ષ પ્રસન્ન તથા અતિ ઉત્ક્ષિપ્ત નહીં તેવા, ગ્રીવા મોરના જેવી, શોભાયમાન તથા પ્રસન્ન હોવી જોઇએ. (શ્લોક ૫). બાહુ, કર્ણ તથા શીર્ષથી આઠ આંગળ દૂર તથા ચિબુક ઉર:અર્થાત વક્ષ:સ્થલથી ચાર આંગળ ઊંચી રાખવી જોઇએ. (શ્લોક ૬) જમણો હાથ નાભિ ઉપર તથા ડાબો હાથ કટિ ઉપર સ્થિત રહેવો જોઇએ (શ્લોક ૭) આમ ભરતમુનિના મત પ્રમાણે ઉત્તમ તથા મધ્યમ પાત્રોએ પ્રવેશ સમયે આવી શરીરભંગિમા ધારણ કરવી જોઇએ.

અભિનવગુપ્તની ટીકા પ્રમાણે વિકૃષ્ટ, ત્ર્યસ્ત્ર તેમજ ચતુરસ્ત્ર આ ત્રણ સ્થાનોમાં ત્ર્યસ્ત્રમાં વૈષ્ણવસ્થાન ગ્રહણ કરવું જોઇએ જેમાં એક પાર્શ્વ સમાન તથા અન્ય સમુન્નત રહે. શીર્ષ પ્રસન્ન રાખવાનો અર્થ છે પ્રવેશ સમયે નમ્ન અથવા અચલ, સ્વસ્થ મયૂર સદૃશ સુંદર શિર જેમાં હોય તેવા પ્રકારનો ગ્રીવાપ્રદેશ રાખવો જોઇએ. 'નાભિસંસ્થ' પદ ચતુરસ્ત્રનો સંકેત કરે છે. અભિનવગુપ્તના મતે નાભિ પર સ્થિત જમણો હાથ કટકામુખ હસ્તમુદ્રામાં તથા કટિ ઉપર સ્થિત ડાબો હાથ અર્ધચન્દ્ર હસ્તમુદ્રામાં રાખવો જોઇએ.

( ૩ )

પાદની તાલ, કલા તથા લય વિધાન

પાત્રનો પ્રવેશ, કેવળ મનોહર ગાનવાદ્ય અને રમણીય શરીર ભંગિમાથી સમૃધ્ધ થતો નથી પણ પાત્રની પ્રત્યેક ચેષ્ટા-તાલ, કલા, અને લયાશ્રિત હોય તોજ તે જીવંત બને છે. પ્રવિષ્ટ પાત્રના ચરણ, પ્રકૃતિ અને મનોદશા-ભેદ પ્રમાણે નિશ્ચિત અંતરે તથા નિયત કાલ-ક્રમથીજ જમીન ઉપર પડે છે અને એટલેજ ભરતમુનિ 'પાત્રપ્રવેશ' નિરૂપણ પછી 'ગતિ દરમ્યાન પાદના તાલ, કલા તથા લય' વિશે વિગતવાર ચર્ચા કરે છે. તેની

વિચારણાં કરતા પહેલાં તાલ, કલા, અને લય - આ ત્રણ પારિભાષિક સંજ્ઞા જાણી લેવી મહત્વની બને છે.

## પાદ-તાલ

પગલાં વચ્ચેના અંતરનું માપ એટલે તાલ. પાદક્ષેપના અંતરને તાલ સંજ્ઞા આપવામાં આવી છે. એક તાલ બરાબર એક વેંત અથવા બાર આંગળ એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે. આ તાલ નટે પોતાના હાથના પ્રમાણ અનુસાર રાખવો જોઈએ. આ ગતિની સ્થિતિ અથવા જમીન ઉપર ડગલાનું અંતર (દેશ) ચાર, બે તથા એક તાલ જેટલું હોય છે. તાલ અર્થાત્ પાદક્ષેપના પરિમાણનો આધાર પાત્રની પ્રકૃતિ તથા માનસિક સ્થિતિ ઉપર અવલંબે છે. ભરતમુનિનું વિધાન છે કે

ચતુસ્તાલસ્તુ દેવાનાં
ક્ષિતાલશ્ચૈવ મધ્યાનાં તાલ: સ્ત્રીનીચલિંગિનામ ॥ ૯ ॥

દેવતા તથા રાજા વિગેરે ઉત્તમ પાત્રોએ ચાર તાલના અંતરે, મધ્યમ પાત્રોએ બે તાલના અંતરે તથા નીચ પાત્રોએ એક તાલના અંતરે જમીન ઉપર પગલાં મૂકવા જોઈએ. અભિનવગુપ્તના મતે શોભાદાયક અથવા નાટ્યધર્મી શૈલીમાં પગલાં મુકાવા જોઈએ. ઉત્તમાદિ પાત્રોમાં ક્રમશ: તાલનો હ્રાસ સ્વાભાવિક છે.

## પાદ-કલ/કલા

પગલાં વચ્ચેનો સમય તે કલ અથવા કલા. પગલું ઉપાડી નીચે મૂકવામાં લાગતા સમયનું માપ કલ/કલાથી મપાય છે. પાદક્ષેપના કાળક્રમનો આધાર પણ પાત્રની પ્રકૃતિ તથા માનસિક સ્થિતિ ઉપર નિર્ભર છે. કલ ત્રણ પ્રકારની હોય છે. ચતુષ્કલ, ક્ષિકલ અને એક કલ. કલ બરાબર પળ કે સેકંડ. ઉત્તમ પાત્રો માટે ચતુષ્કલ, મધ્યમ પાત્રો માટે ક્ષિકલ તથા નીચ પાત્રો માટે એક કલનું વિધાન છે. (શ્લોક ૧૦, ૧૧, ) અભિનવગુપ્ત પ્રસ્તુત શ્લોકોની ટીકામાં જણાવે છે કે પાંચ નિમેષની એક માત્રા હોય છે. આ સામાન્ય લક્ષણથી સૂચિત થાય છે કે સર્વત્ર ધ્રુવકના પ્રમાણ પ્રમાણે પગ રાખવામાં ચાર કલા આવશ્યક હ

કોહલાચાર્યએ આ સંદર્ભમાં ઉત્તમ વિગેરે પાત્રો માટે દ્વિપદી વિગેરેનું વિધાન પણ દર્શાવ્યું છે. વિશ્રામ-સ્વરુપ માત્રાની કલ્પનાના આધારે ચતુષ્કલ વિગેરેનું વિધાન રહે છે.

## પાદ-લય

પગલાંની ગતિ ને લય. પાદક્ષેપના ગતિક્રમ સ્થિત ( -વિલંબિત) મધ્ય તથા દ્રુત લયમાં રાખવામાં આવે છે. લયનો આધાર પાત્રની પ્રકૃતિ તથા સત્વ ઉપર છે. ઉત્તમ પાત્રોની ગતિ ધૈર્યોપપન્ના અર્થાત વિલમ્બિત લયમાં, મધ્યમ-પાત્રોની ગતિ મધ્યમ લયમાં તથા અધમ પાત્રોની ગતિ દ્રુત લયમાં હોવી જોઇએ. (શ્લોક ૧૩) ભરતમુનિ, ત્રણ પ્રકારની લયનો પ્રયોગ સત્વને કારણે થાય છે એવું સ્પષ્ટ વિધાન કરે છે. 'લયત્રયં સત્વવશેન યોજ્યમ્' ત્રણ પ્રકારનો લય સત્વ પ્રમાણે પ્રયોજવી જોઇએ. સત્વ એટલે ચિત્તવૃત્તિ. સંગ્રામ વિગેરે અવસરે ઉત્તમપાત્રની ગતિ પણ દ્રુતલયમાં થાય છે તથા શોક વિગેરે સમયે અધમપાત્રની ગતિ પણ વિલમ્બિત લયમાં થાય છે. સત્વં ચિત્તવૃત્તિઃ તેન સંગ્રામાદૌ ઉત્તમસ્યાપિ દ્રુતં શોકાદૌ અધમસ્યાપિ વિલંબિતમ્ । (અભિ.) એટલે અભિનવગુપ્ત જણાવે છે તેમ માત્ર પ્રકૃતિભેદજ નહિ પણ દેશ, કાળ, અવસ્થા તથા રસ અને ભાવને પણ ધ્યાનમાં રાખવા જોઇએ. જેમ કે ધીરતાને કારણે વિલમ્બિત લય તથા તેના અભાવે ક્યારેક મધ્ય તથા ક્યારેક દ્રુત લય પણ થાય કારણ કે પાત્ર ઉત્તમ જાતિનુ હોય છતાં તેનો ભાવ અન્યથા હોય એટલે માત્ર, જાતિભેદના આધારે નહિ પણ સત્વના આધારે ચિત્તવૃત્તિના આધારે લયત્રયની યોજના કરવી જોઇએ.

( ૪ )

ભરતમુનિએ તાલ, લય, કલના સંદર્ભમાં કરેલા વિધાનો ઉપરથી ચાર મુદ્દા ફલિત થાય છે. (૧) પાત્રની ગતિ નિર્ધારિત કરવામાં પાત્રની પ્રકૃતિનો યોગ રહે છે. (૨) પાત્રની ગતિ નિર્ધારિત કરવામાં 'સત્વ'નો પણ યોગ રહે છે. (૩) પાત્રની ગતિમાં પ્રકૃતિ તથા સત્વનો સમન્વય રહે છે.

(અ) પાત્રની ગતિ નિર્ધારિત કરવામાં પ્રકૃતિનો ફાળો :

રંગમંચ પર પ્રવેશેલા પાત્રની પ્રકૃતિ તથા મનોદશાના આધારે તેના પગલાં નિશ્ચિત અંતરે અને નિયત કાળક્રમે જમીન ઉપર પડે છે. ઉત્તમ પ્રકૃતિના પાત્રના પગલાંના સ્થાન કાળક્રમ તથા ગતિક્રમ ત્રણેય અધિક તાલ, કલા તથા લય પર આશ્રિત રહે છે કારણ કે ઉત્તમ પાત્રની પ્રકૃતિ અને ચિત્તવૃત્તિ ગંભીર અને સ્થિર હોય છે અને અધમ પાત્રોની પ્રકૃતિ ચંચળ અને અસંયમીત, તેથી અધમ પ્રકૃતિના પાત્રોના પગલાંનું અંતર, કાળક્રમ તથા ગતિક્રમ ઓછા તાલ, કલ તથા લય પર આશ્રિત રહે છે. પ્રકૃતિ તથા માનસિક અવસ્થાથી પ્રભાવિત થવાને કારણેજ ધીરગંભીર સ્વભાવવાળા પાત્રોનો ગતિક્રમ સ્થિત લય, મધ્યમ સ્વભાવવાળા પાત્રોનો મધ્યમ લય અને અધમ સ્વભાવવાળા ચંચળ નિકૃષ્ટ પાત્રોનો ગતિક્રમ દ્રુતલયમાં રાખવાનું વિધાન છે.

(બ) પાત્રની ગતિ નિર્ધારિત કરવામાં 'સત્વ'નો ફાળો :

ભરતમુનિનું સ્પષ્ટ વિધાન છે કે તાલ, કલા અને લય આશ્રિત ગતિ, 'સત્વવૃશ' અથવા મનોદશાના સંદર્ભમાં નિર્ધારિત કરવો જોઇએ. 'લયત્રયં સત્વવશેન યોજ્યમ્'. ભરતમુનિનું આ વિધાન તેમની લોકપરંપરાનુસારી નાટ્યપ્રયોગની દૃષ્ટિનો પરિચય કરાવે છે. સામાન્ય રીતે એમણે પ્રકૃતિ ભેદથી તાલ, કલા તથા લય ભેદ નક્કી કર્યા છે પણ અસામાન્ય માનસિક દશામાં આ નિયમો અનુસરી ન શકાય. સંગ્રામ, પ્રચ્છન્નકામિતા, ભયત્રસ્તતા અને હર્ષ વિગેરેના સંદર્ભમાં ઉત્તમ પ્રકૃતિના પાત્રોનો પાદપ્રચાર પણ દ્રુત હોય છે અને શોક જ્વરગ્રસ્તતા, ક્ષુધા, તપસ્યા અને શ્રાન્તિની દશામાં તો અધમ પાત્રોનો પાદપ્રચાર પણ સ્થિત અર્થાત વિલંબિત થાય છે, દ્રુત નહીં. ભરતમુનિની દૃષ્ટિએ ગતિવિધાનમાં પ્રકૃતિની અપેક્ષા ચિત્તવૃત્તિની પ્રધાનતા છે. તેમના નીચે જણાવેલા વિધાનો પ્રસ્તુત કથનને વધુ સ્પષ્ટ કરી આપે છે.

(૧) અયં વિધિસ્તુ કર્ત્તવ્યઃ સ્વચ્છન્દગમનં પ્રતિ ।
સમ્ભ્રમોત્પાતરોષેષુ પ્રમાણં ન વિધીયતે ॥ ૨૯ ॥

આ (ચતુષ્કલ ઇત્યાદિ) વિધાન, સ્વચ્છન્દ ગમન અર્થાત્ સ્વસ્થ ગતિ (અભિ.પ્રમાણે) માટે છે. સંભ્રમ અર્થાત્ આવેગ, ઉત્પાત અર્થાત્ ઉન્માદ જેવી માનસિક સ્થિતિ તથા રોષ અર્થાત્ ક્રોધની દશામાં (પાત્રની) ગતિના કોઇ પ્રમાણ કે નિયમ હોતા નથી.

(૨) સર્વાસાં પ્રકૃતીનાન્તુ અવસ્થાન્તર સંજ્ઞયા ।
ઉત્તમાધમમધ્યાનાં ગતિઃ કાર્યા પ્રયોકતૃભિઃ ॥ ૩૦ ॥

નાટ્યવિધાયકે સર્વે પાત્રોની - કે જે ઉત્તમ, મધ્યમ તથા અધમ પ્રકૃતિના હોય છે તેમની - અવસ્થા જોઇ તદાનુસાર ગતિ રાખવી જોઇએ. વિશેષ અવસ્થામાં તો વિશેષ સ્થિતિ-માનસિક દશાને લીધે નિયમમાં પરિવર્તન આવી જાય છે ત્યારે ઉત્તમ પાત્રોના પાદક્ષેપનો કાળક્રમ બે કલા જેટલો, મધ્યમ પાત્રોનો ૧ કલા જેટલો અને અધમ પાત્રોનો ૧/૨ કલા જેટલો અર્થાત્ નિયમ કરતા અડધો થઇ જાય છે. (શ્લોક ૩૧ થી ૩૩) અભિનવગુપ્ત આ સંદર્ભમાં જણાવે છે કે શ્વાસ વિગેરેની વિશ્રાન્તિ સાથે પાદક્ષેપ થાય છે.

પાત્રની ગતિ નિર્ધારિત કરવામાં પ્રકૃતિ કરતાં ચિત્તવૃત્તિનો ફાળો વિશેષ રહે છે. તેનો નિર્દેશ ભરતમુનિએ 'વિશેષ અવસ્થામાં ગતિઓના લય વિધાન' અંતર્ગત કર્યો છે. અહીં તેઓ સ્પષ્ટપણે જણાવે છે કે જ્વરગ્રસ્ત, ક્ષુધાર્ત, શ્રાન્ત, ભયભીત વિગેરે વિશેષ અવસ્થામાં તો ઉત્તમ પાત્રોના પાદક્ષેપનો ગતિક્રમ (લય) ચાર કલ કરતાં પણ વિશેષ વિલંબિત થઇ જાય છે. તેજ પ્રમાણે વિસ્મય અને અવહિત્થા અર્થાત્ કૃત્રિમ ધીરતા, ઔત્સુકય, વિપ્રલંભ, શૃંગાર તથા શોકની અવસ્થામાં પણ ગતિ સ્થિતલય કરતાં પણ વિશેષ વિલંબિત રહે છે પરંતુ સચિન્તાયુકત દશામાં ગતિ ચાર કલાના પ્રમાણવાળીજ રહે છે. (શ્લોક ૩૫ તથા ૩૬)

અભિનવગુપ્ત ઉપરોકત શ્લોકની ટીકામાં જણાવે છે કે આવી વિશેષ અવસ્થાઓનો અભિનય કરતી વેળા સ્ત્રી પાત્રો પાસે છ કે આઠ કલાઓ સુધી પાદપાત ન કરાવો જોઇએ કારણ કે લાંબા સમય સુધી આમ કરવાથી તેમને થાક (ખેદ) લાગે છે.

આમ ઉપરોકત વિશેષ અવસ્થાઓમાં ભરતમુનિ કલાગત આધિકય દર્શાવે છે તો તે પછીના શ્લોકોમાં તેનાથી વિપરીત કઇ અવસ્થાઓમાં કલાગત ન્યુનતા રહે છે તે દર્શાવે છે.

ભરતમુનિના મતે અસ્વસ્થાકામિતા અર્થાત્ પ્રચ્છન્નકામિતા, ભય, વિત્રાસ અર્થાત્ વ્યગ્રતા, આવેગ, હર્ષ, ત્વરિત કાર્યો, અનિષ્ટ-શ્રવણ, નિન્દા, અદ્ભુત-દર્શન, આવશ્યક કાર્ય, દુ:ખ, શત્રુનો પીછો, અપરાધીનો પીછો તથા શિકારનો પીછો વિગેરે દશામાં ઉત્તમ પાત્રોના પાદક્ષેપનો ગતિક્રમ બે કલ જેટલો થઇ જાય છે. (શ્લોક ૩૭ થી ૩૯) ઉપરોકત અવસ્થાઓમાં ઉતાવળને કારણે ગતિ દ્રુત થાય છે જે નિયમની વ્યાવહારિકતા સૂચવે છે.

ભરતમુનિના ઉપરોકત વિધાનોથી સ્પષ્ટ થાય છે કે ચરણોનું અંતર, કાળક્રમ તથા ગતિક્રમમાં પ્રકૃતિની અપેક્ષા ચિત્તવૃત્તિ મુખ્ય ભાગ ભજવે છે.

જો કે ભરતમુનિએ એ પણ સ્પષ્ટતા કરી છે કે તાલ,કલા અને લય આ ત્રણેમાં પણ એકસૂત્રતા રહેલી હોય છે. ઉત્તમ પાત્ર શોકાતુર થાય ત્યારે અધમ પાત્રની અપેક્ષા સ્થિર અને દૃઢ હોય છે. તેથી તેની ગતિ પણ સ્થિર અને દૃઢ હોય છે. એટલે અસાધારણ અવસ્થામાં જો ઉત્તમ પાત્રના પાદક્ષેપનો ગતિક્રમ અડધો થઇ જાય તો અધમ પાત્રોનો પણ તેમના નિર્ધારિત ગતિક્રમ કરતાં અડધો થઇ જાય છે.

દ્વિકલા ચોત્તમે યત્ર મધ્યે ત્વેકકલા ભવેત
કલિકં મધ્યેમેં યત્ર નીચેષ્વર્ધકલં ભવેત (શ્લોક ૩૨-૩૩)

આમ અસાધારણ અવસ્થાઓમાં પણ ઉત્તમ, મધ્યમ તથા અધમ પાત્રોના પાદક્રમમાં નિશ્ચિત લયાત્મક સામંજસ્યની અપેક્ષા રહે છે.

(ક) ગતિ નિર્ધારિત કરવામાં પ્રકૃતિ અને સત્વનો સમન્વય :

આંગિક ચેષ્ટાઓ હંમેશા આંતરિક ચિત્તવૃત્તિને અનુરુપ રજૂ થાય છે એવો ભરતમુનિનો અભિપ્રાય છે. પરંતુ અસામાન્ય અવસ્થાઓમાં પણ ઉત્તમ પાત્રની આંતરિક પ્રકૃતિનો પ્રભાવ રહે છે. એટલે ગતિ વિધાનના સંદર્ભમાં ઉત્તમ પાત્ર માટે જણાવવમાં આવેલ વિધિનો પ્રયોગ સદા ઉત્તમ પાત્ર માટેજ કરવો જોઇએ, મધ્યમ તેમજ અધમ પાત્રો માટે પ્રયોજય ગતિનો તેમના માટેજ પ્રયોગ કરવો જોઇએ. તેમાં પરસ્પર વિપર્યય ન થઇ શકે એવો ભરતમુનિનો સ્પષ્ટ મત છે.

उत्तमानां गतिर्या तु न तां मध्येषु योजयेत ।
मध्यमानां गतिर्या तु न तां नीचेषु योजयेत ॥ ३४ ॥

ઉત્તમ પાત્રની ગતિ મધ્યમ પાત્રમાં તથા મધ્યમ પાત્રની ગતિ અધમ પાત્રમાં પ્રયોજવી ના જોઇએ. આ નિયમ - નિર્ધારણ ઉપર ભરતમુનિની 'લોક' અનુસારી પ્રવૃત્તિનો સ્પષ્ટ પ્રભાવ છે. લોકમાં ઉત્તમ પાત્રની ગતિમાં ગંભીરતા , લયની સ્થિરતા તથા પાદક્ષેપના કાળક્રમમાં કલાની અધિકતા જોવા મળે છે. એટલે રંગમંચ ઉપર પણ તેની ગતિમાં એજ ગંભીરતા, શાન્તિ, કુલીનતાનો ગૌરવ-ભાવ રજૂ થવો જોઇએ. અધમ પાત્રની પ્રકૃતિ અને પ્રવૃત્તિ ચંચળ તથા વ્યગ્ર હોય છે. તેમના પાદપ્રચારમાં દ્રુતલયતા તથા ન્યુનકલાનો પ્રયોગ અપેક્ષિત રહે છે. તેમની પ્રકૃતિની સાચી અભિવ્યક્તિ કેવળ વાણી દ્વારાજ નહિ પણ અંગ-પ્રત્યંગની વિવિધ ચેષ્ટાઓ દ્વારા પૂર્ણ થાય છે. (અભિ.ભા.ભાગ-૨ પૃ.૪૦-૪૧) પાત્રની ગતિનો નિર્ણય તેમના ગુણના આધારે થાય છે. કારણ કે એમ કરવાથી રસની સ્થિતિ સંભવિત બને છે. આ સંદર્ભમાં અભિનવગુપ્ત જણાવે છે કે જ્યારે પણ અસામાન્ય માનસિક દશાને લીધે ગતિના નિર્ણયમાં વિપર્યય કે અનિયમ દેખાય તો પણ તેમાં સત્વથી અનુગત એક સુક્ષ્મ સુત્ર-સદૃશ નિયમ ધારાનું અનુગમન તો રહેવાનુંજ જેનાથી ઉત્તમઅપાત્રની શોક વિગેરેમાં દ્રુત તથા અધમની વિલમ્બિત કરી દેવામાં આવે છે.

## વિવિધ ગતિપ્રચાર

### (૧) સ્વાભાવિક ગતિ

ભરતમુનિનું વિધાન છે કે ઉત્તમ સ્વભાવ/પ્રકૃતિવાળા પાત્રની સ્વાભાવિક ગતિમાં જાનુ (ઘૂંટણ) કટિની સમરેખ (કટિસમયૂ ) લાવવી જોઇએ પરંતું યુધ્ધ-ચારીના પ્રયોગમાં સ્તનની પાસે સ્થાપિત કરવો જોઇએ. ભરતમુનિએ ઉત્તમ પાત્રોની ગતિમાં ઘૂંટણ કમર સુધી ઉંચકીને (શ્લોક ૧૫) ચાલવાનું કહ્યું છે પણ તે સ્વાભાવિક ન હોવાથી આ નિયમ નૃત્યાભિનયમાં સંજ્ઞારુપે હોવો જોઇએ. અભિનવગુપ્તની ટીકા પ્રમાણે મન્થર ગતિમાં ચાર તાલ, સ્વાભાવિક ગતિમાં ત્રણ તથા દીપ્ત ગતિમાં પાંચ તાલ પણ રાખી શકાય છે.

ઉત્તમ પાત્રોએ પોતાની સ્વાભાવિક ગતિમાં નીચે પ્રમાણેની આંગિક ચેષ્ટાઓ રજૂ કરવો જોઇએ. (શ્લોક ૧૬ થી ૧૯ )

(૧) પાર્શ્વકાન્તા ચારીમાં વાદ્યવાદનની સાથે લાલિત્યપૂર્ણ રીતે ચરણ રાખી રંગમંચના ખુણાની તરફ પાંચ ડગલા ભરવા જોઇએ. (શ્લોક ૧૬)

અભિનવગુપ્તના મતે રંગમંચનો ખૂણો-રંગકોણ-એટલે પ્રેક્ષાગૃહનો ઉત્તર-પૂર્વ ખુણો.

(૨) પછી ડાબા પગને આગળ મૂકી, સૂચી ચારી દર્શાવી, જમણા પગને પાછળ રાખી, 'વિક્ષેપ' રજૂ કરવો જોઇએ. પછી ગોળ ફરી રંગમંચના બીજા ખૂણાની તરફ પાંચ ડગલા ભરવા જોઇએ. (બીજો ખૂણો એટલે ઉત્તર પશ્ચિમ ખુણો) (શ્લોક ૧૭)

(૩) પછી ડાબા પગને આગળ રાખી, સૂચી ચારી તથા જમણા પગને તેની પાછળ રાખી 'વિક્ષેપ' રજૂ કરવો જોઇએ પછી ગોળ ફરી 'ભાણ્ડોન્મુખ' અર્થાત વાદ્યોની તરફ પાંચ ડગલા ભરવા જોઇએ. (શ્લોક ૧૮)

(૪) આ પ્રમાણે આવવા-જવામાં ૨૧ ડગલાં પૂરા કરી ડાબા પગથી સૂચી ચારી તથા તેની પાછળ જમણા પગને રાખીને ફરી વિક્ષેપ રજૂ કરવો જોઇએ. (શ્લોક ૧૯)

(૫) વિકૃષ્ટ નાટ્યગૃહમાં ભરતે (અર્થાત્ નટે - અહીં ભરત શબ્દ નટના અર્થમાં પ્રયોજાયો છે ) ઉપર કહયો તે પ્રમાણેનો પાદપ્રચાર આવવા જવામાં પ્રયોજવો જોઇએ. પણ ત્ર્યસ્ર અર્થાત્ ત્રિકોણ અને ચતુરસ્ર રંગમંચ ઉપર અભિનેતાએ ઉપરોક્ત ચારીમાં અનુક્રમે ત્ર્યાંસા તથા ચતુરસ્ર પ્રકારના ડગલાં ભરવા જોઇએ. (શ્લોક ૨૦)

(૬) જયારે એક પાત્ર સમગતિમાં, પોતાની સમાન સ્થિતિવાળા અન્ય પાત્રોની સાથે ચાલે ત્યારે, તેની ગતિની લય, તેની પ્રકૃતિ તથા વિધિ અનુસાર ચાર, બે અથવા એક કલા જેટલો રાખવી જોઇએ પરંતુ જયારે ઉત્તમ પાત્ર, મધ્યમ તથા નીચ પ્રકૃતિના પાત્રની સાથે ચાલે ત્યારે ઉત્તમ પાત્રની ગતિ ચતુષ્કલ, મધ્યમ પાત્રની ગતિ દ્વિકલ તથા નીચ પ્રકૃતિની એક કલ કાલપ્રમાણવાળી પ્રયોજવી જોઇએ. (શ્લોક ૨૧-૨૨)

(૭) દેવ, દાનવ, નાગ, રાક્ષસ, યક્ષ તથા રાજા જેવા (ઉત્તમ) પાત્રોની ગતિ ચાર તાલના પ્રમાણવાળી હોવી જોઇએ. અર્થાત્ તેમના પગલાં ચાર તાલના અંતરે પડવા જોઇએ. (શ્લોક ૨૩)

(૮) સ્વર્ગના (બધી પ્રકૃતિના) દેવોની મધ્યમાં ગતિ હોય છે. પણ તેમાં જે ઉધ્ધત પ્રકૃતિના પાત્ર હોય તેમની ગતિ દેવોની ગતિ સમાનજ હોય છે. (શ્લોક ૨૪)

અભિનવગુપ્ત જણાવે છે તેમ અહીં 'બધા'નો અર્થ 'દેવદૂત' વિગેરે ઉત્તમ પાત્ર' તથા ઉધ્ધત દેવપાત્રનો અર્થ 'માતલિ જેવા દેવો' કરવાનો છે.

૨) <u>પાત્રાનુસારી ગતિ :</u>

રાજા'મનુષ્ય પાત્ર રુપ' હોવા છતાં તેની ગતિ, દિવ્ય પાત્રો જેવો રાખવાના કારણની સ્પષ્ટતા કરતાં ભરતમુનિ જણાવે છે કે દેવોની પ્રકૃતિ દિવ્ય હોય છે, રાજાઓની દિવ્ય માનુષી અને અન્ય લોકોની માનુષી હોય છે.વેદ તથા વેદાન્ત (અધ્યાત્મ) શાસ્ત્રમાં રાજાને દેવોના અંશથી ઉત્પન્ન માનવામાં આવ્યા છે એટલે 'રાજા'ની ગતિ દિવ્ય પાત્ર જેવી રાખવામાં કશો બાધ આવતો નથી.

(શ્લોક ૨૫ થી ૨૮)

શાસ્ત્રમાં રાજાને લોકપાલોના અંશમાથી ઉત્પન્ન થયેલો માનવામાં આવ્યા છે. જેમ કે મનુસ્મૃતિમાં સ્પષ્ટ વિધાન છે કે અષ્ટાભિલોકલોકપાલાનાં માત્રાભિર્નિમતો નૃપ: । આજ તથ્ય ગીતામાં પણ 'રાજવિધા રાજગુહ્યમ્ ' વિગેરે દ્વારા કહેવામાં આવ્યું છે.

૩) <u>વિશેષ અવસ્થામાં પાત્રની ગતિ :</u>

શ્લોક ૨૯ થી શ્લોક ૩૯ સુધીના ૧૧ શ્લોકોમાં ભરતમુનિ જ્વર, ક્ષુધા વિગેરે અસામાન્ય અથવા વિશેષ અવસ્થામાં ઉત્તમ, મધ્યમ તથા અધમ પાત્રોની ગતિ કેવી હોય તેની ચર્ચા કરે છે. આ અગાઉ 'તાલકલાલય વિધાન'માં પાત્રની ગતિ, નિર્ધારિત કરવામાં સત્વનો ફાળો' એ શિર્ષક હેઠળ તે આવરી લેવામાં આવી હોવાથી તેની ચર્ચા અત્રે કરવામાં આવી નથી.

## ગતિ નિર્ધારિત કરવામાં રસનો ફાળો

રસરુપ ચિત્તવૃત્તિની ભિન્નતાને અનુરુપ ગતિમાં ભેદનો પ્રયોગ થવો અનિવાર્ય છે. શૃંગાર-રસથી ઉલ્લાસિત સ્વસ્થ કામો વ્યકિતના ચરણ વિન્યાસમા જે લાલિત્ય હોય છે તે શોકાવિષ્ટ વિયોગ-વ્યથિત વ્યકિતના ચરણ વિન્યાસમાં જે લાલિત્ય હોય છે તે શોકાવિષ્ટ વિયોગ-વ્યથિત વ્યકિતના ચરણવિન્યાસમાં ના હોય તે સ્વાભાવિક છે. ભરતમુનિએ પ્રત્યેક રસને અનુરુપ ગતિનું અત્યંત સૂક્ષ્મ તેમજ વિસ્તૃત વિધાન કર્યું છે.

## રસભેદથી ઉદ્‌ભવતા ગતિભેદ

(૧) શૃંગાર રસમાં ગતિ :

શૃંગાર રસની દશામાં પ્રગટ અથવા અપ્રચ્છન્ન કામાસકત પાત્રની ગતિ-સ્વસ્થકામિત પાત્રની ગતિ-લલિત હોવી જોઇએ. શૃંગારી પાત્રએ દૂતીએ બનાવેલા માર્ગથી રંગમંચ પર પ્રવેશ કરવો જોઇએ. તેણે સૂચ્યાભિનય દ્વારા એટલે કે પહેલા આંગિક ચેષ્ટાઓ દ્વારા અને પછી સંવાદ દ્વારા પોતાના આંતરિક ભાવો પ્રગટ કરવા જોઇએ. સુંદર વસ્ત્ર અને અલંકારોથી સુસજ્જિત થઇ, સુગંધિત ગન્ધ, ધૂપ તથા ચૂર્ણથી ભુષિત થઇ તથા વિવિધ અને મધુર ગંધવાળી પુષ્પમાળાઓ ધારણ કરી, લલિત ગતિથી અતિક્રાન્ત ચારીમાં ચાલવું જોઇએ. શરીરના બધા અવયવ સૌષ્ઠવયુકત હોવા જોઇએ તથા ચાલ, લય-તાલ અનુસાર રહેવી જોઇએ. પગની ગતિ પ્રમાણેની હાથની સ્થિતિ હોવી જોઇએ. હાથ નીચે આવે ત્યારે પગ ઉપાડવો જોઇએ અને હાથ ઉપર જાય ત્યારે પગ જમીન ઉપર મૂકવો જોઇએ. (શ્લોક ૪૦ થી ૪૪) શૃંગાર રસની દશામા પ્રચ્છન્નગામી પાત્રએ પોતાના સેવક તથા સહાયકોને વળાવી, રાત્રિ સમયે દૂતીની સાથે ચાલવુ જોઇએ. નિર્જન માર્ગે દીવો ઓલવી ચાલવું જોઇએ. શરીરને વધારે વસ્ત્રો તથા અલંકારોથી આભૂષિત કરવું ન જોઇએ. સમય પ્રમાણે વસ્ત્રો ધારણ કરી, દૂતી સાથે સહેજ પણ અવાજ કર્યા વિના, ધીમી ગતિથી

ચાલવું જોઇએ. સહેજ ખડખડાટ થાય કે શંકા અને કુતૂહલપૂર્વક જોતાં, કાંપતા શરીરે તથા અંધારામાં ઠોકર લાગવાથી લથડિયા ખાતા ડગે ચાલવું જોઇએ.

(શ્લોક ૪૫ થી ૪૭)

ભરતમુનિએ શૃંગાર રસમાં લલિત કોમળ ગતિ રાખવાની કહી છે. કામાસકત માણસની ગતિ, લય તથા તાલથી યુકત, લલિત અને સુંદર હોવી જોઇએ અને તે અત્તર વિગેરે સુગંધિત દ્રવ્યો, પુષ્પમાળા તથા સુંદર વસ્ત્રાલંકારથી અલંકૃત હોવો જોઇએ. સ્વભાવથી કામી માણસની ગતિ પણ શૃંગારી હોય છે. કામી પુરુષો હંમેશાં પોતાના વસ્ત્રાભરણને વારંવાર અડકયા કરે છે અને રુઆબથી ચાલે છે. અભિનવગુપ્ત, સ્વસ્થકામિત અર્થાત્ પ્રગટ કામુક અથવા પ્રેમીની ગતિમાં 'સૂચાભિનય' (જે વિશેની ચર્ચા હવે પછીના પ્રકરણમાં વિસ્તૃતપણે કરવામાં આવી છે ) પ્રયોજવાનું જણાવે છે. તેમના મતે ભરતમુનિએ યોજેલો 'સૌષ્ઠવ' શબ્દ અંગની ચતુરસ્રતા તથા તેનાથી યુકત વિલંબિત વિગેરે લય, તાલ સર્વે સામાન્યરુપ હોવા જોઇએ તેનો સંકેત કરે છે.

પ્રચ્છન્ન અર્થાત્ ગુપ્ત કામી પોતાનું પ્રિયાગમન છુપાવતો હોવાથી માર્ગમાંથી લોકો વેરાઇ ગયા હોય (શૂન્યમાર્ગ) તથા દીવાઓ બુઝાઇ ગયા હોય (દીપ નિર્વાણ) તેવો સમય યોજવો જોઇએ. તેમજ વખતના અભાવે અલંકાર પૂરા પહેર્યા ન હોય તેમ પણ બતાવવું જોઇએ. તે, કોઇને સંભળાય નહિ તેમ હળવે હળવે પગલાં ભરે. કોઇ બોલાવતું તો નથીને ? કોઇ આવતું તો નથીને ! એવી શંકા કરતાં કે કોઇ જોઇ જશે તેવી બીકથી વારંવાર આજુબાજુ જુએ તથા ધ્રુજતા શરીરે અંધારામાં ઠોકરો ખાતો ચાલે.

'રત્નાવલી' નાટકમાં વત્સરાજ ઉદયન 'પ્રચ્છન્ન કામી' પાત્રનું સુંદર ઉદાહરણ છે.

અભિનવગુપ્ત અહીં ખંડિત કલાની મિશ્રિત ગતિ તથા કલાના ચોથા ભાગ જેટલો કાલક્રમ યોજવાનું સૂચન કરે છે.

( ૨ )

રૌદ્ર રસમાં ગતિ :

રૌદ્ર રસ, દૈત્ય તથા રાક્ષસ પાત્રોમાં, સ્થાયી સ્વરુપે રહેતો હોવાથી રૌદ્ર રસમાં

તેમનો ગતિનો વિચારણાં કરી શકાય. રૌદ્ર રસ ત્રણ પ્રકારનો હોય છે. (૧) નેપથ્ય રૌદ્ર (૨) અંગ રૌદ્ર તથા (૩) સ્વભાવજ રૌદ્ર.

( ૧ )

નેપથ્ય રૌદ્ર

શરીર, લોહીથી ખરડાયેલું, મુખ, રકતથી લાલ તથા હાથમાં માંસના ટૂકડા હોય (પિશિત હસ્ત) તે નેપથ્ય રૌદ્ર કહેવાય. (અર્થાત્ અહીં રંગભુષા અને વેશભુષા દ્વારા રૌદ્ર સ્વરુપ આપવામાં આવે છે.

( ૨ )

અંગ રૌદ્ર

અનેક બાહુ, અનેક મસ્તક, અનેક શસ્ત્રધારી, સ્થુળકાય, પ્રાંશુઈ, અંગ રૌદ્રનાં લક્ષણો છે.

( ૩ )

સ્વભાવજ રૌદ્ર

આંખ લાલ, વાળ પીળા, વાન કાળો, સ્વર કઠોર, સ્વભાવ રુક્ષ, બીજાને ધમકાવવાનીં પ્રવૃત્તિ, 'સ્વભાવજ' રૌદ્રના લક્ષણો છે.

રૌદ્ર રસમાં ચંડગતિ રહે છે. તેમાં પગ ચાર તાલના અંતરથી ઉઠાવી અધવચ્ચેજ જમીન પર પછાડવામાં આવે છે. રૌદ્ર પાત્રો જેવી પ્રકૃતિ ધરાવનાર અન્ય પાત્રોની ગતિ પણ રૌદ્ર પાત્રો જેવીજ રહે છે. (શ્લોક ૪૮ થી ૫૪)

દૈત્ય, દાનવો માટે આ ગતિ સ્વાભાવિક રાખવાની કહી છે કારણ કે તેઓ સ્વભાવથીજ રૌદ્ર હોય છે. ક્રોધ વિના પણ તેમનામાં રૌદ્રતા રહે છે. તેઓમાં એકજ રસ વિધમાન હોય છે, અને તે રૌદ્ર. એવું અભિનવગુપ્તનું વિધાન છે.

( ૩ )

બિભત્સ રસમાં ગતિ

બીભત્સ રસની ગતિ માટે એવા સ્થળની યોજના કરવી જોઇએ કે જે સ્મશાન અથવા રણભૂમિ હોવાને લીધે ભીષણ અને ઘૃણાસ્પદ હોય. આ રસમાં પાત્રની સંકુચિત ગતી

હોય છે, જેમાં એલકાક્રીડિના ચારોમાં પગ કયારેક પાસે પાસે, કયારેક દૂર તથા કયારેક એક બીજા ઉપર રાખી ગતિ કરવામાં આવે છે તથા હાથની ગતિ, પગની ગતિ અનુસાર રહે છે. (શ્લોક ૫૫-૫૬)

મૃતદેહોથી ઉભરાતું સ્મશાન કે ધડ મસ્તક કપાઇને વેરાયેલા પડયા હોય તેવી લોહીથી ખરડાયેલી રણભૂમિ બીભત્સ રસના વિભાવ છે. એટલે આવા સ્થળોમાં પાત્રની ગતિ સંકુચિત અર્થાત્ ગાત્રો સંકોચી સંકોચી ચાલવાની રહે છે. પાત્રનો ચરણ વિન્યાસ કોઇ નિયમને અનુસરતો નથી. તે કયારેક પાસે પડે છે કયારેક દૂર.

( ૪ )

વીર રસમાં ગતિ

વીર રસની ગતિમાં, પગને, ઝડપથી ઉઠાવી ગન્તવ્ય સ્થાનની તરફ આગળ વધારવામાં આવે છે. વીર રસની ગતિ ગૌરવગતિ કહેવાય છે અને તે ઉત્તમ તથા વીર પુરુષોની સ્વાભાવિક ગતિ માનવામાં આવે છે. તેમાં પાત્રે આવેગ દશામાં પાર્શ્વક્રાન્તા, આવિધ્ધા તથા સૂચી ચારોમાં કલા તથા તાલ પ્રમાણે પગની યોગ્ય ગતિ રાખવી જોઇએ. (શ્લોક ૫૭-૫૮)

વીર રસના પ્રયોગમાં ગતિનો ક્રમ (લય) દ્રુત રહે છે અને તેથી પાદક્ષેપનો કાળક્રમ પણ ન્યૂનકલાયુકત રહે છે. અભિનવગુપ્તની ટીકા પ્રમાણે વીરરસની ગતિમાં પાદવિક્ષેપ એટલે કે વિસ્તારથી ક્ષેપ અથવા પાદનું સ્થાન થાય છે. જેનાથી સ્યન્દિતા તથા અપસ્યન્દિતા ચારી સૂચવાય છે. તેમાં ગન્તવ્ય પ્રદેશમાં ઝડપથી આગળ વધી સ્થાન પ્રાપ્ત કરી લેવું અભીષ્ટ હોય છે. વીર તથા રૌદ્ર રસમાં આવેગ નામના સંચારી ભાવનો સ્પર્શ રહેવાથી અહીં કયારેક ધીરે તથા કયારેક દ્રુત પ્રચાર પણ વિહિત માનવામાં આવ્યો છે. આવેગની દશામાં, કલાગત પ્રમાણવાળા કાળની અનુગત, ગતિશીલ પગ દ્વારા ત્રણ પાદપાત કરવામાં આવે. એક લઘુપાત એક બીજા તરફ અને બે દ્રુત પાત અને પછી એક કલાનો વિશ્રામ. વીર અને રૌદ્ર બંને પ્રકારના રસમાં આ પ્રકારનો ગતિક્રમ રહે છે. મધ્યમ પાત્રોની આ

ક્રમમાં રહેનારી ગતિમાં પણ અનુકૂળ સંચારી (આવેગ વિગેરેમાં) ભાવમાં આ ગતિ હોય છે. તેમાં અહીં તહીં ચાલવામાં વ્યાકુળ તેમજ દ્રુત બહુલ પાદવિક્ષેપ થાય છે.

## ઉત્તમ પાત્રોની સ્વાભાવિક ગતિ

### રસના સંદર્ભમાં

વીર રસગતિના નિરુપણના અંતે ભરતમુનિનું વિધાન છે કે

ઉત્તમાનામયં પ્રાય: પ્રોક્તો ગતિ પરિક્રમ : ।
મધ્યાનામધમાનાંચ ગતિ વક્ષ્યામ્યહં પુન: ॥ ૫૯ ॥

ઉત્તમ પાત્રોની સ્વાભાવિક ગતિ મેં બતાવી. હવે મધ્યમ તથા અધમ પાત્રોની ગતિ બતાવીશ. આમ કહી તેઓ અદ્ભૂત, હાસ્ય, કરુણ તથા ભયાનક રસગતિ નિરુપે છે.

આમ ભરતમુનિના આ વિધાન પ્રમાણે શૃંગાર, રૌદ્ર, બીભત્સ તથા વીર રસગતિ ઉત્તમ પાત્રોની સ્વાભાવિક ગતિ છે જ્યારે અદ્ભૂત, હાસ્ય, કરુણ તથા ભયાનક મધ્યમ તથા અધમ પાત્રોની.

( ૫ )

### અદ્ભૂત રસમાં ગતિ

વિસ્મયની દશામાં પગની ગતિ લથડિયા ખાતી તથા ચારે બાજુ ગોળ ફરતી રાખવી જોઇએ. અદ્ભૂત રસની ગતિ આશ્ચર્યગતિ કહેવાય છે. મધ્યમ તથા અધમ પાત્રોની આ સ્વાભાવિક ગતિ છે. (શ્લોક ૬૦)

અદભૂત રસમાં આશ્ચર્યગતિ - જાણે ખેંચાતા હોઇએ તેવી કે મુગ્ધ પ્રકારની રહે છે. અભિનવગુપ્તના મત પ્રમાણે અદભૂત રસત્વને પ્રાપ્ત કરનાર વિસ્મય નામના સ્થાયીમાં ઉત્તમ પાત્રોની સ્વચ્છન્દ ગતિ રહે છે પણ અહીં વદનમાં રાગ લાલિમા ઉત્પન્ન થવી વિશેષ લક્ષણ છે. આ વિસ્મયમાં આવેગ સદૃશ પાદવિક્ષેપ દ્વારા ગતિ રાખવામાં આવે છે.

( ૬ )

### કરુણ રસમાં ગતિ

કરુણ રસમાં પાત્રોના પગની ગતિ 'સ્થિતપદે' અર્થાત્ ધીમી રાખવામાં આવે છે.

એટલે કરુણ રસની ગતિ શિથિલગતિ કહેવાય છે. આંખો અશ્રુથી ભરેલી, શરીરના ગાત્રો શિથિલ, હાથ ઉપર લઇ જઇ ઢીલા છોડી દેવા તથા મોટેથી રડવું વિગેરેનો અભિનય કરવામાં આવે છે. આ ગતિ અત્યંત અપ્રિય ઘટના (મરણ) સમયે રાખવામાં આવે છે તથા 'અધ્યર્ધિકા' ચારીમાં, સ્થિત-લયમાં, દોઢ કલાના અંતર અથવા વિલંબથી તથા ધીમી ગતિથી પગ રાખવામાં આવે છે. આ ગતિ સ્ત્રી તથા નીચ પાત્રમાં પ્રયોજાય છે. (શ્લોક ૬૧ થી ૬૩) કરુણ રસની દશામાં ઉત્તમ પાત્રોની ગતિ ધૈર્યયુકત, આંસુઓની સાથે તથા ઉર્ધ્વનિઃશ્વાસ છોડતાં, ઉર્ધ્વનિરીક્ષણ યુકત રાખવી જોઇએ. આ પ્રકારની ગતિમાં કલા તથા કાલગત કોઇપણ પરિમાણ તથા શરીર સૌષ્ઠવના લક્ષણનો વિનિયોગ કરવો જોઇએ નહીં. (શ્લોક ૬૪) મધ્યમ પાત્રોની ગતિ પણ આ પ્રમાણે સત્વ અથવા શકિતનો વિચાર કરીને રાખવી જોઇએ. પ્રિયજન તથા ઇષ્ટબંધુ વિગેરેના અવસાન સમયે છાતી કૂટવી, ઉત્સાહીન થઇ જવું તથા અતિશય શોકને કારણે ચેતનાહીન થઇ જવું વિગેરે દર્શાવવું જોઇએ. તેમાં રજૂ થતી ગતિમાં પગ બહું ઉંચા ઉઠાવવા ન જોઇએ. ચોટ વાગેલી સ્થિતિમાં તેમજ અતિશય ઘાયલ સ્થિતિમાં ભુજા તથા ખભા ઢીલા તથા શરીર ગોળ ફરતું -ચક્કર આવતા હોય તેમ - રાખવા જોઇએ. આ દશામાં ગતિ ચૂર્ણપદ (અર્થાત્ પગ થોડા ઉંચા કરી જમીન પર ટેકવા અથવા બરાબર ન મૂકવા) સ્થિતિમાં રાખવી જોઇએ. (શ્લોક ૬૫-૬૬)

કરુણ રસની અવસ્થામાં પાદપ્રચાર વિલંબિત લયમાં થતો હોવાથી ગતિ શિથિલ રહે છે. આંખમાથી આંસુની ધારા વહે છે. શરીરના અંગો સ્તબ્ધ અને નિઃસ્પંદ રહે છે. હાથ કયારેક ઉપર તો કયારેક નીચે જાય છે. કરુણ રસની દશામાં ઉત્તમ પાત્રો રડે છે પણ પોક મૂકતા નથી. તેમની આંખમાં કેવળ આંસુ છલકાય છે. ઉંડો નિઃશ્વાસ મૂકે છે. આકાશની તરફ શૂન્યભાવથી જોયા કરે છે. દુઃખ, આવેગને કારણે પાદપ્રચાર અનિયંત્રિત રહે છે. અભિનવગુપ્ત ઉર્ધ્વનિરીક્ષણ - આકાશ તરફ જોવું - તેમાં 'દૈવોપાલંભ' અર્થાત્ 'નસીબને દોષ દેવો' એનો સંકેત જુએછે. કરુણ રસની ગતિ કોઇપણ શાસ્ત્રીય પ્રમાણવાળી ન રહેતા સ્વચ્છન્દ ચરણપાતયુકત રહે છે. આચાર્ય કોહલનો મત છે કે અહીં જંભટિકા લયનો પ્રયોગ કરવો જોઇએ. ઇષ્ટબંધુના મરણમાં શોકગ્રસ્ત પાત્રની છાતી નત રહે

છે. ગાઢ પ્રહારને લીધે અંગ શિથિલ થઇ ભૂજા ઉપર ઢળી પડે છે.

( ૭ )

હાસ્ય રસમાં ગતિ

હાસ્ય રસમાં 'વિક્ષિપ્તા' ગતિ રહે છે. તેમાં પગ વાંકાચૂંકા લથડિયા ખાતા પડે છે. (શ્લોક ૬૦)

અભિનવગુપ્તના મત પ્રમાણે સ્મિતથી અતિહસિત સુધી ઉત્તમ હાસ્ય ગણાય. તેમાં ઉત્તમ પાત્રની ગતિ સ્વસ્થ હોય છે પણ અપહસિત અને અતિહસિતવાળા મધ્યમ પાત્રની ગતિ વિક્ષિપ્ત રાખવામાં આવે છે.

( ૮ )

ભયાનક રસમાં ગતિ

ભયાનક રસમાં સ્ત્રી તથા અધમ પાત્રો - જે ડરપોક અથવા કમજોર (સત્વહીન) હોય છે - તેમની પ્રકૃતિ પ્રમાણે સહજ ગતિ રાખવી જોઇએ. ભયાનક રસની દશામાં આંખો ખુલ્લી તથા ધ્રુજતી, મસ્તક વિધુત મુદ્રામાં તથા ભયભીત નજરે આજુબાજુ જોવું વિગેરે દર્શાવવું જોઇએ. આમાં ગતિ દ્રુત તથા ચૂર્ણપાદ લક્ષણવાળી, હાથ કપોત મુદ્રામાં, શરીર કંપયમાન તથા હોઠ સૂકા રાખવા જોઇએ. આ ધૈર્યવિલાસિત ગતિ છે જે ભયાનક રસમાં પ્રયોજવામાં આવે છે. આ ગતિ શત્રુ દ્વારા પીછો કરવામાં આવતો હોય, શત્રુનો ડર લાગતો હોય તથા શત્રુ દ્વારા ત્રાસ આપવામાં આવતો હોય તેવી દશામાં પણ પ્રયોજી શકાય છે. કોઇ ભયંકર પ્રાણી જોતી વેળા કે ભયાનક અવાજ સાંભળતી વેળા પણ આવી ગતિ યોજી શકાય છે. ડરપોક સ્ત્રી-પુરુષ પાત્રોની આ સ્વાભાવિક ગતિ છે. પણ પુરુષ પાત્રોમાં થોડા ધૈર્ય સાથેની અથવા પરાક્રમ પ્રદર્શન વૃત્તિના સંમિશ્રણવાળી (આક્ષિપ્તવિક્રમા) ગતિ રાખવી જોઇએ. ભયભીત પુરુષ પાત્રની ગતિમાં 'એલકાક્રીડિત' ચારીમાં પગ ઝડપથી ઉપર રાખી અથવા ત્યાંજ ટેકવી અથવા એક બીજાથી ખૂબ દૂર રાખી તથા હાથ પગની ગતિ અનુસાર રાખી ગતિ કરવી જોઇએ. (શ્લોક ૭૦ થી ૭૫ )

અભિનવગુપ્તના મતે સત્વવર્જિતા (સત્વહીન) એટલે પોતાના કેટલાક શીલ વિગેરેને લીધે ઉત્તમ (સ)ત્વની ઔચિત્ય પ્રાપ્તિ થવા છતાં પણ જે સત્વહીન અર્થાત પ્રાણરહિત છે તે. જેમ કે વિરાટનો પુત્ર ઉત્તર.

( ૯ )

શાન્ત રસમાં ગતિ

નાટ્યશાસ્ત્રમાં ભરતમુનિએ શાન્ત રસગતિનું નિરુપણ કર્યું નથી. અભિનવગુપ્ત અનુસાર તથા અન્ય નાટ્યશાસ્ત્રીય ગ્રંથો અનુસાર શાન્તરસમાં 'અચલ અથવા સ્થિર ગતિ' રહે છે. તેની યોજના સ્થિત-પ્રજ્ઞ અથવા શાંત પ્રકૃતિના યોગી જેવા પાત્રોમાં રાખવામાં આવે છે.

## વિવિધ પાત્રોની ગતિ

( ૧ )

શીતાર્ત પાત્રની ગતિ

ઠંડી અથવા વરસાદથી અભિભૂત સ્ત્રી તથા અધમ પાત્રોની ગતિમાં આખા શરીરના અવયવો સંકોચાઇને ધ્રુજવા, હાથ છાતી પર રાખવા, શરીર વાંકુ વાળી દેવું, દાંત કચકચાવવા, હોઠ ધ્રુજવા, દાઢી કાંપવી, ધીરે ધીરે કાર્ય કરવું વિગેરે દર્શાવવું જોઇએ. શીતાભિનયની દશામાં ગતિ અત્યંત ધીમી-સ્થિત લયમાં - રાખવી જોઇએ. ( શ્લોક ૬૭ થી ૬૯)

અભિનવગુપ્ત શીતાર્ત પાત્રની ગતિ લોક પ્રસિધ્ધ અથવા પ્રચલિત ગતિ યોજવી જોઇએ એવું વિધાન કરી હોઠ, દાંત, દાઢી ધ્રુજવી, શરીર કાંપવું, હાથ છાતી પર મૂકવા વિગેરે લોક પ્રચલિત સ્વરુપે રજૂ કરવાનું કહે છે.

( ૨ )

વણિક તથા પ્રધાનોની ગતિ

વણિક તથા પ્રધાનોની ગતિ તેમની પ્રકૃતિ પ્રમાણે હોવી જોઇએ અર્થાત્ તેઓ મધ્યમ પ્રકૃતિના પાત્રો હોવાથી તેમની ગતિ મધ્યમ હોવી જોઇએ. તેમણે 'અતિક્રાન્તાચારી'માં બે તાલના પ્રમાણવાળા ડગ ભરવા જોઇએ. તેમનો ડાબો હાથ કટકામુખ મુદ્રામાં હથેળી ઉત્તાન

રાખી નાભિ પર રહેવો જોઇએ તથા જમણો હાથ 'અરાલ' મુદ્રામાં એક પડખે રહેવો જોઇએ. તેમણે પોતાનું શરીર સ્થિત, સ્તબ્ધ અથવા હાલતું હોય તેમ ન રાખી વર્ણિત ગતિમાં રાખવું જોઇએ. ( શ્લોક ૭૬ થી ૭૮ )

અભિનવગુપ્તના મતે, ધીર પ્રશાન્ત પ્રકૃતિના વણિક તથા પ્રધાને જેવા પાત્રની ગતિના સંદર્ભમાં શાન્તરસગતિનું પણ નિરુપણ છે. 'ધીરપ્રશાન્ત વણિજ:' એ શબ્દ પ્રયોગ પ્રમાણે વણિક જેવા પાત્રના અંત: કરણમાં સંસ્કાર રુપે શાન્તત્વ સ્થિત છે. વણિક, સચિવ વિગેરેનું હૃદય શાન્ત હોવાથી નિયમનને યોગ્ય હોય છે. તેમની ગતિ 'સ્વભાવજા' અર્થાત્ સ્વાભાવિક એટલે કે આવેશ રહિત હોય છે. અભિનવગુપ્ત વણિક તથા સચિવની ગતિ તેમજ તે પછીના શ્લોકોમાં નિરુપવામાં આવેલ યતિ શ્રમણ વિગેરે પાત્રોની ગતિ 'શાન્તરસગતિ' ના ઉદાહરણો હોવાનું જણાવી તેમનું નિરુપણ શાન્તરસ અંતર્ગત થયું હોવાનું માને છે. ( ૩ )

યતિ, શ્રમણ વિગેરે પાત્રોની ગતિ

યતિ, શ્રમણ, તપસ્વી તથા નૈષ્ઠિક બ્રહ્મચારી જેવા પાત્રોની ગતિમાં નટે નેત્રો ઉપર (અલોકચક્ષુ) તથા ચાર હાથના અંતરે જમીન જોતાં હોય તેવા રાખવા જોઇએ. ચિત્ત સ્થિર તથા પોતાના પંથનું સ્વરુપ અથવા ધર્મચિહ્ન ધારણ કરેલું હોવું જોઇએ. તેમનો વેષ વિનીત તથા ભગવાં વસ્ત્રો ધારણ કરેલો હોવો જોઇએ. અથવા પોતાના સંપ્રદાય અનુસાર પીળો, સફેદ હોવો જોઇએ. તેમણે 'સમપાદા' ચારી તથા સમપાદ સ્થાનમાં રહી બંને હાથ ચતુર મુદ્રામાં રાખી એક બાજુ લાંબા કરવા જોઇએ. મુખ પ્રસન્ન મુદ્રામાં પ્રયોગ અનુસાર રહેવું જોઇએ તથા પોતાની સ્વાભાવિક ગતિમાં અતિક્રાન્તા ચારીમાં ચાલતું જોઇએ. આ ગતિ ઉત્તમ યતિઓની તથા મહાવ્રતાચારી અથવા એ કોટિના અન્ય સાધુઓની હોય છે. શેષ સાધુજનો કે જેઓ આવાં લક્ષણ ધરાવતાં નથી અથવા તો આનાથી વિપરીત લક્ષણો ધરાવે છે, જેઓ ઉન્મત્ત, શાન્ત પ્રકૃતિના (ઉદાત્ત) અથવા દયાળું (નિભૃત) સ્વભાવના હોય અથવા પાશુપત સંપ્રદાયના શૈવ સંન્યાસી હોય તેમણે શકટાસ્યા તથા અતિક્રાન્તા ચારીમાં ઉદ્ધત ડગ ભરતાં હોય તેવી ગતિ રાખવી જોઇએ. (શ્લોક ૭૯ થી ૮૬ )

## ગતિ નિર્ધારિત કરવામાં દેશનો ફાળો

ભરતમુનિ શ્લોક ૭૯ થી ૮૬ માં યતિ, શ્રમણ વિગેરે પાત્રોની ગતિ નિરુપ્યા પછી શ્લોક ૮૭ માં અંધકારમાં સ્થિત પાત્રની ગતિ નિરુપે છે. અભિનવગુપ્ત તેને 'દેશ'અનુસાર થતા ગતિભેદનો પ્રકાર ગણે છે. તેથી અહીં ગતિ વિધાનમાં દેશના ફાળાની ચર્ચા કરવી અપ્રસ્તુત નહીં લેખાય.

પ્રાચીન સંસ્કૃત નાટકોમાં કથાવસ્તુના આગ્રહના કારણે અનેક અસામાન્ય દૃશ્યોની પરિકલ્પના કરવામાં આવતી જેનો સામાન્યપણે નાટ્યપ્રયોગ સંભવિત નહોતો. કાલિદાસના અભિજ્ઞાન શાકુંતલ' નાટકના પ્રથમ અંકમાં રથારુઢ દુષ્યન્ત મૃગનું અનુસરણ કરતાં પ્રવેશે છે. સાતમાં અંકમાં વિમાનારુઢ થઇ દુષ્યન્ત, માતલિ સાથે સ્વર્ગથી પૃથ્વી ઉપર ઉતરે છે. આવા રથારોહણ, પર્વતારોહણ, સાગર-નદી સંતરણ અને અંધકારમાં યાત્રા વિગેરેનો પ્રભાવ ઉભો કરતાં દૃશ્યોની પરિકલ્પના સંસ્કૃત નાટ્યકારોએ કરી છે. ભરતમુનિએ આવા દૃશ્યો, લૌકિક પદાર્થો, તેમની ક્રિયાઓ અને પરિસ્થિતિઓ નાટ્યમાં પ્રયોજવા માટે અનેક નાટ્યોપયોગી પ્રતીકાત્મક અભિનયની પરિકલ્પના કરી છે. તેની ચર્ચા દેશભેદથી ઉદ્ભવતા ગતિભેદ અંતર્ગત કરવામાં આવી છે. દેશભેદ અનુસાર પાત્રનો પાદપ્રચાર અને હસ્તપ્રચાર- બંનેમાં મહત્વનો પરિવર્તન કરવામાં આવતાં આ સમગ્ર પરિવર્તન લોકાનુસારી રહેતાં, રથ ઉપર ચઢતી વેળા અથવા પાણીમાં તરતી વખતે અથવા આકાશમાંથી અવતરણ કરતી વેળા દેશ વિભિન્નતાના પરિવેશમાં પાત્રની ગતિ ભિન્ન થતી જાય છે. દૃશ્યના પ્રભાવવાળો બનાવવા માટે આવા રમણીય દૃશ્યોમાં પાત્ર દ્વારા નાટ્યધર્મી પ્રતીકાત્મક અભિનય ઉપરાંત તદાનુરુપ કાવ્યપાઠ તો થાય છે પણ ચિત્રપટ ઉપર અંકિત પ્રતિકૃતિઓનો પણ પ્રયોગ રંગમંચ ઉપર થાય છે. ભરતમુનિએ વિચિત્ર વાહનોનો પ્રયોગ કરવાનો જે ઉલ્લેખ કર્યો છે તે આ રીતે રુપાયિત થતો.

વાહનાનિ વિચિત્રાણિ કર્તવ્યાણિ વિભાગશ: ( શ્લોક ૯૦ )

દેશ-ભેદથી ઉદ્ભવતા ગતિભેદ અંતર્ગત ભરતમુનિએ પ્રતીકાત્મક અભિનય તથા અંકિત દૃશ્યાનુકૃતિ અનુરુપ કાવ્યપાઠ-સંવાદ-દ્વારા પ્રભાવશાળી દૃશ્યો ઉભા કરવાનું વિધાન કર્યું છે. નિર્જીવ અથવા સજીવ પદાર્થોના અવતરણ અંગે અભિનવગુપ્તે પણ વિસ્તારપૂર્વક વિચારણા કરી છે. તેમનો સ્પષ્ટ અભિપ્રાય છે કે અનુકૃત પ્રતિકૃતિઓનો પ્રયોગ થવો જોઇએ. પાતંજલ મહાભાષ્યમાં આવા શોભાદાયક ચિત્રપટ ધારણ કરનારા શૌભિકોનો ઉલ્લેખ થયો છે.

( ૩/૧/૨૬ )

દેશભેદથી ઉદ્ભવતા ગતિભેદમાં ભરતમુનિ નિરુપિત નિમ્નલિખિત ગતિપ્રચારોનો સમાવેશ કરી શકાય (૧) અંધકારમાં સ્થિત પાત્રની ગતિ (શ્લોક ૮૭) (૨) રથાવરોહી પાત્રની ગતિ (શ્લોક ૮૮ થી ૯૦) (૩) વિમાન અવરોહણ ગતિ (શ્લોક ૯૧-૯૨) (૪) આકાશગામી પાત્રની ગતિ (શ્લોક ૯૩ થી ૯૫) (૫) પ્રાસાદ, વૃક્ષ, પર્વત, આરોહણ કરતાં પાત્રની ગતિ (શ્લોક ૯૬ થી ૧૦૦) (૬) નદીમાં તરતા-જલસંતરણ કરતા પાત્રની ગતી (શ્લોક ૧૦૧ થી ૧૦૪) (૭) નૌકાયાત્રા કરતા પાત્રની ગતિ (શ્લોક ૧૦૫ થી ૧૦૭) (૮) અશ્વ અધિરોહણ કરતા પાત્રની ગતિ શ્લોક ૧૦૮) તથા (૯) સાપની ગતિ (શ્લોક ૧૦૯)

<u>દેશભેદથી ઉદ્ભવતા ગતિ-ભેદ</u>

(૧)

<u>અંધકારમાં સ્થિત પાત્રની ગતિ-આંધળા પાત્રની ગતિ :</u>

અંધકારમાં ચાલતા પાત્રની અથવા તો આંધળો બનીને ચાલતા પાત્રની ગતિમાં અથવા આંધળાની જેમ ચાલતા પાત્રની ગતિમાં પગ જમીન પર ઘસતા તથા હાથથી રસ્તો શોધતા હોય તેમ રાખવા જોઇએ. (શ્લોક ૮૭ )

અભિનવગુપ્તના જણાવ્યા પ્રમાણે અહીં 'અંધકારે' પદથી અંધકારમાં અથવા આંધળા બનીને ચાલવામાં કે આંધળાની જેમ ચાલવામાં - આ ત્રણે અર્થમાં ગતિ સૂચવાઇ છે.

( ૨ )

રથાવરોહી પાત્રની ગતિ :

રથ પર આરોહણ કરનાર પાત્રની ગતિ ચૂર્ણપદ અર્થાત્ સામાન્ય ડગ દ્વારા પ્રદર્શિત કરવી જોઇએ. સમપાદ સ્થાન દ્વારા - બંને પગને સમાન રુપે જમીન પર ટેકવીને- રથની ગતિ સૂચવવી જોઇએ. એક હાથમાં ધનુષ તથા બીજા હાથમાં રથનો ડંડો (કૂબર) સંભાળવો જોઇએ. તેજ પ્રમાણે તેના સારથીએ ચાબુક તથા લગામ સંભાળવી જોઇએ. તેમનાં વાહન પણ રથની સ્થિતિ પ્રમાણે વિવિધ પ્રકારના સ્વરુપવાળા રજૂ કરવા જોઇએ તથા દ્રુત ગતિમાં સામાન્ય ડગ ભરતાં રંગમંચ પર પ્રવેશ કરવો જોઇએ.

(શ્લોક ૮૮ થી ૯૦)

વાહનાનિ વિચિત્રાણી કર્તવ્યાનિ વિભાગશ: ।
દ્રુતૈશ્ચૂર્ણપદૈશ્ચૈવ ગન્તવ્યં રંગમંડલે ॥ ૯૦ ॥

અભિનવગુપ્તની ટીકા પ્રમાણે 'સમપાદ' નામના સ્થાનક દ્વારા રથ જયાથી જતો હોય તે દર્શાવી શકાય છે. અથવા રથવિશિષ્ટની ગતિ સામાન્યપણે અહીં દર્શાવવામાં આવી છે. અથવા તો પછી વિભાગગત ઔચિત્યથી વિચિત્રતાયુકત અશ્વ, વૃષભ, ખર તથા ઉંટના ચિત્રપટ પણ આવા કાર્યમાં ઉપયોગમાં લેવાય અથવા નટના પાદ એવા અનુકૂલગમન રાખવામાં આવે કે જેનાથી એમ લાગે કે કોઇ રથ ચલાવી રહયું છે. અભિ.શા.માં રથારુઢ દુષ્યન્તનો પ્રવેશ રથાવરોહી પાત્રનું સુંદર ઉદાહરણ છે. કથકલિમાં એક પગ જમીન ઉપર ટેકવી રથસ્થ રથીનો અભિનય કરવાની પરંપરા છે.

( ૩ )

વિમાન અવરોહણ ગતિ :

વિમાન પર અધિરોહણ કરતી વેળા રથ પર અવરોહણની ગતિનુંજ અનુસરણ કરવું જોઇએ. ફરક માત્ર એટલો કે શરીરના ગાત્રો ઉન્મુખ સ્થિતિમાં સ્થિત રહેવા જોઇએ. અવતરણ સ્થિતિમાં અર્થાત્ આકાશથી નીચે ઉતરવાની દશામાં અધિરોહણ સમયે જે કાર્યો

કરવામાં આવે તેનાથી વિપરીત કાર્ય કરવા જોઇએ એટલે કે શરીર વાળી અધોમુખ દશામાં રાખવું જોઇએ. (શ્લોક ૯૧-૯૨)

અભિનવગુપ્તના વિધાન પ્રમાણે રથારુઢ પાત્રના સંદર્ભમાં કરવામાં આવેલા વિધાનો અહીં પણ લાગુ પડે છે.

પ્રાચીન સંસ્કૃત નાટ્યસાહિત્યમાં વિમાન અવરોહણના અનેક દૃષ્ટાંતો મળી આવે છે જેની વિગતવાર ચર્ચા પ્રસ્તુત અધ્યાયના અંતિમ પ્રકરણ 'આંગિક અભિનય અને સંસ્કૃત નાટ્યસાહિત્ય'માં કરવામાં આવી છે. વસ્તુતઃ દેશભેદથી ઉદ્ભવતા તમામ ગતિભેદોના દૃષ્ટાંતો સંસ્કૃત નાટ્યસાહિત્યમાં મળી આવે છે જેની ચર્ચા અંતિમ પ્રકરણમાં વિગતવાર થઇ છે.

( ૪ )

<u>આકાશગામી પાત્રની ગતિ</u> :

<u>આકાશગમન</u> - આકાશગામી પાત્રની ગતિ આકાશિકી ચારીઓ દ્વારા રજૂ કરવી જોઇએ. (મંડલાવર્તન) આ વખતે મુખ ઉંચુ રાખવું જોઇએ. તે ઉપરાંત સમપાદ સ્થાનમાં રહી ચૂર્ણપદ અર્થાત્ સાધારણ ડગ માંડવા જોઇએ. આકાશમાંથી અવતરણ કરનાર પાત્રની ગતિ પણ આ પ્રમાણે યોજવી જોઇએ. આવી ગતિ સીધા અથવા લાંબા, ઉંચા, નીચા અથવા ત્રાંસા ફરતા (અવ્યવસ્થિત) ડગલાં વડે રજૂ કરવી જોઇએ.

( શ્લોક ૯૩-૯૪ )

<u>આકાશાવતરણ</u> : આકાશમાંથી નીચે પડતા પાત્રની ગતિમાં ભૂજાઓ હિંચકાની જેમ ઝુલતી (અપવિદ્ધ ભૂજ), વસ્ત્રોના છેડા અહીં તહીં વિખરાયેલા (વિકીર્ણવસના) તથા દૃષ્ટિ જમીન તરફ નીચી ઢળેલી રાખવી જોઇએ. (ભૂગતલોચના) (શ્લોક ૯૫)

દિવ્યપાત્રનું પૃથ્વી ઉપર અવતરણ થતું હોય ત્યારે ઉક્ત પાત્રની ગતિ આકાશમાર્ગથી વિમાન દ્વારા અથવા અન્ય કોઇ વિચિત્ર પ્રકાર દ્વારા પણ બતાવી શકાય. કારણ કે આવા પાત્રોની સર્વ ખંડોમાં સ્વેચ્છાનુસાર ગતિ રહે છે એવો અભિનવગુપ્તનો મત છે.

( ૫ )

ઉન્નત પ્રદેશ આરોહણ કરતાં પાત્રની ગતિ :

નાટકમાં પાત્રોને કથાવસ્તુને લીધે પ્રાસાદ, વૃક્ષ અથવા પર્વત અથવા કોઇ ઉંચા સ્થાને ચઢવાનો અથવા ત્યાંથી નીચે ઉતરવાની અને નદી, ગઢ, ટેકરીઓ જેવા ઉંચા નીચા પ્રદેશો પર ચઢવા ઉતરવાની જરૂર પડે છે. પ્રાસાદ ચઢવાના અભિનયમાં અતિક્રાન્તા ચારીયુક્ત બંને પગ દ્વારા શરીર ઉપર ઉઠાવી સીડી પર ચડવું જોઇએ તથા પ્રાસાદ પરથી નીચે ઉતરવાની દશામાં શરીર થોડું નમાવી, એક પગને અતિક્રાન્તા ચારી તથા બીજા પગને અંચિત ગતિમાં રાખી ચાલવું જોઇએ. (શ્લોક ૯૬ થી ૯૮) પર્વતારોહણ કરતી વેળા પ્રાસાદારોહણની ગતિનુંજ અનુસરણ કરવું જોઇએ. ફરક માત્ર એટલો કે પર્વતારોહણ કરવાની સ્થિતિમાં શરીરના અંગો પગની એડી/પંજા પર ઉંચા રાખવા જોઇએ. (પાઠાન્તર: મસ્તક ઉપર ઉઠાવી પગને હાથનો સહારો આપવો જોઇએ ) વૃક્ષ પર ચઢતી વેળા અતિક્રાન્તા ચારીમાં પગ ઉઠાવી પછી અનુક્રમે સૂચી, અપક્રાન્તા તથા પાર્શ્વક્રાન્તા ચારી રજૂ કરવી જોઇએ. (શ્લોક ૯૯-૧૦૦) આ ગતિની ઉપરથી નીચે ઉતરવામાં (વૃક્ષ વિગેરેથી અવતરણ) પણ યોજના કરવી જોઇએ.

( ૬ )

જલ સંતરણ કરતા પાત્રની ગતિ :

પ્રાસાદથી અવતરણ કરવામાં જે ગતિ પ્રયોજાય છે તેજ ગતિનો વિનિયોગ નદી પાર કરવામાં કરવો જોઇએ. માત્ર નદી પાર કરવામાં પાણીની ઉંડાઇ પ્રમાણે તરવાની ગતિ રાખવી જોઇએ. જો પાણી છીછરું હોય તો વસ્ત્રો હાથમાં પકડી તથા પાણી ઉંડું હોય તો શરીર નમાવી, હાથથી પાણી કાપતા હોઇએ તેમ તરવાનો ભાવ વ્યક્ત કરવો જોઇએ. નદીના વહેણને પાર કરવાનો અભિનય કરતી વેળા હાથ ફેલાવી, વારંવાર પાણી કાપવાનો, ત્રાંસા થઇ હાથ ફેલાવી સંપૂર્ણ શરીરને તરવાની ક્રિયામાં રાખી, પાણીને કારણે મોઢું બંધ થઇ ગયેલું બતાવવું જોઇએ. (શ્લોક ૧૦૧ થી ૧૦૪) તરવાનો અભિનય કરતી વેળા હાથને 'પતાક' અથવા 'સર્પશીર્ષ' મુદ્રામાં રાખવા જોઇએ.

( ૭ )

નૌકાયાત્રા કરતાં પાત્રની ગતિ :

નૌકાયાત્રા કરતાં પાત્રની ગતિ ઝડપથી ડગલાં ભરતાં (દ્રુતૈ: ચૂર્ણપદૈ:) હોઇએ તેવો રાખવો જોઇએ. આ પ્રમાણે વિભિન્ન ગતિ તથા ક્રિયાઓ રજૂ કરવો જોઇએ. એ બધા કાર્યો નિર્દિષ્ટ લક્ષણ અનુસાર (સંજ્ઞામાત્રેણ) ઈંગિતોથી દર્શાવવા જોઇએ. કારણ કે તેમનું યથાર્થ દર્શન કરાવવું અશકય છે. જેવી રીતે કોઇ પાત્રનું મરણ બતાવતી વેળા નટ ખરેખર મરી જતો નથી પણ મરવાનો કેવળ અભિનય કરે છે તેમ. જેમ અંકુશ હાથમાં લેવાથી હાથીનું, ચાબુક મારવાથી ઘોડાનું તથા લગામ પકડવાથી રથનું સૂચન કરી શકાય છે તેવી રીતે કેવળ સંકેત દ્વારા-સંજ્ઞા માત્રથી નૌકાગમનું સૂચવી શકાય છે.

( શ્લોક ૧૦૫-૧૦૭)

અહીં નૌકા તેમજ નૌકામાં બેઠેલા પાત્રની ગતિ પણ સૂચવાઇ છે એવો અભિનવગુપ્તનો મત છે.

નૌકાભિનયના આ વિધાનથી સ્પષ્ટ થઇ જાય છે કે સાદા રંગમંચ ઉપર ઘણાં કાર્યો તથા દ્રશ્ય શારીરિક અનુકરણ દ્વારા રજૂ કરવામાં આવતા.

( ૮ )

અશ્વ અધિરોહણ કરતા પાત્રની ગતિ

ઘોડેસ્વારી કરતા પાત્રની અથવા ઘોડા પર અધિરોહણ કરતા પાત્રની ગતિ વૈશાખસ્થાન તથા ઝડપથી મંડાતા ડગ દ્વારા-ચૂર્ણપાદ દ્વારા રજૂ કરી શકાય. (શ્લોક ૧૦૮)

( ૯ )

સર્પગતિ :

સાપની ગતિ 'સ્વસ્તિક' પાદ દ્વારા રજૂ કરવી જોઇએ જેમાં પહેલા પાર્શ્વક્રાન્તા ચારી બતાવી પછી સ્વસ્તિક પગના રેચક દ્વારા નાટ્યધર્માના વડે અભિનય કરવો જોઇએ.

( શ્લોક ૧૦૯ )

દેશભેદ અંતર્ગત નિરુપવામાં આવેલા વિવિધ ગતિભેદોના સંદર્ભમાં ભરતમુનિએ બે પ્રકારના સમન્વિત વિધાનોનો નિર્દેશ કર્યો છે. લૌકિક પદાર્થો - રથ અથવા વિમાન અને પ્રાસાદ અથવા પર્વત વિગેરે ચિત્રલિખિત હોય પણ તેનાથી સંબંધિત ક્રિયાઓનો પ્રયોગ, હસ્તપ્રચાર અને પાદપ્રચાર વિગેરેની સંજ્ઞાઓ દ્વારા કરવો જોઇએ. એટલે ચિત્રપટો ઉપર અંકિત અનુકૃતિઓ - વિમાન, પર્વત, પ્રાસાદ, ઘોડો, વૃષભ, ઉંટ વિગેરેના ચિત્રો અને પ્રતીકાત્મક અભિનય બંનેનો પ્રયોગ થતો. શ્રી મનમોહન ઘોષના મત પ્રમાણે પ્રાચીન નાટ્યપ્રયોગમાં ચિત્રિત દૃશ્યવિધાન painted scenery ની પરંપરા નહોતી કારણ કે તત્સંબંધિત ક્રિયાઓનો સંકેત અભિનય વડે કરવામાં આવતો. (અંગ્રેજી ભાષાંતરનો પાદટીપમાં પૃ. ૨૨૩) પરંતુ અભિનવગુપ્તનો સ્પષ્ટ અભિપ્રાય છે કે ચિત્રપટ અને સંકેતાત્મક આંગિક ચેષ્ટાઓ આ બંનેનો યોગ જરુરી છે. પ્રતીકાત્મક અભિનયની સાથે અનુકૃત ચિત્રોના યોગથી અભિનેય દૃશ્યની અનુભુતિમાં માંસલતા તથા સાક્ષાત્કાર જેવો આનંદાનુભવ થાય છે.

રંગમંચ ઉપર પ્રયુક્ત નાટ્યધર્મી પ્રતીક અત્યંત ઉપયોગી થાયછે અને અભિનય-કાળ દરમ્યાન તેના વડે નાટ્યાર્થ ગ્રહણ કરવામાં સહાયક નિવડે છે. આ સંકેતોને પ્રયોગ દરમ્યાન 'સત્ય'જ માનવામાં આવે છે. 'નૌકા-યાત્રામાં ગતિ' ના સંદર્ભમાં ભરતમુનિના વિધાનો અત્યંત માર્મિક છે.

> સંજ્ઞામાત્રેણ કર્તવ્યાન્યેતાનિ વિધિપૂર્વકમ્ ।
> કસ્માન્મૃત ઇતિ પ્રોક્તે કિં મર્તવ્યં પ્રયોક્તૃભિ: ॥ ૧૦૬ ॥
>
> અંકુશગ્રહણાન્નાગં ખલીનગ્રહણાદ્ધયમ્ ।
> પ્રગ્રહગ્રહણાદ્યાન મેવ મેવા પરેષ્વપિ ॥ ૧૦૭ ॥

ઘટના અને પરિસ્થિતિની માંગ પ્રમાણે કોઇ પાત્રને મૃત કહેવામાં આવે છે તો પ્રયોગકાળમાં તે મરેલો માનવામાં આવે છે. વાસ્તવમાં એ પાત્ર મરતું નથી. આ સંદર્ભમાં પ્રતિક પધ્ધતિ દ્વારા અંકુશગ્રહણથી હાથી, લગામ ગ્રહણથી ઘોડો, પ્રગ્રહ ગ્રહણથી યાન વિગેરેનો પ્રતીકાત્મક સંકેત કરવામાં આવે છે. ચિત્રપટ ઉપર અંકિત આવા ચિત્રો તથા

તથા તદાનુસારી આંગિક ચેષ્ટાઓના સંકેતથી અન્ય દૃશ્ય શ્રાવ્ય સામગ્રી વિના માત્ર નટના આંગિક અને વાચિક અભિનયથી આવાં દૃશ્યો સજીવન થાય છે.

## ગતિ નિર્ધારિત કરવામાં અવસ્થાનો ફાળો

શ્લોક ૧૦૯ માં સર્વગતિ નિરુપ્યા પછી શ્લોક ૧૧૦/૧૧૧ માં ભરતમુનિ વિટગતિ નિરુપે છે. અભિનવગુપ્ત તેમની ટીકામાં વિટગતિ તથા અન્ય પાત્રોની ગતિને 'અવસ્થાભેદથી ઉદ્‌ભવતા ગતિભેદ' ગણાવે છે તેથી ગતિવિધાનમાં અવસ્થાના ફાળાની ચર્ચા કરવી અપ્રસ્તુત નહીં લેખાય.

પ્રયોજાયેલ પાત્રોના સામાજિક સ્તર અને વયના ભેદથી પણ તેમની ગતિ એક બીજાથી જુદી તરી આવે છે. ઉચ્ચ પ્રકૃતિની વ્યક્તિ સંભ્રાન્ત અવસ્થામાં હોય ત્યારે પણ તેની ગતિ મધ્યમ અને અધમ લોકોની ગતિ કરતાં વધારે શાલીન અને ધીરગંભીર હોય છે. તેજ પ્રમાણે યુવતી નારીની ગતિમાં જે લાસ્ય અને લાલિત્ય હોય છે તે વૃધ્ધા અથવા બાળાની ગતિમાં નથી હોતાં. અવસ્થા અનુરુપ ગતિ દર્શાવવાથી નાટ્ય-રસ આસ્વાદ્ય બને છે.

ભરતમુનિએ સામાજિક સ્તર તથા વયની ભિન્નતાના આધારે નાટ્યમાં પ્રયુક્ત અનેક મધ્યમ તેમજ અધમ પાત્રોની ગતિના સ્પષ્ટ વિધાનો આપ્યા છે. કાંચુકીય, વિદૂષક, વિટ, શકાર, ચેટ, પંગુ, વામન, કુબ્જ અને ખંજ વિગેરે એક બીજાથી, પોતાની ગતિથી ભિન્ન તરી આવે છે. આ તમામ પાત્રોની વિભિન્ન અવસ્થાઓમાં વિભિન્ન ગતિ રહે છે. વૃધ્ધ કાંચુકીયનું માથું કંપનયુક્ત રહે છે, પરાક્રમ મંદ, શ્વાસનો આવેગ પ્રબળ રહે છે પણ અવૃધ્ધ કાંચુકીયના ચરણ અભિમાનથી પડતા હોય છે. સ્વાભાવિક સ્થિતિમાં વિદૂષકનો જમણો હાથ 'ચતુર' મુદ્રામાં તથા ડાબા હાથમાં વાંકી લાકડી હોય છે પરંતુ અલભ્ય ભોજન અથવા વસ્ત્ર પ્રાપ્તિ વિગેરે અસામાન્ય અવસ્થામાં તેની ગતિ સ્વાભાવિક રહેતી નથી. આ બધા મધ્યમ તથા અધમ પ્રકૃતિના પાત્રનું વ્યક્તિત્વ તેમની અવસ્થા અનુરુપ ઉચિત ગતિ-પ્રદર્શનથીજ પ્રગટ થાય છે.

આ ઉપરાંત ભરતમુનિએ નાટ્યમાં પ્રયોજ્ય મ્લેચ્છ વિગેરે નીચ જાતીઓ તેમજ

વિભિન્ન પશુઓની ગતિઓના પણ વિધાન આપ્યા છે અને અંતે સ્પષ્ટપણે જણાવ્યું છે કે જે જાતિઓ વિશે વિધાન આપવામાં આવ્યું હોય તેનો પ્રયોગ લોકવ્યવહારના આધારે કરવો જોઇએ.

અવસ્થાભેદથી ઉદ્ભવતા ગતિભેદ

(૧)

વિટ ગતિ :

કલાવિદ્ તથા વેશોપચાર કુશળ વ્યકિત કે જે રાજા અથવા રાજ પરિવારનો પ્રચ્છન્ન સેવક અને કયારેક ખલનાયકનો સેવક પણ હોય છે તે વિટ પાત્રની ગતિ લલિત વિલાસિત હોય છે. વિટની ગતિ 'કુંચિત' પાદને એક તાલનો અંદર રાખી, ખટકાવર્ધમાનક હાથ તથા સૌષ્ઠવ યુકત અંગો દ્વારા પગની ગતિ અનુસાર હાથની ગતિ રાખી દર્શાવવી જોઇએ.

(શ્લોક ૧૧૦-૧૧૧)

અભિનવગુપ્તના મત પ્રમાણે અહીં વિટની પ્રકૃતિને અનુરુપ સૌષ્ઠવનો પ્રયોગ થવો જોઇએ. પ્રાચીન સંસ્કૃત નાટ્યસાહિત્યમાં 'વિટ' ના અનેક ઉદાહરણો મળે છે. લોકસંશ્રય કથાવસ્તુ ધરાવતા કવિ શુદ્રકના પ્રકરણ 'મૃચ્છકટિક'માં ખલનાયક શકારના સેવક રુપે વિટનું નિરુપણ થયું છે.

(૨)

કંચુકી ગતિ

કંચુકી (અંત:પુર રક્ષક) ની ગતિ, તેની અવસ્થા તથા સ્થિતિ પ્રમાણે રાખવી જોઇએ. જો કંચુકી યુવાન હોય તો તેની ગતિ અર્ધતાલથી ઉંચા થતાં સીધા પગની સાધારણ ગતિ રાખવી જોઇએ. તેણે પોતાના શરીરના અવયવો કોચકથી ખરડાયેલો વ્યકિત જેવા રાખી ગતિ રજૂ કરવી જોઇએ અને જો તે વૃધ્ધ હોય તો શરીર ગોળ ફેરવી પગ ધીરે ધીરે ઉપાડી લાકડી પર શરીર ટેકવી ડગલાં ભરવા જોઇએ.

(શ્લોક ૧૧૨-૧૧૪)

કંચુકીનું કાર્ય અંત:પુર રક્ષણ, કવચ વિગેરે લાવવું, લઇ જવું, તથા વેત્ર ધારણ કરવાનું હોય છે. અભિનવગુપ્તના મત પ્રમાણે કંચુકને યોગ્ય એવી વૃત્તિને જે પોતાના માટે

ચાહોને લે છે. આ વિગ્રહથી કંચુક પદથી કવચ તથા કવચિન-ચ'થી કકારને ઇકારયુકત કરી કંચુકી શબ્દ નિષ્પન્ન થાય છે. ભાવપ્રકાશનમાં કંચુકીનું લક્ષણ આ પ્રમાણે નિરુપણામાં આવ્યું છે.

અકામા બ્રાહ્મણાસ્યૈવ કંચુકોષ્ણીષવેષ્ટિતઃ ।
જ્ઞાન-વિજ્ઞાન-સમ્પન્નના કંચુકીયા સ્મૃતા બુધૈઃ ॥
(ભા.પ્ર.પૃ.૨૯૨)

નિષ્કામી, બ્રાહ્મણ કંચુક, પાઘડી ધારણ કરનાર તથા જ્ઞાન વિજ્ઞાનથી સંપન્ન વ્યકિત વિદ્વાનો દ્વારા કંચુકીય કહેવાય છે.

કંચુકીનું વૃધ્ધ હોવું આવશ્યક નથી કારણ કે નાટ્યરચનાઓમાં તેના બંને સ્વરુપ પ્રાપ્ત થાય છે. અવૃધ્ધ કંચુકીનો ઉલ્લેખ પ્રતિમા, સ્વપ્નવાસવદત્તા વિગેરે નાટકોમાં તથા વૃધ્ધ કંચુકીનો ઉલ્લેખ અભિજ્ઞાન શાકુંતલ, વેણીસંહાર વિગેરે નાટકોમાં થયો છે.

( ૩ )

કૃશ, વ્યાધિગ્રસ્તથા શ્રાન્ત પાત્રની ગતિ :

કૃશપાત્રની ગતિ, ધીરે ધીરે પગ ઉપાડી ચાલતા રજૂ કરવી જોઇએ. રુગ્ણ (વ્યાધિગ્રસ્ત) જવરાર્ત, તપઃ કલેશિત તથા ક્ષુધાગ્રસ્ત પાત્રની ગતિમાં પાત્રને લાકડીના સહારે ચાલતું, કૃશકાય, ખાલી અથવા સંકોચાયેલા પેટવાળું, ક્ષીણસ્વર, બેસેલા ગાલવાળું તથા આંખોમાંથી અશ્રુ નીતરતું બતાવવું જોઇએ. તેણે પોતાના હાથ તથા પગ ધીરે ધીરે ઉપાડી ચાલવું જોઇએ. તેણે પોતાનું શરીર ગોળ, ફરતું તથા ડગલાં ભરતી વખતે પ્રત્યેક ડગલું ભરતાં ઉંડો શ્વાસ લેવો જોઇએ. (શ્લોક ૧૧૫ થી ૧૧૭)

ભરતમુનિ કૃશ વિગેરે પાત્રની ગતિ નિરુપતાં 'વિષ્કંભકૃત પ્રાણ' એવો શબ્દ પ્રયોગ કર્યો છે. અભિનવગુપ્ત તેનો અર્થ આપતા જણાવે છે કે વિષ્કંભ એટલે સ્થૈર્ય. વિષ્કંભકૃત પ્રાણ એટલે આવી દશામાં યષ્ટિ વિગેરે દ્વારા પ્રાણબળને જેણે સમન્વિત કર્યું હોય તેવી ગતિ.

( ૪ )

લાંબી યાત્રા પર નીકળેલા પથિકની ગતિ :

યાત્રા પર નીકળેલા અથવા બહું લાંબેથી ચાલીને આવેલા પાત્રની ગતિમાં ધીરે ધીરે

ડગલાં ભરતો, શરીર વળેલું તથા ઘૂંટણ દબાવતો હોય તેમ રજૂ કરવો જોઇએ.
(શ્લોક ૧૧૮)

અભિનવગુપ્ત, પથિકની ગતિમાં વિકૂણન, સંકોચન, વિમર્દન, ઇત્યાદિ મિશ્રિત ક્રિયાઓ પ્રયોજવાનું વિધાન કરે છે.

( ૫ )

સ્થૂળકાય પાત્રની ગતિ :

સ્થૂળકાય પાત્રની ગતિ ધીરે ધીરે ડગલા ભરતો અને ભારે વજન ઉપાડીને ચાલતો વ્યક્તિનો જેવો હોવો જોઇએ. ચાલતે વેળા તેનો શ્વાસ જોરથી ચાલવો જોઇએ., થોડો શ્રમ કરવાથી પરસેવાથી લથપથ થઇ જતો હોવો જોઇએ તથા તેને સાદો ચાલવાળો-ચૂર્ણપદ-બનાવવો જોઇએ. (શ્લોક ૧૧૯-૧૨૦)

( ૬ )

મત્ત પાત્રની ગતિ :

મધપાનમાં તરુણ તથા મધ્યમ મદની અવસ્થાવાળા પાત્રની ગતિમાં ડાબો તથા જમણો પગ, ગોળ ગોળ ફરતો અથવા લથડિયા ખાતો, આગળ પાછળ મૂકાતો હોય તે રીતે ચાલવું જોઇએ. મધપાનની અધમ મદની અવસ્થાવાળા પાત્રની ગતિમાં, પગ જમીન ઉપર અનિયમિત રીતે પડતા હોય, શરીર ચારે બાજુ ડોલતું હોય તથા હાથ ગોળ ગોળ ફરતા હોય તે રીતે ચાલવું જોઇએ. (શ્લોક ૧૨૧-૧૨૨)

અભિનવગુપ્તના મત પ્રમાણે પગની વિપર્યય ગતિની સાથે તદ્દનુકુળ હાથની ગતિ, સ્થિતિ પણ રાખવામાં આવે છે.

( ૭ )

ઉન્મત્ત (પાગલ) પાત્રની ગતિ :

ઉન્મત્ત (પાગલ) પાત્રની ગતિમાં પગને અનિયંત્રિત દશામાં જમીન પર મૂકી લોકક્રિયાઓનું અનુકરણ કરી, અનેક ચારીઓ પ્રદર્શિત કરવી જોઇએ. આવા પાત્રના વાળ લુખ્ખા, વધી ગયેલા તથા શરીર ધૂળથી રગદોળાયેલું હોય છે. અકારણ બોલ બોલ કરનારું

તથા અપ્રાકૃતિકપણે બરાડા પાડનારું હોય છે. તે કયારેક ગાય છે, કયારેક હસે છે. કોઇનો સાથ સહવાસ તેને ગમતા નથી. (વારંવાર રડે છે -પાઠાન્તર પ્રમાણે) કયારેક પ્રસન્ન થઇ નાચે છે તો કયારેક વગાડવા માંડે છે. કયારેક જોરથી દોડે છે કયારેક લાંબો સમય ઉભો રહી જાય છે. કયારેક કયાં સુધી બેસી રહે છે તો કયારેક સુઇ જાય છે. અનેક વસ્ત્રો ધારણ કરેલા હોય છે. ઉન્મત્ત પાત્રનું આ સ્વરુપ હોય છે. તેની ગતિ નિમ્ન વિધિ અનુસાર રહેવી જોઇએ. સર્વપ્રથમ 'નૂપુરપાદ' પગમાં સ્થિત રહી પગને 'દણ્ડપાદા' દશામાં લાંબા કરવા. પછી 'બદ્ધા'ચારી બનાવી પગને 'સ્વસ્તિક' દશામાં રાખવા. આ પ્રમાણે ચારે દિશામાં ગોળ ફરી મંડળ રચી અભિનય કરવો. (અર્થાત્ ગોળ ચક્કર મારવું) અને પછી પીઠને ચારે દિશામાં ગોળ ગોળ ફેરવી લતા હસ્તનું અવ્યવસ્થિત રુપે પગની ગતિ સાથે હાથ હલાવતાં પ્રદર્શન કરવું જોઇએ. (શ્લોક ૧૨૩ થી ૧૩૦ )

'વિક્રમોવર્શીય' નાટકમાં પુરુરવાની એકોક્તિ ઉન્મત્ત પાત્રના પ્રલાપનું ઉત્તમ ઉદાહરણ છે. 'પુરુરવા'ના પાત્રના અભિનયમાં, ભરતમુનિ નિરુપિત ઉન્મત્ત પાત્રની ગતિ કેવી રીતે પ્રયોજી શકાય તેનો વિગતવાર ચર્ચા પ્રસ્તુત અધ્યાયના અંતિમ પ્રકરણ'આંગિક અભિનય અને સંસ્કૃત નાટ્ય સાહિત્ય' અંતર્ગત કરવામાં આવી છે.

( ૮ )

લંગડા, લુલા તથા ઠીંગણા પાત્રોની ગતિ :

અવયવોની કુરુપતા દ્વારા હાસ્ય ઉત્પન્ન કરવા માટે લંગડા, લુલા તથા ઠીંગણા પાત્રોની ગતિ ત્રણ પ્રકારની (સ્થિતિવાળી) રાખવામાં આવે છે. (પ્રથમ પ્રકારની સ્થિતિમાં) લંગડા પુરુષની ગતિમાં એક પગ સ્તબ્ધ રહે છે. (બીજા પ્રકારની સ્થિતિમાં) બીજા પગને અગ્રતલસંચર બનાવી ડગ ભરવામાં આવે છે તથા સ્તબ્ધ પગ ઉપર શરીરનો ભાર રહે છે. (ત્રીજા પ્રકારની સ્થિતિમાં) શરીરને તેના સહારે આગળ વધારી બીજા પગથી ચાલવામાં અથવા બેસવામાં આવે છે. લંગડા પાત્રના ચાલવા બેસવામાં આ ક્રમ રાખવો જોઇએ. કોઇ પાત્રના પગમાં તળિયે વાગ્યું હોય, ખીલી અથવા કાંટો પેસી ગયો હોય તો તેની ગતિ પણ આવી રીતે બતાવવી જોઇએ. (શ્લોક ૧૩૧ થી ૧૩૪ )

પંગુ અથવા લુલા પાત્રની ગતિ: અગ્રતલસંચર તથા અંચિત પાદ કરી, બેઠા બેઠા તથા જંઘા વાળીને ચાલતા હોઇએ તેવી રીતે બનાવવી જોઇએ. (શ્લોક ૧૩૫)

ઠીંગણા પાત્રની ગતિ: બધા અંગ સંકોચાયેલા રાખી, પગ ઝડપથી લાંબા પગલાં ન ભરતા હોય તથા જમીન પર જોરથી પડતા ન હોય તે રીતનો રાખવો જોઇએ. સાધારણ ચાલમાં પગ ઉંચકીને ચાલતા તે પ્રેક્ષકોને હસાવે છે. (શ્લોક ૧૩૬)

( ૯ )

વિદૂષકની ગતિ :

આ પ્રમાણે વિદૂષકની ગતિ પણ હાસ્ય ઉત્પન્ન કરવા માટે સાધારણ પ્રકારની રાખવી જોઇએ. જેમાં ત્રણ પ્રકારના હાસ્ય રહે છે. આ હાસ્ય અંગોના વિકારથી, શબ્દોના વિકૃત ઉચ્ચારણથી (કાવ્યકૃત) તથા વિચિત્ર વેષથી (નેપથ્યજ) ઉત્પન્ન થાય છે. આમ હાસ્ય ત્રણ પ્રકારના હોય છે. (૧) અંગજ (૨) શબ્દજ તથા (૩) નેપથ્યજ.

(શ્લોક ૧૩૭)

( ૧ )

અંગજ :

વિદૂષક ગંદા અને લાંબા દાંતવાળો (દન્તુર), માથે ટાલવાળો, કાળો કુબડો, લંગડો તથા કદરુપો હોય તો શરીરથી ઉત્પન્ન થતાં આવા હાસ્યને અંગજ હાસ્ય કહેવામાં આવે છે. જો તે ઉપર નીચે, ડાબે જમણે, જોતા જોતા, બગલાની જેમ ચાલતો અને લાંબા ડગલાં ભરતો હોય તો તેને 'અંગહાસ્ય' કહે છે. (શ્લોક ૧૩૮-૧૩૯)

( ૨ )

શબ્દજ :

અસંબધ્ધ પ્રલાપ, અશ્લીલ ભાષા તથા નિરર્થક શબ્દોનું અપ્રાકૃતિક વિકારયુકત ઉચ્ચારણ કરવાથી નિષ્પન્ન થતાં હાસ્યને કાવ્ય હાસ્ય અથવા શબ્દજ હાસ્ય કરે છે. (શ્લોક ૧૪૦)

( ૩ )

નેપથ્યજ :

જો પાત્ર ચામડા ચીંથડાથી મઢેલું હોય તથા સ્યાહી રાખ અથવા માટીથી રંગેલું

હોય તો તેનાથી નિષ્પન્ન થતા હાસ્યને નેપથ્યજ હાસ્ય કહે છે. (શ્લોક ૧૪૧)

એટલે પ્રસંગાનુસાર, પાત્રની પ્રકૃતિનો વિચાર કરી, ભાવ તથા કાર્યને સમજી, અનેક અવસ્થાઓથી યુક્ત, આ ભાવોવાળો એક અથવા અનેક વિદૂષકની ગતિ આવશ્યકતાનુસાર પ્રયોજવી જોઇએ. વિદૂષકની ગતિ તેની વિભિન્ન અવસ્થાઓ પ્રમાણે પ્રગટ કરવી જોઇએ અથવા વિભાજિત કરવી જોઇએ. ( શ્લોક ૧૪૨)

આ પાત્રની સ્વાભાવિક અવસ્થામાં થતી ગતિમાં ડાબા હાથમાં કુટિલક (દણ્ડકાષ્ઠ કે જે ત્રાંસો હોય છે ) ધારણ કરેલો હોય છે તથા જમણા હાથથી ચતુર મુદ્રા રજૂ કરવામાં આવે છે. આ ઉપરાંત તે પોતાનુ એક પડખું, મસ્તક તથા હાથને પગને, લય તથા તાલ પ્રમાણે વાંકા વાળી ચાલે છે. આ સ્વાભાવિક ગતિ ઉપરાંત તેની બીજી વિકારજ-ગતિ પણ હોય છે. આ ગતિની રજૂઆત અલબ્ધ ભક્ષ્ય (લાડુ વિગેરે પકવાન) અથવા મૂલ્યાવન વસ્તુની પ્રાપ્તિ સમયે સ્તબ્ધ રહીને દર્શાવી શકાય. ( શ્લોક ૧૪૩-૧૪૫)

અભિનવગુપ્તના મત પ્રમાણે ત્રણ પ્રકારના હાસ્યમાંથી કયાંક એક પ્રકારનો કયાંક બે પ્રકારનો તથા કયાંક ત્રણે પ્રકારનો આશ્રય લેવામાં આવે છે. આ ક્રમમાં વિદૂષકે પોતાના સ્વામી- રાજા, અમાત્ય અથવા શ્રેષ્ઠીની પ્રકૃતિ સમજી લઇ, વિભાગશ: તેનો પ્રયોગ કરવો જોઇએ. પરંતુ રાજા વિગેરેની ઉનુપસ્થિતિમાં અશ્લીલ ભાષણ કરવું અનુચિત છે.

વિદૂષકની સ્વાભાવિક ગતિમાં, અભિનવગુપ્ત, વિલંબિત લય, તાલમાં લઘુ, ગુરુ તથા પ્લુત ત્રણે રાખવામાં આવે છે એવું વિધાન કરે છે. અન્યત્ર દ્રુતલય ન હોવાથી તથા પ્લુતના પ્રાચુર્યથી શોક વિગેરે પ્રસંગમાં પણ સ્વાભાવિક ગતિ હોય છે એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે. 'અલબ્ધલાભ' પદ વડે ગતિમાં ગર્વાત્મક વિકૃતિ, ભુક્ત પદથી ઉપયોગમાં લેવામાં આવેલા વસ્ત્ર, ભૂષા વિગેરે તથા ભય વિગેરેમાં પરિત: પરિક્રમ થવાનો સંકેત થાય છે એવું અભિનવગુપ્તનું મંતવ્ય છે.

( ૧૦ )

દાસ વિગેરે પાત્રોની ગતિ :

નીચ તથા ચેટ આદિ અનેકવિધ સ્વભાવના અધમ પાત્રોની ગતિ આ પ્રમાણે દર્શાવી

શકાય. સેવકોની ગતિ ચારે બાજુ ગોળ ગોળ ફરતા એક પડખું, મસ્તક, હાથ અથવા પગ નમેલા રાખી તથા આંખો વિભિન્ન વસ્તુઓ પર ચોંટી રહેતી (ચંચળ) રાખવી જોઇએ.

(શ્લોક ૧૪૬-૧૪૭)

( ૧૧ )

શકારની ગતિ :

શકારની ગતિ, અહંકારપૂર્ણ તથા સાધારણ ડગલાં ભરતી-ચૂર્ણપાદ રાખવી જોઇએ. ચાલતી વખતે પોતાના વસ્ત્ર તથા ઘરેણાં વારંવાર જોતો અથવા તેને અડકતો ચાલે છે તે અસ્વાભાવિકતાથી પોતાના અંગો ઉઠાવી તથા પોતાની લટકતી માળા તથા વસ્ત્રોને ટપકારતો ચાલે છે.

( શ્લોક ૧૪૮ -૧૪૯)

પોતાના સંભાષણ વ્યવહારમાં 'શકાર'નો વધારે પ્રયોગ કરનાર પાત્ર 'શકાર' કહેવાય છે અથવા શકારથી ઉપલક્ષિત શક વિગેરે જનપદનો નિવાસી પણ 'શકાર' છે. અન્ય આચાર્ય શકાર તેને માને છે જેને ઉત્તમ પદ મળવા છતાં જેનો આશય અથવા ભાવ સદા હીન રહે છે. એમ જણાવી અભિનવગુપ્ત 'અધ્વહાર'નું કથન ટાંકે છે.

પ્રાકૃતે અપિ શશકારસ્ય વિભૂતિર્ન પ્રસિદ્ધયે ।
તદ્વિભૂતિરપભ્રંશે તાપસ્યેવ પ્રકાશિતા ॥

શકારની વિભૂતિ પ્રાકૃત ભાષાઓમાં પ્રસિદ્ધિનો હેતું અથવા તેનો આધાર હોતો નથી પણ શકારની આ બહુલતા અપભ્રંશ ભાષામાં તાપની જેમ પ્રકાશિત થાય છે.

તાત્પર્ય એ કે અપભ્રષ્ટ પાત્ર હોવાને લીધે શકાર અપભ્રંશ ભાષાને ઉપયુકત હોય છે. આ પ્રમાણે જો ઉચ્ચ શ્રેણીની વ્યકિતઓના સંપર્ક તેમજ (ધન) વિદ્યા તથા બુધ્ધિ શુન્ય પુરુષ હોય તે શકાર હોય છે. તે પોતાના વસ્ત્ર આભરણના સ્પર્શ તેમજ અવલોકનમાં ગર્વનો અનુભવ કરે છે તથા તે આર્યજનવિશે હોતો નથી.

કવિ શુદ્રકના પ્રકરણ પ્રકારના રુપક 'મૃચ્છકટિક'માં નિરુપાયેલું શકારનું પાત્ર સંસ્કૃત નાટ્યસાહિત્યના ઉત્તમ પાત્રોમાંનું એક છે.

( ૧૨ )

નીચ પાત્રની ગતિ :

નીચા કુળમાં જન્મેલા પાત્રોની ગતિ આંખો ચારે બાજુ ફરતી તથા બીજા લોકોથી શરીર બચાવીને - અન્ય લોકોને પોતાના શરીરનો સ્પર્શ ન થાય તે રીતે શરીર સંકોચીને ચાલવાથી પ્રગટ થાય છે. (શ્લોક ૧૫૦)

( ૧૩ )

મલેચ્છની ગતિ :

મલેચ્છ, પુલિન્દ્ર, શબર આદિ જાતિના પાત્રોની ગતિ તેમના આચાર, જાતિ, સ્વભાવ તથા દેશ અનુસાર રાખવી જોઇએ. (શ્લોક ૧૫૧)

( ૧૪ )

પશુ-પક્ષીઓની ગતિ :

પક્ષીઓ, હિંસક જાનવરો તથા ચોપગા પ્રાણીઓની ગતિ, તેમની પ્રકૃતિ તથા ચેષ્ટાઓ અનુસાર રજૂ કરવી જોઇએ. સિંહ, રીંછ તથા વાનર જેવા પાત્રોની ગતિ - ભગવાન વિષ્ણુ દ્વારા નરસિંહ, અવતારમાં રજૂ કરવામાં આવેલી ગતિ અનુસાર રાખવી જોઇએ. તેમાં આલીઢ સ્થાન પ્રદર્શિત કરી, શરીરને તેની ગતિ અનુસાર રાખવું જોઇએ. એક હાથને ઘુંટણ પર રાખી, બીજા હાથને છાતી ઉપર મૂકી, દાઢીને ખભા પર રાખી, ક્રુર દૃષ્ટિથી જોતા જોતાં તથા પગને પાંચ તાલના અંતરે રાખી ચારે બાજું ફરવું જોઇએ. સિંહ વિગેરે પાત્રોની આ ગતિ રંગમંચ પર પ્રવેશ તથા તેમના યુદ્ધ સમયે પણ પ્રદર્શિત કરવી જોઇએ. શેષ પ્રાણીઓની ગતિ તથા સ્થાનની યોજના-તેમનું રંગમંચ પર અવતરવું. પીઠ પર ભાર ઉંચકવો, ચઢવું વિગેરે અર્થો-રજૂ કરતી વેળા તેમના સ્વરુપ અનુસાર યોગ્ય ચેષ્ટાઓ કરવી જોઇએ. વિભિન્ન પ્રાણીઓની ગતિ, ચતુર પાત્રો દ્વારા રજૂ થવી જોઇએ. જે પ્રાણીઓની ગતિ અહીં દર્શાવવામાં ન આવી હોય તે સ્વયં બુદ્ધિ દ્વારા લોકવ્યવહારને જોઇ રજૂ કરવી જોઇએ.

( શ્લોક ૧૫૨ થી ૧૫૯ )

અભિનવગુપ્તના મત પ્રમાણે રીંછ તથા વાનર જાતિમાં જામ્બુવાન, સુગ્રીવ, અંગદ તેમજ હનુમાન વિગેરેની જે ગતિ હોય તે સ્વજાતિ અનુસાર રાખવી જોઇએ.

પશુ-પક્ષીઓની ગતિના નિરુપણ પછી ભરતમુનિ સ્ત્રીપાત્રોના સંભાષણ તથા ગતિ સમયે થતાં 'સ્થાન' નિરુપે છે. (શ્લોક ૧૬૦થી ૧૭૦) જેની ચર્ચા અગાઉ 'સ્ત્રીપાત્રોના સ્થાન' શિર્ષક હેઠળ કરવામાં આવી હોવાથી તેનો અહે સમાવેશ કરવામાં આવ્યો નથી.

સ્થાન નિરુપણ પછી ભરતમુનિ સ્ત્રીઓની એ ગતિ નિરુપે છે જે તેમના સ્વભાવાનુસાર હોય છે. (ગતિ પ્રકૃતિ સંસ્થીનામ્ )

## સ્ત્રીઓની ગતિ

( ૧ )

**યુવાન સ્ત્રીની ગતિ :**

સર્વ પ્રથમ અવહિત્થ સ્થાન રજૂ કરી, ડાબો હાથ અધોમુખ સ્થિતિમાં રાખી, જમણો હાથ કટકામુખ મુદ્રામાં નાભિ ઉપર મૂકવો. પછી જમણાં લલિત-સંચર પાદને એક તાલના પ્રમાણ પર ઉપાડવો તથા તેને ડાબા પગની પાસે મૂકવો પછી ડાબો હાથ તેજ સમયે 'લતા' મુદ્રામાં નાભિ ઉપર રાખી, જમણું પડખું નમાવવું. પછી જમણો હાથ, નિતમ્બ પર તથા ડાબો હાથ ઉદ્વેષ્ટિત મુદ્રામાં રાખવો. પછી ડાબો પગ આગળ લંબાવી, જમણા હાથને લતા મુદ્રામાં રાખવો. આ પ્રમાણે સ્થાન તથા ક્રિયાઓ રજૂ કર્યા પછી શરીર થોડું નમાવી, મસ્તકને ઉદ્વાહિત મુદ્રામાં રાખી, પાંચ ડગલાં ભરવા જોઇએ. (શ્લોક ૧૭૨ થી ૧૭૬)

( ૨ )

**પ્રૌઢા સ્ત્રીની ગતિ :**

ડાબો હાથ કટિ ઉપર તથા જમણો હાથ અરાલ મુદ્રામાં ઉત્તાન દશામાં, નાભિ તથા સ્તન વચ્ચેના પ્રદેશમાં રાખી આલીઢસ્થાન રજૂ કર્યા પછી શરીર ઢીલું રાખી તે ના સ્થિર ના હાલતું ડોલતું હોય તે રીતે ચાલવું જોઇએ. (શ્લોક ૧૮૦-૧૮૧)

( ૩ )

દાસી (પ્રેષ્યા)ની ગતિ :

દાસીઓની ગતિ, ભ્રાન્તિને કારણે ઉપર જોતા હોય તેમ રાખવી જોઇએ. શરીર થોડું અક્કડ રાખી, હાથ ઘુમાવતા ફરવું જોઇએ. અર્થાત્ આવિદ્ધ દશામાં ભુજાઓ રાખવી જોઇએ. ડાબો હાથ નીચે રાખી તથા જમણો હાથ કટકામુખ મુદ્રામાં નાભિ ઉપર રાખી, અવહિત્થ સ્થાન દર્શાવી ચાલવું જોઇએ. (શ્લોક ૧૮૨-૧૮૩) ઉત્તમ સ્ત્રીઓ માટે જે સમય દર્શાવ્યો છે તેના કરતાં અડધો સમય દાસી વિગેરે અધમ સ્ત્રી પાત્રોમાં પ્રયોજવો જોઇએ. (શ્લોક ૧૮૫)

( ૪ )

નીચ જાતિના સ્ત્રીપાત્રોની ગતિ :

નીચ કુળમાં ઉત્પન્ન અથવા પુલિન્દ, શબર વિગેરે અનાર્ય જાતિના સ્ત્રીઓની ગતિ, તેમની જાતિ પ્રમાણે સ્વાભાવિક રાખવી જોઇએ. (શ્લોક ૧૯૩)

( ૫ )

તપસ્વિની સ્ત્રીની ગતિ :

જે સ્ત્રીઓ વ્રત, તપ, દીક્ષા લેનારી સંન્યાસિની તથા આકાશગામિની દિવ્ય પ્રકારની હોય તેમની ગતિમાં સમપાદ ચારીની યોજના કરવી જોઇએ. (શ્લોક ૧૯૫)

( ૬ )

બાળાની ગતિ :

બાળાઓની ગતિ સ્વચ્છન્દ અર્થાત તેમની ઇચ્છા પ્રમાણે રાખવી જોઇએ. તેમાં ન તો સૌષ્ઠવ હોય કે ન તો સમય પ્રમાણ. (તાલ અનુસારિતા). ( શ્લોક ૧૮૭)

## સ્ત્રીઓની ગતિ સંબંધી સામાન્ય નિયમો

૧) રંગમંચ ઉપર પુરુષ પાત્રોની ચાલવાની જે વિધિ કહી છે તે સ્ત્રીઓ માટે પણ સમજવી. (શ્લોક ૧૭૭)

(૨) સ્ત્રીઓના ડગ છ અથવા આઠ કલાના પ્રમાણવાળા યોજવા ન જોઇએ. કારણ કે આવા ડગને કારણે સ્ત્રીઓ થાકી જાય છે વળી આવા ડગવાળી ગતિમાં સ્ત્રીઓને ખૂબ પરિશ્રમ તથા આયાસ કરવો પડે છે. (શ્લોક ૧૭૮)

(૩) ઉત્તમ પ્રકારના સ્ત્રીપાત્રોમાં ગતિ માટે જે સમય દર્શાવ્યો છે તેના કરતા અડધો સમય દાસી વિગેરે સ્ત્રીપાત્રો માટે પ્રયોજવો જોઇએ. (શ્લોક ૧૮૫)

(૪) ઉત્તમ, મધ્યમ તથા અધમ પુરુષ પાત્રોની જે ગતિ બતાવી છે તે ગતિ (ઉત્તમ, મધ્યમ તથા અધમ) સ્ત્રી પાત્રોની પણ હોય છે. કેવળ સ્ત્રીઓના ડગ 'લલિતસ્થિરપાદ' સ્થિતિમાં રાખવામાં આવે છે. (શ્લોક ૧૮૬)

(૫) જે અંગહાર, ચારી તથા મંડળ ઉધ્ધત પ્રકારના હોય તેનો સ્ત્રી પાત્રોમાં નાટ્યપ્રયોગના જ્ઞાતાએ યોજના કરવી ના જોઇએ. (શ્લોક ૧૯૫)

આમ ભરતમુનિએ, પુરુષ પાત્રોના ગતિ-વિધાનની જેમ સ્ત્રી પાત્રોની ગતિ ઉપર પણ વિસ્તારથી વિચાર કર્યો છે. પુરુષ પાત્રોની જેમજ સ્ત્રીઓના ગતિ વિધાન તેમની પ્રકૃતિ, ચિત્તવૃત્તિ, દેશ અને અવસ્થા ઉપર આધારિત છે. પરંતુ તફાવત એટલો કે નારીની ગતિ હંમેશા સુકુમાર અને વિલાસાનુવિધ્ધ હોય છે. અવસ્થાભેદથી યુવતી, મધ્યવયસા, વૃધ્ધા તથા બાળાની ગતિમાં તફાવત રહે છે. યુવતી નારીની ગતિવિધાનની અત્યંત શ્રમ-સાધ્ય કિલષ્ટ કલ્પના ભરતમુનિએ કરી છે તે કદાચ એટલા માટે કે તેના દ્વારા વધારેને વધારે સૌન્દર્ય અને વિલાસ ભાવ પ્રગટે. સ્ત્રીઓની સુકુમાર પ્રકૃતિને કારણે પુરુષ પાત્રોની ગતિ અંતર્ગત કાલ, તાલ, આદિ જણાવ્યા તે યુવતી નારી માટે અડધાં થઇ જાય છે. સામાજિક દૃષ્ટિએ પુરુષોની જેમ ઉત્તમ પ્રકૃતિની નારીની ગતિમાં પ્રેષ્યાની અપેક્ષા વધારે ગંભીરતા અને શાલીનતાનો ભાવ પ્રગટ થાય છે.

## નપુંસકની ગતિ

નપુંસકની ગતિ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે :

(૧) અર્ધનારી પાત્રની ગતિમાં પુરુષ તથા સ્ત્રી પાત્રની મિશ્રિત ગતિ રાખવી જોઇએ.

શરીરને ઉદાત્ત તથા લલિત અંગોયુક્ત રાખી લાલિત્યપૂર્ણ ડગલાં ભરવા જોઇએ.
(શ્લોક ૧૮૪)

(૨) દાસી વિગેરે સ્ત્રી પાત્રોની ગતિ માટે જે સમય સૂચવ્યો તેના કરતા અડધો સમય નપુસંકની ગતિમાં પ્રયોજવો જોઇએ. (શ્લોક ૧૮૫)

(૩) તૃતીય પ્રકૃતિના પાત્રો તે નપુંસકો. તેમની ગતિમાં તેમના નરસ્વભાવ કરતાં સ્ત્રીગતિ વિશેષ પ્રયોજવી જોઇએ. (નરસ્વભાવમુત્સૃજ્ય સ્ત્રીગતિ તત્ર યોજયેત્ ) (શ્લોક ૧૮૮)

અભિનવગુપ્તની ટીકા પ્રમાણે 'નાર્યા અર્ધમ' નારીની પ્રકૃતિનો અડધો ભાગજ અનુકૂલ થતો હોવાથી નપુંસકને તૃતીયા પ્રકૃતિ પણ કહેવામાં આવે છે.

## ભૂમિકા વિપર્યય ગતિ

પુરુષ, સ્ત્રી તથા નપુંસક પાત્રો જો સ્વરુપ પરિવર્તન કરે તો જેનો વેષ ધારણ કર્યો હોય તેને અનુરુપ પોતાની ગતિ બતાવવી જોઇએ. વેષપલ્ટો, ક્રીડા કે અન્યને છેતરતી વેળા પુરુષે સ્ત્રી કે સ્ત્રીએ પુરુષ બનવું પડે છે. સ્ત્રી પુરુષનો વેષ ધારણ કરે ત્યારે તેણે પુરુષ સહજ ધૈર્ય, ઔદાર્ય, સત્વ, બુદ્ધિ તથા પુરુષને અનુરુપ વેષ, વચન તથા વર્તન (ચેષ્ટાઓ) ધારણ કરવા પડે છે તેજ પ્રમાણે જ્યારે પુરુષ સ્ત્રીનો વેષ ધારણ કરે ત્યારે સ્ત્રીસહજ વેષ તથા સંભાષણ તેમજ કોઇ વસ્તુ જોવામાં - ન જોવામાં સ્ત્રીસહજ ચેષ્ટાઓ તથા કોમળ અને મંદ ગતિ દર્શાવવા પડે છે. (શ્લોક ૧૮૯ થી ૧૯૨)

સ્ત્રી- પાત્ર અનુકાર્ય સીતાના અને પુરુષ-પાત્ર અનુકાર્ય રામની ભૂમિકા ભજવે તેને સ્વાભાવિક નાટ્યસ્થિતિ કહેવાય. પરંતું સ્ત્રી-પાત્ર પુરુષની ભૂમિકા અને પુરુષ-પાત્ર સ્ત્રીની ભૂમિકા ભજવે તે વિલક્ષણ નાટ્યસ્થિતિ થઇ. ભરતમુનિએ સ્ત્રી તેમજ પુરુષ બંનેની ભૂમિકાવિપર્યયની સુંદર કલ્પના કરી છે. નાટ્યની દૃષ્ટિએ ભૂમિકાવિપર્યયનો સિદ્ધાંત અત્યંત મહત્વનો છે. ભરતમુનિએ સંક્ષેપમાં આ સિદ્ધાંતનું વિશ્લેષણ કર્યું છે. જે પ્રમાણે રસની

આસ્વાદનામાં સાધારણીકરણનો સિદ્ધાંત રહ્યો છે તે પ્રમાણે ભૂમિકાવિપર્યયમાં પણ પુરુષ તેમજ સ્ત્રીપાત્ર પોતાના સ્વભાવનો ત્યાગ કરી અપેક્ષિત રસોદયનું વાતાવરણ ઉભું કરે છે. પુરુષ પોતાના પૌરુષનો ત્યાગ કરી સ્ત્રીના સુકોમળ ભાવ ધારણ કરે છે અને સ્ત્રી પોતાની કોમળ મનોવૃત્તિ ત્યજી પુરુષવૃત્તિ ધારણ કરે છે. આમ ભૂમિકાવિપર્યયની બે સ્થિતિ સંભવે છે.

(૧) આત્મસ્વભાવનો પરિત્યાગ અથવા સ્વભાવ પરિવર્તન.

(૨) પરભાવ અથવા સમય અનુસાર ઇષ્ટ સ્વરુપ ધારણ-તદ્ભાવગમન.

ધીરતા, ઉદારતા, સત્વ અને બુધ્ધિ તેમજ તદાનુરુપ કર્મ, વેશ, વાકય અને ચેષ્ટા દ્વારા સ્ત્રીપાત્ર પુરૂષ અનુકાર્યનો અભિનય કરે છે. પુરૂષ પાત્ર સ્ત્રી અનુકાર્યની વેશભૂષા, વાકય, ચેષ્ટા અને મૃદુમંદ ગતિ દ્વારા અભિનય કરે છે. આ પ્રમાણે વિપર્યય પ્રયોગ મુખ્યત્વે ત્રણ કારણોથી થાય છે. કોઇ કાર્યનું સાધન, મનોરંજન અથવા વંચના. કથાવસ્તુની જરુરિયાતથી, વિદુષક સંકેત-સ્થાન ઉપર ચેટીનો વેશભુષા ધારણ કરે છે. ક્રોધાવશ નાયિકા પોતાના પ્રિયતમ પુરુષ પાત્રનું રુપ ધારણ કરે છે. સંસ્કૃત નાટ્યસાહિત્યમાં, શ્રૃંગારપ્રધાન નાટકોમાં તેના અનેક ઉદાહરણ મળે છે. વિદુષકની વંચના માટે ચેટ સ્ત્રીનો વેષ ધારણ કરે છે જેમ કે 'માલતીમાધવ' નાટકમાં સુત્રધાર અને પરિપાર્શ્વિક કામન્દકી અને અવલોકિતાની ભૂમિકા ધારણ કરે છે. પાંતજલ મહાભાષ્યમાં ભ્રૂકંસ નામનું પુરુષ-પાત્ર સ્ત્રીની ભૂમિકા ભજવતો એવું વિધાન છે.

## ગતિ સાથે સંગીત

પાત્ર કેવળ એક નિશ્ચિત પ્રમાણયુકત ગતિથી પાદનિક્ષેપ કરતું મંચ પર આવે એટલું પર્યાપ્ત નહોતું પણ તેની ગતિને ઉપયુકત એવું સંગીત પણ સાથે રહેતું, ખાસ કરીને વાદ્ય તથા કંઠ સંગીત. વાદ્યોમાં ગતિની સંગત વાંસળી તથા વીણા વાદન દ્વારા થતી તથા વિભિન્ન મૃદંગવાદન પણ થતાં. આવા સમયે ગાવામાં આવતી ધ્રુવાઓના માટેના નિયમો હતાં જેનો પ્રયોગ વિગેરે તથા સ્વરુપ અંગેની ચર્ચા ભરતમુનિએ નાટ્યશાસ્ત્રના ૩૨ માં અધ્યાયમાં કરી છે. મૃદંગ અથવા વાંસળી વાદનનો આરંભ થતાંની સાથે પડદો

હટાવી દેવામાં આવતા પાત્રની મંચ ઉપર પ્રવેશ થતો અને જ્યાં સુધી તે સંવાદ કે સંભાષણ શરુ ના કરે ત્યાં સુધી તેના વિવિધ ગતિપ્રચાર દરમ્યાન મૃદંગ અથવા વાંસળી વાદન ચાલ્યા કરતું. કયારેક નાટકીય સંવાદની સાથે પણ સંગીત ચાલતું. પાત્ર જ્યારે રંગમંચ પરથી નિષ્ક્રમણ કરતું ત્યારે પણ મૃદંગ કે વાંસળી વાદનની સંગત રહેતી.

## ગતિપ્રચાર: અન્ય ગ્રંથોમાં

નાટ્યશાસ્ત્ર પછીના ગ્રંથોમાં એક માત્ર અભિનય દર્પણમાં ગતિ નિરુપણ જોવા મળે છે. અહીં ગતિ (ચાલ) ના દસ ભેદ નિરુપવામાં આવ્યા છે. (૧) હંસી (૨) મયૂરી (૩) મૃગી (૪) ગજલીલા (૫) તુરંગીણી (સિંહી (૭) ભુજંગી (૮) મણ્ડૂકી (૯) વીરા (૧૦)માનદી.

નાટ્યમાં પ્રયોજાતા વિવિધ પાત્રોની ચિત્તવૃત્તિ, પ્રવૃત્તિ, દેશ, કાળ અને અવસ્થાના સંદર્ભમાં થતી ગતિ વિષયક વિવરણ એક માત્ર 'નાટ્યશાસ્ત્ર'માંજ થયું છે. અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં નહિ જે ભરતમુનિની મહાન દેણગી છે.

## આસન અને શયન

ભરતમુનિએ પાત્રોના દેશ, કાળ, પ્રકૃતિ તથા ચિત્તવૃત્તિ વિગેરે અનુરુપ ઉપયુકત આસન તથા શયન વિધાનનું નિરુપણ કર્યું છે. આ વિધાન રાજસભા તથા સમાજમાં પ્રચલિત વ્યવહારના આધારે નિર્ધારિત થયું છે. આ આસન સ્વસ્થ અથવા વિશ્રામ અવસ્થામાં, વિચાર, ચિન્તા, શોક, મૂર્ચ્છા, લજ્જા, મદ, ગ્લાનિ, રોગ તથા નિદ્રાની અવસ્થામાં વિભિન્ન સ્વરુપવાળા દર્શાવવામાં આવ્યા છે. આજ પ્રમાણે પ્રિયાપ્રસાદન, ધાર્મિક વિધિ સંપાદન તેમજ દેવવંદના વિગેરે સમયે પણ તેના વિભિન્ન સ્વરુપ રહે છે. આ ભાવો માટે વિભિન્ન શારીરિક ભંગિમાઓ તથા મુદ્રાઓનો પ્રયોગ ભરતમુનિએ સૂચવ્યો છે જે આ પ્રમાણે છે.

( ૧ )

### સ્વસ્થ અવસ્થામાં ઉપવેશન વિધિ :

( ઉપવેશન એટલે બેસવાની રીત. આસન વિધાન અંતર્ગત ભરતમુનિએ વિવિધ મનોદશા વખતે પાત્રની બેસવાની રીત અહીં વર્ણવી છે. )

'' સ્વસ્થ દશામાં (વિશ્રામાવસ્થામાં) બેસતી વેળા બંને પગ વિષ્કંભિત અને અંચિત કરી, ત્રિકને સમુન્નત કરી, હાથ કટિ તથા ઉરુ ઉપર સ્થિત રાખવામાં આવે.''

(અધ્યાય ૧૩ શ્લોક ૧૯૭)

અભિનવગુપ્તની ટીકા અનુસાર વિષ્કંભ અર્થાત વૈશાખ સ્થાનકમાં પગ લાંબા કરી,- પ્રસારી પાદ અંચિત અર્થાત્ સુંદર રાખવામાં આવે છે. અહીં અંચિત પાદનો અર્થ લક્ષણાનુસારી લેવાનો નથી. સ્વસ્થ પુરુષ આસન ઉપર બેસે ત્યારે તેનો ત્રિક-અથવા પીઠ ઉન્નત એટલે કે ટટ્ટાર રહે છે. અભિનવગુપ્ત બંને હાથ કટિ તથા ઉરુ ઉપર કર્કટ મુદ્રામાં રાખવાનું સૂચવે છે.

( ૨ )

વિચાર અવસ્થામાં ઉપવેશન વિધિ :
---------------------

જો કોઇ પુરુષ વિચારમગ્ન અવસ્થામાં બેઠો હોય તો તેણે (સ્વસ્થ દશાના સ્વરુપમાં) પોતાનો એક પગ પ્રસારી-લાંબો કરી રાખવો જોઇએ તથા બીજો પગ કોઇ આસન ઉપર ટેકવો, શિર એક પાર્શ્વમાં નત રાખવું જોઇએ. (અધ્યાય ૧૩ શ્લોક ૧૯૮)

અહીં એક પાદ પ્રસારિત, અન્ય પાદ આસન આશ્રિત તથા મસ્તક પડખે નમેલું રહે છે.

( ૩ )

શોક અવસ્થામાં ઉપવેશન વિધિ :
--------------------

જો કોઇ પુરુષ શોકમગ્ન અવસ્થામાં હોય તો (સ્વસ્થ દશાના સ્વરુપમાં) પોતાની ચિબુક બંને હાથ ઉપર ટેકવી અથવા મસ્તક બંને ભૂજાઓના આધારે ટેકવી, મન તથા ઇન્દ્રિય 'સમ્પ્રણષ્ટ' અર્થાત્ પોતાનામાંજ ખોવાયેલા રાખવા જોઇએ.

( અધ્યાય ૧૩ શ્લોક ૧૯૯ )

'સમ્પ્રણષ્ટ ઇન્દ્રિયમના' ના સંદર્ભમાં અભિનવગુપ્ત જણાવે છે કે 'સમ્પ્રણષ્ટ' વિશેષણ કેવળ ઇન્દ્રિયમાત્રથી સંબંધિત છે. તેને મન સાથે લગાવી આકુળ અર્થ કરવામાં આવે છે. શોકની દશામાં આકુળ મન સાથે બેસવું જોઇએ.

( ૪ )

મૂર્છા વિગેરે અવસ્થામાં ઉપવેશન વિધિ :

જો કોઇ પુરુષ મૂર્છા, મદ, શ્રમ, ગ્લાનિ તથા વિષાદની દશામાં હોય તો બંને હાથ લાંબા કરી-પ્રસારી-શિથિલ કરવા જોઇએ તથા કોઇ આશ્રિત કે વસ્તુનો આધાર લઇ (અપાશ્રય આશ્રિત) બેસવું જોઇએ. (અધ્યાય ૧૩ શ્લોક ૨૦૦)

અહીં પ્રથમ બાહુ શિથિલ કરી પછી પ્રસારવા એવો અર્થ પણ કરી શકાય.

( ૫ )

લજ્જા-રોગ-નિદ્રામાં ઉપવેશન વિધિ :

જો કોઇ પુરુષ પાત્ર વ્યાધિ, લજ્જા, નિદ્રા તથા ધ્યાન અવસ્થામાં હોય તો તેણે પગ અને જાનુ સંયુક્ત કરી, સર્વ અંગો પિણ્ડીકૃત કરી બેસવું જોઇએ.

( અધ્યાય ૧૩ શ્લોક ૨૦૧)

અભિનવગુપ્ત 'સર્વ' અંગો પિણ્ડી કૃત' કરવાનો અર્થ સ્પષ્ટ કરતાં જણાવે છે કે તેમાં જાનુઓના વિશ્લેષથી ઘૂંટણ અને શરીરનો ઉપલો ભાગ એક થઇ જાય છે અને તેને વિઘટિત કરવાથી ઘૂંટણ અલગ થઇ, શરીરનો ઉપલો ભાગ વાંકો થઇ જાય છે. 'સર્વ અંગ પિણ્ડીકૃત'નો અર્થ પગ અને ઘૂંટણો વચ્ચે શરીર સંકોચીને રાખવું એવો પણ કરવામાં આવે છે.

( ૬ )

ધાર્મિક વિધિ કરતી વેળાનો ઉપવેશન વિધી :

પિતૃતર્પણ , મંત્રજાપ, સંધ્યાપૂજન તથા આચમન કરતી વેળા ઉત્કટિક સ્થાન ગ્રહણ કરી, સ્ફિક તથા પાર્ષ્ણીનો સમાગમ કરવામાં આવે છે.

(અધ્યાય ૧૩ શ્લોક ૨૦૨)

વિવિધ ધાર્મિક ક્રિયાઓ કરતી વેળા ખુંધ ઉન્નત રહે (ઉત્કટિક) તે રીતે કુલા પગની એડી પર ટેકવી બેસવામાં આવે છે.

( ૭ )

પ્રિયા પ્રસાદનમાં ઉપવેશન વિધિ :

રિસાયેલી પ્રિયતમાને મનાવવામાં તથા હોમ આદિ ધાર્મિક ક્રિયાઓ કરતી વેળા

(સામાન્ય અવસ્થામાં) પુરુષે પોતાના લાંબા કરેલા ગોઠણોને જમીન પર ટેકવી, મુખ નીચે ઢાળી દેવું જોઇએ. ( શ્લોક ૨૦૩ )

અભિનવગુપ્ત એક જાનુ ભૂમિ પર ફેલાવી બીજાને યથાસ્થિત રાખવાનું સૂચવે છે. ( ૮ )

દેવવંદના વિગેરે અવસ્થામાં ઉપવેશન વિધિ :

દેવગણની વંદના, ગુસ્સે થયેલા સ્વામીને રીઝવવામાં, તીવ્ર શોકમાં રડતી વેળા, મૃત વ્યક્તિને જોતી વખતે, નાના માણસોને હેરાન કરવામાં, પશુઓને ડારવામાં, નીચ પુરુષ અથવા સેવકો દ્વારા થતી યાચનામાં, હોમ અથવા યજ્ઞક્રિયા જોતી વેળા તેમજ મુનિજનોના દૈનિક ક્રિયાકર્મોમાં મુખ નીચે ઢાળી, બંને ગોઠણો જમીન ઉપર ટેકવી બેસવું જોઇએ. (શ્લોક ૨૦૪-૨૦૫)

પાત્રની વિવિધ માનસિક અવસ્થાઓને આધારે તેમની ઉપવેશન અર્થાત્ બેસવાની મુદ્રાઓ વર્ણવ્યા પછી ભરતમુનિ, સામાજિક ઉચ્ચતા અને અધમતા તથા પ્રકૃતિગત ઉત્તમતા અને અધમતાના આધારે અનેક પ્રકારના આસન વર્ણવે છે. આ આસન વિધાન મુખ્યત્વે રાજસભાઓમાં પ્રચલિત વ્યવહારના આધારે નિર્ધારિત થયા છે.

## વિવિધ પાત્રો માટે નિર્ધારિત આસન

નાટકમાં સ્ત્રી તથા પુરુષ પાત્રો માટે નિર્ધારિત આસન બે પ્રકારના હોય છે. (૧) આભ્યન્તર અર્થાત્ સ્વતંત્ર આસન તથા (૨) બાહ્ય અર્થાત સામાન્ય જન માટેનાં આસન. આ બંને આસનોમાં આભ્યન્તર આસન રાજાથી અને બાહ્ય આસન સામાન્યજનથી સંબંધિત હોય છે. ( શ્લોક ૨૦૬-૨૦૭)

અભિનવગુપ્ત પણ બાહ્યનો અર્થ 'બધી વ્યક્તિઓ માટે ઉપયુક્ત' તથા આભ્યન્તર એટલે 'રાજાને યોગ્ય' એવો કરે છે.

## પુરુષ પાત્રો માટે આસન

રાજસભામાં નિમ્નલિખિત આસનો યથા યોગ્ય વ્યક્તિઓને આપવાનો નિયમ રાખવો જોઇએ.

| પાત્ર | આસન |
|---|---|
| દેવતા તથા રાજા | સિંહાસન |
| પુરોહિત તથા પ્રધાનો | વેત્રાસન |
| સેનાપતિ તથા યુવરાજ | મુણ્ડાસન |
| બ્રાહ્મણો | કાષ્ઠાસન |
| રાજકુમારો | કુથાસન |

( શ્લોક ૨૦૮ - ૨૦૯ )

મુનિ તથા સંન્યાસીઓના નિયમ અનુકુળ આસનો રહે છે. વિવિધ સંપ્રદાયના સન્યાસીઓ માટે તેમના વ્રત અનુસાર આસન રહે છે. જ્યારે હોમ, યજ્ઞ તથા પિતૃતર્પણ હોય ત્યારે વૃસી, મુણ્ડાસન અથવા વેત્રાસન પર બેસવું જોઇએ. ( શ્લોક ૨૧૫-૨૧૬)

## સ્ત્રી પાત્રો માટે આસન

| પાત્ર | આસન |
|---|---|
| પટરાણી | સિંહાસન |
| રાણીઓ | મુણ્ડાસન |
| પુરોહિત પત્નિ | વેત્રાસન |
| પ્રધાનની પત્નિ | વેત્રાસન |
| ભોગિની<br>(રાજા દ્વારા વિવાહિત યા રક્ષિત સેનાપતિ વિગેરેની કન્યા ) | ગાલીચા, ચામડું, અથવા વસ્ત્ર દ્વારા નિર્મિત આસન. |

| | |
|---|---|
| બ્રાહ્મણી તથા તાપસી | પટ્ટાસન |
| વૈશ્ય તથા શ્રેષ્ઠિજનની પત્ની | તકિયાવાળું આસન |
| શેષ સ્ત્રી પાત્રો | જમીન ઉપર |

---

## આસન અંગે સામાન્ય વિધાન

૧) આસન અંગેના જે નિયમો કહયા તે આભ્યન્તર તથા બાહય આસનો માટે નક્કી કરેલા છે. પોતાના ઘરમાં રહેનાર પાત્ર, સામાન્ય દશામાં, સ્વતંત્રતાપૂર્વક કોઇપણ આસન સ્વેચ્છાથી ગ્રહણ કરી શકે છે. (શ્લોક ૨૧૪)

૨) જો સ્થાનીય પુરુષ અવસ્થામાં મોટો, કુલીન તથા વિધ્વાન હોય તો રાજાએ તેમને ઉચિત આસન આપી સત્કાર કરવો જોઇએ. (શ્લોક ૨૧૭)

૩) જો સ્થાનીય પુરુષ સમાન સ્થિતિનો હોય તો બરાબરીનું, મધ્યમ પાત્ર માટે મધ્યમ, શ્રેષ્ઠી જનને પોતાનાથી ઉંચું તથા હીન પાત્રો માટે જમીન ઉપર (નીચું) આસન રાખવું જોઇએ. (શ્લોક ૨૧૮)

૪) બુધ્ધિમાન પુરુષે પોતાના ઉપાધ્યાય, રાજા તથા ગુરુજનની સામે જમીન ઉપર અથવા કાષ્ઠાસન પરજ બેસવું જોઇએ. (શ્લોક ૨૧૯)

૫) નૌકા, હાથી, રથ તથા વિમાનમાં પોતાના ગુરુ, ઉપાધ્યાય તથા રાજાની સાથે બેસવાથી આસનદોષ લાગતો નથી. (શ્લોક ૨૨૦)

આમ આસન વિધાન અંતર્ગત ભરતમુનિએ તેમના કાળમાં નાટ્યપ્રયોગમાં જેટલાં પ્રકારના પાત્રોનો પ્રયોગ થતો હતો તે સૌના માટે ઉપયુકત આસનનું વર્ણન તેમની આંતરિક મનોદશા, સામાજિક સ્તર અને પ્રકૃતિ વિગેરે દૃષ્ટિએ વિસ્તારપુર્વક કર્યું છે.

## શયન વિધાન

ભરતમુનિનું શયન વિધાન અત્યંત સંક્ષિપ્ત છે. તે યોગ્ય પણ છે કારણ કે પાદપ્રચાર, હસ્તપ્રચાર, સ્થાન, આસન વિગેરે આંગિક ક્રિયાઓના પ્રમાણમાં, નાટ્યપ્રયોગમાં શયનક્રિયાનો

વિનિયોગ અત્યંત અલ્પ પ્રમાણમાં થાય છે.

ભરતમુનિની દૃષ્ટિએ શયનક્રિયા પણ ભાવ-સમન્વિત હોય છે. શયનનો દરેક પ્રકાર મનુષ્યની વિશિષ્ટ મનોદશા પ્રગટ કરે છે. શયન-સમયની આંગિક નિશ્ચેષ્ટાના પણ વિવિધ ભાવો તથા મનોદશા સૂચવે છે.

સંસ્કૃત નાટકોમાં શયનની પરિકલ્પના કયાંક કયાંક કરવામાં આવી છે. 'સ્વપ્નવાસવદત્તમ્' નાટકના પાંચમા અંકમાં શયનની કલ્પના રસપૂર્ણ અને ચમત્કારપૂર્ણ છે.

શયન સમયે પાત્રના શરીરની ભાવભંગિમાના સામાન્યીકરણના આધારે ભરતમુનિએ વિવિધ શયનાવસ્થા નિરુપી છે.

વિવિધ શયનાવસ્થા

ભેદ, લક્ષણ, યોજના

ભરતમુનિ શયનાવસ્થામાં શરીરની વિવિધ ૬ સ્થિતિઓ વર્ણવે છે. (૧) આકુંચિત (૨) સમ (૩) પ્રસારિત (૪) વિવર્તિત (૫) ઉદ્વાહિત (૬) નત.

( અધ્યાય ૧૩ શ્લોક ૨૨૧)

| ભેદ | લક્ષણ | યોજના |
|---|---|---|
| આકુંચિત | બંને ઘૂંટણો પધારીમાં રાખી, આખા શરીરને વાળી, સંકોચાઇને સૂવું આંકુંચિત દશા કહેવાય છે. (શ્લોક ૨૨૨) | ઠંડીથી થરથરતા પાત્રમાં (શ્લોક ૨૨૨) |
| સમ | મુખ ઉત્તાન, હાથ ઢીલા, તથા નીચે લંબાવેલા રાખી સૂવું 'સમ' દશા કહેવાય છે. (શ્લોક ૨૨૩) | ઉંઘતા પુરુષ પાત્રમાં (શ્લોક ૨૨૩) |
| પ્રસારિત | એક ભુજાને ઓશીકું બનાવી ગોઠણો લાંબા તાણી સૂવું 'પ્રસારિત' દશા કહેવાય છે. (શ્લોક ૨૨૪) | આનંદપૂર્વક નિશ્ચિંતપણે સુવામાં (શ્લોક ૨૨૪) |

| | | |
|---|---|---|
| વિવર્તિત | અધોમુખ સ્થિતિમાં સૂવું વિવર્તિત દશા કહેવાય છે. (શ્લોક ૨૨૫) | શસ્ત્રનો ઘા વાગવો, ઉપરથી નીચે પડવું, નશાને કારણે મસ્ત થઇ જવું, મરણ તથા પાગલપણામાં (શ્લોક ૨૨૫) |
| ઉદ્વાહિત | માથાને ખભા ઉપર અથવા ઢોણી ઉપર રાખી સૂવું તે ઉદ્વાહિત દશા કહેવાય છે. શ્લોક ૨૨૬) | ક્રીડા તથા સ્વામી સાથે સંભાષણ કરવામાં (શ્લોક ૨૨૬) |
| નત | જંઘા થોડી લંબાવેલી તથા બંને હાથ ઢીલા રાખી સૂવું તે નત દશા કહેવાય છે. ( શ્લોક ૨૨૭) | આળસ, શ્રમ, થાકની દશામાં ( શ્લોક ૨૨૭) |

## આસન તથા શયન વિધાન અન્ય ગ્રંથોમાં

સંગીતરત્નાકરમાં વિવિધ 'સ્થાનક' અંતર્ગત નવ પ્રકારના ઉપવિષ્ટ સ્થાનક વર્ણવવામાં આવ્યા છે, પણ બેસવાના સ્થાન નિરુપવામાં આવ્યા નથી. ૬ પ્રકારના સુપ્ત સ્થાનક વર્ણવવામાં આવ્યા છે જે ભરતમુનિએ નિરુપેલ વિવિધ શયનાવસ્થાઓ અનુસારી છે. (૧) સમ (૨) આકુંચિત (૩) પ્રસારિત (૪) વિવર્તિત (૫) ઉદ્વાહિત (૬) નત.

નૃત્યાધ્યાયમાં પણ છ સુપ્ત સ્થાનક વર્ણવવામાં આવ્યા છે જે સંગીતરત્નાકર પ્રમાણે છે.

ભરતમુનિએ ગતિ વિધાનઅંતર્ગત હસ્તપ્રચાર, પાદપ્રચાર, આસન, શયનની વિધિઓ નિર્ધારિત કરવામાં પાત્રની આંતરિક ચિત્તવૃત્તિસત્વ, પ્રકૃતિ, દેશ, કાળ અને અવસ્થાનો આધાર લીધો છે. તેમની દૃષ્ટિએ સમસ્ત આંગિક ચેષ્ટાઓ મનુષ્યના આંતરિક જગતનું પ્રતિરુપ છે તેની પ્રતીતિ સમગ્ર ચેષ્ટાકૃત અભિનયના નિરુપણમાં થયા વિના રહેતી નથી.